# અમૃત-કલશ

## (ભાગ–૫)



પ્રકાશક

**શ્રી કુંદકુંદ–કહાન શ્રુતપ્રભાવના પરિવાર**

દુબઈ

શ્રી કુંદકુંદ-કહાન અક્ષરશઃ જૈન પ્રવચનમાળા પુષ્પ-૦૦૫

नमः समयसाराय

પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ શ્રી કાનજીસ્વામી વ્યાખ્યાચિત

# અમૃત-કલશ

## (ભાગ-૫)

ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત સમયસારની
શ્રી અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત 'આત્મખ્યાતિ' ટીકાના કલશ-શ્લોક
તથા તેના પર ઢૂંઢારી ભાષામાં અધ્યાત્મરસિક-પં. શ્રી રાજમલજી
'પાંડે'એ રચેલી 'ખંડાન્વય સહિત અર્થ'રૂપ ટીકાના
આસ્રવ અધિકારના કળશ ૧૧૩ થી ૧૨૪ સુધીના ઈ.સ.
૧૯૬૫-૬૬ની સાલના પૂજ્ય શ્રી કાનજીસ્વામીના સ્વાનુભવ મુદ્રિત
૧૨ અક્ષરશઃ મંગલ પ્રવચનોના ભાષ્યરૂપ...

ઝરણાના પ્રવાહક

શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા

卐

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર
દુબઈ
મો. નં. ૦૦૯૭૧૫૦૫૫૨૭૩૯૩

| વિક્રમ સંવત<br>૨૦૭૯ | વીર સંવત<br>૨૫૪૯ | ઈ. સન<br>૨૦૨૩ |
|---|---|---|

**પ્રકાશન**

**પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૧૧૦ મો જન્મ-મહોત્સવ, શુક્રવાર, તા. ૧-૯-૨૦૨૩**

**પ્રાપ્તિ સ્થાન**

જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રીમતી રૂપલબહેનનો સંપર્ક કરવા વિનંતી.

મો. દુબઈ : ૦૦૯૭૧૫૦૫૫૨૭૩૯૩, અમદાવાદ : ૯૧ ૮૨૩૮૪૪૩૫૦૩

ટાઈપ સેટિંગ :


**પૂજા ઈમ્પ્રેશન્સ**

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧




# શ્રીમદ્ ભગવત્ અમૃતચંદ્રાચાર્યદેવ



# અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

દ્રવ્ય સકળની સ્વતંત્રતા જગમાંહી ગજાવનહારા,
વીરકથિત સ્વાત્માનુભૂતિનો પંથ પ્રકાશનહારા;
—ગુરુજી જન્મ તમારો રે,
જગતને આનંદ કરનારો.

# અર્પણ

જેમનો આ પામર પર અકથ્ય અનંત અનંત ઉપકાર વર્તે છે,
જેમની પ્રત્યક્ષ સમાન પાવન છત્રછાયામાં રહીને
આ અમૃત-કલશને ગ્રંથાકાર કર્યો છે,
જેઓ સમયસાર કલશમાં ભરેલા પરમકલ્યાણકારી
આધ્યાત્મિકભાવોને ખોલીને સદુપદેશ દ્વારા
વીતરાગ જૈનધર્મની મહાન પ્રભાવના કરી છે અને
સમયસાર-કલશમાં ઠેકઠેકાણે ગાયેલી આત્માનુભૂતિથી વિભૂષિત
સહજ જેમનું જીવન છે,
તે પરમ પૂજ્ય પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના ભાષ્યરૂપ અક્ષરશઃ મંગલ પ્રવચનોરૂપ પુષ્પ
પવિત્ર ચરણકમળમાં
અત્યંત ભક્તિભાવે અર્પણ કરું છું.

શ્રીમતી કોકિલાબેન ધીરૂભાઈ ગાંધી
શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા

# સદ્‌ગુરુદેવ સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)


નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!



**પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન**


શ્રી રાજમલ્લજી પાંડે

# પ્રકાશકીય

આ એક પરમ મંગલમય સુયોગ છે કે આજથી લગભગ બે હજાર વર્ષ પહેલા આ જ ભારતભૂમિને અલંકૃત કરવાવાળા પરમપૂજ્ય **આચાર્ય ભગવંત કુંદકુંદાચાર્યદેવે 'સમયસાર'** (—**સમયપાહુડ**) નામક ગ્રંથાધિરાજની માંગલિક રચના કરીને ભવસમુદ્રમાં ડૂબતા જીવોને સ્વરૂપની સમજણ કરાવનાર લોકોત્તર ગ્રંથની રચના કરીને મહાન ઉપકાર કર્યો છે, જેની તુલના કરવા માટે ભરતક્ષેત્રમાં આજે કોઈ ઉપમાન વિદ્યમાન નથી.

તત્પશ્ચાત્ એક હજાર વર્ષ બાદ મહાન જ્ઞાની તથા કુંદકુંદાચાર્યદેવના મર્મજ્ઞ **આચાર્ય અમૃતચંદ્ર સૂરિ** થયા, જેમણે કુંદકુંદાચાર્યદેવના પ્રમુખ પરમાગમો ઉપર જ વિવેકપૂર્ણ ભાષા-શૈલીમાં ગંભીર વ્યાખ્યારૂપ અતુલનીય ટીકાઓ લખી છે, જે વિશ્વના ટીકા-સાહિત્યમાં માન્ય છે. આમાં 'સમયસાર' ગ્રંથાધિરાજ પર '**આત્મખ્યાતિ**' નામક ટીકા સર્વોત્કૃષ્ટ છે. આ ટીકા-ગ્રંથમાં જ્યાં જ્યાં તેઓ ભાવવિભોર થયા છે, ત્યાં તેમણે પદ્યબંધ સ્વરૂપે સંસ્કૃતમાં વિવિધ છંદોમાં અનુપમ કળશ લખ્યા છે, જેને '**સમયસાર-કલશ**'ના નામથી સ્વતંત્ર રચના સ્વરૂપે મહિમા મંડિત કરવામાં આવ્યા છે.

**અમૃતચંદ્રાચાર્યદેવ** પછી લગભગ પાંચસો વર્ષ બાદ 'સમયસાર'ના આ કળશોની મૌલિકતાને પ્રમાણિત કરવાનો સર્વાધિક સશક્ત પ્રયોગાર્થ, મહાન-મનીષિ પાંડે રાજમલજીએ '**સમયસાર-કલશ-ટીકા**' નામનો અદ્ભુત વ્યાખ્યાન ગ્રંથ લખ્યો છે. જેને જૈન અધ્યાત્મ તથા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં વિશિષ્ટ માનવામાં આવે છે. આનું મોટું પ્રમાણ એ છે કે પાંડે રાજમલજીના નિકટ કાલવર્તી હિન્દી સાહિત્યજગતના મહામનિષી **કવિવર પંડિત બનારસીદાસજીએ** 'સમયસાર' ગ્રંથાધિરાજ પર જે '**નાટક સમયસાર**' નામની કાળજયી રચના લખી છે, તેમાં મુખ્ય શ્રેય કુંદકુંદાચાર્યદેવ કે અમૃતચંદ્રાચાર્યદેવને નહિ દેતા પાંડે રાજમલજીને આપવામાં અવ્યું છે. તેઓ સ્પષ્ટ શબ્દોમાં લખે છે કે 'પાંડે રાજમલ જિનધર્મી, નાટક-સમયસારકે મર્મી'. આ ઉપરથી પાંડે રાજમલજી દ્વારા વિરચિત 'સમયસાર-કલશ-ટીકા'ની મહત્તા સમજી શકાય છે.

પાંડે રાજમલજીએ આ 'સમયસાર-કલશ-ટીકા' નામક ગ્રંથમાં અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનનું જે ઊંડાણ દર્શાવ્યું છે, તેનો મર્મોદ્ઘાટન તેમના પછી લગભગ પાંચસો વર્ષ બાદ ભારતભૂમિ પર જૈન-અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાનના અદ્વિતીય પ્રભાવક **આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામી થયા,** જેમણે આ ટીકા-ગ્રંથ પર સ્વયંના મંગલ પ્રવચનો દ્વારા અત્યંત સરલ પરંતુ પૂર્ણ પ્રમાણિક પ્રવચનો આપ્યા અને આ પ્રવચનો એક વાર નહિ પરંતુ **ચાર વાર** જાહેરમાં પૂર્ણ શાસ્ત્ર ઉપર આપ્યા છે તથા બાકીના અલગથી ઉપલબ્ધ પ્રવચનો પણ છે.

પ્રસ્તુત પ્રવચનોમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ કલશ-ટીકા સંબંધિત અનેક વખત પ્રમોદપૂર્ણ ઉદ્ગારો વ્યક્ત કરી તેમની ભાવના વ્યક્ત કરી છે કે આ એક અદ્ભુત શાસ્ત્ર કૃતિ મહાન સદ્ભાગ્યે ઉપલબ્ધ છે. જે પાઠક વર્ગને પ્રવચનો સાંભળતી વખતે ખ્યાલમાં આવી શકે તેમ છે. તેમાંથી પ્રથમ વાર ઈ.સ. ૧૯૬૫-૬૬માં તેમના મંગલમય પ્રવચનોને મંગલ પ્રવચનરૂપ ગ્રંથારૂઢ કરવાનો પાવન-ઉપક્રમ પ્રસ્તુત કરવાનું સૌભાગ્ય અમને પ્રાપ્ત થયું છે. તદર્થ અમે પરમપૂજ્ય આચાર્ય ભગવંત કુંદકુંદાચાર્યદેવને, અમૃતચંદ્રાચાર્યદેવને, પાંડે રાજમલજીને તથા પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી પ્રત્યે ચિર કૃતજ્ઞતા વ્યક્ત કરતાં, સર્વ પાઠક વર્ગને સવિનય વિનંતી કરીએ છીએ કે પ્રસ્તુત પ્રકાશનમાં જે કંઈ શ્રેય છે, તે આ ચાર મહાન વિભૂતિઓને જાય છે અને જે કંઈ ક્ષતિ રહી હોય તેનો દોષ અમારો છે. તેથી સંપૂર્ણ સાવધાની તથા ચીવટ રાખ્યા પછી પણ કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો સર્વ પાઠક વર્ગના અમે ક્ષમાપ્રાર્થી છીએ અને તે અમારા ધ્યાન ઉપર લાવે, જેથી કરીને ભવિષ્યમાં તેનું નિવારણ કરી પુનઃ પ્રકાશિત કરવામાં આવે.

વિનીત
શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર
દુબઈ

ॐ

नमः सद्गुरवे।

# પ્રસ્તાવના

પ્રવર્તમાન શાસન શ્રી મહાવીર ભગવાનના નામથી પ્રસિદ્ધ જિનશાસન છે. પ્રવર્તમાન જિનશાસનમાં ભગવાન મહાવીર પછી ગૌતમ ગણધરથી માંડી અનેક આચાર્ય ભગવંતોની પરિપાટી થઈ, જેઓએ સ્વયંની પવિત્ર સાધના દ્વારા જિનશાસન ટકાવી રાખ્યું. જિનશાસનમાં પ્રસિદ્ધ મંગળાચરણમાં મહાવીર ભગવાન, ગૌતમ ગણધર અને ત્યારબાદ જેમના પવિત્ર નામનો ઉલ્લેખ અને સ્મરણ કરવામાં આવે છે એવા વીતરાગતાના પરમોપાસક શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ થયા. જેઓએ વર્તમાન જીવંત સ્વામી શ્રી સીમંધરસ્વામીની પ્રત્યક્ષ દેશના શ્રવણ કરી અને ભારતવર્ષના જીવોના ઉદ્ધાર અર્થે પવિત્ર પંચ પરમાગમોની રચના કરી. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે સ્વયંની અંતરંગ અનુભવની પરિણતિમાં કલમ બોળીને અમૃતરસના ઝરણા પરમાગમોમાં વહાવ્યા છે. તેઓશ્રીની સશક્ત અધ્યાત્મ લેખની બાબત લખવું એ સૂર્યને દીપક બતાવવા સમાન બાળચેષ્ટાથી વિશેષ કંઈ નથી.

ભગવાન કુંદકુંદાચાર્યની પરિપાટીમાં ત્યારબાદ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા, જેમણે ભગવાન કુંદકુંદાચાર્યના હૃદયમાં રહેલ ભાવોને સ્વયંની મૌલિક શૈલીમાં ટીકા તથા કલશો રચીને જિનશાસનને વિશેષ શોભાયમાન કર્યું. જ્ઞાન તથા સંયમની મૂર્તિ એવા આચાર્યદેવે અધ્યાત્મના ગૂઢ ભાવો ભરીને પરિભ્રમણમાં ભટકતા જીવોને મોક્ષમાર્ગનું રહસ્ય ખુલ્લું કરી બતાવ્યું છે. અનાદિ કાળથી જીવ પરિભ્રમણમાં સુખની ઝંખનામાં દોડતો ક્યારેય સુખ પ્રાપ્ત નથી કરી શક્યો અને નિત્ય દુઃખને જ ભોગવ્યું છે. એક સમયમાત્ર સુખનું વેદન થયું નહિ. જીવો આવી દુઃખમય પરિસ્થિતિમાંથી બહાર આવી અતીન્દ્રિય સુખને પ્રાપ્ત થાય અને સાદિઅનંત કાળ નિજાનંદ ભોગવે એવી નિષ્કારણ કરુણાથી આચાર્યદેવે સત્શાસ્ત્રોની રચના કરી.

જિનશાસનના અદ્વિતીય આભુષણ સમાન શ્રી સમયસાર પરમાગમની અર્થગંભીર ગાથાઓની 'આત્મખ્યાતિ' નામની ટીકા અમૃતચંદ્રાચાર્યદેવે કરી. વિદ્વતાપૂર્ણ તથા અધ્યાત્મરસ ભરપૂર સંસ્કૃત ટીકાની સાથે તેમણે અનેક કલશો પણ રચ્યા, જે તેમના અધ્યાત્મરસપૂર્ણ કવિત્વની પ્રસિદ્ધિ કરે છે. પ્રસ્તુત અર્થગંભીર કલશોને પૃથકપણે લઈએ તો સ્વયં એક અધ્યાત્મ ગ્રંથ સમાન છે. તેથી તેને 'સમયસાર-કલશ' નામ આપવામાં આવેલ છે. તેના પર અધ્યાત્મરસિક પંડિત શ્રી રાજમલ્લજી પાંડેએ ટીકા લખી છે, જેને આ શાસ્ત્રમાં 'ખંડાન્વય સહિત અર્થ' એ નામથી આપવામાં આવી છે.

## પાંડે રાજમલજી સંબંધિત...

કલશ-ટીકાના રચયિતા પાંડે રાજમલજી વિક્રમ સંવતની ૧૭મી શતાબ્દિમાં થયા હોય તેમ વિદ્વાનોનું અનુમાન છે. તેમણે આ કલશટીકા રાજસ્થાનના ઢૂંઢાર પ્રદેશમાં બોલાતી જૂની ઢૂંઢારી

ભાષામાં લખેલી છે. સાંપ્રત મુમુક્ષુજીવો અર્થગંભીર ટીકાના ભાવોને સાદી સરળ ભાષામાં સમજી શકે તેવી તેમની ટીકા છે. ટીકાકાર પંડિતજીએ પ્રત્યેક શ્લોકોની ટીકામાં પ્રાયઃ દરેક ખંડાન્વયનો અર્થ ખોલ્યા પછી સંક્ષેપમાં ભાવાર્થ લખીને, સંક્ષિપ્ત સાર ભરીને પ્રસ્તુત વિષયને આત્મસાત્ કરાવ્યો છે. શ્રી રાજમલજી વિષયક કોઈ પ્રસિદ્ધ ઈતિહાસ પ્રાપ્ત નથી.

ટીકાકારની કૃતિ અતિ રોચક શૈલીથી પૂર્ણ હોઈને અધ્યાત્મરસિક કવિવર પંડિત બનારસીદાસજીએ 'કલશ ટીકા'ના આધારે અધ્યાત્મ કવિત્વપૂર્ણ કૃતિની રચના કરી—'નાટક સમયસાર'. તેમાં તેઓ પાંડે રાજમલજીનો ઉલ્લેખ કરતાં લખે છે '**પાંડે રાજમલ્લ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી**'. સમયસાર કલશમાં સમાવિષ્ટ અધ્યાત્મના ગૂઢ તત્ત્વો વર્તમાનમાં સમજવા એટલા સહેલાં નથી.

## અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી સંબંધિત...

પ્રવર્તમાન દુષમકાળના નામે પ્રસિદ્ધ હુંડાવસર્પિણી પંચમકાળમાં જ્યાં મોક્ષમાર્ગ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, તેવી ઘોર અજ્ઞાનતમ પરિસ્થિતિમાં જિનશાસનનો ફરીને ઉદ્યોત કરવા અર્થે મહાવિદેહમાં પ્રત્યક્ષ સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનું રસપાન કરી ભરતના જીવોના આત્મ કલ્યાણ અર્થે અધ્યાત્મનો યુગ સર્જ્યો, અનેકાનેક જીવોને મોક્ષમાર્ગ પ્રતિ પ્રેરિત કર્યા, ભવ્ય જીવોની સુષુપ્ત ચેતનાને જાગૃત કરી, એવા દિવ્ય અધ્યાત્મચક્ષુ, જ્ઞાનદિવાકર, સ્વાનુભવ સંપન્ન ભગવતી પ્રજ્ઞાના ધારક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ અનેક અધ્યાત્મરસ ભરપૂર ગ્રંથોનું સ્વયં રસપાન કર્યું અને ભવ્ય જીવોને પણ કરાવ્યું. વર્તમાન કાળના મુમુક્ષુ જીવો પર તેમનો અવિસ્મરણીય ઉપકાર છે. જેને કથનમાં કહી શકાય તેમ નથી. તેમના ઉપકારોને હૃદયગત કરી ભાવાન્વિત થઈને તેમના ચરણોમાં નમસ્કાર અને વંદના.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક વર્ષો સુધી સનાતન દિગંબર જૈન શાસ્ત્રોનો સ્વાધ્યાય કર્યો અને મોક્ષમાર્ગનું નિહિત રહસ્ય સમાજ સમક્ષ સ્પષ્ટ કરી મૂક્યું. તેઓશ્રીની પ્રવચન-બંસરી દ્વારા આખાય હિન્દુસ્તાનમાં તથા વિદેશમાં પણ તેઓએ મોક્ષમાર્ગનું સ્વરૂપ પ્રસિદ્ધ કર્યું. સ્વાનુભવ નિધાનથી સંપન્ન અને સમ્યક્ શ્રુતલબ્ધિના ધારક પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના એક એક વાક્યોને અતિશય સૂક્ષ્મતાથી તથા સરળ ભાષામાં સમજાય તે રીતે પ્રવચનોમાં વ્યક્ત કરી મહાન મહાન ઉપકાર કર્યો છે.

તેઓશ્રીનો પ્રભાવના ઉદય આજે તો વર્તે છે પરંતુ પંચમકાળના અંત સુધી તેમનો પ્રભાવના ઉદય જયવંત વર્તશે, એવા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના દીર્ઘદૃષ્ટિ યુક્ત અર્થગંભીર વાક્ય આ પ્રસંગે સ્મરણમાં આવ્યા વિના રહેતા નથી. પૂજ્ય બહેનશ્રીના વક્તવ્ય અનુસાર પૂજ્ય ગુરુદેવશ્રીએ નિશ્ચય-વ્યવહાર, નિમિત્ત-ઉપાદાન, કારણ-કાર્ય, મોક્ષમાર્ગનું સ્વરૂપ, સમ્યગ્દર્શનનું સ્વરૂપ, મુનિદશાનું સ્વરૂપ, અરિહંત ભગવાનનું સ્વરૂપ, સાત તત્ત્વોનું સ્વરૂપ ઈત્યાદિ અનેકાનેક રત્નો તેમની પ્રવચન-ગંગામાં વહેતા કર્યા. આવા કળિકાળમાં જ્યાં મિથ્યાત્વનો ગાઢ અંધકાર છવાયેલો તેવી પરિસ્થિતિમાં જ્ઞાનપ્રકાશ કરી ભવ્ય જીવોના પથ પ્રકાશક બની અપૂર્વ કાર્ય કર્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દિવ્ય ગુણોનું કથન કરવા બેસીએ તો ગ્રંથો ભરાય એવા તેઓ ગુણોથી અલંકૃત

જિનશાસનનું એક પવિત્ર આભુષણ છે.

ભવ્ય જીવોના ઉદ્ધારક એવા પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દેશના આજે પ્રવચનસ્વરૂપે આપણી પાસે ઉપલબ્ધ છે. તેમના પ્રવચનો ગ્રંથારૂઢ કરવાનું કાર્ય તેઓશ્રીના પવિત્ર પ્રભાવના ઉદયે ચાલી રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકારોથી ભીંજાયેલા હૃદયસંપન્ન મુમુક્ષુજીવોને સ્વાભાવિક જ એવા ભાવ આવ્યા વિના રહેતા નથી કે કઈ રીતે તેમના પ્રત્યે અર્પણતા કરીએ. તેમના ચરણોમાં શું અર્પણ કરીએ? તેમ છતાં ભક્તિથી પ્રેરાઈને બીજું કંઈ નહિ કરતાં તેમની સાતિશય દિવ્યવાણી શાશ્વત રહે તેવી ભાવનાથી પ્રેરાઈને શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલાને આ વિચાર ઉદ્‌ભવ્યો, સાથે સાથે તેમના માતુશ્રી કોકિલાબેન ધીરૂભાઈ ગાંધી તથા પિતાશ્રી ધીરૂભાઈ ગાંધીની પણ ભાવના હોવાથી અને આ વિચારને કાર્યાન્વિત કરવામાં જેમનો સંપૂર્ણ સહયોગ તથા અનુમોદના પ્રાપ્ત થઈ એવા શ્રી સુનીલભાઈ ડેલીવાલા કે જેમના વિના આ કાર્ય શક્ય ન થઈ શક્યું હોત. તેમને ઉપકૃત હૃદયથી ભીંજાયેલ ભાવ આવતાં પ્રસ્તુત ગ્રંથ 'અમૃત-કલશ' પાઠક વર્ગના હસ્તકમળમાં મૂકતાં અત્યંત રોમાંચયુક્ત હર્ષ થાય છે.

પ્રસ્તુત ગ્રંથ શ્રી 'અમૃત-કલશ'માં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૯૬૫-૬૬ની સાલમાં 'સમયસાર કલશ' પર ચાલેલા શબ્દશઃ પ્રવચનો સૌ પ્રથમવાર પ્રકાશિત થઈ રહ્યા છે. ત્રીજા ભાગમાં કર્તાકર્મ અધિકારના ૫૪ કલશો ઉપર ચાલેલા ૩૨ પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેમનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રવચનોને લિપિબદ્ધ કરવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને સાંભળીને કંપ્યુટરમાં ટાઈપ કરવામાં આવે છે. ત્યારબાદ ફરીને તેમને સાંભળીને જ્યાં જે પ્રમાણે આવશ્યકતા અનુસાર વાક્યરચના પૂર્ણ કરવા અર્થે કૌંસ ભરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીના અર્થગંભીર ભાવોને જાળવવાની પૂર્ણ ચોકસાઈ રાખવામાં આવી છે. પ્રવચનોને ફરીને સાંભળીને તપાસવાનું કાર્ય શ્રીમતી રૂપલબહેન સુનીલભાઈ ડેલીવાલા, દ્વારા કરવામાં આવેલ છે. તેઓએ પણ પૂર્ણ ચીવટથી તથા રસ લઈને પ્રવચનો તપાસેલ છે. પ્રવચન પુસ્તકોની પી.ડી.એફ ફાઈલ www.vitragvani.com તથા www.atmadharma.com પર ઉપલબ્ધ છે.

અંતતઃ વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુના ચરણોમાં નતમસ્તક થઈ પવિત્ર વીતરાગ પ્રકાશન કાર્યમાં કોઈપણ પ્રકારની ત્રુટિ રહી જવા પામી હોય તો તેમના પ્રત્યે શુદ્ધ અંતઃકરણથી ક્ષમાયાચના કરીએ છીએ. સર્વ જીવો પવિત્ર દેશનાને આત્મસાત કરી શાશ્વત આત્મકલ્યાણને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર
દુબઈ

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ.

સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઇન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી

રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન

પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે

પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# આસ્રવ અધિકાર
## વિષયાનુક્રમણિકા


| | |
|---|---|
| કલશ-૧૧૩ | શુદ્ધસ્વરૂપ અનુભવરૂપ-સમ્યક્જ્ઞાનને નમસ્કાર. |
| કલશ-૧૧૪ | દ્રવ્યાસ્રવ, ભાવાસ્રવ અને સમ્યક્જ્ઞાનનું વર્ણન. |
| કલશ-૧૧૫ | સમ્યક્દ્દષ્ટિ નિરાસ્રવી છે. |
| કલશ-૧૧૬ | સમ્યક્દ્દષ્ટિ નિરાસ્રવ રહે છે. |
| કલશ-૧૧૭ | શિષ્યની આશંકા. |
| કલશ-૧૧૮ | શિષ્યની શંકાનું સમાધાન. |
| કલશ-૧૧૯ | સમ્યક્દ્દષ્ટિ કર્મબંધ કરતો નથી. |
| કલશ-૧૨૦ | સમ્યક્દ્દષ્ટિને શુદ્ધનયના અભ્યાસથી પરમાત્મપદની પ્રાપ્તિ. |
| કલશ-૧૨૧ | ઉપશમ અને ક્ષયોપશમ સમ્યક્દ્દષ્ટિની અસ્થિરતા. |
| કલશ-૧૨૨ | અશુદ્ધનયથી બંધ અને શદ્ધનયથી મોક્ષ છે. |
| કલશ-૧૨૩ | સમ્યક્દ્દષ્ટિ જીવના અંતરંગ અને બહિરંગ પરિણામ. |
| કલશ-૧૨૪ | શુદ્ધજ્ઞાન પ્રગટ થતાં જીવનાં પરિણામ. |

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | કલશ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૮૫ | ૦૧–૦૭–૧૯૬૫ | કલશ–૧૧૩, ૧૧૪ | ૦૦૨ |
| ૮૬ | ૦૨–૦૭–૧૯૬૫ | કલશ–૧૧૪, ૧૧૫ | ૦૧૯ |
| ૮૭ | ૦૩–૦૭–૧૯૬૫ | કલશ–૧૧૫, ૧૧૬ | ૦૩૭ |
| ૮૮ | ૦૪–૦૭–૧૯૬૫ | કલશ–૧૧૬ | ૦૫૪ |
| ૮૯ | ૦૫–૦૭–૧૯૬૫ | કલશ–૧૧૬ | ૦૬૮ |
| ૯૦ | ૦૬–૦૭–૧૯૬૫ | કલશ–૧૧૭, ૧૧૮ | ૦૯૦ |
| ૯૧ | ૦૭–૦૭–૧૯૬૫ | કલશ–૧૧૮, ૧૧૯ | ૦૯૮ |
| ૯૨ | ૦૮–૦૭–૧૯૬૫ | કલશ–૧૧૯, ૧૨૦ | ૧૧૪ |
| ૯૩ | ૦૯–૦૭–૧૯૬૫ | કલશ–૧૨૧, ૧૨૨ | ૧૩૩ |
| ૯૪ | ૧૦–૦૭–૧૯૬૫ | કલશ–૧૨૨, ૧૨૩ | ૧૫૦ |
| ૯૫ | ૧૧–૦૭–૧૯૬૫ | કલશ–૧૨૩, ૧૨૪ | ૧૬૭ |
| ૯૬ | ૧૨–૦૭–૧૯૬૫ | કલશ–૧૨૪ | ૧૮૩ |
| ૯૭ | ૧૩–૦૭–૧૯૬૫ | કલશ–૧૨૪ | ૧૯૮ |

# શ્રી સમયસારજી–સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણ પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રિડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલ જ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનના, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

**—હિંતમલાલ જેઠાલાલ શાહ**

નમઃ સિદ્ધેભ્યઃ

પંડિતપ્રવર શ્રી રાજમલજી કૃત ટીકાના
ગુજરાતી અનુવાદ સહિત
શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત
પરમ પૂજ્ય પરમ ઉપકારી શાસનસમ્રાટ અધ્યાત્મયોગી સદ્ગુરુદેવ
શ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર-કલશ ગ્રંથ ઉપરના ઈ.સ. ૧૯૬૫-૬૬ની સાલના
અક્ષરશઃ પ્રવચનો

# અમૃત કલશ

(ભાગ–૫)

–૫–

## આસ્રવ અધિકાર

(દ્રુતવિલંબિત)

अथ महामदनिर्भरमन्थरं
समररङ्गपरागतमास्रवम्।
अयमुदारगभीरमहोदयो
जयति दुर्जयबोधधनुर्धरः।।१-११३।।

ખંડાન્વય સહિત અર્થ :- ‘अथ अयम् दुर्जयबोधधनुर्धरः आस्रवम् जयति’ (अथ) અહીંથી માંડીને (अयम् दुर्जय) આ અખંડિત પ્રતાપવાળો (बोध) શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ છે (धनुर्धरः) મહા યોદ્ધો તે, (आस्रवम्) અશુદ્ધ રાગાદિ પરિણામલક્ષણ આસ્રવને (जयति) મટાડે છે. ભાવાર્થ આમ છે કે અહીંથી શરૂ કરીને આસ્રવનું સ્વરૂપ કહે છે. કેવો છે જ્ઞાનયોદ્ધો? ‘उदार–गभीर–महोदयः’ (उदार) શાશ્વત એવું

છે (गभीर) અનંત શક્તિએ વિરાજમાન (महोदयः) સ્વરૂપ જેનું, એવો છે. કેવો છે આસ્રવ? 'महामदनिर्भरमन्थरं' (महामद) સમસ્ત સંસારી જીવરાશિ આસ્રવને આધીન છે, તેથી થયો છે ગર્વ-અભિમાન, તે વડે (निर्भर) મગ્ન થયો છે (मन्थरं) મતવાલાની માફક, એવો છે. 'सरमरङ्गपरागतम्' (समर) સંગ્રામ એવી છે (रङ्ग) ભૂમિ, તેમાં (परागतम्) સન્મુખ આવ્યો છે. ભાવાર્થ આમ છે કે—જેમ પ્રકાશને અને અંધકારને પરસ્પર વિરોધ છે તેમ શુદ્ધ જ્ઞાનને અને આસ્રવને પરસ્પર વિરોધ છે. ૧-૧૧૩.

## વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૩, ગુરુવાર, તા. ૧-૭-૧૯૬૫, કલશ-૧૧૩-૧૧૪ પ્રવચન નં. ૮૫

..બેય—પુણ્ય-પાપ બેય પરિણામ આસ્રવ છે એ બે એકઠા થઈને આસ્રવરૂપ (છે) એ બતાવવાનો આ અધિકાર છે. પહેલો કળશ.

अथ महामदनिर्भरमन्थरं
समररङ्गपरागतमास्रवम्।
अयमुदारगभीरमहोदयो
जयति दुर्जयबोधधनुर्धरः।।१-११३।।

'**ખંડાન્વય સહિત અર્થ :—**' (अथ) શબ્દ '**અહીંથી માંડીને...**' એમ કર્યું છે અહીંયાં ભાઈ! આપણે મંગળીકના અર્થમાં પણ એ આવે છે. સમયસારની પહેલી (ગાથા). '**वंदित्तु सव्व सिद्धे**'. ત્યાં (अथ) શબ્દ લઈ મંગળીકને અર્થે (अथ) શબ્દ વાપર્યો. એટલે હવે ધર્મની શરૂઆત આત્માને થવાની એવું મંગળીક તરીકે એનું વાંચન. ટીકા પહેલી કરી અમૃતચંદ્રાચાર્યે. અહીંયાં પણ આસ્રવનો અધિકાર આસ્રવ ટાળવા માટે બતાવવો છે. આસ્રવનો અધિકાર આસ્રવ રાખવા માટે બતાવવો નથી. આસ્રવ પુણ્ય અને પાપના ભાવ બેય ટાળવા માટે એટલે કે છોડવા માટે એ સ્વરૂપ વિકારી છે, સ્વરૂપમાં એ નથી એમ બતાવવા એનો આસ્રવનો અધિકાર લેવો છે. એથી '**अथ**' અહીંથી આસ્રવને જીતવા માટે અથવા અહીંયાંથી લઈને આસ્રવનું સ્વરૂપ બતાવવામાં આવે છે.

(अयम् दुर्जय) જુઓ! મંગળિક ઉપાડ્યું. '**આ અખંડિત પ્રતાપવાળો શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ છે...**' (अयम् दुर्जय बोध) ભગવાન આત્મા અખંડ પ્રતાપ ચૈતન્યસ્વરૂપ છે,

એવો બોધ. શુદ્ધ સ્વરૂપ અનુભવ. (**दुर्जय**) એને કોઈ જીતી શકે નહિ. ચૈતન્યના સ્વભાવનું સામર્થ્ય એટલું છે કે એની દૃષ્ટિ કરતાં એ (**दुर्जय**) નામ એને કોઈ જીતી શકે એવી તાકાત નથી. એવો જેનો અખંડ પ્રતાપ શુદ્ધ જ્ઞાનસ્વરૂપનો છે. એ મંગળિક કર્યું. આહાહા..!

જ્ઞાનયોદ્ધો. પરમ પ્રતાપથી પ્રભુતાના સ્વભાવના સામર્થ્યથી ભરેલું એવું જ્ઞાનસ્વરૂપ. જુઓ! શુદ્ધસ્વરૂપઅનુભવ. પુણ્ય-પાપના ભાવ રહિત પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ ભગવાન એનો અનુભવ એ અખંડિત પ્રતાપવાળો છે. મહા યોદ્ધો છે. (**धनुर्धरः**) લ્યો! અર્જુનને ધનુર્ધર કહે છેને અર્જુનને? બાણાવળી. આત્મા બાણાવળી છે શુદ્ધ જ્ઞાનસ્વરૂપ એકાગ્ર થઈને એક પછી એક ધારા પરિણતિની વહે છે એ શુદ્ધ ભાવનો અનુભવ એ અશુદ્ધ પરિણામને ઉત્પન્ન થવા દેતો નથી. કહો, સમજાણું કાંઈ? શુદ્ધ સ્વભાવ એનો અનુભવ એ મહા યોદ્ધો છે. ઉપમા આપી.

‘**તે, અશુદ્ધ રાગાદિ પરિણામલક્ષણ આસ્રવને મટાડે છે.**’ ભગવાન આત્માનો અનુભવ શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને એનું અંતર જ્ઞાન એ મહા શૂરવીર પરાક્રમી યોદ્ધો ‘**અશુદ્ધ રાગાદિ પરિણામલક્ષણ આસ્રવ...**’ જુઓ! આસ્રવનું લક્ષણ બાંધ્યું કે અશુદ્ધ, મલિન શુભ-અશુભ રાગ બેય. અશુદ્ધ નામ શુભ પરિણામ હો કે અશુભ પરિણામ હોય બેય અશુદ્ધ (છે). ‘**રાગાદિ પરિણામલક્ષણ આસ્રવને મટાડે છે.**’ સ્વભાવની અનુભવદશા એ વીતરાગીદશા છે. ભગવાન આત્મા પરમાનંદનો પિંડ, એના અનુભવમાં એકાગ્રતા એ મહા વીતરાગી પર્યાય છે. એ વીતરાગી પર્યાયે અશુદ્ધ રાગાદિ પરિણામલક્ષણ જે આસ્રવ એને ઉત્પન્ન થવા દેતું નથી. એને અહીં મેટતા એમ કહેવામાં આવે છે. આ આસ્રવ છે અને મટાડે છે એમ તો સમજાવાની શૈલી કરવી પડે ને. આ આસ્રવ એને મટાડે, ટાળે. એટલે શું? ઉદયમાં પરિણમનમાં થઈ ગયું એને ટાળે એ કાંઈ છે નહિ. સ્વભાવના અનુભવની દૃષ્ટિમાં શુદ્ધનો અનુભવ પરાક્રમ પ્રગટ થતાં એ અશુદ્ધતાની ઉત્પત્તિ થતી નથી. પૂર્વે થઈ હતી એ નથી થતી એ અપેક્ષાએ એને ટાળ્યો એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું? આ મંગળિક કર્યું પહેલું. આહાહા..! આ મંગળિક છે.

‘**ભાવાર્થ આમ છે કે અહીંથી શરૂ કરીને આસ્રવનું સ્વરૂપ કહે છે.**’ પણ એ સ્વરૂપ મટાડવા માટે કહેશું એમ કહે છે. સમજાણું કાંઈ? એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયકે અનંત વાર જીવ ગયો, રહ્યો એ આસ્રવથી હણાઈ ગયો છે. ‘**કેવો છે જ્ઞાનયોદ્ધો?**’ ‘**उदार-गभीर**’ શ્લોકમાં તો ‘**गभीर**’ ‘**गभीर**’ આવે છે. ‘**उदार-गभीर-महोदयः**’ ‘**महोदयः**’ લ્યો વળી. કેવું છે શુદ્ધ સ્વરૂપ? ત્રિકાળીની વાત નથી. શુદ્ધનો અનુભવ વર્તમાન પર્યાય. શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા એની અંતર્મુખની પર્યાય જે એકાગ્ર થઈ એવો જે જ્ઞાનયોદ્ધો, શુદ્ધ સ્વરૂપનો અનુભવ જે નિર્મળ પર્યાય એ યોદ્ધો કેવો છે? ઉદાર છે. ‘**શાશ્વત એવું છે...**’

એમાંથી નિર્મળ પર્યાય નીકળ્યા જ કરે.. નીકળ્યા જ કરે. એમાં કાંઈ ખામી બાકી રહે નહિ.

**'गभीर' 'અનંત શક્તિએ વિરાજમાન...'** સમજાણું? ગંભીર. લબ્ધ કાંઈક શબ્દ પડ્યો છે ઓલામાં. અલબ્ધ શબ્દ. આમાં કાંઈ ... ગંભીર. આ છે? ટીકા. ગંભીર. .. કાંઈ કર્યો છે ને. ... **'गभीर...'** પંડિતજી! જેનું મધ્ય સાફ ન થાય એવું. ... એમ નથી કહેતા? ગુમડું બહુ ઊંડું હોય. ગુમડું પત્તો ન ખાય ક્યાં ઊંડું છે. એ આ શબ્દ ઘણો ઊંડો છે. અલબ્ધ મધ્ય મહાન ઉદયો. એ તો બીજો શબ્દ છે. પણ આ અલબ્ધ મધ્ય. જેનું મધ્ય પ્રાપ્ત ન થાય એટલું ગંભીર છે. આહાહા..! ઊંડું. આપણે આ નથી કહેતા? ભરલીંગો ગુમડું હોય છે ને ક્યાંય પત્તો ન ખાય. ગંભીર ગુમડું કહે છે. ફોડા-ફોડા. એમાં વાટ નાખે સૂતરની. એ તો એનો પત્તો હોય. પણ ઊંડું બહુ હોય બીજાની અપેક્ષાએ.

આ તો કહે છે, કેવું છે? **'અનંત શક્તિએ વિરાજમાન...'** એ સ્વભાવમાં અનંત શક્તિ અને સામર્થ્ય પર્યાયમાં પણ અનંત સામર્થ્ય પ્રગટ્યું. જેની બેહદ સ્વભાવની શાંતિ, અનંતાનુબંધી અને મિથ્યાત્વ ટળતા જે અનુભવ થાય એમાં અનંતી શક્તિ બિરાજમાન છે પર્યાય. સમજાણું કાંઈ? એ અલબ્ધ-લબ્ધ ન થાય, પ્રાપ્ત ન થાય એટલે અમાપ અમાપ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** **'गभीर'** કહે. ઉદાર નહિ. ઉદાર તો શાશ્વત એટલું. **'गभीर'**ની વ્યાખ્યા કરી.

**શ્રોતા :-**...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ઉદાર એટલે ... શાશ્વત.

**શ્રોતા :-**...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વળી જુદું.

અહીં તો ઉદાર એટલે કે અંદર શક્તિનો એટલો પ્રવાહ છે કે પાર જ ન આવે એટલું નીકળ્યા કરે અને ગંભીર ક્યાં કે એનો લબ્ધ (ન આવે), એનો પાર નહિ એવો. (**महोदयः**) સ્વરૂપ જેનું. (**महोदयः**) એટલે પ્રગટ. ઉદય થયો, મહા ઉદય થયો. સ્વરૂપની પ્રગટ દશા ઉદય થઈ. અનંત શક્તિએ બિરાજમાન શાશ્વત નામ ઉદાર એ પર્યાય પણ ઉદાર થઈ, સ્વભાવે ઉદાર અને પર્યાય શાશ્વત. આહાહા..! ઉદારનો અર્થ કાઢે ને કે અંદરમાંથી એટલું નીકળે.. દાન નથી દાની માણસ ઉદાર? એ આવ્યો પાછો ન જાય. જા લઈ જા.. લઈ જા.. એમ એટલો આત્મસ્વભાવ અંદર ઉદાર છે. કાઢ એટલું નીકળે. એકાગ્ર થઈને કાઢ એટલું કેવળજ્ઞાન નીકળે, લે. એટલી એનામાં તાકાત છે. અને એની પર્યાયમાં એટલી તાકાત છે કે એક પર્યાયમાં કેવળજ્ઞાનને લાવે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ગંભીર અનુભવદશા એ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવે અંતર્મુહૂર્તમાં એટલી એની તાકાત છે એમ કહે છે. સમજાણું?

**'શાશ્વત એવું છે અનંત શક્તિએ વિરાજમાન...'** છે. ગંભીરના અર્થ ઘણે ઠેકાણે છે. બે-ત્રણ ઠેકાણે લખ્યું છે. ૭૯ પાને છે ને એક તો. આપણે આવી ગયું છે. ૭૯ પાને. ગંભીર. ૭૯. સૂક્ષ્મ દ્રવ્ય. એ સૂક્ષ્મ છે. ગંભીર. બીજે ક્યાંક લખ્યું છે ખરું. સામેનું છે પાનું.

**શ્રોતા** :–કર્તાકર્મ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. ગંભીરનો અર્થ કર્યો છે. ૮૦ પાને છેને. એ લીધો. ત્યાં હશે જુઓ. ૮૦ પાને છે ને. પહેલેથી? છેલ્લેથી બીજી. પુદ્‌ગલ પરિણામે પરિણમેલો જીવ... એ નહિ હેઠે આ. જુઓ **'उच्चैः अत्यन्तगम्भीरम्'** બસ! **'અનન્તથી અનન્ત શક્તિએ બિરાજમાન છે.'** **'गम्भीरम्'**. અહીં તો કહ્યું ને. **'અનન્તથી અનન્ત શક્તિએ બિરાજમાન છે.'** લ્યો એ કર્યું. ૭૯માં કાંઈ લખ્યું નથી. શક્તિ હશે. **'अन्तः' 'સૂક્ષ્મ દ્રવ્યસ્વરૂપ દૃષ્ટિથી...'** **'ज्ञप्तिः करोतौ...'** ત્યાં આવ્યું જુઓ. આમાં જરી ૧૧૧મે પાને છે કાંઈક. ૧૧૧. સૂક્ષ્મપણું લીધું છે ત્યાં. સૂક્ષ્મ લીધું છે. અંતરંગ સૂક્ષ્મ અનુભવ દૃષ્ટિ એ સૂક્ષ્મ ઉપર વાત લીધી. એ સૂક્ષ્મ ઉપર. સમજાણું આમાં? શું કહ્યું આ?

અનંત ગંભીર મહા અનંત શક્તિએ બિરાજમાન બિરાજમાન જેનો પાર નથી. એનો અર્થ થયોને, જેમ ક્ષેત્રની કોઈ શક્તિના સ્વભાવનો પાર નથી, એમ અહીંયાં ભાવ સ્વભાવની ગંભીરતાનો પાર નથી એમ કહેવું છે. આમ ક્ષેત્ર ક્યાં પૂરું થયું? શું છે પણ આ? આ શું છે? વ્યાપક વ્યાપક પણ પછી શું? છતાં જ્ઞાનમાં આવ્યું કે નહિ? ખરેખર તો એનો આકાર જેવો એક પ્રદેશનો આકાર છે એવો (આખો) આકાર હોય. આકાર હોય છતાં અમાપ છે. શું કીધું? જેવો એક પ્રદેશનો આકાર છે એવો સારા આકાશનો આકાર છે. એટલે એ આકાર જ્ઞાનમાં આવી જાય છે. પણ આકાર આવતા ત્યાં માપ આવી જાય છે ત્યાં માપ છે માટે આવે છે એમ નથી.

આકાશને આકાર તો છેને? વ્યંજનપર્યાય છે કે નહિ? વ્યંજનપર્યાય પ્રદેશગુણને લઈને એનામાં અનાદિઅનંત પર્યાય છે. પણ આકાર કહો તો ત્યાં હદ આવી ગઈ. એમ નહિ. એ અમર્યાદિત આકાર એનો ચારે બાજુ. ઓહોહો..! મધ્યમાં પ્રભુ અહીં બિરાજમાન અલોકના મધ્યમાં છેને એમ કહે છે. એના જ્ઞાનના અંશમાં આટલો અમાપ... અમાપ.. અમાપ... અમાપ... જેના માપ નહિ, અમેય ... મર્યાદિત ચીજને પણ જાણે અને અમર્યાદિત ચીજને જાણે એવો જે ભાવ તેની અમર્યાદા છે, મર્યાદા નથી ત્યાં. અનંત અનંત સ્વભાવના અંશો ગંભીર છે. અનંત શક્તિએ બિરાજમાન એવો છે.

કાગળ ઉપર કહે છે અમારે.. પંડિતજી! કાગળ ઉપર ચીતરીને દેખાડવું હોય તો શી રીતે દેખાડવું? એમ પૂછે છે અમારે દલાલ. પૂછો ભાઈ પંડિતજીને, કીધું. એમ કે આકાશને કાગળ

ઉપર ચીતરીને બતાવવો હોય તો કેમ બતાવાય? અમારે એ દલાલ છે. એમ કે છેડો જ ન આવે ને બતાવવું કે આકાર આમ બતાવવો. પણ એ શું બતાવે એમાં? અમાપ.. અમાપ.. અમાપ. એ વસ્તુની નાસ્તિને પણ અસ્તિ માનવી જોઈએ. નકાર કરવા જાય પણ શું છે આ? આમ ને આમ જો તો ખરો દસે દિશાએ. આ તો વચમાં એક રજકણ જેટલો ચૌદ બ્રહ્માંડ છે. એક રજકણ જેટલો. આ આવ્યું હતું નભમાં? ભાઈ! ઉડુ એક નક્ષત્ર. અનંત અનંત આકાશના મધ્યમાં એક નક્ષત્ર હોય. આવે છે કે નહિ આ? .. એકકોર તો આખી દુનિયા. સર્વ વિશ્વ. ઉડુ છે ને કાંઈક. આવ્યું હતું ઓલામાં. આખા અલોકમાં એક લોક આટલો, એ આખો આકાશ જ્ઞાનમાં નભતુલ્ય ભાસે, ઉડુ જેમ ભાસે.

આખા અલોકમાં લોક આટલો, અને આખો અલોક અને લોક તે જ્ઞાનમાં એ નક્ષત્ર જેવું, એક આટલું બિંદુ એટલું માપ છે. ભાઈ! બાપા! એનો સ્વભાવ, એનું સત્ત્વ છે ને સત્ત્વ. તત્ત્વના સ્વભાવની મર્યાદા શું? ભાઈ! એ અલૌકિક વાત છે. વસ્તુનો સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ. એ એક એક ગુણનો સ્વભાવ ક્ષેત્રથી ન જોવાય. આટલા ક્ષેત્રમાં એ ક્ષેત્ર નાનુ હોય ભલે. એના ગંભીરપણાનો સ્વભાવ અનંત... અનંત... અનંત... અનંત છે. આ સેક્રીન થાય છેને? શું કહેવાય? સેક્રીન—આ સાકર થાય છે ને. આટલી જરી હોય તો ગળી ઘણી. સેક્રીન થાય ને? પંડિતજી! એ શું કહેવાય? આટલો ગાંગડો હોય તો થોડી મીઠાશ, આટલીની બહુ મીઠાશ. તો એ પરમાણુના રસગુણની પ્રગટ પર્યાયમાં આટલું નાનું ક્ષેત્ર (હોવા) છતાં ઘણી મીઠાશ (હોય). એના રસગુણની (વાત) નથી. આ તો પ્રગટ પર્યાયની વાત છે. પરમાણુના રસગુણની શક્તિની પ્રગટ પર્યાયમાં પણ આટલા ક્ષેત્રમાં, આટલા ભાગમાં ઘણી મીઠાશ. કેટલા ગુણી કાંઈક કહે છે? છસ્સો ગુણી મીઠાશ. એ જુઓ તો પ્રત્યક્ષ દેખાય છે કે નહિ? એક આમ સ્કંધમાં તે સ્કંધ નાનો આટલો એના અંદરમાં આવડા મોટા સાકરના ગાંગડા કરતાં એની મીઠાશ રસની પર્યાયની અધિકતા એટલી વધી ગઈ છસ્સો ગુણી. પણ એ પર્યાયની વાત હોં! એ ગુણની નહિ. એ ગુણ તો એની અંદર એ પર્યાયથી અનંતગુણો રસથી ભરેલો છે. આહાહા..! કારણ કે રસગુણની પર્યાય એક ગુણી, બે ગુણી અનંતગુણી પ્રગટ થાય છે. અનંતગુણી અનંતગુણી પ્રગટ થાય છે. એ અનંતગુણી. રસગુણ એમને એમ રહે છે. પર્યાય અનંતગુણો પર્યાય. એક રજકણમાં પણ એટલામાં રસની પર્યાય પ્રગટ દેખાય છે એ એના પરમાણુમાં પણ એટલી પર્યાય ન હોય તો ઝાઝામાં એટલી એકઠી ભેગી કેમ દેખાય? ભેગી થઈને નથી થઈ. ખરેખર એક પરમાણુમાં પણ રસગુણની પર્યાય એટલી પ્રગટ દેખાય છે. બરાબર છે? સમજાણું કાંઈ? તો એ જડના એટલા નાના ક્ષેત્રમાં એની રસગુણની શક્તિનું પ્રગટપણું આટલું બીજા કરતાં તારતમ્યપણે ઘણું દેખાય છે.

ભગવાન આત્મા એનો જ્ઞાન અને આનંદનો એક એક ગુણ અનંત.. અનંત.. અનંત.. અનંત... સ્વભાવની બેહદથી ભરેલો છે. પ્રગટ થયો એમાં પણ ગંભીરતાનો પાર નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાનયોદ્ધો. આહાહા..! કહે છે કે **'અનંત શક્તિએ વિરાજમાન...'** એવો (**महोदयः**) છે. એટલે એનું એ સ્વરૂપ જ એવું છે એમ કહે છે. આમ નથી કાંઈ લખતા માણસ? માણસ લખે ને, મહોદય. મહોદય લખે છેને. બહુ મોટું નામ આપીને લખે છે. મોટા માણસો માટે લખે છે. મહોદય. સુજ્ઞ મહોદય એવું પત્રમાં લખે છેને. મહાપુરુષ બતાવવા માટે.

અહીં પણ કહે છે, આત્માનો જ્ઞાનગુણ જે રાગથી પૃથક્ થઈને એકત્વપણાને સ્વભાવમાં પામ્યો, મહામહોદય એ તો, મહાપુરુષ થઈ ગયો. પર્યાયમાં મહાસામર્થ્યવાળી થઈ ગઈ. આહાહા..! જુઓને કેટલું ...! મંગળિક ઘણું વાપર્યું છે. મંગળિક કરે છે, ભાઈ! એ તારી જાતની ભાત જ્યાં પડી થોડી ત્યાં પણ જ્યાં અનંત અનંત મહોદય સ્વરૂપ જ્યાં શક્તિરૂપે હતું એ પ્રગટ્યું બહાર. એવા સ્વભાવને યોદ્ધા આગળ વિકાર-ફિકાર ઉત્પન્ન થતાં નથી. વિકાર ક્યાંય પલાયમાન થઈ જાય છે, એવો ભગવાન જ્ઞાનયોદ્ધો અનંત કાળથી જાગ્યો નહોતો. અને જાગ્યો યોદ્ધો (એ) તોડી નાખે છે રાગને. એક વાત કરી યોદ્ધાની.

હવે આની કોર આસ્રવની કરે છે. સામે બે મૂકે છે ને? **'કેવો છે આસ્રવ?'** **'महामदनिर्भरमन्थरं'** **'સમસ્ત સંસારી જીવરાશિ આસ્રવને આધીન છે, તેથી થયો છે ગર્વ-અભિમાન,...'** એકેન્દ્રિયથી માંડીને નવમી ગ્રૈવેયક જૈનનો દિગંબર સાધુ (થયો) એને પણ મેં પછાડ્યા છે. ગર્વ થયો છે કે જૈન સાધુ. આમ વિકલ્પ આવ્યો ને દયા, દાન અને વ્રતનો એમાં એને અભિમાન થયું હતું. ઘણું કરું છું હું. એવા આસ્રવને ગર્વ આવ્યો કે આવા મોટાને મેં પાડ્યા છે. રાજપાટ છોડ્યા, હજારો રાણી છોડી, વૈરાગ્ય બહારથી દેખાય. બહારથી દેખાય હોં! અંદર વૈરાગ્ય તો રાગથી ખસે ત્યારે વૈરાગ્ય કહેવાય. વિકલ્પથી ખસે અને નિર્વિકારમાં આવે તો એ વૈરાગ્ય કહેવાય. એવી શૈલીમાં આમ દેખાય. એવા યોદ્ધા, આસ્રવ કહે છે કે મેં આવા મોટા મુનિઓને પાડ્યા. અભિમાન થાય, મેં વિકલ્પ કર્યો, મેં આ કર્યું, મેં આ ભાષા કરી, મેં આ કર્યું, મેં ઉપદેશ આપ્યો. એનો વિકલ્પ થયો એ. એનું અભિમાન. આસ્રવને અભિમાન થઈ ગયું. માંધાતાને પાડ્યા. બહારથી દેખાય તરણના તુમડા, હજારો રાણીને છોડીને બેઠો હોય એકલો નગ્ન, લંગોટી પણ ન હોય. અંદરમાં ઊંડે ભગવાન જ્ઞાનાનંદથી ઊલટો વિકલ્પ શુભરાગ એના પ્રેમમાં પડ્યો એ એકાકારમાં એને આત્માના અનુભવનો અનાદર કરીને આસ્રવે પાડ્યો છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અનાદિનું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનાદિનું છે એ. જુઓને! પછી પૂર્વની વાત. પહેલા તો એના વખાણ કર્યા. પહેલા જ્ઞાનયોદ્ધાના કર્યા. પણ સામે પ્રતિપક્ષ હોવો જોઈએ કે નહિ સામે?

'**કેવો છે આસ્રવ?**' એ એનું ગાયન છે ને ઓલામાં નહિ? બનારસીદાસમાં. આનું જ ગાયન છે કે નહિ? આસ્રવ મહાયોદ્ધો. એ કહે છે જુઓ. એનામાં પણ છે અને પહેલેથી છે.

**જેતે જગવાસી જીવ થાવર જંગમરૂપ,**
**તેતે નિજ બસ કરિ રાખે બલ તોરિકૈં.**
**મહા અભિમાની ઐસૌ આસ્રવ અગાધ જોધા,**
**રોપિ રન-થંભ ઠાડૌ ભયો મૂછ મોરિકૈં.**
**આયૌ તિહિ થાનક અચાનક પરમ ધામ,**
**જ્ઞાન નામ સુભટ સવાયૌ બલ ફોરિકૈં.**
**આસ્રવ પછારયૌ રન-થંભ તોરિ ડારિયૌ તાહિ,**
**નિરખિ બનારસી નમત કર જોરિકૈં. ૨.**

એ પાછળ નાખ્યું છે હોં! ઓલો ચડી ગયો હતો ને બહુ. તોડી નાખ્યો એને. નાખ્યું, બીજું પાછળથી નાખ્યું. સમજાણું?

ભગવાન આત્માના સ્વભાવના ભાન વિના ઊંડે ઊંડે એ વિકલ્પની વૃત્તિઓ આસ્રવ, એનું એને અભિમાન થયું કે આ વસ્તુ હું. એ આસ્રવ તો અજીવ છે. અજીવ એટલે કાંઈ ચૈતન્યનો પ્રકાશ એમાં નથી, એ તો ચેતનાભાસ વિકલ્પ છે. પણ એને ગર્વ આવ્યો એટલે કે એનાથી કોઈ ખસી શક્યું નથી એટલે અહીં એક આચાર્યે એનો અલંકાર રચ્યો. અલંકાર કર્યો. એ તો છે જડ એને ક્યાં (ખબર છે). પણ આ ચૈતન્યના ભાન વિના એ પુણ્યના વિકલ્પનું અભિમાન ઊંડે ઊંડે થઈ ગયું. એટલે કહે છે કે આસ્રવને ગર્વ થઈ ગયો છે કે મેં તો મોટા માંધાતાને પાડ્યા છે.

**શ્રોતા :–** આખો સંસાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આખા સંસારમાં એનું રાજ છે, બાદશાહ જ એ છે. એનું નાણું ચાલે છે. બાદશાહ જે રાજનો હોય એનું નાણું ચાલે ને? સિક્કો સિક્કો. જે રાજ હોય એનો સિક્કો ચાલે. જ્યાં ત્યાં આસ્રવનો સિક્કો ચાલે છે. એકેન્દ્રિયથી માંડી નવમી ગ્રૈવેયકે દિગંબર સાધુ (થઈને ગયો એમાં પણ) આસ્રવનો સિક્કો ચાલે છે. પુણ્ય તે ભલું છે, પાપ તે આમ છે, ઢીંકણું તે આમ છે અને બહારથી આ છે.

કહે છે, (**महामद**) '**સમસ્ત સંસારી જીવરાશિ આસ્રવને આધીન છે, તેથી થયો છે ગર્વ-અભિમાન,...**' અલંકાર કર્યો છે. '**તે વડે...**' (**निर्भर**) '**મગ્ન થયો છે...**' ભરી ગયો છે આમ પૂર્ણ બસ. મારાથી કોઈ ખસી શકે નહિ. (**मन्थरं**) '**મતવાલાની માફક,...**'

(**मन्थरं**) ઓલો જેમ ખાઈને બેઠો હોય ને મોટો બ્રાહ્મણ લાડવા ખાઈને. ચાલી શકે નહિ. માંડ માંડ (ચાલે) આમ. એમ કહે છે મતવાલાની પેઠે. શું કહે છે?

**શ્રોતા :-** પેંડા ખાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પેંડા-બેંડા ખાય.

(**मन्थरं**) આપણે આવે છેને ૪૯ ગાથામાં. ૪૯ ગાથામાં ભાઈ આવે છેને. સમયસાર ૪૯મી ગાથા. એ મતવાલો થઈ ગયો છે. (**मन्थरं**) સ્વભાવના શ્રદ્ધાના જ્ઞાનના જોરમાં (**मन्थरं**) બહાર નીકળવાનો કામી નથી. આ (**मन्थरं**) થઈ ગયો મતવાલાની પેઠે. ગાંડો થઈ ગયો છે. બસ! અમે જગતમાં આસ્રવ જ છીએ. વળી બીજી ચીજ ક્યાંથી લાવ્યા તમે? '**મતવાલાની માફક, એવો છે.**'

'**समरङ्गपरागतम्**' '**સંગ્રામ એવી છે ભૂમિ,...**' લ્યો (**रङ्ग**) એટલે ભૂમિ. '**તેમાં...**' (**परागतम्**) '**સન્મુખ આવ્યો છે.**' લ્યો! આસ્રવ સામો આવ્યો. ઓલો યોદ્ધો જાગ્યો અને આસ્રવ આવ્યો. આહાહા..! '**ભાવાર્થ આમ છે કે—જેમ પ્રકાશને અને અંધકારને પરસ્પર વિરોધ છે...**' જેમ પ્રકાશને અને અંધકારને પરસ્પર વિરોધ છે '**તેમ શુદ્ધ જ્ઞાનને અને આસ્રવને પરસ્પર વિરોધ છે.**' અહીં તો એ બતાવવું છે.

ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વભાવની સંભાળની દૃષ્ટિમાં આવ્યો, એના યોદ્ધાની આગળ, પુરુષાર્થ આગળ આસ્રવ કાંઈ પણ તુચ્છ કામ કરી શકતો નથી એમ કહે છે. એ બેય વિરોધી છે. અને આસ્રવનું જ્યાં જોર અભિમાનનું છે ત્યાં શુદ્ધ જ્ઞાન પ્રગટ થતું નથી. પરસ્પર બે વિરોધી છે એમ બતાવવું છે. એટલે કે એ આસ્રવ દ્વારા, પુણ્ય દ્વારા, વિકલ્પ દ્વારા આત્માની શાંતિ અને સમ્યગ્દર્શન થાય એવું એ પરસ્પર વિરોધ છે માટે એનાથી થાતું નથી. આ એમ કહેવા માગે છે ખરું તો, લ્યો! સમજાણું કાંઈ?

ઓલા તો કહે, વ્યવહાર વ્યવહાર. બાપા! ખુબ લખ્યું છે હોં આજે લખાણ. ઓલાને માટે ભાઈ બોલતો (હતો). કૈલાસચંદજી ઉપર. અરે..! તમે વિદ્વાનો આ ઝેર રોપો છો આ બધા! સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષાનો આવો અર્થ તમે કરો છો. સામાન્ય અર્થ છે ત્યાં. વિશેષ છે કાંઈ? અકાળે મરે એ અનિયત કે ભગવાન જાણે. આનું અનિયત આયુષ્ય છે અને આનું નિયત છે એ ભગવાન બેયનું જાણે. પણ અનિયત-નિયત હતું કે દિ'? જે સમયે જ્યાં છે જે પર્યાય ત્રણ કાળના સમય એટલી પર્યાયો અનંતી. ભગવાન સર્વને જાણે છે. અનિયત તો બીજાને માટે. ત્યાં અનિયત કે દિ' હતું? એ તો જે સમયે થવાનું હોય એ જાણે છે બધું. આકરી વાત છે જરી. એ તો આપણે આવી ગયું.

ભગવાન આત્મદ્રવ્ય એમ લીધું છે ને ત્યાં. આત્મદ્રવ્ય ચૈતન્ય મહાસામાન્યથી વ્યાપ્ત. એ અનંત અનંત ધર્મોના ધર્મોનું અધિષ્ઠાન એવો સ્વામી છે આત્મા. ભગવાન અનંત ચૈતન્ય

સામાન્યથી વ્યાપ્ત દ્રવ્ય આત્મા એ અનંત ધર્મોના અધિષ્ઠાનનો અધિષ્ઠાતા છે—સ્વામી છે. એમાં અનંતા ધર્મો વ્યાપક, એને શ્રુતજ્ઞાન પ્રમાણથી જાણનાર છે. એના પ્રમાણ દ્વારા જીવ પ્રમેય થઈ શકે છે. આવો સંસ્કૃત પાઠ છે ત્યાં. સમજાણું કાંઈ? એ બધા ધર્મો દ્રવ્યમાં કાળે થવું, અકાળે થવું એ બધું એક સમયની અંદર છે. શું થાય હવે? એક સમયની અંદરમાં એ ૪૭ બોલો છે. ૪૭ ધર્મ જે કીધા એ. એક જીવના એક સમયના. આહાહા..! શું થાય? વાત નહોતી આવી ત્યાં? આવી હતી ક્યાં એ? આ તો ઘણી વાર આ તો વ્યાખ્યાનમાં આવ્યું છે. પણ એનું જ્યાં હોય ત્યાં મૂક્યા જ કરે છે. લ્યો, એ જ આવ્યું. જુઓ.

અહીંયાં (પ્રવચનસાર પરિશિષ્ટમાં) કહે છે, '**પ્રથમ તો, આત્મા...**' કોણ છે એમ પૂછયું છે ને? આત્મા કોણ છે? પછી કેમ પ્રાપ્ત થાય એ પછી વાત. કોણ છે? '**પ્રથમ તો, આત્મા ખરેખર...**' હવે અહીં સાધક જીવની વાત છે હોં! અજ્ઞાનીની નહિ, કેવળીની નહિ. '**આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે...**' બધામાં ચૈતન્યસામાન્ય વ્યાપ્યું છે. વ્યાપ્ત. '**અનંત ધર્મોનું અધિષ્ઠાતા...**' અનંત ધર્મોનો આધાર. આ બધા ગુણો—પર્યાયો એક સમયે આ રહેલા છે બધા. કાળનયે, અકાળનયે, નિયતનયે, અનિયતનયે, ક્રિયાનયે, જ્ઞાનનયે, વ્યવહારનયે, નિશ્ચયનયે, શુદ્ધનયે, અશુદ્ધનયે બધા એક સમયમાં અનંતા ધર્મો છે. એ અનંતા ધર્મોનું અધિષ્ઠાતા એક દ્રવ્ય છે. '**કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું એક શ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે (તે આત્મદ્રવ્ય) પ્રમેય થાય છે.**' એક સમય અનંતા ધર્મોને શ્રુતજ્ઞાનપ્રમાણ જાણે એ દ્વારા અંતરમાં પાછો નજર કરે છે. સમજાણું કાંઈ? છેલ્લે આવે છેને જરી? છેલ્લે એ શબ્દ છે. જુઓ! પૂરું કરતાં (પ્રવચનસાર પરિશિષ્ટમાં શ્લોક-૧૯માં) કહે છે.

'**આ રીતે સ્યાતકારશ્રીના (સ્યાત્કારરૂપી લક્ષ્મીના) વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે (જીવો) જુએ તોપણ અને પ્રમાણ વડે જુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધચૈતન્યમાત્ર દેખે જ છે.**' એની વાત છે. પર્યાયમાં અશુદ્ધતા છે, નિરૂપાધિ છે, નિશ્ચય પર્યાયમાં સ્વભાવ પણ છે, ઉષ્ણતાની પેઠે અનિયત નામ વિકાર પણ છે. એ બધા અનંતા ધર્મો એકસાથે વ્યાપેલા (છે) એને શ્રુતજ્ઞાનપ્રમાણ જાણે છે. જાણીને પછી અંદરમાં એની દૃષ્ટિ કરે છે દ્રવ્ય ઉપર. આહાહા..! સમજાણું કાંઈ? અહીં સાધક જીવની વાત છે. અજ્ઞાનીની નથી, કેવળીની નથી. શ્રુતજ્ઞાનપ્રમાણવાળા જીવની વાત છે.

એક સમયની અંદર એ આત્મદ્રવ્યમાં અનંતા ધર્મોનું અધિષ્ઠાતા, એકસાથે અધિષ્ઠાતા, એક કાળે આધાર છે. સમજાણું કાંઈ? એનો નિયતનો, અનિયતનો એ અર્થ નથી કે આડુઅવળું થાય કે આમ થાય એ અર્થ છે જ નહિ ત્યાં. નિયત એટલે એનો સ્વભાવ જે છે તે જણાય

તે નિયત. અને વિકાર થાય તેને અનિયત (કહે છે). બસ! એક સમયે બે એકસાથે જ્ઞાની જાણે છે. કાળ અને અકાળપણે, કાળે મોક્ષ થાય તેવો એક ધર્મ છે અને અકાળે એટલે પુરુષાર્થથી સ્વભાવથી થાય એવો પણ તે વખતે એક ધર્મ છે. એ જ સમયે ધર્મ છે. એ બધા ધર્મોને શ્રુતજ્ઞાનપ્રમાણ વડે જાણતો અંદરના દ્રવ્યને જાણે છે. પણ હવે શાસ્ત્રને પણ ઉકેલવાની રીત અને અર્થની ખબર ન હોય અને હવે અંદરમાં બીજી આડી-અવળી વાત કરે. ભગવાન! શું કરે પણ? એ પોતાની દૃષ્ટિમાં જ્યાં ફેર હોય. આ તો પોકાર કરે છે અહીંયાં તો જુઓ.

એક નયથી જુઓ તોપણ અંદરમાં જોવાનું છે. શ્રુતપ્રમાણથી આખા બધા ધર્મને એકસાથે જુઓ તો અંદરમાં જોવાનું છે. (પ્રવચનસાર પરિશિષ્ટમાં શ્લોક-૧૯માં)

स्यातकारश्रीवासवश्यैर्नयौघैः
पश्यन्तीत्थं चेत् प्रमाणेन चापि।
पश्यन्त्येव प्रस्फुटानन्तधर्म-
स्वात्मद्रव्यं शुद्धचिन्मात्रमन्तः।।१९।।

ભગવાન આત્મા એક ક્ષણમાં આત્મદ્રવ્યમાં અનંતા ધર્મો એકસાથે રહેલા છે. કો'ક જીવને કાળે થાય અને કો'કને અકાળે થાય એવું તો છે નહિ. આ એ જીવને કાળે થાય અને અકાળે, કાળ ફેરે થાય એમ પણ નથી. શું થાય? એક સમયની અંદરમાં અનંત ધર્મોનો અધિષ્ઠાતા આત્મદ્રવ્ય છે. એમ તો અહીં વાત છે. એવું સ્વરૂપ છે એવું એ જ્ઞાન કરે ત્યારે એને યથાર્થ દૃષ્ટિ થાય. આહાહા..! ત્યારે એને ખ્યાલ આવે દૃષ્ટિ અંદરમાં જવાને કે ઓહો..! સત્ય તો આવું છે. એનો પર્યાયધર્મ, ગુણધર્મ, દ્રવ્યધર્મ બધા છેને ભાઈ! દ્રવ્યનયે, પર્યાયનયે. ૪૭ છેને. દ્રવ્યનય, પર્યાયનય, અસ્તિત્વ, નાસ્તિત્વ, સવિકલ્પ, અવિકલ્પ, નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ, સામાન્ય, વિશેષ, સર્વગત, અસર્વગત બધા ધર્મો છે. એકસાથે ધર્મ છે, ભાઈ! ઓલો અર્થ કરવા જાય એ અહીં નથી. શું થાય? એ વાતને શાસ્ત્રની શૈલીની સીધા અર્થ... સંસ્કૃત ભણેલો હોય સાધારણ માણસ એને કહે કે આના શબ્દાર્થ શું થાય? તો એને ખબર પડે. આમાં કોઈ ઊંડું બહુ એવું વળી નથી. એમ નહિ, સાધારણ માણસ એને ભલે શ્રદ્ધા ન હોય પણ વસ્તુ આમાં આ રીતે પદ્ધતિનું કથન છે, એમ તો એ શાસ્ત્રના શબ્દોથી જાણી શકે ને. હવે અહીં તો કહે કો'ક જીવને કાળે મોક્ષ થાય, કો'કને અકાળે થાય. અરે.. ભગવાન! સમજાણું? ઓલામાં આવે છેને. શું નથી આવતું? પુરુષાકારને દૈવનયે બધી (નય) એક સમયે એક જીવને છે. એને ને એને પુરુષાર્થથી થાય તેને તેને દૈવનયથી એક ધર્મ ગણીને કર્યો છે, ભાઈ! એના અનંતા ધર્મો એકસાથે એનો અધિષ્ઠાન આત્મદ્રવ્ય એક સમયમાં છે. અરે.. પ્રભુ!

આ રીતે વસ્તુની સ્થિતિ છે એમ એની દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી એનું જ્ઞાન યથાર્થ થાય નહિ. એટલે પછી તર્કો કર્યા જ કરે. સંસાર અનાદિ પડ્યો છે. કોણ અનંત તીર્થંકરો આવ્યા તોપણ કાંઈ શંકા રહિત (થયો નહિ). નવ તત્ત્વો અનાદિ પડ્યા છે. કોઈ આસ્રવ અને બંધ વિનાના બધા જીવ થશે? એમ બને નહિ. આહાહા..!

જુઓ! એકલા પ્રવચનસાર સર્વજ્ઞની દિવ્યધ્વનિનો સાર. એમાં ૪૭ નયે જ્ઞાનપ્રધાન કથન છે ને. એ જ્ઞાન ઉતાર્યું છે ત્યાં. સમયસારમાં દૃષ્ટિપ્રધાન કથન છે એટલે શક્તિઓ—ગુણનું વર્ણન કર્યું છે. આહાહા..! અરે..! એનો સ્વભાવ ભાઈ! એ આઘા-પાછાની વાત જ ન હોઈ શકે. વસ્તુ તે જ્ઞાયક સર્વજ્ઞ સ્વભાવ જેમ બધાને જાણે છે, એમ આ શ્રુતજ્ઞાનપ્રમાણ વડે તેના અનંતા વર્તમાન સાધક સ્વભાવમાં ધર્મો છે તેને જાણે છે. એક જ સમયે તેને કર્તૃત્વનયનો ધર્મ છે. કારણ કે રાગરૂપે જરી થાય છે. એ જ સમયે અકર્તૃત્વધર્મ છે. કારણ કે રાગને જાણવાનું પણ એ વખતે થાય છે. એક સમયે બે છે. કર્તૃત્વ પહેલો અને અકર્તૃત્વ પછી એમ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? પણ શાંતિથી, મધ્યસ્થથી જોવા માગે તો થાય ને ભાઈ! આમાં કાંઈ વાદવિવાદ કરવા જાય કે આ તમારું ખોટું, જય પ્રભુ. શું થાય? પંડિતજી! જય પ્રભુ બીજું શું થાય? જય નારાયણ. આહાહા..!

અહીં કહે છે કે સમ્યગ્જ્ઞાન યોદ્ધો પ્રગટ થતાં આસ્રવની મુછું મરડતો એને પાડી નાખ્યો હેઠે. 'જ્ઞાન કળા જિસકે ઘટ જાગી, એ જગમાંહી સહજ વૈરાગી. જ્ઞાની મગન વિષય સુખમાંહી યહ વિપરીત સંભવે નાહિ.' રાગ આવે ખરો, હોય ખરો પણ અહીંયાં ૪૭ નયમાં જાણકાર રાખ્યો છે. કર્તૃત્વનયે રંગરેજની ઉપમા આપી છેને. દાખલો આપ્યો છે. એ જ સમયે કર્તૃત્વ. પરિણમે છે ને જરી એટલે. કરું એમ બુદ્ધિની વાત નથી ત્યાં. પણ ઓલા રાગનું પરિણમન છેને એ મારા પર્યાયમાં મારો એક ધર્મ છે. એવા અનંતા ધર્મનો અધિષ્ઠાન તે દ્રવ્ય છે એમ જ્ઞાની પોતાના કર્તૃત્વધર્મને જાણે છે અને એ સમયે અકર્તૃત્વ ધર્મ જ્ઞાતાપણું પ્રગટ્યું છે એ ધર્મને અકર્તૃત્વને, કર્તૃત્વને કાળે અકર્તૃત્વને પણ જાણે છે. ભોક્તૃત્વની સાથે જ અભોક્તૃત્વને જાણે છે. કાળની સાથે અકાળને જાણે છે, નિયતની સાથે અનિયતને સાથે જાણે છે. બધા એક સમયે છે. શું થાય?

અહીં કહે છે, ભાઈ! એ સમ્યગ્જ્ઞાન જ્યાં પ્રગટ્યું એ બધા નિકાલ કરી નાખે છે. સારા આગમમાં શું કહેવું છે અને શું સ્થિતિ છે એ બધાનો ઉકેલ યોદ્ધો આસ્રવને તોડીને પ્રગટ કરે છે. મંગળિક કર્યું મંગળિક. શું કહે તમારે લગનમાં? માણેકસ્તંભ નાખે ને, કાંઈક ઓલા લાકડું નાખે છે ને. એ ચાર ગતિમાં રખડવાનું લાકડું. આ ચાર ગતિ તોડવાનો ભાવ. ખીલો હોય છે ખીલો? લાકડા. ચાર બાજુ ચાર. માણેક સ્તંભ ચાર ગતિમાં રખડવાનું. અહીં તો ચાર ગતિને તોડવાનું. એ ચાર ગતિ પરાધીન કહ્યુંને પંચાસ્તિકાયમાં? ભાઈ! અમે પંચાસ્તિકાય

પરાધિન એવી ચાર ગતિને તોડવા માટે અને સ્વાધીન એવી સ્વતંત્ર મોક્ષદશા પ્રગટ કરવા માટે પંચાસ્તિકાય કહેશું. એવું સંસ્કૃત છે બીજી ગાથામાં. સમજાણું કાંઈ?

અહીં પણ આચાર્યે આસ્રવનો અધિકાર, કોઈપણ અધિકાર શાસ્ત્રકાર કહે એમાં વીતરાગતા પ્રગટ કરવા માટેનો જ અધિકાર હોય. આસ્રવનો અધિકાર બતાવે એટલે આસ્રવનો જાણનાર કેવો છે એમ બતાવવા માગે છે. આસ્રવ રાખવા માટે વાત કરે છે? બંધને રાખવા માટે વાત છે? પણ બંધનું, આસ્રવનું કેવું સ્વરૂપ છે એવું જાણનારે જાણ્યું એટલે એને ટળ્યા વિના રહે નહિ. રાખે કોણ?

'**શુદ્ધ જ્ઞાનને અને આસ્રવને પરસ્પર વિરોધ છે.**' ભગવાન આત્મા પોતાના ચૈતન્ય સમ્યગ્જ્ઞાનના યોદ્ધાથી પ્રગટ્યો, કહે છે કે ત્યાં આસ્રવ ઉત્પન્ન થતો નથી. આસ્રવ નથી એમ કહેશે અહીંયાં, જ્ઞાનીને આસ્રવ છે જ નહિ. આસ્રવનિરોધ સંવરસ્વભાવ જેને છે. કહો, સમજાણું?

---

(શાલિની)

भावो रागद्वेषमोहैर्विना यो
जीवस्य स्याद् ज्ञाननिर्वृत्त एव।
रुन्धन् सर्वान् द्रव्यकर्मास्रवौधान्
एषोऽभावः सर्वभावास्रवाणाम्।।२-११४।।

ખંડાન્વય સહિત અર્થ :— 'जीवस्य यः भावः ज्ञाननिर्वृत्तः एव स्यात्' (जीवस्य) કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી પ્રગટ થયો છે સમ્યક્ત્વગુણ જેનો એવો છે જે કોઈ જીવ, તેનો (यः भावः) જે કોઈ ભાવ અર્થાત્ સમ્યક્ત્વપૂર્વક શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ પરિણામ, [આ પરિણામ કેવો હોય છે?] (ज्ञाननिर्वृत्तः एव स्यात्) શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર છે, તે કારણથી ''एषः'' એવો છે જે શુદ્ધ ચેતનામાત્ર પરિણામ તે, ''सर्वभावस्रवाणाम् अभावः'' (सर्व) અસંખ્યાત લોકમાત્ર જેટલા (भाव) અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહ આદિ જીવના વિભાવપરિણામ હોય છે—જે (आस्रवाणाम्) જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મના આગમનનું નિમિત્તમાત્ર છે—તેમનો (अभावः) મૂલોન્મૂલ વિનાશ છે. ભાવાર્થ આમ છે કે—જે કાળે શુદ્ધ ચૈતન્યવસ્તુની પ્રાપ્તિ થાય છે તે કાળે મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જીવના વિભાવપરિણામ મટે છે, તેથી એક જ કાળ છે, સમયનું અન્તર નથી. કેવો છે શુદ્ધ ભાવ? ''राग-द्वेष-मोहैः विना'' રાગાદિ પરિણામ રહિત છે, શુદ્ધ ચેતનામાત્ર ભાવ છે. વળી કેવો છે? 'द्रव्यकर्मास्त्रवौधान् सर्वान् रुन्धन्'' (द्रव्यकर्म) જ્ઞાનાવરણાદિ કર્મ-પર્યાયરૂપ પરિણમ્યો છે પુદ્ગલપિંડ, તેનો (आस्रव) થાય છે ધારાપ્રવાહરૂપ પ્રતિસમયે આત્મપ્રદેશોની સાથે એકક્ષેત્રાવગાહ,

તેના (ओघान्) સમૂહને, [ભાવાર્થ આમ છે કે જ્ઞાનાવરણાદિરૂપ કર્મવર્ગણા પરિણમે છે, તેના ભેદ અસંખ્યાત લોકમાત્ર છે;]–(सर्वान्) જેટલાં ધારારૂપ આવે છે કર્મ તે બધાંને–(रुन्धन्) રોકતો થકો. ભાવાર્થ આમ છે કે—કોઈ એમ માનશે કે જીવનો શુદ્ધ ભાવ થતો થકો રાગાદિ અશુદ્ધ પરિણામનો નાશ કરે છે, આસ્રવ જેવો થાય છે તેવો જ થાય છે; પરંતુ એવું તો નથી. જેવું કહે છે તેવું છે—જીવ શુદ્ધ ભાવરૂપ પરિણમતાં અવશ્ય જ અશુદ્ધ ભાવ મટે છે, અશુદ્ધ ભાવ મટતાં અવશ્ય જ દ્રવ્યકર્મરૂપ આસ્રવ મટે છે; તેથી શુદ્ધ ભાવ ઉપાદેય છે, અન્ય સમસ્ત વિકલ્પ હેય છે. ૨-૧૧૪.

## કલશ-૧૧૪ ઉપર પ્રવચન

હવે બીજો કળશ છે શાલિની.

भावो रागद्वेषमोहैर्विना यो
जीवस्य स्याद् ज्ञाननिर्वृत्त एव।
रुन्धन् सर्वान् द्रव्यकर्मास्रवौधान्
एषोऽभावः सर्वभावास्रवाणाम्।।२-११४।।

ઓહોહો..! દેખો બેયનો નકાર કર્યો છે. ભગવાન! અહીં તો એક મ્યાનમાં બે (તલવાર) ન હોય. જ્યાં ભાન થયું ત્યાં આસ્રવ નહિ અને એકલો આસ્રવ આવે ત્યાં ભાન નહિ. કારણ કે એ આસ્રવ જરી રહી ગયો એ પણ જ્ઞાનનું જ્ઞેય થઈને રહ્યો છે, જ્ઞાનમાં એકત્વ થઈને રહ્યો નથી માટે તેને જ્ઞાનીને દ્રવ્ય અને ભાવ બેય આસ્રવ છે જ નહિ. જ્ઞાનમૂર્તિ પ્રભુ ચૈતન્યસ્વભાવની સત્યતાના પ્રકાશ વડે પ્રકાશ્યો એને આસ્રવ દ્રવ્યે નથી. દ્રવ્ય તો રજકણો છે એ તો એને છે જ નહિ. ભાવઆસ્રવ એને છે નહિ. એ વાત કહે છે જુઓ!

**'ખંડાન્વય સહિત અર્થ :—'** 'जीवस्य यः भावः ज्ञाननिर्वृत्तः एव स्यात्' 'जीवस्य' **'કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી પ્રગટ થયો છે...'** એટલે કે પુરુષાર્થનો ભાવ સ્વભાવ તરફ વળ્યો છે ત્યારે કાળલબ્ધિ એને પાકેલી જ હોય છે. સમજાય છે કાંઈ? ધર્મની રુચિ કરનાર, પર્યાયમાં મારો કાળ પાકશે એમ એને જોવું નથી. પર્યાયને એને જોવી નથી. જેને ભગવાન આત્માનું જ્ઞાન અને આનંદ એવો મહિમાવાળો ભાવ પ્રગટે એ તો અંતરમાં જોવા જાય. એ કાંઈ મારી કાળલબ્ધિ પાકી હશે કે નહિ? ભગવાને કેવળજ્ઞાનમાં મારો અત્યારે કેવળજ્ઞાન થાય એવો પર્યાયનો કાળ હશે કે નહિ? એમ જોતો હશે?

**શ્રોતા :**–એ તો પર્યાયદૃષ્ટિ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :**– પર્યાયદૃષ્ટિ. અહીં તો પર્યાયદૃષ્ટિવાળો આસ્રવ એ દ્રવ્યદૃષ્ટિવાળાને

નથી એ અહીં સિદ્ધ કરવું છે.

રાગ અને પુણ્ય-પાપની એકત્વબુદ્ધિ એવો કૃત્રિમ વિકાર એમાં જેની નજર છે, આસ્રવની વિકારી પર્યાય ઉપર જ અસ્તિત્વની નજર છે એ પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ આસ્રવથી જીતાઈ ગયો છે. સમજાણું કાંઈ?

**'કાળલબ્ધિ પ્રાપ્ત થવાથી પ્રગટ થયો છે...'** શું? **(जीवस्य)** છેને? **'સમ્યક્ત્વગુણ જેનો એવો છે...'** સમ્યક્ત્વ પર્યાય. ગુણ શબ્દ વાપર્યો છેને એ સમકિત પર્યાય પ્રગટ થાય છે. **'સમ્યક્ત્વગુણ જેનો એવો છે...'** ગુણ પ્રગટતો નથી. ગુણ તો કાયમ રહીને પર્યાય પ્રગટ થાય એને ગુણ પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. **'પ્રગટ થયો છે સમ્યક્ત્વગુણ જેનો એવો છે જે કોઈ જીવ,...'** જેને રાગ અને પુણ્યના વિકલ્પની પ્રેમ, રુચિ છૂટી એટલે કે પર્યાયબુદ્ધિનો પ્રેમ છૂટી, અંશબુદ્ધિના એકાગ્રતાના ભાવથી છૂટી ત્રિકાળ સ્વભાવને આશ્રયે અતીન્દ્રિય આનંદના અવલંબે પડ્યો એને સમ્યક્ગુણ પ્રગટ્યો છે.

એવો **'કોઈ જીવ તેનો જે કોઈ ભાવ અર્થાત્ સમ્યક્ત્વપૂર્વક શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ પરિણામ,...'** જે કોઈ સમ્યક્ત્વપૂર્વક. પૂર્ણ સ્વભાવ આત્માનો, જ્ઞાનસ્વભાવ આત્માનો એવા પ્રતીત ને શ્રદ્ધા ને અનુભવપૂર્વક. **'શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ...'** સમકિતપૂર્વક શુદ્ધસ્વરૂપ અનુભવરૂપ પરિણામ એમ. શુદ્ધસ્વરૂપનો અનુભવ હોય ત્યારે સમકિત હોય અને સમકિત હોય ત્યારે શુદ્ધસ્વરૂપનો અનુભવ હોય. બે અવિનાભાવી છે. કોઈ કહે કે અમને સમકિત છે, પણ શુદ્ધસ્વરૂપનો અનુભવ અમને નથી. શુદ્ધસ્વરૂપનો અનુભવ છે ને સમકિત નથી. શુદ્ધસ્વરૂપ (અનુભવ). અશુદ્ધનો અનુભવ તો અનાદિનો છે. અનાદિનું અશુદ્ધનું વેદન અને અશુદ્ધનો અનુભવ, અશુદ્ધનું જ્ઞાન, અશુદ્ધનું ધ્યેય, અશુદ્ધનો આશ્રય.

ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરતાં પૂર્ણ આનંદ સ્વરૂપનું અવલંબન લેતા જે સમકિત નામ સત્ય પ્રતીતપૂર્વક શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ પરિણામ **'[આ પરિણામ કેવો હોય છે?]'** દેખો એ પરિણામ છે હોં આ બધા. સમકિત એ પરિણામ છે, શુદ્ધસ્વરૂપનો પર્યાય અનુભવ એ પર્યાય છે. **'[આ પરિણામ કેવો હોય છે? (ज्ञाननिर्वृत्तः एव स्यात्)]'** **'શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર છે,...'** લ્યો! **'ज्ञाननिर्वृत्तः'** જ્ઞાનથી નિપજ્યા છે. શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર. પુણ્ય-પાપનો વિકલ્પ એ તો કર્મચેતના છે. હરખ-શોકને ભોગવવું એ કર્મફળચેતના છે. કર્મ એટલે જડની અહીં વ્યાખ્યા નથી. પુણ્ય-પાપના વિકલ્પરૂપી કાર્ય—કર્મ એ કર્મચેતના. હરખ-શોખનું ભોગવવું—વેદન એ કર્મફળચેતના. આ તો જ્ઞાનચેતના.

સ્વભાવની દૃષ્ટિ શુભાશુભ આસ્રવના પરિણામથી ખસીને નિરાસ્રવી ભગવાન આત્મા, એના અંદર શ્રદ્ધા-જ્ઞાનમાં ગયો એટલે એનું સમ્યક્પૂર્વક **'શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર છે,...'** એકલી શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર. બસ! જાણવું-દેખવું એવી એકાગ્રતામાત્ર એની ચેતના રહી છે. રાગાદિ

થોડી વાત છે એની કાંઈ અહીં ગણતરી ગણી નથી. કહો, સમજાણું કાંઈ? '(**ज्ञाननिर्वृत्तः एव स्यात्**)' '**શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર છે, તે કારણથી...**' માત્ર શબ્દે સાથે શ્રદ્ધા આનંદ આદિ નથી એમ નહિ. શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર શબ્દે રાગ અને વિકલ્પ નથી એમ બતાવવા માટે. વિકારની અશુદ્ધતા નથી એ બતાવવા માટે. જ્ઞાનમાત્ર એટલે એકલું જ્ઞાન પ્રગટ્યું છે અને સાથે શ્રદ્ધા, આનંદ, શાંતિ, ચારિત્રનું સ્વરૂપાચરણ એને માટે 'માત્ર' શબ્દ નથી. શુદ્ધ જ્ઞાનચેતના એટલે જ્ઞાન એકાગ્રતા પ્રગટી. બીજું શ્રદ્ધા નહિ, આનંદ નહિ એમ નહિ.

'**શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર...**' એટલે કે જેમાં વિકલ્પનો આસ્રવનો અભાવ છે, બસ એટલું. એથી એને માત્ર કહ્યું છે. '**તે કારણથી...**' '**एषः**' '**એવો છે જે શુદ્ધ ચેતનામાત્ર પરિણામ તે,...**' '**एषः**' '**सर्वभावस्रवाणाम् अभावः**' જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વભાવનો અંતર્મુખ થઈને સમ્યગ્જ્ઞાન નિર્મળ પ્રગટ થયું એ જ્ઞાનચેતના પરિણામ કેવા છે? એ '**અસંખ્યાત લોકમાત્ર જેટલા અશુદ્ધ ચેતનારૂપ રાગ-દ્વેષ-મોહ આદિ જીવના વિભાવપરિણામ હોય છે...**' સમજાય છે? એનાથી રહિત છે એમ કહેવું છે અહીં તો.

'**અસંખ્યાત લોકમાત્ર...**' (**सर्व**) શબ્દ વાપર્યો છે ખરો ને. જેટલા શુભ અને અશુભ પરિણામ. શુભના અસંખ્ય પ્રકાર અને અશુભના અસંખ્ય પ્રકાર બધા. જ્ઞાન ચેતનામાત્ર ભગવાન આત્મા પોતાની દૃષ્ટિમાં એકાકાર થતાં શુદ્ધ ચેતનામાત્ર પરિણામ એવી તાકાત છે કે '**અસંખ્યાત લોકમાત્ર...**' અસંખ્યાત લોકમાત્ર. ઓહોહો..! એક લોકના અસંખ્ય પ્રદેશ, એવા અસંખ્યાત લોકમાત્ર એટલા પરિણામની જાત એ '**અશુદ્ધ ચેતનારૂપ...**' મલિન-એકાગ્રતારૂપ હતી '**રાગ-દ્વેષ-મોહ...**'ના પરિણામ એ '**જીવના વિભાવપરિણામ હોય છે...**' અસંખ્યાતા લોકમાત્ર. ઓહોહો..!

'**જે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ કર્મના આગમનનું નિમિત્તમાત્ર છે—**' જ્ઞાનાવરણીય આદિ નવા કર્મને એ પુણ્ય-પાપના અસંખ્ય લોકપ્રમાણે પરિણામ નિમિત્ત, નવા આવવાને નિમિત્ત હતા. '**તેમનો મૂલોન્મૂલ વિનાશ છે.**' એનો (**अभावः**) એમ કહ્યું છેને? (**अभावः**) નો અર્થ કર્યો છે. બરાબર છે. '**एषः**' '**अभावः**' '**एषः**' '**अभावः**' ભગવાન જ્ઞાનનિવૃત્ત ભાવથી, '**ज्ञाननिर्वृत्तः**' '**एषः**' '**अभावः**' જે જ્ઞાનાવરણીય નવા આવરણને અસંખ્ય પ્રકારના શુભ-અશુભ પરિણામ હતા એ નવાને નિમિત્ત હતા '**एषः**' '**अभावः**'. ચેતના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ અને અંતર જ્ઞાનાનંદ પર્યાય પ્રગટ થતાં એ બધા આસ્રવનો અભાવ છે.

અભાવની વ્યાખ્યા '**મૂલોન્મૂલ વિનાશ છે.**' મૂળમાંથી ખેંચેને આ ઝાડ. ઉપરથી કાપે એમ નહિ. તો પાછા ઊગે. મૂલોન્મૂલ. મૂળમાંથી ઉન્મૂલ. ઉન્મૂલ વિનાશ, કાઢી નાખ્યું. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યના અંકુર ફૂટ્યા ત્યાં વિકારના અંકુરનો મૂળમાંથી નાશ કર્યો. ગંધ નથી એના દ્રવ્ય-ગુણમાં. પર્યાયમાં જરી હતી દૃષ્ટિ અહીં જ્યાં જ્ઞાનની થઈ (તો) મૂલોન્મૂલ—

મૂળમાંથી કાઢી નાખ્યો. થોર કાઢે છેને અત્યારે. ગાયું ખાય એ ઉપરથી ખાય. ગોચરી કહેવાય છે ને ગોચરી. ગધેડા ખેંચીને ખાય. ખાયને આ ઘાસ-ઘાસ. ગધ્ધા. એ ખેંચીને ખાય આખા મૂળમાંથી. અને ગાય હોય એ ઉપર ઉપરથી ખાય. ગોચરી કહેવાય છે ને, મુનિની ગોચરી. ઉપર થોડો નિર્દોષ થોડો ભાગ હોય, આહાર લઈ લે. એને માટે કરેલો હોય એમાં વધારે પણ લઈ લે અને ઓલા મૂળમાંથી (ખેંચીને ખાય).

અહીં કહે છે કે આત્માનો પુરુષાર્થ એવો જાગ્યો, મૂળમાંથી ઉખેડીને કાઢી નાખ્યા. '**મૂલોન્મૂલ વિનાશ છે.**' આહાહા..! આચાર્યનું જોર તો જુઓ! હવે અમને ઉત્પન્ન નહિ થાય એમ કહે છે. કહે છે ને આગળ પણ? જ્ઞાન (પ્રવચનસાર) અધિકારમાં ૨૦૦ ગાથામાં. હવે અમને ઊભું થાય નહિ. મુનિ છો. પંચમ આરાના મુનિને એટલી ખબર પડી ગઈ? હા, પડી. સાંભળને! છે ને? આ તો ઓલો છે ને, ૨૦૦ ગાથા. ઘણે ઠેકાણે છે આ તો.. છેક પૂરું થઈ ગયું ત્યાં જ્ઞેય અધિકાર. આ રહ્યું. '**આ હું મોહને ઉખેડી નાખીને, અતિ નિષ્કંપ રહેતો થકો, યથાસ્થિત જ (જેવો છે તેવો જ) પ્રાપ્ત કરું છું.**' જુઓ! અહીં પણ એ છે. મોહને ઉખેડી નાખીને. મૂળમાંથી કાઢી નાખીને. એ આવ્યું હતું. સમજાણું?

(પ્રવચનસાર) ૧૯૯માં છે કે નહિ? ૧૯૯ (ગાથાની ટીકામાં) છે? કહે છે, ઓહો..! '**શુદ્ધાત્મતત્ત્વમાં પ્રવર્તેલા સિદ્ધોને તથા તે શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિરૂપ મોક્ષમાર્ગને, જેમાંથી ભાવ્ય અને ભાવકનો વિભાગ થઈ ગયો છે એવો નોઆગમભાવનમસ્કાર હો. મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે. કૃત્ય કરાય છે. (અર્થાત્ મોક્ષમાર્ગ નક્કી કર્યો છે અને તે મોક્ષમાર્ગમાં પ્રવર્તન કરી રહ્યા છીએ).**' આવું આચાર્ય છદ્મસ્થ પંચમકાળના મુનિ પણ આમ જાણે. આ કરી રહ્યા છીએ. ખબર ન પડે ઓલાને કહે છે. સમ્યગ્દર્શનની કાંઈ ખબર પડે? સમ્યગ્દર્શન વિના વ્રત લઈ લ્યો, ચારિત્ર લ્યો. કહે છે કે નહિ? '**મોક્ષમાર્ગ અવધારિત કર્યો છે. કૃત્ય-કરાય છે.**' પાઠ એમ છે જુઓ! '**अवधारितो मोक्षमार्गः, कृत्यमनुष्ठीयते**'. પોતાની ખબર ન પડે ... આપણે તો આ ક્રિયા કરો. આચરણની ક્રિયા એ ચારિત્ર. સમજવું કાંઈ ખબર ન પડે.

**શ્રોતા** :-...


**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સૂક્ષ્મ છે એટલે અંદર આમ સીધું જ્ઞાન એમ. સમ્યક્ ન જણાય તો પછી એને પ્રતીત થાય શી રીતે? કોણ જાણે આ હશે કે નહિ? અજ્ઞાનનો દોષ સાથે રહ્યો. સંશય, વિમોહ અને અનધ્યવસાય. એ તો અજ્ઞાન છે.

અહીં કહે છે કે એ જ્ઞાનનું ભાન જ્યાં થયું ત્યાં આસ્રવનો '**મૂલોન્મૂલ વિનાશ છે.**' એની સાથે પછી આસ્રવ રહેતા નથી. '**જે કાળે શુદ્ધ ચૈતન્યવસ્તુની પ્રાપ્તિ...**' જુઓ! ભાષા એ લીધી જોયું! પહેલો અનુભવ લીધો. '**જે કાળે શુદ્ધ ચૈતન્યવસ્તુની પ્રાપ્તિ થાય**

છે...' એનો અર્થ શું કર્યો? કે અનાદિથી પુણ્ય-પાપ અને અશુદ્ધની પ્રાપ્તિ હતી. અનાદિથી પુણ્ય અને પાપના મલિન અશુદ્ધ પર્યાયની પ્રાપ્તિ હતી. તો કહે છે કે '**જે કાળે શુદ્ધ ચૈતન્યવસ્તુની પ્રાપ્તિ થાય છે.**' અશુદ્ધ વસ્તુની પ્રાપ્તિ ક્યાંક નવી આવી હશે? પર્યાયમાં પુણ્ય ને પાપ ને આસ્રવને પોતાના માનીને પડ્યો (હતો) ત્યાં સુધી અશુદ્ધની પ્રાપ્તિ હતી. જ્યાં અશુદ્ધના પર્યાયના પ્રેમની રુચિ છોડી અને વસ્તુની દૃષ્ટિ કરી ત્યારે, કહે છે કે શુદ્ધ ચૈતન્ય વસ્તુની પ્રાપ્તિ થાય છે. એ વસ્તુ જડી. સમજાય છે કાંઈ?

'**તે કાળે મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જીવના વિભાવપરિણામ મટે છે,...**' વસ્તુમાં નથી માટે વસ્તુની જ્યાં પ્રાપ્તિ થઈ. ભગવાન આત્મા જ્ઞાયક અને શુદ્ધ પ્રભુ છે એમ દૃષ્ટિમાં વસ્તુની પ્રાપ્તિ થઈ '**તે કાળે મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ જીવના વિભાવપરિણામ મટે છે,...**' કહો સમજાણું આમાં? '**તેથી એક જ કાળ છે, સમયનું અન્તર નથી.**' વસ્તુની પ્રાપ્તિ અને મિથ્યાત્વનો અભાવ એક જ કાળે છે. પ્રકાશની ઉત્પત્તિ અને અંધકારનો અભાવ એક જ સમયે છે. આઘા-પાછા સમય હોય નહિ. અને એને ખબર પડ્યા વિના રહે નહિ. આહાહા..! એક '**સમયનું અન્તર નથી.**' વિશેષ પછી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



## વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૪, શુક્રવાર, તા. ૨-૭-૧૯૬૫, કલશ-૧૧૪-૧૧૫ પ્રવચન નં. ૮૬

બીજો શ્લોક આસ્રવનો. નીચેથી છે જુઓ. પાંચમી લીટી. '**કેવો છે શુદ્ધ ભાવ?**' જુઓ ત્યાંથી આવ્યું. જોયું! સમ્યગ્દર્શન થતાં આસ્રવ એને હોતો નથી એમ સિદ્ધ કરવા આ વાત ચાલે છે. સમ્યગ્દર્શન એટલે શુદ્ધ સ્વરૂપ પૂર્ણ પવિત્ર એનો અંતર્મુખ થઈને અનુભવ (થઈને) એને સમ્યગ્દર્શનની પ્રતીત થતાં વસ્તુ પોતે આસ્રવ એટલે પુણ્ય-પાપ વિનાની છે, દૃષ્ટિ પુણ્ય-પાપના રાગ ને વિકલ્પ વિનાની છે એ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને જડનો આસ્રવ અને વિકારી પરિણામનો આસ્રવ બેય એને હોતા નથી. સમજાણું કાંઈ? એથી અહીં કહે છે, '**કેવો છે શુદ્ધ ભાવ?**' સમકિતીને. જુઓ! શુદ્ધભાવ સમકિતીની વાત છે. ચોથેથી. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- પણ વ્યવહાર સમકિત.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહાર-ફ્યવહારની વાત ક્યાં છે? નિશ્ચય સમ્યક્ નિશ્ચય. સ્વ વસ્તુનો આશ્રય થયા વિના સમ્યક્ કેવું? વ્યવહાર સમકિત એ સમકિત છે જ નહિ. એ તો એક કથનનું સ્વરૂપ બતાવવા નિરૂપણ (કરતાં) વસ્તુની દૃષ્ટિ થતાં વિકલ્પ એવો હોય છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિનો એથી એને વ્યવહાર કહેવામાં આવ્યા છે. વ્યવહાર સમકિત જ કેવું? એ તો રાગ છે.

સમ્યગ્દર્શન એટલે આત્મા શુદ્ધ ચૈતન્ય... આવ્યું હતું ને આમાં? જુઓને! '**જે કોઈ ભાવ અર્થાત્ સમ્યક્ત્વપૂર્વક શુદ્ધસ્વરૂપ-અનુભવરૂપ પરિણામ,...**' એ આવ્યું, ત્રીજી લીટીમાં આવ્યું. વસ્તુ પરમાત્મા સ્વરૂપ પોતાનું શુદ્ધ છે એમાં અંતર્મુખ થઈને પુણ્ય-પાપના વિકલ્પને દૂર કરીને, એ પણ એક નાસ્તિથી કથન છે, સ્વભાવ સન્મુખની દૃષ્ટિનો અનુભવ, એવી પ્રતીત સહિતનો અનુભવ એને સમ્યગ્દર્શન કહે છે.

'**કેવો છે શુદ્ધ ભાવ?**' એ કેવો છે શુદ્ધભાવ સમકિતીનો? '**राग-द्वेष-मोहैः विना**' '**રાગાદિ પરિણામ રહિત છે,...**' ટૂંકી વ્યાખ્યા. આત્મા ચૈતન્યનું ધામ એટલે કે માથે કહ્યું હતુંને? '**જે કાળે શુદ્ધ ચૈતન્યવસ્તુની પ્રાપ્તિ થાય છે...**' અનાદિ કાળથી શુભ અને અશુભ એવો જે અશુદ્ધ પરિણામ એની પ્રાપ્તિમાં આત્મા છે એમ અનાદિથી માન્યું હતું. એ શુદ્ધ સ્વરૂપ ચૈતન્યદ્રવ્ય—પદાર્થ તેની સ્વભાવ સન્મુખ થતાં નિર્વિકલ્પ અનુભવની

પ્રતીતમાં એ શુદ્ધ ચૈતન્યની પ્રાપ્તિ થઈ એમ કહેવામાં આવે છે. અશુદ્ધ પરિણામની પ્રાપ્તિ એકલી હતી એ તો મિથ્યાદષ્ટિ હતો. પર્યાયબુદ્ધિમાં વર્તમાન વર્તમાન કૃત્રિમ પુણ્ય-પાપના રાગની અશુદ્ધ પરિણતિ પર્યાયમાં એકપણું માનીને જે રખડતો હતો એ તો અશુદ્ધ પર્યાયની પ્રાપ્તિ હતી. એ તો સંસારની પ્રાપ્તિ હતી, મિથ્યાત્વની પ્રાપ્તિ હતી.

વસ્તુ ચૈતન્ય પદાર્થ પરમ શુદ્ધ પવિત્ર ધામ એના સન્મુખના-અભિમુખના પરિણામ, એમાં શુદ્ધતા જે પ્રગટી એ શુદ્ધતા દ્વારા શુદ્ધ આત્માની પ્રાપ્તિ થઈ એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું? એ પરિણામ કેવા છે? **'રાગાદિ પરિણામ રહિત છે,...'** લ્યો! **'શુદ્ધ ચેતનામાત્ર ભાવ છે.'** અસ્તિ-નાસ્તિ કરી. પાઠમાં એટલું લીધું કે રાગ, પુણ્ય-પાપના પરિણામ રહિત છે. વિશેષ શુદ્ધ કહ્યું. **'શુદ્ધ ચેતનામાત્ર ભાવ છે.'** ચેતનામાત્ર પરિણામ જ્ઞાતા-દૃષ્ટાના એકાકાર થયેલા ચેતનામાત્ર પરિણામ એને શુદ્ધ ભાવ કહેવામાં આવે છે. બહુ વાત (આકરી). એ જાતની ખબર ન હોય એ અંતર રુચિ ઠરે કે દિ'? આ જાતની શ્રદ્ધામાં વાત ન લે કે આત્મા પુણ્ય અને પાપના વિકલ્પ એ આસ્રવભાવ છે, છે તો એ જીવની પર્યાયમાં અપરાધ, અપરાધ (છે) પણ અપરાધપણું એ કાંઈ પોતાનું સ્વરૂપ છે? એ તો અનાદિથી અપરાધને પ્રાપ્ત જીવ મિથ્યાત્વમાં ચાર ગતિમાં આત્માના શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત થયો નથી. સમજાણું કાંઈ? અશુદ્ધતાને પ્રાપ્ત એ આત્માને પ્રાપ્ત થયો નથી. અને શુદ્ધતાને પ્રાપ્ત એને અશુદ્ધતા હોતી નથી એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ચાર ગતિમાં સુખી નહીં થાતો હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સુખી થાતો હશે? દુઃખી-દુઃખી (છે). માને ખરો, માને ખરો. હરખ સનેપાત દાંત કાઢે. હરખ સનેપાત કહે છે? શું કહે છે? સનેપાત નહિ? દાંત કાઢે ખડખડખડ. આહાહા..! આઠ જણા જાલે તો રહે નહિ. બળ બળ દેખાય. બળ બળ છે નહિ. એ તો નબળાઈ થવાનો પ્રસંગ નબળાઈ. આહાહા..! દાંત કાઢે. એમ આ અજ્ઞાની માને સુખી છું. સુખી તો આત્માના આનંદની પર્યાય પ્રગટ કર્યા વિના સુખી ત્રણ કાળમાં કોઈ જીવ છે જ નહિ. બધા દુઃખીના દાળિયા. ઓલા કહે છે, દુઃખી અમને કહો છો? હાય.. હાય..! એ કો'ક આવ્યા હતા. આ રાવજીભાઈ લ્યો. ઓલા ખોજા. ખોજા છે ને. અમારે કુરાનમાં આમ કહ્યું છે. મૂળ એ મુસલમાન ખરાને. ક્યાં હતું?

આ આત્મા આવું સ્વરૂપ, વાત ક્યાંય ત્રણ કાળમાં બીજે નથી. એવો આત્મા કહે છે કે પ્રાપ્ત થયો એ શુદ્ધ ચેતનામાત્રની પર્યાય પ્રગટ થઈ. કહો, સમજાણું કાંઈ? આ પર્યાયની વાત છે હોં! શુદ્ધ ચેતનામાત્ર ભાવ છે. અહીંયાં પરિણામની વાત છે. વસ્તુ તો વસ્તુ છે. પણ **'કેવો છે શુદ્ધભાવ?'** **'શુદ્ધ ચેતનામાત્ર ભાવ છે.'** સમ્યગ્દર્શન થતાં, સમ્યક્ પ્રતીતિ થતાં આત્માના શુદ્ધ સ્વભાવને અનુસરીને અંતરમાં આનંદનો અનુભવ થતાં એ શુદ્ધ ચેતનામાત્ર

ભાવ છે. કહો, સમજાણું કાંઈ?

'**વળી કેવો છે?**' '**द्रव्यकर्मास्त्रवौधान् सर्वान् रुन्धन्**' '**જ્ઞાનાવરણાદિ કર્મ-પર્યાયરૂપ પરિણમ્યો છે પુદ્‌ગલપિંડ,...**' જ્ઞાનાવરણ આદિ કર્મની પર્યાયરૂપે પરિણમ્યો છે પુદ્‌ગલપિંડ. જુઓ! આમ ખુલાસો કર્યો. એ આત્માએ કાંઈ એને પરિણમાવ્યું નહોતું. '**તેનો થાય છે ધારાપ્રવાહરૂપ પ્રતિસમયે આત્મપ્રદેશોની સાથે એકક્ષેત્રાવગાહ,...**' એ રજકણોનો સમયે સમયે જે એકક્ષેત્રાવગાહ સંબંધ હતો, ઓઘ નામ એનો સમૂહ. એ ભાવાર્થ છે. '**જ્ઞાનાવરણાદિરૂપ કર્મ વર્ગણા પરિણમે છે, તેના ભેદ અસંખ્યાત લોકમાત્ર છે;...**' આઠ કર્મ, એની પ્રકૃતિઓ અને એના ભેદો... સમજાણું? ૧૪૮ પ્રકૃતિ તો .. આદિ પણ અમુક પ્રકૃતિ છે એ .. અહીં તો અસંખ્યાત લોકમાત્ર ગણ્યું લ્યો. કર્મવર્ગણાના પ્રકાર અસંખ્યાત લોકમાત્ર પ્રમાણ. '**જેટલાં ધારારૂપ આવે છે...**' (**सर्वान्**) '**ધારારૂપ આવે છે કર્મ તે બધાંને રોકતો થકો.**' બીજાને એમ થાય કે આ શું પણ? સમ્યગ્દર્શન થયું તો આઠ કર્મ બિલકુલ આઠેય કર્મને રોક્યા? સમજાણું કાંઈ?

**શ્રોતા** :–.. નબળાઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા. અહીં હતું જ ક્યાં?

'**રોકતો થકો.**' આઠ કર્મ રોકે છે. આઠ કર્મ આત્મામાં આવતા નથી. એ પર્યાય જરી અશુદ્ધ અને જરી એ બધું જ્ઞેયમાં જાય. વસ્તુની દૃષ્ટિ અને વસ્તુનું સ્વભાવ ભાન થતાં આઠેય કર્મ રોધે છે. દેખો પાઠ (**रुन्धन्**). '**કોઈ એમ માનશે કે જીવનો શુદ્ધ ભાવ થતો થકો...**' દેખો પાછું ત્યાંથી લીધું. આત્મા શુદ્ધ સ્વરૂપ ચૈતન્યનું ભાન થતાં પરિણામમાં શુદ્ધ ચેતનાની દશા થતાં '**કોઈ એમ માનશે કે જીવનો શુદ્ધ ભાવ થતો થકો રાગાદિ અશુદ્ધ પરિણામનો નાશ કરે છે,...**' એને અશુદ્ધ રાગાદિ પરિણામનો નાશ થઈ જાય.

'**આસ્રવ જેવો થાય છે તેવો જ થાય છે;...**' રજકણ તો કર્મના જેવું આવવાનું હોય એ પ્રમાણે આવે. તો એમ તો છે નહિ. પરિણામ નથી અશુદ્ધ ત્યાં પછી વળી આવે ક્યાંથી? '**જેવું કહે છે તેવું છે—જીવ શુદ્ધ ભાવરૂપ પરિણમતાં અવશ્ય જ અશુદ્ધભાવ મટે છે,...**' ભગવાન આત્મા.. અહીં તો એક જ વાત છે. અશુદ્ધ પરિણામની પ્રાપ્તિમાં આત્માની પ્રાપ્તિ નહિ અને આત્માની પ્રાપ્તિમાં અશુદ્ધ પરિણામની પ્રાપ્તિ નહિ. બસ! બે વાત છે અહીં તો કટકા બે—ભેદજ્ઞાન. કહો, સમજાણું? '**જીવ શુદ્ધ ભાવરૂપ પરિણમતાં...**' આત્મા ત્રિકાળી શુદ્ધ એના ભાવપણે પરિણમ્યો એટલે? '**અવશ્ય અશુદ્ધ ભાવ મટે છે,...**' જરૂર મલિન પરિણામ ઉદયભાવ સંસારભાવ મટે છે.

'**અશુદ્ધ ભાવ મટતાં અવશ્ય જ દ્રવ્યકર્મરૂપ આસ્રવ મટે છે;...**' સમ્યગ્દર્શન સિદ્ધ સદૃશ્ય થઈ ગયું. મિથ્યાત્વ તે સંસાર, ભગવાન આત્મા અનંતગુણસંપન્ન પ્રભુ શુદ્ધ, એમાં

મિથ્યાત્વભાવ તે સંસાર, સમ્યગ્દર્શનભાવ તે જ મોક્ષ. દ્રવ્યસ્વભાવ મુક્તસ્વરૂપ છે. મોક્ષસ્વરૂપ છે, મુક્તસ્વરૂપ છે. એનું ભાન થતાં, અનુભવ થતાં વસ્તુ શુદ્ધ (છે એવા) પરિણામ શુદ્ધ થયા, અશુદ્ધ પરિણામનો નાશ થઈ ગયો. એ માટે તેને દ્રવ્યકર્મ પણ આવતા નથી.

**'તેથી શુદ્ધભાવ ઉપાદેય છે,...'** દેખો! એ શુદ્ધભાવ પરમપરમાત્મા પોતે શુદ્ધ, એ ઉપાદેય થઈ અને જે ચેતનાના શુદ્ધ પરિણામ પ્રગટ્યા એ જ આદરણીય અંગીકાર કરવાલાયક છે. **'અન્ય સમસ્ત વિકલ્પ હેય છે.'** લ્યો પાછું કહ્યું વળી, વિકલ્પ થાય, પણ બધું હેય, છોડવાયોગ્ય છે. એટલે એની અંદરમાં એ અશુદ્ધ પરિણામ છે નહિ. કહો, સમજાણું આમાં? ૯૫માં વધારે લખ્યું છે ને ભાઈ? ૯૫માં. ૯૫માં. લેખ આવ્યો હતો. લ્યો એ તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિને આસ્રવ અને બંધ નહિ. એય.. ચર્ચા ઉઠી હતી. કઈ અપેક્ષાએ? સમજ તો ખરો બાપા! થોડા અશુદ્ધ પરિણામ છે, પણ એ તો ગૌણ પરિણામ સંસાર.. અનંત સંસારનો જ્યાં નાશ થયો અને અનંત અનંત શાંતિના રસના કંદની પ્રાપ્તિ થઈ એને અલ્પ રહ્યો છે એને અહીંયાં ગૌણ ગણીને, અશુદ્ધ પરિણામ જ મિથ્યાત્વને ગણીને એને થતાં નથી. અનંતાનુબંધી અને મિથ્યાત્વના પરિણામ તે જ અશુદ્ધ છે. એ ટળતા એકલો શુદ્ધ ભાવ થયો તેને સંસારના અશુદ્ધ પરિણામ અને આસ્રવ જડ બેય આવતા નથી.

**'તેથી શુદ્ધ ભાવ...'** જ અંગીકાર કરવા લાયક અથવા શુદ્ધ ભાવ જ પ્રગટ કરવાલાયક છે. આ તો સમ્યગ્દર્શનની શુદ્ધતાની વાત છે ને. અને શુદ્ધતા જ્યાં પ્રગટી ત્યાં અશુદ્ધતા થોડી છે એની કાંઈ ગણતરી નથી. શુદ્ધતાની અધિકતા થઈ ગઈ.

---

(ઉપજાતિ)

भावास्रवाभावमयं प्रपन्नो
द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः।
ज्ञानी सदा ज्ञानमयैकभावो
निरास्रवो ज्ञायक एक एव।।३-११५।।

**ખંડાન્વય સહિત અર્થ :— ''अयं ज्ञानी निरास्रवः एव'' (अयं) દ્રવ્યરૂપ વિદ્યમાન છે તે (ज्ञानी) જ્ઞાની અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવ (निरास्रवः एव) આસ્રવથી રહિત છે. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દૃષ્ટિ જીવને નોંધ કરી (સમજપૂર્વક) વિચારતાં આસ્રવ ઘટતો નથી. કેવો છે જ્ઞાની? ''एकः'' રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત છે, શુદ્ધસ્વરૂપ પરિણમ્યો છે. વળી કેવો છે? ''ज्ञायकः'' સ્વદ્રવ્યસ્વરૂપ-પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત જ્ઞેય વસ્તુઓને જાણવાને સમર્થ છે. ભાવાર્થ આમ છે કે જ્ઞાયકમાત્ર છે, રાગાદિ અશુદ્ધરૂપ નથી. વળી કેવો છે? ''सदा ज्ञानमयैकभावः'' (सदा) સર્વકાળ**

ધારાપ્રવાહરૂપે (ज्ञानमय) ચેતનરૂપ એવો છે (एकभावः) એકપરિણામ જેનો, એવો છે. ભાવાર્થ આમ છે કે—જેટલા વિકલ્પો છે તે બધા મિથ્યા; જ્ઞાનમાત્ર વસ્તુનું સ્વરૂપ હતું તે અવિનશ્વર રહ્યું. નિરાસ્રવપણું સમ્યગ્દૃષ્ટિ જીવને જે રીતે ઘટે છે તે કહે છે--''भावास्रवाभावं प्रपन्नः'' (भावास्रव) મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ ચેતનાપરિણામ, તેનો (अभावं) વિનાશ, તેને (प्रपन्नः) પ્રાપ્ત થયો છે. ભાવાર્થ આમ છે કે—અનંત કાળથી જીવ મિથ્યાદૃષ્ટિ હોતો થકો મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણમતો હતો, તેનું નામ આસ્રવ છે. કાળલબ્ધિ પામતાં તે જ જીવ સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમ્યો, શુદ્ધતારૂપ પરિણમ્યો, અશુદ્ધ પરિણામ મટ્યા, તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે રહિત થયો. ''द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः'' (द्रव्यास्रवेभ्यः) જ્ઞાનાવરણાદિ કર્મપર્યાયરૂપ જીવના પ્રદેશોમાં બેઠા છે પુદ્‌ગલપિંડ, તેમનાથી (स्वतः) સ્વભાવથી (भिन्नः एव) સર્વ કાળ નિરાળો જ છે. ભાવાર્થ આમ છે કે—આસ્રવ બે પ્રકારનો છે. વિવરણ—એક દ્રવ્યાસ્રવ છે, એક ભાવાસ્રવ છે. દ્રવ્યાસ્રવ એટલે કર્મરૂપ બેઠા છે આત્માના પ્રદેશોમાં પુદ્‌ગલપિંડ તે; આવા દ્રવ્યાસ્રવથી જીવ સ્વભાવથી જ રહિત છે. જોકે જીવના પ્રદેશો અને કર્મ-પુદ્‌ગલપિંડના પ્રદેશો એક જ ક્ષેત્રે રહે છે તોપણ પરસ્પર એકદ્રવ્યરૂપ થતા નથી, પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ રહે છે; તેથી પુદ્‌ગલપિંડથી જીવ ભિન્ન છે. ભાવાસ્રવ એટલે મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવ અશુદ્ધ ચેતનપરિણામ; આવા પરિણામ જોકે જીવને મિથ્યાદૃષ્ટિ-અવસ્થામાં વિદ્યમાન જ હતા તોપણ સમ્યક્ત્વરૂપ પરિણમતાં અશુદ્ધ પરિણામ મટ્યા; તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ ભાવાસ્રવથી રહિત છે. આથી એવો અર્થ નીપજ્યો કે સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ છે. ૩-૧૧૫.

## કલશ-૧૧૫ ઉપર પ્રવચન

भावास्रवाभावमयं प्रपन्नो
द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः।
ज्ञानी सदा ज्ञानमयैकभावो
निरास्रवो ज्ञायक एक एव।।३-११५।।

'ખંડાન્વય સહિત અર્થ :—' 'अयं ज्ञानी निरास्रवः एव' 'દ્રવ્યરૂપ વિદ્યમાન છે તે જ્ઞાની અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવ આસ્રવથી રહિત છે.' કહો, (अयं) 'દ્રવ્યરૂપ વિદ્યમાન છે તે જ્ઞાની અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવ આસ્રવથી રહિત છે.' વસ્તુ વસ્તુ

આખો પદાર્થ-પદાર્થ ચિદાનંદરૂપ દૃષ્ટિમાં આવ્યો, જાવ! આસ્રવથી રહિત છે. '**ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દૃષ્ટિ જીવને નોંધ કરી...**' (કળશ-૪) જુઓ! શબ્દ આવ્યો. નોંધ એટલે ત્રણ વાર આવી ગયું છે એ. નોંધ કરે છે એમ આવી ગયું છે. નોંધ આવી ગયું છે ને? કેવળજ્ઞાનમાં નોંધ છે. એ ઓલા કહે છેને કે આ શું? (કળશ-૪) પાંચમે પાને છેને? જુઓ! નોંધનો અર્થ જ એ કર્યો છે એણે. જુઓ પાંચમે પાને છે નીચે. '**આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.**' એ નોંધ છે નોંધ ખાતાવહીમાં. આ વેપારી નથી કહેતા કે અમારે નોંધ છે.

**શ્રોતા :-** ચોપડો જુદો હોય નોંધનો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોપડો જુદો હોય નોંધનો.

અહીં કહે છે, જુઓ! '**આ જીવ આટલો કાળ વીતતાં મોક્ષ જશે એવી નોંધ...**' નોંધ નામ સમજ લેવી. અહીં સમજ છે ને? ત્યાં પણ નોંધ છે અને પછી પણ છે જુઓ. એ છઠ્ઠે પાને છે નીચે. '**તોપણ કાંઈ નથી, નોંધ કરતાં જૂઠો છે.**' ઓહોહો..! શું કહે છે? અહીં એક વાત કરી કે જ્યાં કેવળજ્ઞાન થયું એની અંદર નોંધ છે કે આ જીવ આ સમયે કેવળજ્ઞાન પામશે, આ જીવ આ સમયે મોક્ષ જશે. એ નોંધ છે. એમાં વાંધા ઉઠે છે લોકોને. અને આ બાજુ લીધું વ્યવહારનો છેને શ્લોક પાંચમો. છઠ્ઠે પાને છઠ્ઠે. '**વ્યવહારનય હસ્તાવલમ્બ છે તોપણ કાંઈ નથી, નોંધ કરતાં જૂઠો છે.**' એટલે? આત્માનું શુદ્ધ સ્વરૂપનું ભાન કરતાં વ્યવહારનય જૂઠો છે, આત્મામાં છે નહિ. ઓલું લોકાલોકનું જ્ઞાનમાં આ સમયે અહીં જાશે એ નોંધ છે. આ નોંધમાં વ્યવહાર નથી. નિશ્ચયનું શુદ્ધ ચૈતન્યનું ભાન થતાં નોંધ છે કે વ્યવહાર જૂઠો છે. એની ભાષા છે.

અહીંયાં પણ કહ્યું, '**સમ્યગ્દૃષ્ટિ જીવને નોંધ કરી (સમજપૂર્વક) વિચારતાં આસ્રવ ઘટતો નથી.**' ઓહોહો..! સમજપૂર્વક. ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદ જ્ઞાનનું ભાન થતાં આખો આત્મા જ્યાં દૃષ્ટિમાં પ્રાપ્ત થયો, હવે કહે છે કે એ વિચારપૂર્વક જો વિચારીએ નોંધ કરીને તો આસ્રવ ઘટતો નથી. આસ્રવ આવે છે, થોડા પરિણામ (હોય છે). નહિતર તો કેવળજ્ઞાન થઈ જાય. પણ અહીં એ વાત લેવી નથી. અસ્થિરતાના પરિણામ અને એનાથી આવતો કર્મનો નિમિત્ત સંબંધ એ બધો વ્યવહારમાં નાખી દઈ અને સ્વરૂપના શુદ્ધ ભાવમાં એ છે નહિ. એમ અપેક્ષા લેવી જોઈએને. કેમકે સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. સમ્યક્ નિશ્ચયસ્વરૂપની દૃષ્ટિમાં લીન, નિશ્ચયમાં લીન અને વ્યવહારથી મુક્ત છે. એટલે વ્યવહારથી મુક્ત છે એનો અર્થ કે વ્યવહારના પરિણામ એ બેયથી મુક્ત છે. એટલે એનામાં એ છે નહિ.

**શ્રોતા :-** પરદ્રવ્યના પરિણામ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરદ્રવ્યના પરિણામ છે ખરેખર એ વિકલ્પ અને રજકણો બેય.

આ અપેક્ષાએ ન સમજે. જ્યાં તકરાર કરે ત્યાં (મેળ) ન આવે. એ વસ્તુ નથી તો તો કેવળજ્ઞાન કેમ થયું ન હોય? પણ અહીંયાં એકલું જ્ઞાનસ્વરૂપનું ભાન થતાં અનંત સંસારનો નાશ થઈ ગયો અને શુદ્ધતાના ભાનમાં એકલી શુદ્ધની જ દૃષ્ટિ થઈ ગઈ એ અપેક્ષાએ જ્ઞાનીને ભાવઆસ્રવ અને દ્રવ્યઆસ્રવ ઘટતા નથી.

'**(સમજપૂર્વક) વિચારતાં આસ્રવ ઘટતો નથી.**' ઓહોહો..! કહો, સમજાણું કાંઈ? '**કેવો છે જ્ઞાની?**' એ તો બંધ અધિકારમાં લીધું છેને, નહિ? ભાઈએ જયચંદ્ર પંડિતે. બંધમાં લીધું છેને કે ખરેખર તો એને અભ્યંતર બંધ જ નથી. પહેલામાં બંધ અધિકારમાં શરૂઆતમાં જ લીધું છે. નહિ ઘટતા નથી. લ્યો. એ તો મુનિનો આધાર આપ્યો એમ કહે. ભાવાર્થ છે. (સમયસાર-ગાથા-૨૩૭ થી ૨૪૧) '**બાકી અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.**' લ્યો. જયચંદ્ર પંડિતે એવો અર્થ કર્યો પાઠની શૈલીએ.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આપ્તને પ્રમાણ કહ્યું. સમજાણું?

એમ (લીધું છે), '**અવિરત તથા દેશવિરતને બાહ્યસમિતિરૂપ પ્રવૃત્તિ નથી તેથી ચારિત્રમોહ સંબંધી રાગથી કિંચિત્ બંધ થાય છે; માટે સર્વથા બંધના અભાવની અપેક્ષામાં તેમનું નામ ન લીધું. બાકી અંતરંગની અપેક્ષાએ તો...**' ચોથે, પાંચમે તો '**નિર્બંધ જ જાણવા.**' (સમયસાર-ગાથા-૨૩૭ થી ૨૪૧નો ભાવાર્થ) બંધ અધિકારની શરૂઆતની ગાથામાં એ લીધું છે. આહાહા..! મુનિનું નામ લીધું શું કે જરી ઓલી બાહ્ય પ્રવૃત્તિ .. ઓલાની ઓછી છે એ અપેક્ષાએ સમિતિના પ્રવર્તનવાળાને મુનિને બંધ નથી એમ કહ્યું. અભ્યંતર દૃષ્ટિના નિર્ગ્રંથદશા જે થઈ, નિર્ગ્રંથ એટલે ગાંઠ તૂટી ગઈ, રાગ અને સ્વભાવની એકતા તૂટતા એકલો સ્વભાવ દૃષ્ટિમાં રહ્યો એવી દૃષ્ટિવંતને અભ્યંતરથી પણ એને બંધ છે એમ કહેવામાં આવતું નથી. સમજાણું?

'**કેવો છે જ્ઞાની?**' '**एकः**' '**રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત છે,...**' '**एकः**' શબ્દમાં વજન છે આખું. '**રાગાદિ અશુદ્ધ પરિણામથી રહિત છે,...**' ઠીક! '**શુદ્ધસ્વરૂપ પરિણમ્યો છે.**' અસ્તિ-નાસ્તિ કરી. શુભાશુભ વિકલ્પ એના પરિણામથી રહિત છે સ્વભાવ, એથી દૃષ્ટિવંત પણ એનાથી રહિત છે. શુદ્ધસ્વરૂપ પરિણમ્યો છે. શુદ્ધ ચૈતન્યપ્રભુ જ્ઞાયકભાવપણે અનુભવની દૃષ્ટિ થઈને શુદ્ધતાના પરિણમનની પર્યાય પ્રગટ થઈ છે.

'**વળી કેવો છે?**' '**ज्ञायकः**' '**સ્વદ્રવ્યસ્વરૂપ-પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત જ્ઞેય વસ્તુઓને જાણવાને સમર્થ છે.**' લ્યો! એ ચોથા ગુણસ્થાનના જ્ઞાનીની વાત ચાલે છે આ. આહાહા..! '**સ્વદ્રવ્યસ્વરૂપ-પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત જ્ઞેય વસ્તુઓને જાણવાને સમર્થ છે.**' જ્ઞાયક છે ને એ. જાણનાર છે, એ જાણનાર છે. જાણનારમાં વળી કોને ન જાણે એ શું? બધું સ્વનું

જ્ઞાન થયું છે, પર એમાં નથી એ બધું જ્ઞાન એમાં આવી જાય છે.

**'સ્વદ્રવ્યસ્વરૂપ-પરદ્રવ્યસ્વરૂપ સમસ્ત જ્ઞેય વસ્તુઓને જાણવાને સમર્થ છે.'** એવી જ્ઞાનપર્યાયનું સામર્થ્ય પ્રગટ થયું છે. **'ભાવાર્થ આમ છે કે જ્ઞાયકમાત્ર છે,...'** વધારે ખુલાસો કર્યો. **'રાગાદિ અશુદ્ધરૂપ નથી.'** એમ પાછું વધારે કર્યું છે. સમ્યક્ ચૈતન્યપ્રભુ આત્માની અંતર અનુભવની દૃષ્ટિ થતાં એ શુદ્ધ પરિણામરૂપ છે અને અશુદ્ધ પરિણામરૂપ નથી.

**શ્રોતા** :–...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા, પરિણતિ, પરિણતિ. ચોથે. ...

**શ્રોતા** :–...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એટલે જ ઈ. અહીં તો ગણવામાં જ આવી નથી. જ્ઞાયક ઈ પરિણતિ. પરિણતિ શુદ્ધ જ્ઞાયક દૃષ્ટિ થઈ એ જ એની પરિણતિ.

મુમુક્ષુ :— બીજું પુદ્ગલમાં જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ પુદ્ગલમાં, આમાં નહિ. જેટલા એ પોતાને રાગાદિ રહે એ અહીં પરિણતિ ગણવામાં આવી જ નથી. અહીં તો શુદ્ધ ચૈતન્ય પરિણતિમાત્ર જ્ઞાયક.

**શ્રોતા** :– સ્વભાવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– સ્વભાવ નહિ, સ્વભાવ નહિ. પરિણતિની અપેક્ષા અત્યારે ચાલે છે. શુદ્ધ પરિણતિ ચોથેથી (થાય) એની વાત છે. તદ્દન શુદ્ધ પરિણતિ અનંતાનુબંધી મિથ્યાત્વ ગયું, એથી શુદ્ધ પરિણતિ એકલી ગણવામાં આવી છે. અહીં તો એ વજન આપ્યું છે.

**શ્રોતા** :–પરદ્રવ્યનું ક્યાં આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ બધું આવ્યું. સ્વદ્રવ્ય-પરદ્રવ્યનું જ્ઞાન બધું આવ્યું પર્યાયમાં.

**શ્રોતા** :– સ્વને જાણ્યું એમાં પરનું જ્ઞાન આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– બધું આવી ગયું. અસ્તિમાં નાસ્તિ બધું છે એમાં જ્ઞાન આવી જાય એવું કહે છે. ભાવશ્રુતજ્ઞાનમાં પણ એ જ્ઞાન આવી જાય છે.

**શ્રોતા** :– જ્ઞાન ૧૩મે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ના. તેરમે નહિ. અહીં તો મિથ્યાત્વની અપેક્ષાએ (વાત છે). ના એ છે જ નહિ. આહાહા..! અહીં ચોથા ગુણસ્થાનની વાત છે, સમ્યગ્દૃષ્ટિની વાત છે.

**શ્રોતા** :– મિથ્યાત્વરહિત?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– છે ને, છે ને. આવ્યું હતું ને પહેલું. મિથ્યાત્વરહિતનું આવ્યું છે ને. અહીં પણ આવ્યું ને. સમ્યક્ત્વપૂર્વક શુદ્ધસ્વરૂપ અનુભવરૂપ પરિણામ છે. ત્રીજી લીટી.

**શ્રોતા** :– રાગ-દ્વેષ-મોહ વિનાના?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ રાગ-દ્વેષ-મોહ વિનાના પરિણામ. મિથ્યાત્વનો રાગ-દ્વેષ જે છે એ એને નથી. એ વિનાના પરિણામ તે અશુદ્ધ પરિણામ છે. એટલી જ વાત છે અહીં. અહીં એટલી વાત છે. ઘણે ઠેકાણે એ બંધના અધિકારમાં એમ લીધું છે. બંધ બંધ આસ્રવ અને બંધ નિશ્ચયની અંતર દૃષ્ટિ થતાં એના પરિણામમાં નથી એમ કહેવું છે અહીં.

**શ્રોતા :–** આવશે....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા., હા. એ પણ આમાં આવ્યું ને પહેલું. **(जीवस्य)** '**પ્રગટ થયો છે સમ્યક્ત્વગુણ જેનો એવો છે...**' એની પહેલા આવી ગયું છે આની અંદર.

**શ્રોતા :–**...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છેને. એ તો એ જ વાત છે. મૂળ તો ત્યાંથી લીધું છે.

મિથ્યાત્વ રાગ-દ્વેષ-મોહ જુઓ આવ્યું ને. '**જે કાળે શુદ્ધ ચૈતન્યવસ્તુની પ્રાપ્તિ થાય છે...**' એ શુદ્ધ ચૈતન્યવસ્તુની દૃષ્ટિમાં પ્રાપ્તની, અનુભવની વાત છે. '**તે કાળે મિથ્યાત્વ–રાગ–દ્વેષરૂપ જીવના વિભાવ પરિણામ મટે છે,...**' મિથ્યાત્વ રાગાદિ પરિણામ મટે છે. અહીં તો અનંતાનુબંધી મિથ્યાત્વના પરિણામ ગયા, શુદ્ધ પરિણતિ થઈ એટલી જ વાત કહેવી છે.

**શ્રોતા :–** ઘણે ઠેકાણે આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ઘણે ઠેકાણે આવે છે. ભાઈ! આ તો જરી ઝીણી વાત છેને. દૃષ્ટિનો વિષય છે. દૃષ્ટિમાં એકપણાની ગણતરી મુખ્યપણે આવે છે. બે નહિ. એ તો એક જ્યાં દ્રવ્યની અધિકતાનું ભાન થયું, પછી અશુદ્ધતા-ફશુદ્ધતા એને છે નહિ. એકલી શુદ્ધ પરિણતિ જ છે.

'**વળી કેવો છે?**' '**सदा ज्ञानमयैकभावः**' લ્યો! '**સર્વ કાળ ધારાપ્રવાહરૂપે ચેતનરૂપ એવો છે એકપરિણામ જેનો, એવો છે.**'

**શ્રોતા :–** ઉપયોગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના. ઉપયોગ નહિ, ઉપયોગ નહિ. પરિણતિની અહીં વાત છે. પરિણતિ સદાય છે. ઉપયોગ કોઈ વખતે (થાય). શુદ્ધ પરિણતિની વાત છે. શુદ્ધ પરિણતિ થઈ એ સદાય રહે છે અને એ શુદ્ધ પરિણતિને જ અહીં ગણવામાં આવી છે. ઉપયોગ કોઈ વખતે (થાય).

'**सदा ज्ञानमयैकभावः**' ભલે ઉપયોગ કોઈમાં હોય પણ એની જ્ઞાનની પરિણતિ રાગથી ભિન્ન જ સદાય વર્તે છે. રાગ આસ્રવથી ભિન્ન. કારણ કે આત્મતત્ત્વની દૃષ્ટિ થઈ એટલે આત્માના જ પરિણામ થયા, આસ્રવથી ભિન્ન પરિણામ થયા એટલી જ વાત છે. '**सदा ज्ञानमयैकभावः**' '**સર્વ કાળ ધારાપ્રવાહરૂપે ચેતનરૂપ એવો છે એકપરિણામ જેનો,...**'

એ જ્ઞાયક પરિણામ ચૈતન્યની જ પરિણતિ જ્યાં ઊભી થઈ છે. **'જેટલા વિકલ્પો છે તે બધા મિથ્યા;...'** છે. દેખો. વસ્તુ જ એ લીધી છે બધે. **'જ્ઞાનમાત્ર વસ્તુનું સ્વરૂપ હતું તે અવિનશ્વર રહ્યું.'** જુઓ! જ્ઞાનમાત્ર વસ્તુનું સ્વરૂપ ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપ જે અવિનશ્વર હતું એવું અવિનશ્વર પર્યાયમાં પ્રગટ થઈ ગયું. **'નિરાસ્રવપણું સમ્યગ્દષ્ટિ જીવને જે રીતે ઘટે તે કહે છે-'** દેખો હવે.

**શ્રોતા** :-પ્રશ્ન પણ એ જ છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પ્રશ્ન એ જ છે.

**'નિરાસ્રવપણું સમ્યગ્દષ્ટિ જીવને જે રીતે ઘટે તે કહે છે—'** **'भावास्रवाभावं प्रपन्नः'** (**ભાવાસ્રવ**) **'મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ ચેતનાપરિણામ,... '** એનું નામ ભાવાસ્રવ છે. એ એનું વિશેષ જોર ત્યાં છે. (થોડી) અશુદ્ધતા છે એની અહીં ગણતરી નથી. સમજાય છે કાંઈ? દ્રવ્યસ્વભાવ જ્યાં પૂર્ણાનંદ અનંત ગુણનો પિંડ એકરૂપ જ્યાં અનુભવદષ્ટિમાં આવ્યો, એ દષ્ટિના એ પરિણતિના પરિણામ એકલા શુદ્ધ રાગ અને દ્વેષ, મિથ્યાત્વરહિત જ એ પરિણામ છે. એથી એને સમ્યગ્દષ્ટિને **'મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ ચેતનાપરિણામ, તેનો વિનાશ, તેને પ્રાપ્ત થયો છે.'** આહાહા..! એ ૯૫માં બધું ચાલ્યું હતું ને તો ખળભળાટ થઈ ગયો હતો. પછી લખ્યું હતું ને. ઓલા હતા ને સાધુ કોણ એના? સાગરાનંદ દેરાવાસીના. ભાઈ! કઈ અપેક્ષાએ વાત છે અત્યારે? સમ્યગ્દર્શનનું એકલું સમ્યગ્દર્શન તે મુક્તએવ. આવે છેને કળશમાં આવે છે. મુક્ત દ્રવ્યસ્વરૂપ જ મુક્ત છે. પરમાનંદ પ્રભુ મુક્ત વસ્તુ છે અને મુક્તની દષ્ટિ મુક્તરૂપ થઈ એ બંધથી અને આસ્રવથી રહિત દષ્ટિના, અનુભવના મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામની અપેક્ષાએ. સમજાય છે? જુઓ એ આવ્યું. એ તો છે. ભાઈએ અર્થ કર્યો છે.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ કર્યા છે.

**'મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ ચેતના પરિણામ,...'** તેના ભાવાસ્રવનો અભાવ. એમ. **'તેને...'** (प्रपन्नः) નામ **'પ્રાપ્ત થયો છે.'** લ્યો! **'ભાવાર્થ આમ છે કે—અનંતકાળથી જીવ મિથ્યાદષ્ટિ હોતો થકો મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણમતો હતો, તેનું નામ આસ્રવ છે.'** એનું નામ આસ્રવ ગણવામાં આવ્યું છે. જોર છેને જોર. વસ્તુ તદ્દન આસ્રવ વિનાની અને દષ્ટિ થઈ આસ્રવ વિનાની. એટલે બેયમાં આસ્રવ છે નહિ. વસ્તુમાં આસ્રવ નથી અને વસ્તુનું ભાન થયું, સમ્યગ્દર્શન (થયું અને) મિથ્યાત્વ રાગ-દ્વેષના પરિણામ અનંતાનુબંધીનો અભાવ (થયો) એની અંદર પણ આસ્રવ મિથ્યાત્વ અનંતાનુબંધી નથી. એથી કહ્યું **'અનંતકાળથી જીવ મિથ્યાદષ્ટિ હોતો થકો...'** જુઓ પણ **'મિથ્યાદષ્ટિ હોતો થકો...'** પોતે મિથ્યાદષ્ટિ

થાતો હતો. એમ. '**મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણમતો હતો, તેનું નામ આસ્રવ છે.**' એને અહીંયાં આસ્રવ ગણવામાં આવ્યા છે.

'**કાળલબ્ધિ પામતાં તે જ જીવ સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમ્યો,...**' તદ્દન સત્યદષ્ટિ થઈ ગઈ, સમ્યક્ આખો સત્ય સૂર્ય, ચૈતન્ય પૂર્ણાનંદ એનું ભાન દ્રવ્યમાં આવી ગયું, દ્રવ્યની પર્યાયમાં. '**સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમ્યો,...**' આટલો ખુલાસો કર્યો છે. કોઈ કહે કે સમકિત વળી ગુણ હશે. સમ્યક્ત્વ એની પર્યાય—અવસ્થા, શુદ્ધ આત્મા છે એવો અનુભવ થયો, નિર્વિકલ્પ પ્રતીતિ થઈ, નિર્વિકલ્પ આનંદના વેદનનો અંશ પણ પ્રગટ થયો. તે '**સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમ્યો, શુદ્ધતારૂપ પરિણમ્યો,...**' એમ પાછો ખુલાસો. '**અશુદ્ધ પરિણામ મટ્યા,...**' વિલય થઈ ગયો. અસ્તિપણે શુદ્ધરૂપ પરિણમ્યો, નાસ્તિપણે અશુદ્ધ પરિણામ મટ્યા. '**તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે રહિત થયો.**' એ આ પ્રકારે ભાવાસ્રવ તો આ પ્રકારે રહિત થયો.

હવે દ્રવ્યાસ્રવની વાત કરે છે. પાઠ પહેલો એ છેને? '**भावास्रवाभावमयं 'प्रपन्नः**' સમજાણું કાંઈ? એ તો જુદા છે એમ કહે છે. '**द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः**' એ તો સ્વતઃ ભિન્ન જ છે. એ તો પરમાણુના રજકણ તો સ્વતઃ જુદા જ છે. એનાથી રહિત જ છે એમ કહે છે. ભગવાન આત્મા સમ્યગ્દર્શન થયું એટલે સિદ્ધના દર્શન થઈ ગયા. સિદ્ધના દર્શન, સિદ્ધનો સાક્ષાત્કાર! પોતાનો પરમાત્મા પોતાને પ્રાપ્ત થયો શુદ્ધ ચૈતન્ય પર્યાયમાં. એ પર્યાયમાં શુદ્ધરૂપ પરિણમન થાય છે. અશુદ્ધ પરિણામ મટ્યા. એમ પરિણતિની વાત છે અહીં.

'**તેથી ભાવાસ્રવથી તો આ પ્રકારે રહિત થયો.**' આ પ્રકારે એટલે આ કહ્યું. કે સમ્યક્રૂપ પર્યાયરૂપ પરિણમ્યો અને શુદ્ધાત્મ (રૂપ) પરિણમ્યો અને અશુદ્ધ પરિણામ મટ્યા એ અપેક્ષાએ ભાવાસ્રવથી રહિત થયો. કેટલી કબુલાત છે ત્યાં. પર્યાયમાં આસ્રવભાવ હતો તો પર્યાયદષ્ટિ જ્યાં સુધી હતી અને વિકલ્પની વૃત્તિ ઉપર જ્યાં સુધી દષ્ટિની હયાતી ત્યાં માની હતી ત્યાં સુધી આખો આસ્રવમય જ એનો આત્મા એણે માન્યો છે. આમ વસ્તુના સ્વરૂપ તરફ દષ્ટિ જતાં જે પરિણામ અંતર્મુખ થઈને નિર્મળપણે સમ્યક્ની પર્યાયપણે પરિણમ્યા એટલે કે શુદ્ધપણે પરિણમ્યા એટલે કે આ કારણે તેને ભાવઆસ્રવ છે નહિ. એ ખુલાસો કર્યો. '**भावास्रवाभावमयं 'प्रपन्नः**' એની વ્યાખ્યા કરી. સમજાણું કાંઈ?

'**द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः**' ભાવાસ્રવ તો આ કારણે ભિન્ન થયો. શુદ્ધ સ્વભાવ પરમાનંદનો ભાવ એ દષ્ટિમાં લઈ, સ્વને જ્ઞેય બનાવી સ્વમાં ઠર્યો. એથી એને શુદ્ધતાના સમ્યક્રૂપ પર્યાય પ્રગટ થઈ એ શુદ્ધતા પરિણામ થયા એને તેથી એને અશુદ્ધતા મટી, એ અપેક્ષાએ તેને ભાવાસ્રવનો અભાવ કહેવામાં આવે છે. આ તો એક વાત કરી. એક પદની

વાત કરી. સમજાણું કાંઈ? હવે **'द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः'**

**શ્રોતા :-** સુખી થવાની વાત ક્યાં આવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ શેની વાત ચાલે છે આ? એય.. જયચંદભાઈ! કહે છે કે સુખી થવાનું ક્યારે આમાં હશે? એ સુખી થવાનું એ આત્મા પૂર્ણાનંદમાં બેઠો એ સુખી અને પુણ્ય-પાપના ભાવમાં બેઠો એ દુઃખી. આહાહા..!

ભગવાન આત્મા, અરે..! અનંત કાળનું જે અજ્ઞાન, અનંત કાળની જે મિથ્યારુચિ, અનંત કાળની જે પુણ્ય-પાપના અશુદ્ધ પરિણતિની પ્રેમની રુચિમાં ઠરતો એ ગુલાંટ ખાઈ ગયો. ત્રણેમાં. જ્ઞાન, શ્રદ્ધાન (ચારિત્ર) એમ ભાઈ આવ્યું ને. વસ્તુ એક સમયની પૂર્ણ શુદ્ધ એની અંતર દૃષ્ટિ, એનું એને જ્ઞેય એટલે જ્ઞેયનું જ્ઞાન અને એમાં એટલો જેટલો દૃષ્ટિ છે એટલો ઠર્યોને પાછો? આમ ઠરતો હતો એ આમ ઠર્યો. એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ત્રણે અંશ ત્યાં પ્રગટ્યા છે. આ બે-ત્રણ વાર આવી ગયું છે ભાઈ. એમ કે સમ્યગ્દૃષ્ટિને કેમ આ ત્રણ તમે (કહો છો)? શાસ્ત્રમાં ત્રણ કીધા એ આવી ગયા ત્રણે એમાં. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે એમાં આવી ગયા છે. બે-ત્રણ ઠેકાણે આવી ગયું. ૮મી. ૮મું પાનું છે ઘણું કરીને. એની માથે લખ્યું છે ક્યાંક. એ ૮મું, ૮મું. એ ૮મું પાનું (કળશ-૬) છે. જુઓ. '**અહીં કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે.**' બીજી લીટી. '**ઉત્તર આમ છે—શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણેય છે.**' સમજાણું? બે-ત્રણ ઠેકાણે છે. આમાં નથી લખ્યું.

**શ્રોતા :-...**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. ઓલામાં મેં લખ્યું છે. આ જૂનું છેને, આ વાંચવાનું છે. ૩૩માં પણ એ છે જુઓ નીચે. એ ભાવાર્થ આઠમી લીટી હેઠેથી. '**મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' છેને ૩૩ (કળશ-૩૧)? '**કેવાં છે દર્શન-જ્ઞાન-ચારિત્ર?**' '**प्रकटितपरमार्थैः**' '**પ્રગટ કર્યો છે સકલકર્મક્ષયલક્ષણ મોક્ષ જેમણે...**' એ તો મોક્ષ થઈ ગયો એને એમ કહે છે. ભાઈ! અમારે માન્ય છે ત્રણેય, સાંભળને! પણ અત્યારે આ અપેક્ષાએ આ કહેવા માંગે છે. ...

**શ્રોતા :-..**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. થઈ ગયું ને એ. ક્યાં?

**શ્રોતા :-...**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. મોક્ષમાર્ગ એમ કહેવો. સર્વ સિદ્ધાંત.. એટલું. ૯૧ને? (કળશ-૧૦૯) ત્રણ ઠેકાણે છે. ઓલામાં લખ્યું છે. આમાં નથી લખ્યું.

આહા..! જુઓ નીચે. આહાહા..! '**શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર**

**સહજ જ ગર્ભિત છે,...'** છેલ્લી લીટી ૧૦૯ કળશ. આમાં લખ્યું છે પાનું ૮ (કળશ-૬) અને ૩૩ (કળશ-૩૧). **'ભાવાર્થ આમ છે—કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે મળીને છે, અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો? તેનું સમાધાન આમ છે કે શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં...'** ૯૧ પાનું. ૧૦૯ કળશની છેલ્લી બે લીટી. **'શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે, તેથી દોષ તો કાંઈ નથી, ગુણ છે.'** જોર તો સમ્યગ્દર્શન ઉપર જ વધારે આપ્યું છે. સમજાણું કાંઈ? જોકે પંડિતે ખુલાસો એ બધો કર્યો છે. પણ અહીં તો જ્ઞાની-અજ્ઞાનીની મુખ્ય વાત છે આ તો. જુઓ! નિર્જરા અધિકારે બધે ભાવાર્થ ભર્યા છે.

કહો, શું કહે છે હવે? બંધ આત્મામાં નથી. એ બંધપદ્ધતિમાં જાય છે, ઉદયપદ્ધતિમાં જાય છે. જ્ઞાનની પદ્ધતિમાં એ છે જ નહિ એમ કીધું. ભગવાન આત્માને ભાવાસ્રવ અને દ્રવ્યાસ્રવ ભાનમાં નથી, કેમ? એનો ખુલાસો કર્યો કે આત્મામાં આસ્રવ અને બંધ હતો. ભાવાસ્રવ અને ભાવબંધ હતો, નિમિત્તરૂપે દ્રવ્યબંધ હતો. તે ક્યાં સુધી? કે જ્યાં સુધી અંશ ઉપરની બુદ્ધિમાં પુણ્ય-પાપના કૃત્રિમ વિકાર અને ભ્રમણામાં એ અંશ પર્યાયબુદ્ધિએ અંશબુદ્ધિમાં હતો ત્યાં સુધી એને આસ્રવ અને બંધ નિમિત્તરૂપે કે ભાવરૂપે બંધ બધો હતો. એ અંશબુદ્ધિના અસ્તિત્વની મોજૂદગી દૃષ્ટિમાંથી છૂટી પૂર્ણાનંદ પૂર્ણ અંશીમાં દૃષ્ટિ આવી. અનંત અનંત ગુણ જેમાં કેવળજ્ઞાનની પર્યાય અનંતી પ્રગટે એવો ગુણ એક એક, એવો અનંત આનંદ એવો ગુણ એવા અનંત ગુણના પિંડરૂપ દ્રવ્ય એવા અંશી ઉપર નિર્વિકલ્પ અનુભવ થતાં એને એ આસ્રવ અને બંધ એના શુદ્ધ પરિણામ પ્રગટપણામાં છે નહિ. શુદ્ધ પરિણામની પર્યાય પ્રાપ્ત (થઈ) અને અશુદ્ધ પરિણામ મટી ગયા. એ અપેક્ષાએ ભાવાસ્રવનો અભાવ કહેવામાં આવ્યો છે.

**શ્રોતા :-** ભાવાસ્રવને કોણ ખસેડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ ખસેડે? પોતે ને પોતે. આત્મા કર્તા, આત્મ કર્મ, આત્મા કરણ અને આત્મા સંપ્રદાન પોતે. ભગવાન આત્માની અંતર સ્વરૂપમાં મહિમા આવી.. ઓહો..! એક સમયના કૃત્રિમ પર્યાયની અનાદિથી બુદ્ધિ હતી એથી એની બુદ્ધિ આગળ જઈને શરીર, વાણી આદિ પરને માનતું. આમ તો અંદર હતું નહિ. એ એક સમયની પર્યાયના જ્ઞાને આખા સ્વરૂપને જ્યાં જ્ઞેય બનાવ્યું, એકાકાર થઈને અંતર્મુખ દૃષ્ટિ એકરૂપ સ્વભાવ ઉપર (થઈ), એનો અર્થ એકરૂપ, એ સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ (તો) આસ્રવના પરિણામ મટ્યા, શુદ્ધ પરિણામની જાત પ્રગટ થઈ. માટે તેને ભાવાસ્રવ નથી એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

હવે દ્રવ્યાસ્રવ. (**દ્રવ્યાસ્રવેભ્યઃ**) **'જ્ઞાનાવરણાદિ કર્મપર્યાયરૂપ...'** કર્મ પર્યાયરૂપ **'જીવના પ્રદેશોમાં બેઠા છે...'** ભાષા. એવા **'પુદ્ગલપિંડ,...' 'જ્ઞાનાવરણાદિ કર્મપર્યાયરૂપ જીવના પ્રદેશોમાં...'** પરમાણુના પિંડરૂપ અજીવતત્ત્વ બેઠા છે. પ્રદેશ ઉપર અજીવતત્ત્વ ભિન્ન બેઠા

છે. '**તેમનાથી...**' (स्वतः) '**સ્વભાવથી...**' '**भिन्नः एव**' '**સર્વકાળ નિરાળો જ છે.**' કે દિ' એક સમયમાં પણ અંદરમાં હતું એ અડ્યું છે? રજકણોનો તો ચૈતન્યમાં અભાવ છે, રજકણોમાં ચૈતન્યનો અભાવ છે. અને ચૈતન્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સ્વચતુષ્ટયમાં કર્મના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો તો ત્રિકાળ અભાવ જ છે. એક ક્ષેત્રે બેઠા છે એટલું કહ્યું. પણ સ્વતઃ એ તો પોતાની પર્યાયમાં, એની પર્યાયનો અભાવ છે. ઉદયની પર્યાયનો સત્તાની બધી પરમાણુમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો જ અભાવ છે. એટલે સ્વતઃ એ તો ભિન્ન છે.

**શ્રોતા :-** બેઠા છે તો આત્માના પ્રદેશોમાંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેઠા તો એ આત્માના પ્રદેશે એના પ્રદેશો જુદી જાતે અજીવપણાની પર્યાય લઈને બેઠા છે. જીવની પર્યાયમાં અને એની પર્યાયમાં અત્યંત અભાવ છે. આહાહા..! ફક્ત જે મિથ્યાત્વ અને અનંતાનુબંધીના પરિણામ એક સમયના પર્યાયની રુચિ (હતી). ત્રિકાળી વસ્તુ આ વસ્તુ માહાત્મ્યવાળી, મહાન પદાર્થ મોટો જ્ઞાનદર્શનથી ભરેલો, આનંદથી ભરેલો એવા ત્રિકાળી સ્વભાવના સામ્રાજ્યની દૃષ્ટિ નહિ અને એકલા પુણ્ય-પાપના વિકાર વૃત્તિ, ઉદયભાવ કૃત્રિમ ઉપર દૃષ્ટિ (હતી) એટલો જ મિથ્યાત્વભાવ અને એ જ આસ્રવભાવ ગણવામાં આવ્યો છે. એ ખરો બેઠો હતો પર્યાયમાં. એક સમયનો એ પર્યાય ખરો બેઠો હતો. અને પરમાણુ જે બેઠા એ તો અત્યંત અભાવે બેઠા છે. આનું અનિત્ય તાદાત્મ્ય હતું. શું કીધું?

પુણ્ય ને પાપ ને અશુદ્ધ પરિણામનું સ્વભાવ સાથે એક સમયનું અનિત્ય તાદાત્મ્ય હતું, પણ કર્મનું તો અનિત્ય તાદાત્મ્ય પણ નથી. એ તો અત્યંત અભાવરૂપ ભાવ છે. હવે અહીં તો કહેવું છે કે જે આ અહીંયાં અનિત્ય તાદાત્મ્ય પરિણામ જે ક્ષણિક હતા એ જ્યાં નિત્ય તાદાત્મ્ય જ્ઞાનાનંદ સ્વભાવની ઉપર દૃષ્ટિ જતાં અનિત્ય તાદાત્મ્ય પરિણામનો વ્યય થયો અને નિત્ય તાદાત્મ્ય સ્વભાવને આશ્રયે શુદ્ધતા પ્રગટ થઈ. સમજાણું કાંઈ? તાદાત્મ્ય અને બાદાત્મ્ય ભગવાનભાઈ! સાંભળ્યું ન હોય લ્યો, આ શું હશે? તાદાત્મ્ય એટલે એકરૂપ. રજકણની સાથે તો આત્મા પર્યાયમાં પણ એકરૂપ ત્રણ કાળમાં છે નહિ. એથી કહ્યું '**द्रव्यास्रवेभ्यः स्वतः एव भिन्नः**'

હવે રહ્યા ભાવાસ્રવ કે જે આખો ચિદાનંદ પ્રભુને ન માનતા, પુણ્ય-પાપના અંશનો સ્વીકાર અને મલિનતાનો સ્વીકાર, નિર્મળતાના ભગવાનનો તો અનાદર એવો મિથ્યાત્વભાવ અને એની સાથેનો જ રાગ અને દ્વેષ, ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ એવો રાગ-દ્વેષભાવ એકલો હતો એ એક સમયમાં હતો. એક સમયમાં અનિત્ય તદ્રૂપે હતો. એનો કેમ નાશ થયો? '**भावास्रवाभावमयं प्रपन्नः**' કે ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ આખો અનંત ગુણનો પિંડ એના ઉપર અંતર દૃષ્ટિને આશ્રયે પડતા એ સમ્યક્ શુદ્ધતા પરિણમતા એ અનિત્ય તાદાત્મ્ય મલિન પરિણામ, શુદ્ધતાના પરિણામની અસ્તિ રહી ગઈ, અશુદ્ધતાના પરિણામનો વ્યય થઈ ગયો. સમજાણું

કાંઈ?

આ (પુદ્ગલકર્મપિંડ) તો એની સાથે હતા જ નહિ એક સમયમાત્ર પણ. આમ જોડે છે એમ કહે છે. શું કીધું? **'જીવના પ્રદેશોમાં બેઠા છે પુદ્ગલપિંડ, તેમનાથી સ્વભાવથી સર્વકાળ નિરાળો જ છે. ભાવાર્થ આમ છે કે—'** સર્વ કાળ નિરાળો. જોયું! ઓલો તો એક સમયમાત્ર નિરાળો નહોતો. શુભાશુભ પરિણામ અને મિથ્યાત્વથી એક સમયમાત્ર નિરાળો નહોતો. એની પર્યાયમાં તદ્રૂપતા હતી, એકરૂપતા હતી. એ સ્વભાવની સાથે એકરૂપતા થતાં એ અભાવ થઈ ગયો એનો. આનો તો અભાવ છે જ એમ કહે છે. એ તો રજકણ ભિન્ન છે. **'સ્વભાવથી સર્વ કાળ નિરાળો જ છે.'** એ સર્વ કાળ નિરાળો જ છે. ઓલો એક સમયમાં નિરાળો નહોતો એ નિરાળો થઈ ગયો. આ સર્વ કાળ નિરાળા છે. આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે—આસ્રવ બે પ્રકારનો છે. વિવરણ—એક દ્રવ્યાસ્રવ છે, એક ભાવાસ્રવ છે.'** વિશેષ સ્પષ્ટ કરે છે. **'દ્રવ્યાસ્રવ એટલે કર્મરૂપ બેઠા છે આત્માના પ્રદેશોમાં પુદ્ગલપિંડ તે;...'** દ્રવ્યઆસ્રવ રજકણો જે પરમાણુઓ કહેતા કર્મરૂપ પર્યાયરૂપ પરિણમેલા પડ્યા છે, પડ્યા છે, બેઠા છે. **'कम्मपदेसट्ठिदं'** આવે છેને (સમયસાર ગાથા-૨)? આત્મા એમાં બેસે છે એમાં. એમાં આવ્યા છે એમ કહે છે. સવળું કરવું છેને ઓલામાં? **'कम्मपदेसट्ठिदं च तं जाण परसमयं'** (સમયસાર ગાથા-૨) એ કર્મના પ્રદેશમાં આમ બેસે છે, દૃષ્ટિ ત્યાં પડે છે એ પરસમય (સમયસાર ગાથા-૨) છે અને આ આત્માના પ્રદેશમાં પરમાણુ આવીને બેઠા છે એ પરદ્રવ્ય છે. **'આત્માના પ્રદેશોમાં પુદ્ગલપિંડ તે; આવા દ્રવ્યાસ્રવથી જીવ સ્વભાવથી જ રહિત છે.'** એ તો એનામાં કોઈ દિ' એક સમયમાત્ર પણ નહોતા. એક સમયમાત્ર પણ પરમાણુ તો એનામાં નહોતા.

**શ્રોતા** :-શરીર..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શરીર શું પૂછે? શરીર હતું જ કે દિ' અંદર? શરીરનો તો અત્યંત અભાવ છે આત્મામાં. કર્મનો, શરીરનો, વાણીનો આત્મામાં પર્યાયમાં (અત્યંત અભાવ છે). પર્યાયમાં હોં! દ્રવ્ય-ગુણ એમાં તો છે જ કે દિ'. એક સમયની અવસ્થા ઉત્પાદની આત્માના અનંત ગુણની, ભલે અશુદ્ધપણે અનાદિ ઉત્પન્ન થયો પણ છતાં એક સમયની અંદરમાં અનંતા પેલાં બધા દ્રવ્યો, કર્મ અને શરીર અભાવરૂપે છે. એક સમયમાત્ર પણ એના પ્રદેશમાં આવ્યા નથી કે પર્યાયમાં આવ્યા નથી. આહાહા..! એવી ચીજ જુદી છેને? સમજાય છે કે નહિ? મોતીરામજી! થોડું થોડું આવે છે. ક્યાં ગયા ધન્યકુમાર?

**'જોકે જીવના પ્રદેશો અને કર્મ-પુદ્ગલપિંડના પ્રદેશો એક જ ક્ષેત્રે રહે છે...'** છે ને? એક જ ક્ષેત્રમાં રહે છે. ક્ષેત્ર એક. એ પણ ક્ષેત્ર એક શું? કે આકાશનું. બાકી સ્વક્ષેત્રમાં સ્વ છે, પરક્ષેત્રમાં એ પર છે. અને સ્વક્ષેત્રમાં એ પરક્ષેત્રનો અભાવ છે. આકાશના પ્રદેશની

અપેક્ષાએ ત્યાં પોતાના પ્રદેશ છે એમાં એ છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. '**જીવના પ્રદેશો અને કર્મ-પુદ્ગલપિંડના પ્રદેશો એક જ ક્ષેત્રે રહે છે તોપણ પરસ્પર એકદ્રવ્યરૂપ થતા નથી,...**' કોઈ દિ' એક દ્રવ્યરૂપ ત્રણ કાળમાં થયા નથી.

'**પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ રહે છે;...**' આત્મા પોતાનું દ્રવ્ય અનંત ગુણનો પિંડ, ગુણ એની શક્તિઓ અને પર્યાય એની હાલત એ રૂપે આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે અને કર્મ દ્રવ્ય-ગુણ-પર્યાય એનામાં છે. દ્રવ્ય રજકણો, ગુણ એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ અને પર્યાય એની કર્મની અવસ્થારૂપ થઈ તે. એ '**પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ રહે છે;...**' કોઈની પર્યાયમાં કોઈ કોઈને અડતું નથી.

**શ્રોતા** :-પુદ્ગલ શી રીતે આવે જીવમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પુદ્ગલ શી રીતે આવે પણ? આ શરીર તો આવ્યું હશે ને? આ શરીર આત્મામાં આવી ગયું હશે કે નહિ? જયચંદભાઈ! શરીર આત્મામાં આવી ગયું હશે કે નહિ?

**શ્રોતા** :- તમે ના પાડો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ વાત સાચી, ઈ વાત સાચી. પણ આ ન્યાયથી આવે છેને ભાઈ! ન્યાયથી આવે છે. વસ્તુ છે એ વસ્તુ વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. આમ ખ્યાલમાં તો આ લેવું જોઈએ કે નહિ એણે? વસ્તુ જે છે એ વસ્તુ પોતે પદાર્થ છે અનંત ગુણનો પિંડ. એના ગુણો એટલે એની શક્તિ અથવા સ્વભાવ અને વર્તમાન એની દશા એટલે હાલત, એની અંદરમાં એ વસ્તુ છે. આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. શરીર એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો એક અંશ પર્યાયમાં—આત્માની પર્યાયમાં આવી જાય છે એમ ત્રણ કાળમાં છે નહિ. હવે બરાબર છે. કહો, સમજાણું કાંઈ? તો શેની રાડ નાખે છે કહે છે આ? એમ કહે છે.

**શ્રોતા** :- આ ચક્કર ખાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ કે ચક્કર ખાઈ જાય છે આ શરીર. આહાહા..! હાથ રહેતું નથી. હાથ શેનો (રહે) પણ? એનો પર્યાય એને હાથ રહે. તમારે હાથે રહે? તમારામાં છે તો તમારે હાથ રહે? તમારો પર્યાય તમારે હાથ રહે, એનો પર્યાય એને હાથ રહે. આહાહા..!

**શ્રોતા** :- આ તો એકલો પડી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એકલો. સદાય એકલો જ છે. કે દિ' બેકલો હતો? ઈ તો વાત ચાલે છે આ.

દરેક આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે અને બીજા બધા આત્મા અને બીજા બધા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં એ છે. એ દ્રવ્ય-ગુણ-પર્યાય બધા દ્રવ્યના, અહીં દ્રવ્ય-ગુણમાં તો નથી

પણ એના પર્યાયમાં એક સમયમાત્ર બીજા દ્રવ્ય નથી. કોની સાથે હવે એને .. કરવું છે એને?

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- માન્યું છે કલ્પના, ગાંડાએ પાગલ થઈને. આહાહા..!

અસ્તિ પોતાનો અસ્તિ સ્વભાવ એનો અસ્તિ સ્વભાવ એ પરના અસ્તિ સ્વભાવમાં ક્યાંથી જાય? અને પરનો અસ્તિ સ્વભાવ એ પોતાના અસ્તિ સ્વભાવમાં એક સમય પણ કેમ આવે? અહીં આવે તો એના પર્યાય વિનાનું દ્રવ્ય થઈ જાય? એનો પર્યાય અહીંયાં આવે તો પર્યાય વિનાનું દ્રવ્ય થઈ જાય? પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ. સામાન્ય એકલું રહે અને વિશેષ ન હોય? દ્રવ્ય-ગુણ છે એ સામાન્ય છે. અને પર્યાય વર્તમાન વિશેષ છે. તો એ પર્યાય અહીં આવી જાય, ત્યાં ન રહે તો એ પર્યાય વિનાનું દ્રવ્ય થાય. એટલે કે સામાન્ય રહે અને વિશેષ નહિ હોય. તો સામાન્ય અને વિશેષનું અસ્તિત્વથી આખું અસ્તિત્વ એનામાં છે. અહીં પણ સામાન્ય અને વિશેષનું અસ્તિત્વ આત્માનું આત્મામાં છે. દ્રવ્ય-ગુણ સામાન્ય, પર્યાય વિશેષ. આહાહા..!

વાત ઈ કે એણે અંતરમાં મનન અને મંથન કર્યું નથી. આમ વાત સાંભળી જાય, પણ સાંભળીને અંદરમાં એ ગોઠવવાની વાત કે આ છે શું પણ આ? આ મારા હોવામાં હોય તે પરમાં ન હોય અને પરનું હોવાપણું મારામાં ન હોય, તો એને ભિન્ન ભાસે. એ વિચાર કોઈ દિ' કરે નહિ. આ લોથ લોથ શરીર સાથે ફરે અને આ વાણી અને કર્મના રજકણો એ તો વળી ભાળતો નથી પણ ભગવાને કીધુંને એટલે એને એમ લાગે (કે) મારી પાસે કર્મ છે, મારી પાસે કર્મ છે. પાસે એટલે શું? એ તો કહે છે.

**શ્રોતા** :-...


**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નવરો નથી થાતો એને. આ બહારનું કાંઈક આ કરી લઉં.. આ કરી લઉં.. આ કરી લઉં એમ થાય છે જુઓને. હવે માંડ માંડ વિચાર તમારે આવ્યા. નહિતર અત્યાર સુધી આ ચોપડી ખોલો અને આ ચોપડી ખોલો, ક્યાં કેટલો રોકાણો? એ વાંચવા લાવ્યા હતા. નિવેદન મૂકે. ભૂલ કરે હર વખતે અને નિવેદન મૂકે. ઓલાને વિશ્વાસ ન રહે. ભાઈ આ આ કારણે મારે આમ થયું હતું, આ આ કારણે મારે થયું હતું.

વાત એ છે કે એણે પોતાને માટે સ્વતંત્ર સ્વભાવ શું છે અને આ સ્વતંત્ર જગતના પદાર્થ શું છે? એનું વાસ્તવિક રીતે વિચાર અને મનન કર્યું નથી. વાસ્તવિક રીતે હોં! વાસ્તવિક રીતે અંતરના પર્યાય, ગુણ અને દ્રવ્ય અને પરના (દ્રવ્ય, ગુણ પર્યાય) એનું જ્યાં (વાસ્તવિક વિચાર અને મનન) થાય (એટલે) એ પોતાનો પર્યાય મારામાં છે અને એ પર્યાય દ્રવ્યમાંથી એટલે દ્રવ્યનો છે, દ્રવ્યનો છે. એટલે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. સમજાણું કાંઈ?

એથી અહીં કહ્યું ને '**જીવના પ્રદેશો અને કર્મ-પુદ્‌ગલપિંડના પ્રદેશો એક જ ક્ષેત્ર રહે છે તોપણ પરસ્પર એકદ્રવ્યરૂપ થતા નથી,...**' દરેક પદાર્થ પોતાની પર્યાયના ઉત્પાદમાં રહેલા છે. એક પર્યાયરૂપ નથી થતા એકદ્રવ્યરૂપનો અર્થ. '**પોતપોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ રહે છે;...**' ઓહોહો..! એક એક રજકણ પણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયપણે રહે. એક એક રજકણ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયપણે રહે, બીજા દ્રવ્ય-ગુણ-પર્યાયપણે રહે નહિ. તો આત્મા પોતે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને છોડીને પરની પર્યાયપણે થાય કે કર્મ પોતે પોતાની પર્યાયને છોડીને આત્માની પર્યાયરૂપે આવે કે થાય (એમ) ત્રણ કાળમાં બનતું નથી. જૈન સિદ્ધાંત વીતરાગનું રહસ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્‌. દરેક પર્યાય પોતાની પર્યાયની ઉત્પાદમાં રહેલો છે. બીજાના ઉત્પાદમાં એ રહેલો છે, એનો આમાં નહિ અને આ એમાં નહિ.

તો કહે છે, ભાવાસ્રવનો અભાવ તો સ્વભાવના ભાન દ્વારા થયો અને આ તો અભાવ છે. એમ સિદ્ધ કરવું છે ને. આહાહા..! પર્યાયમાં મલિનતાની દૃષ્ટિ કૃત્રિમ ક્ષણિક દૃષ્ટિ એ તો એની પર્યાયમાં હયાતીરૂપ હતી સમયમાત્ર. એ ત્રિકાળ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થતાં, અનુભવ થતાં શુદ્ધ પરિણામ થયા એ પરિણામ ન રહ્યા, તેથી ન રહ્યા. અને આ. આ તો કહે છે કે દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ બધા પોતે પોતાને કારણે રહ્યા. '**તેથી પુદ્‌ગલપિંડથી જીવ ભિન્ન છે.**' લ્યો! બહુ સ્પષ્ટ કર્યું છે. ભગવાન આત્મા એ આઠેય કર્મના અનંતા અનંતા રજકણો, આ અસંખ્યલોકમાત્ર કહ્યાને માથે ભાઈ! કર્મવર્ગણા ભેદ અસંખ્ય લોકમાત્ર એ બધા એના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહ્યા એથી આત્મા એનાથી ભિન્ન છે. કહો, સમજાણું? એનાથી એકમેક એક સમયમાત્ર પણ કોઈ દિ' થયો નથી. હવે વિશેષ કહેશે ભાવાર્થની વાત છે થોડી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)


ૐ
ચૈતન્ય સ્વભાવનું અજ્ઞાન તે
રાગ દ્વેષનું કર્તુત્વ મનાવે છે.
રાગ દ્વેષનું કર્તુત્વ છતાં અકર્તા એવો
જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એની દૃષ્ટિમાં આવતો
નથી તેથી પરિભ્રમણનું મૂળ એવું રાગદ્વેષ
નું કર્તુત્વ એવું અજ્ઞાન એજ સંસારનું બીજ છે.

## વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૫, શનિવાર,
## તા. ૩-૭-૧૯૬૫, કલશ-૧૧૫-૧૧૬
## પ્રવચન નં. ૮૭

સમયસાર કળશ, આસ્રવ અધિકાર. ૧૧૫માં પાછલી પાંચ લીટી છે. સમ્યગ્દૃષ્ટિને દ્રવ્યાસ્રવ તો નથી એ વાત પહેલી કરી. કેમકે આત્મા તો અરૂપી વસ્તુ છે એટલે સાધારણ રીતે રજકણો જે પુદ્‌ગલ છે એના દ્રવ્ય-ગુણ-પર્યાય તો આત્માથી તદ્દન ભિન્ન છે. અજ્ઞાનીને ભિન્ન છે, તો જ્ઞાનીને તો ભિન્ન છે જ.

અહીં તો ભાવાસ્રવની વાત હવે વિશેષ કહેવાની છે. ભાવાસ્રવ એટલે રાગ-દ્વેષ અને મિથ્યાત્વભાવ. ભાવાસ્રવ એટલે મલિન પરિણામ પર્યાયબુદ્ધિવાળા. સ્વભાવનું કારણ જુઓ તો સ્વભાવ તો કારણ શક્તિથી પૂર્ણ પરમાત્મા છે. સ્વભાવ પૂર્ણ શક્તિથી ભરેલું કારણતત્ત્વ, કારણઆત્મા કહો, કારણજીવ કહો, કારણપરમાત્મા કહો, એ કારણપરમાત્માની અંતર્મુખ દૃષ્ટિનો અનુભવ થયો કે આ જ વસ્તુ પૂર્ણ છે અને એનું સાધન અને કાર્ય પણ એમાં જ ભરેલું છે.

સાધન એટલે કરણ, કર્તા એ, કર્મ—કાર્ય બધું એના સ્વરૂપ શક્તિમાં દ્રવ્યસ્વરૂપ વસ્તુ કારણ શુદ્ધનયે એટલે અંતરદૃષ્ટિએ, શુદ્ધનયનો અર્થ એ છે, પોતે આત્મા જ શુદ્ધનયે એટલે અંતરદૃષ્ટિએ પૂર્ણ કારણભગવાન છે. એ કારણભગવાનની પ્રતીત અનુભવમાં, સમ્યક્‌માં થઈ એટલે કારણમાં વિકાર નથી, એ તો મિથ્યાત્વ ભ્રાંતિ હતી ત્યારે મિથ્યાત્વને સંબંધે રાગ, દ્વેષ જે અનંતાનુબંધી હતા એ ગણવામાં આવતા હતા. વસ્તુની દૃષ્ટિ થતાં દ્રવ્યસ્વભાવ એને દૃષ્ટિએ કારણ બનાવીને અનુભવે તો જ્ઞાનના વેદન દ્વારા આ જ વસ્તુ પૂર્ણ છે એમ અનુભવ થતાં સમ્યગ્દૃષ્ટિને ભાવાસ્રવ પણ નથી એમ કહેવું છે અહીં.

‘**મોહ-રાગ-દ્વેષરૂપ વિભાવ અશુદ્ધ ચેતનપરિણામ; આવા પરિણામ જોકે જીવને મિથ્યાદૃષ્ટિ—અવસ્થામાં વિદ્યમાન જ હતા...**’ એટલે કે વસ્તુ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, કારણપરમાત્મા હું એમ ભાન નહોતું ત્યારે તો એ પુણ્ય-પાપ ને વિકલ્પો આદિ જ હું એવો જે મિથ્યાત્વભાવ એમાં એ અશુદ્ધ પરિણામની હયાતી હતી. સમજાણું કાંઈ? ‘**જીવને મિથ્યાદૃષ્ટિ—અવસ્થામાં...**’ મિથ્યા નામ અસત્ય બુદ્ધિ. વસ્તુ સ્વરૂપ એક સમયમાં પૂર્ણ પરમાત્મા, એની દૃષ્ટિનો અભાવ. એટલે કે અસત્ય દૃષ્ટિ એટલે પુણ્ય ને પાપને મલિન કરતી અવસ્થા એવી મિથ્યાબુદ્ધિ હતી, આટલો હું, એ હું, એ મારું કર્તવ્ય અને એ જ મારું સ્વરૂપ.

એવી દૃષ્ટિની અવસ્થામાં વિદ્યમાન હતા. ભ્રમણા અને રાગદ્વેષ હતા.

'**તોપણ સમ્યક્ત્વરૂપ પરિણમતાં...**' અહીં તો દ્રવ્યસ્વભાવનું પરિણમન શુદ્ધ થયું એટલી જ અહીં વાત લેવી છે. ભગવાન આખો પૂર્ણ કારણ... કારણ... કારણ... એ વીતરાગી કેવળજ્ઞાનના કાર્યનું કારણ એ વસ્તુ. એવા કારણરૂપ વસ્તુની સ્થિતિ દૃષ્ટિમાં, અનુભવમાં આવી સમ્યક્ સત્ય દૃષ્ટિએ, એટલે કહે છે કે સમ્યક્ત્વરૂપ પરિણમન થયું. પરિણમન એટલે પર્યાય બદલી ગઈ. જે શ્રદ્ધા, મિથ્યાશ્રદ્ધાનો પુણ્ય-પાપના શુભાશુભભાવ આદિ આસ્રવ ઉપર, કૃત્રિમ વિકાર ઉપર બુદ્ધિ અને મિથ્યાત્વભાવ હતો, એ અકૃત્રિમ ત્રિકાળ કારણપરમાત્માની દૃષ્ટિ થતાં સમ્યક્ત્વરૂપ પરિણમન થઈ ગયું. એ પરિણમન સમ્યક્ દશાની શ્રદ્ધા-જ્ઞાનનું પરિણમન થઈ ગયું.

'**અશુદ્ધ પરિણામ મટ્યા;...**' એ મિથ્યાત્વ સાથેના, મિથ્યાત્વ એનું છૂટ્યું. કેમકે સ્વરૂપની દૃષ્ટિમાં અનુભવમાં શુદ્ધના પરિણામ સહિતનો જ આત્મા પોતાને અભેદપણે જાણે છે. અશુદ્ધ પરિણમન તો ભિન્નપણે છે એટલે એને નથી એમ અહીંયાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**સમ્યક્ત્વરૂપ પરિણમતાં...**' સત્ય સ્વરૂપ પરમાત્મા પોતે જ નિજ સ્વરૂપે પૂર્ણ એટલે કે તેની દૃષ્ટિ એટલે કે તેનું વર્તમાન જ્ઞાન અને વર્તમાન વીર્ય અંતર્મુખમાં વળતાં જે સમ્યક્પણે પરિણમન થયું (તો) એ અશુદ્ધ પરિણામ ન રહ્યા. મિથ્યાત્વના અને એની સાથે જરી રાગ-દ્વેષ આદિ (થતા હતા) એ રહ્યા નહિ. કહો, સમજાય છે કાંઈ?

'**તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ ભાવાસ્રવથી...**' આ કારણે એમ કીધું ને? '**સમ્યક્ત્વરૂપ પરિણમતાં...**' શુદ્ધ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ એની દૃષ્ટિ થતાં અશુદ્ધ પરિણામ રહેતા નથી. બહુ પણ વાત તો... સમ્યગ્દર્શન થતા આ બધું ગયું? કાંઈ ન મળે. અત્યારે દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય દ્રવ્યસ્વભાવનું જોર દેવું છે. નબળાઈમાં રાગ-દ્વેષ છે એ તો ખ્યાલ નથી? પણ અહીંયાં એકદમ સમ્યક્ પરિણમન થતાં અશુદ્ધ પરિણમન રહ્યું નહિ, અશુદ્ધ ને શુદ્ધ પરિણમનની એકતા રહી નહિ. સમજાણું કાંઈ?

શુદ્ધ સ્વભાવ એને પરિણમનમાં શુદ્ધપણું આવ્યું એટલે અશુદ્ધપણાનું અસ્થિરતાનું એકપણું આમાં ન રહ્યું, એટલે એકપણું ન રહ્યું એટલે અશુદ્ધપણું છૂટી ગયું એમ કહ્યું ત્યાં. આમ છે ભાઈ વાત તો. આ ચૈતન્ય આખો એક એક ભગવાન પૂર્ણ પોતે. સમજાણું? એનું સાધન, એનું કાર્ય એને બહાર શોધવા જાવું પડતું નથી. એવી જ્યાં અંતર શોધનમાં દૃષ્ટિ ગઈ એટલે અંતરનો સ્વભાવ શુદ્ધ છે એ સાધનરૂપે થઈ અને અંતરનું કર્મ જે ગુણ છે એ શુદ્ધ કાર્યરૂપે પરિણમન સમ્યક્ત્વની સાથે પરિણમન થયું. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

વાત એ છે કે એ ભગવાન પોતે પૂર્ણ છે એનું માહાત્મ્ય કોઈ દિ' આવ્યું નથી. બહારમાં આમ ભટક્યા કર્યો. કાં બધા થઈને એક, કાં ભગવાન કોઈ આપતો હશે અને કોઈ દેતો

હશે. આ જૈન વાડામાં જન્મીને ક્યાંક દયા, દાનના વિકલ્પ અને શુભભાવથી અંદરમાં એનું માહાત્મ્ય સ્વભાવનું આવતું હશે. એમ અટકી અટકીને ભટક્યો. સમજાણું કાંઈ? કારણ કે શાસ્ત્રમાં ક્યાંક કહ્યું છેને, વ્યવહાર સાધન કહ્યું છે. પંચાસ્તિકાયમાં બહુ કહ્યું. ભાઈ! કઈ અપેક્ષાએ, બાપુ! કહ્યું છે ત્યાં. હળવે હળવે સમયે સમયે સુખે સુખે તરે. એવું આવ્યું છે કે નહિ? એય.. દેવાનુપ્રિયા! અમારે પંડિતજીએ અર્થ કર્યા છે એવા લ્યો. અમારે પંડિતજીએ અર્થ એવા કર્યા છે. ટીકામાં હોય એ પ્રમાણે કરવું જોઈએ કે નહિ? વ્યવહારથી સમયે સમયે તરે, ચંદ્રમાની કળા જેમ ખીલે. એવો પાઠ છે લ્યો. એ તો નિશ્ચયનું ભાન છે ત્યાં શુદ્ધતા વધે છે એને વ્યવહારમાં અશુભતા ઘટી અને શુભતાનો રાગનો વિકલ્પ છે એનાથી વ્યવહાર વધે છે એમ વ્યવહારથી કહેવામાં આવ્યું. વધે છે તો સ્વભાવના આશ્રયે. ભારે પણ કથનની પદ્ધતિ.

**શ્રોતા** :-પંડિતજીએ લખ્યું છે....

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમાં હોય એમ લખે કે નહિ ટીકામાં, શું કરે? આહાહા..!

બાપુ! એ વસ્તુ... કહે છે, આ કારણ આપ્યું ને? '**મિથ્યાદષ્ટિ—અવસ્થામાં વિદ્યમાન જ હતા...**' નહોતા એમ નહિ. અંશપણાની વિદ્યમાનતાની દૃષ્ટિમાં, વિકારના અંશપણાની વિદ્યમાન દૃષ્ટિમાં એ રાગ-દ્વેષ મિથ્યાત્વ પરિણામ વિદ્યમાન હતા. એ બિલકુલ નહોતું, બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એટલે વિકાર કાંઈ હતો જ નહિ અને કાંઈ નહોતું એમ નથી. એમ સિદ્ધ કર્યું છે.

'**તોપણ સમ્યક્ત્વરૂપ પરિણમતાં...**' ભગવાન પૂર્ણ પ્રભુ એની અંતરમાં શક્તિ પૂર્ણ પડી છે, સ્વભાવ અને સ્વભાવવાન બધું એક જ અભેદ છે, એના ઉપર એકત્વ થવાથી સમ્યક્ત્વરૂપ પરિણમ્યું. ઓલા પુણ્ય-પાપમાં એકત્વ થવાથી મિથ્યાત્વનું અશુદ્ધનું પરિણમન હતું. એ ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવ ઉપર દૃષ્ટિ જવાથી અંતર્મુખના માહાત્મ્યે ચડેલો ભાવ સમ્યક્રૂપે પરિણમ્યો (તો હવે) અશુદ્ધ પરિણામ નથી. એ અપેક્ષાએ કહેવામાં આવે છે. '**તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ ભાવાસ્રવથી રહિત છે.**' આ કારણે ધર્મી જીવ, જ્ઞાની જીવ ભાવાસ્રવ મિથ્યાત્વ અને સાથે રહેલા રાગ-દ્વેષ એની દૃષ્ટિમાં એ છે નહિ, એની દૃષ્ટિમાં તો ભગવાન આત્મા છે, માટે તેને ભાવાસ્રવરહિત કીધો છે. સમજાણું કાંઈ?

'**આથી એવો અર્થ નીપજ્યો કે સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ છે.**' કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએ ને. જ્યાં સુધી પૂર્ણ નથી ત્યાં સુધી તો આગળ.. શાસ્ત્રમાં લે નહિ? ખૂબ લીધી. પછી કહ્યું, જઘન્ય જ્યાં સુધી પરિણમન છે તો જ્ઞાનીને એટલો પણ હજી યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત નહિ થાય. બાપુ! એ છે. એ વાત તો પાછી અપેક્ષા લેવી પાછી ભૂલી ન જાય. છે, એ વાત ખ્યાલમાં નથી? જ્યાં સુધી દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન જઘન્ય છે ત્યાં સુધી યથાખ્યાત ચારિત્રનું પરિણમન પૂર્ણ નથી, ત્યાં સુધી ગુલાટ ખાય છે રાગ,

પરમાં જાય છે લક્ષ. પરિણમન છે. છેને ટીકામાં.

એ અત્યારે અહીં એકલો દ્રવ્યસ્વભાવ, ભગવાન પરમાત્માનો ભેટો થયો એવી દૃષ્ટિને ભગવાનનો ભેટો થયો. સમજાણું કાંઈ? તેથી એ દૃષ્ટિના પરિણમનના કાળમાં એ મિથ્યાદૃષ્ટિ અને રાગ-દ્વેષનું પરિણમન જે અશુદ્ધ એકત્વબુદ્ધિએ હતું એ ટળ્યું. માટે તેને અશુદ્ધ પરિણમન નથી એમ કહેવામાં આવે છે.

**'આથી એવો અર્થ નીપજ્યો કે સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ છે.'** આહાહા..! વીતરાગ માર્ગ સિવાય આ વાત બીજે હોઈ શકે નહિ. કઈ રીતે ભગવાન પોતે થયો. આહાહા..! એને નજરું તો અંતરમાં જ નાખવાની છે. એ પોતે જ આખો કાર્ય પરમાત્મા કેવળજ્ઞાનપણે પરિણમવાની તાકાત રાખનારો છે. એને કોઈ વિકલ્પની મદદને કારણે કાર્ય પરમાત્મા થાય એવો એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? માટે ભગવાન આત્માના ભાનવાળો એ સમ્યગ્દૃષ્ટિને આસ્રવ છે નહિ.

---

(શાર્દૂલવિક્રીડિત)

सन्न्यस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं
वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन्।
उच्छिन्दन् परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भवन्
आत्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा।।४-११६।।

**ખંડાન્વય સહિત અર્થ :-** ''आत्मा यदा ज्ञानी स्यात् तदा नित्यनिरास्रवः भवति'' (आत्मा) જીવદ્રવ્ય (यदा) જે કાળે, (ज्ञानी स्यात्) અનન્તકાળથી વિભાવ-મિથ્યાત્વભાવરૂપ પરિણમ્યું હતું પરંતુ નિકટ સામગ્રી પામીને સહજ જ વિભાવપરિણામ છૂટી જાય છે, સ્વભાવ-સમ્યક્ત્વરૂપ પરિણમે છે, (એવો કોઈ જીવ હોય છે,) (तदा) તે કાળથી માંડીને સમસ્ત આગામી કાળમાં (नित्यनिरास्रवः) સર્વથા સર્વ કાળ સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ અર્થાત્ આસ્રવથી રહિત (भवति) હોય છે. ભાવાર્થ આમ છે—કોઈ સંદેહ કરશે કે સમ્યગ્દૃષ્ટિ આસ્રવ સહિત છે કે આસ્રવ રહિત છે? સમાધાન આમ છે કે આસ્રવથી રહિત છે. શું કરતો થકો નિરાસ્રવ છે? ''निजबुद्धिपूर्वं रागं समग्रं अनिशं स्वयं सन्नयस्यन्'' (निज) પોતાના (बुद्धि) મનનું (पूर्वं) આલંબન કરીને થાય છે જેટલા મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણામ, એવા જે (रागं) પરદ્રવ્ય સાથે રંજિત પરિણામ—જે (समग्रं) અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે—તેને (अनिश) સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળથી માંડીને આગામી સર્વ કાળમાં (स्वयं) સહજ જે (सन्न्यस्यन्) છોડતો થકો. ભાવાર્થ આમ છે કે—નાના પ્રકારનાં કર્મોના ઉદયે નાના

પ્રકારની સંસાર-શરીર-ભોગ-સામગ્રી હોય છે. એ સમસ્ત સામગ્રીને ભોગવતો થકો 'હું દેવ છું, હું મનુષ્ય છું, હું સુખી છું, હું દુઃખી છું,' ઈત્યાદિરૂપ રંજિત થતો નથી; જાણે છે કે—'હું ચેતનામાત્ર શુદ્ધસ્વરૂપ છું; આ સમસ્ત, કર્મની રચના છે.' આમ અનુભવતાં મનના વ્યાપારરૂપ રાગ મટે છે. ''अबुद्धिपूर्वम् अपि तं जेतुं वारंवारम् स्वशक्तिम् स्पृशन्'' (अबुद्धिपूर्वम्) મનના આલંબન વિના મોહકર્મના ઉદયરૂપ નિમિત્તકારણથી પરિણમ્યા છે અશુદ્ધતારૂપ જીવના પ્રદેશ, (तं अपि) તેને પણ (जेतुं) જીતવાને માટે (वारंवारम्) અખંડિતધારા-પ્રવાહરૂપે (स्वशक्तिं) શુદ્ધ ચૈતન્યવસ્તુને (स्पृशन्) સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદતો થકો. ભાવાર્થ આમ છે- -મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ છે જીવના જ અશુદ્ધચેતનારૂપ વિભાવપરિણામ તે બે પ્રકારના છે : એક પરિણામ બુદ્ધિપૂર્વક છે, એક પરિણામ અબુદ્ધિપૂર્વક છે. વિવરણ— બુદ્ધિપૂર્વક કહેતાં, જે બધા પરિણામ મન દ્વારા પ્રવર્તે, બાહ્ય વિષયના આધારે પ્રવર્તે, પ્રવર્તતા થકા તે જીવ પોતે પણ જાણે કે 'મારા પરિણામ આ રૂપે છે,' તથા અન્ય જીવ પણ અનુમાન કરીને જાણે કે આ જીવના આવા પરિણામ છે;- આવા પરિણામ બુદ્ધિપૂર્વક કહેવાય છે. ત્યાં આવા પરિણામને સમ્યગ્દષ્ટિ જીવ મટાડી શકે છે, કેમ કે આવા પરિણામ જીવની જાણમાં છે; શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જીવના સહારાના પણ છે; તેથી સમ્યગ્દષ્ટિ જીવ પહેલાં જ આવા પરિણામ મટાડે છે. અબુદ્ધિપૂર્વક પરિણામ કહેતાં, પાંચ ઈંદ્રિય અને મનના વ્યાપાર વિના જ મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવપરિણામરૂપ પોતે સ્વયં જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશે પરિણમે છે, આવું પરિણમન જીવની જાણમાં નથી અને જીવના સહારાનું પણ નથી, તેથી જે તે પ્રકારે મટાડી શકાતું નથી. માટે આવા પરિણામ મટાડવા અર્થે નિરંતરપણે શુદ્ધસ્વરૂપને અનુભવે છે, શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં સહજ મટશે. બીજો ઉપાય તો કોઈ નથી, તેથી એક શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાય છે. વળી શું કરતો થકો નિરાસ્રવ હોય છે? 'एव परवृत्तिम् सकलां उच्छिन्दन्' (एव) અવશ્ય જ (पर) જેટલી જ્ઞેયવસ્તુ છે તેમાં (वृत्तिम्) રંજકપણારૂપ પરિણામક્રિયા, (सकलां) જેટલી છે શુભરૂપ અથવા અશુભરૂપ, તેને (उच्छिन्दन्) મૂળથી જ ઉખાડતો થકો સમ્યગ્દષ્ટિ નિરાસ્રવ હોય છે. ભાવાર્થ આમ છે—જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ બે પ્રકારે છે : એક તો જાણપણામાત્ર છે, રાગદ્વેષરૂપ નથી. જેમ કે—કેવળી સકળ જ્ઞેયવસ્તુને દેખે-જાણે છે, પરંતુ કોઈ પણ વસ્તુમાં રાગ-દ્વેષ કરતા નથી. તેનું નામ શુદ્ધ જ્ઞાનચેતના કહેવાય છે. સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાનચેતનારૂપ જાણપણું છે, તેથી મોક્ષનું કારણ છે, બંધનું કારણ નથી. બીજું જાણપણું એવું

છે કે કેટલીક વિષયરૂપ વસ્તુનું જાણપણું પણ છે અને મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને ઈષ્ટમાં રાગ કરે છે, ભોગની અભિલાષા કરે છે તથા અનિષ્ટમાં દ્વેષ કરે છે, અરુચિ કરે છે; ત્યાં આવા રાગ-દ્વેષ સાથે મળેલું છે જે જ્ઞાન તેનું નામ અશુદ્ધ ચેતનાલક્ષણ કર્મચેતના-કર્મફળચેતનારૂપ કહેવાય છે, તેથી બંધનું કારણ છે. આવું પરિણમન સમ્યગ્દ્રષ્ટિને નથી, કેમ કે મિથ્યાત્વરૂપ પરિણામ ગયા હોવાથી આવું પરિણમન હોતું નથી. આવા અશુદ્ધજ્ઞાનચેતનારૂપ પરિણામ મિથ્યાદષ્ટિને હોય છે. વળી કેવો હોતો થકો નિરાસ્રવ હોય છે? ''ज्ञानस्य पूर्णः भवन्'' પૂર્ણ જ્ઞાનરૂપ હોતો થકો. ભાવાર્થ આમ છે—જ્ઞાનનું ખંડિતપણું એ કે તે રાગ-દ્વેષ સાથે મળેલું છે. રાગ-દ્વેષ ગયા હોવાથી જ્ઞાનનું પૂર્ણપણું કહેવાય છે. આવો હોતો થકો સમ્યગ્દ્રષ્ટિ જીવ નિરાસ્રવ હોય છે. ૪-૧૧૬.

## કલશ-૧૧૬ ઉપર પ્રવચન

'વળી સમ્યગ્દ્રષ્ટિ જીવ જે રીતે નિરાસ્રવ છે તે કહે છે-'

संन्यस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं
वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन्।
उच्छिन्दन् परवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भव-
आत्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा।।४-११६।।

જુઓ ભાષા કરી. 'ज्ञानस्य पूर्णो भवन्'. પૂર્ણની વ્યાખ્યા અહીં બીજી કરશે ભાઈ!

જે પર્યાયમાં આમ રાગ-દ્વેષમાં ખંડ પડતો હતો મિથ્યાત્વથી એ ખંડ નથી માટે અખંડ છે એને પૂર્ણ કહેશે અહીંયાં. સમજાણું કાંઈ? છે, પાછળ આવશે. છે ને અંદર? જુઓ. 'पूर्णो' ક્યાં શબ્દ છે? ૧૦૧ પાને છેલ્લી ૩ લીટી. ઓહોહો..! 'ज्ञानस्य पूर्णः भवन्' આહાહા..! ૧૦૧ પાનું. 'पूर्णः भवन्' '**પૂર્ણ જ્ઞાનરૂપ હોતો થકો.**' એનો અર્થ. '**ભાવાર્થ આમ છે—જ્ઞાનનું ખંડિતપણું એ કે તે રાગ-દ્વેષ સાથે મળેલું છે. રાગ-દ્વેષ ગયા હોવાથી જ્ઞાનનું પૂર્ણપણું કહેવાય છે.**' સમજાણું અહીં? પાછા કોઈ કહે, આમાં પૂર્ણ આવ્યું છેને.

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ અને શુદ્ધ એકરૂપ પ્રભુ છે. એને રાગની એકતાથી જે જ્ઞાનમાં ખંડ ખંડ થતો તે ખંડ ખંડ થતો તે જ અપૂર્ણ છે એમ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પની વાસનામાં જે એકત્વબુદ્ધિ હતી, અખંડ વસ્તુ એકરૂપ પ્રભુ એ ખંડ ખંડ થતો ત્યાં. એ દૃષ્ટિએ જ્યાં આખો અખંડ દૃષ્ટિમાં લીધો એટલે પર્યાયમાં જે

ખંડ ખંડ હતું એ મટી ગયું. એટલે દૃષ્ટિ અખંડ ઉપર ગઈ. માટે અખંડ પૂર્ણ જ્ઞાન એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે! સમજાણું? પછી આવશે. આ તો ઓલું 'पूर्णः भवन्' આવ્યું ને, 'ज्ञानस्य पूर्णः भवन्'

હવે '**ખંડાન્વય સહિત અર્થ :—**' 'आत्मा यदा ज्ञानी स्यात्' બસ! અહીંથી વાત છે. 'तदा नित्यनिरास्रवः भवति' બસ! અહીંથી ઉપાડ્યું છે. છેલ્લી. 'आत्मा यदा' છે ને? 'ज्ञानी स्यात् तदा नित्यनिरास्रवः भवति' 'यदा' અને 'तदा'. શું કહે છે? ભગવાન '**જીવદ્રવ્ય...**' આત્મા એટલે જીવદ્રવ્ય. '**જીવદ્રવ્ય...**' વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... વસ્તુ... અનંત અનંત બેહદ ગુણનો પુંજ પ્રભુ ભગવાન એ આત્મદ્રવ્ય. આત્મદ્રવ્ય, જીવદ્રવ્ય, કારણ ભગવાન દ્રવ્ય. '**જે કાળે...**' (यदा) શબ્દ છે ને? '**જે કાળે,...**' 'ज्ञानी स्यात्' જે કાળે સમ્યગ્જ્ઞાની હોય છે એટલે કે '**અનન્તકાળથી વિભાવ-મિથ્યાત્વભાવરૂપ પરિણમ્યું હતું...**' અનંત કાળથી દૃષ્ટિ—શ્રદ્ધા, જ્ઞેય અને સ્થિરતા બધી વિકારમાં હતી. દૃષ્ટિ, જ્ઞાન એટલે જ્ઞેય કરવાનું અને સ્થિરતા બધું વિકારમાં હતું. સમજાણું કાંઈ? '**અનન્તકાળથી વિભાવ-મિથ્યાત્વભાવરૂપ...**' એટલે વિભાવનો અર્થ જ આ એકલો મિથ્યાત્વ લીધો.

**શ્રોતા** :–...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– લીધો છેને. એ જ હમણા આવ્યું હતું. ન આવ્યું ઓલું?

કોટી વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં શમાય,
એમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.

આત્મસિદ્ધિની કડી છે. એ શ્રીમદ્દનું વાક્ય છે. 'કોટી વર્ષનું...' જુઓ! અહીં અનંતકાળ આવ્યો ને. 'કોટી વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતા શમાય, એમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.' જાગૃત થયો. વિભાવ એટલે મિથ્યાત્વ છે ત્યાં. સમજાણું કાંઈ?

'**અનન્તકાળથી વિભાવ-મિથ્યાત્વભાવરૂપ પરિણમ્યું હતું...**' આહાહા..! એક સેકન્ડના અસંખ્યમો ભાગ, એક સમયમાત્ર. એ ભગવાનનો પડદો મારી આડો. ત્રણ કાળ ત્રણ લોકને જાણનારું જ્ઞાનતત્ત્વ, દર્શનતત્ત્વ, આનંદતત્ત્વ આખું સ્વરૂપ એને પડદો નાખી, આડ નાખી અને એકલા વિકલ્પની પર્યાયની જાતમાં ઊભો રહેલો, એકલી રાગની, પુણ્યની વિકલ્પની મલિનની જાતમાં ઊભો રહેલો એવો જે વિભાવ, જે સ્વભાવથી વિપરીત વિભાવ એવો જે મિથ્યાત્વભાવ. સમ્યક્‌ભાવમાં તો ત્રિકાળ સ્વભાવની પ્રતીત અનુભવમાં આવે. આહાહા..! એ '**ભાવરૂપ પરિણમ્યું હતું...**' પાછું. પરિણમન હતું. અધ્ધરમાં હતું એમ નહિ. ઓલા વેદાંતવાળા કહે ને, આત્મા તો શુદ્ધ છે, પર્યાયે શુદ્ધ છે. પર્યાય ક્યાં માને છે એ. બધી રીતે શુદ્ધ છે. એમ નથી. વળી કહે, બધા થઈને એક છે. બહુ સ્થુળ બુદ્ધિ. સમજાણું? હવે એને કેડાયેલ કહેવું. એને બહુ કેડાયલ માટે સારું કહેવું.

**શ્રોતા** :–રાજમાર્ગ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– રાજમાર્ગ. તમારા સંબંધીઓ બધા. પહેલાના હતા કે નહિ? આહાહા..!

અરે.. ભગવાન! બાપુ! જૈનદર્શન એ કોઈ કલ્પનાનું તત્ત્વ નથી. એ વસ્તુનું સ્વરૂપ એ તત્ત્વ છે. એ ભગવાન આત્મા આમ પોતે પરિપૂર્ણ એક જ છે આખો. અનંત અનંતને ઘરે રહ્યું, એની પાસે રહ્યું. એક જ સર્વસ્વ, સર્વજ્ઞાન અને સર્વદર્શન સ્વભાવથી ભરેલું એક તત્ત્વ આખું. એવા એવા અનંતા ગુણના પૂર્ણ સામર્થ્યથી ભરેલું એકરૂપ, એને ન જાણતા એકલા વર્તમાન વિકાર વર્તમાન દૃષ્ટિ, ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિનો અભાવ, વિરોધ, વિભાવ વર્તમાન પર્યાયમાં વિકલ્પ આદિ એટલો જ સદ્ભાવ માની, જે વિભાવ મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો, મિથ્યાત્વભાવરૂપ, ભાવ એટલે પર્યાય હોં! પરિણમ્યો હતો, એ પરિણમન હતું. બસ! એનું પરિણમન હતું એમ કહે છે અહીં તો પાછું.

'**પરંતુ નિકટ સામગ્રી પામીને...**' બાહ્યના નિમિત્તો પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ અંદરનો નિકટ સામગ્રી એટલે. અંતર્મુખ થવાનો ભાવ તે નિકટ સામગ્રી ભાવ એ. સમજાણું કાંઈ? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છે ને? ભાવ આ. પોતાની પર્યાયમાં ચૈતન્યચમત્કારને પકડવાનો પ્રયાસ, પુરુષાર્થ એવી '**નિકટ સામગ્રી પામીને સહજ જ...**' દેખો! '**સહજ જ વિભાવપરિણામ છૂટી જાય છે,...**' એ પરિણામ છોડવા પડતા નથી. ઓહોહો..! આ તત્ત્વ. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણેય સિદ્ધ કર્યા જુઓ. પરિણમ્યો હતો. કોણ? દ્રવ્યસ્વભાવ જે શુદ્ધ એક સમયમાં વિકારરૂપે પરિણમ્યો હતો, ઉત્પાદ હતો. એ હતો એ સ્વભાવના ચૈતન્યચમત્કાર ગુપ્ત ચમત્કાર, જેમાં પરમાત્મા ગુપ્તપણે પડ્યો છે આખો એને દૃષ્ટિને સ્પર્શતા, દૃષ્ટિ એને સ્પર્શતા એ વિભાવ પરિણામ સહજ જ છૂટી જાય છે. સમજાણું કાંઈ?

'**સ્વભાવ-સમ્યક્ત્વરૂપ પરિણમે છે,...**' લ્યો. વિભાવ મિથ્યાત્વભાવરૂપ પરિણમ્યો હતો એ વિભાવ પરિણામ છૂટી જાય છે સહજ. '**સ્વભાવ-સમ્યક્ત્વરૂપ પરિણમે છે,...**' ભગવાન પોતે પોતાના પરિણમનમાં પોતાના દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ પડતાં પોતે જ નિર્મળપણે પરિણમે છે. '**(એવો કોઈ જીવ હોય છે,)...**' એવા બહુ થોડા, કોઈ એટલે થોડા જીવ હોય છે. સમજાણું કાંઈ?

'**तदा**' હવે આવ્યું ઓલું. '**यदा**' હતું ને પછી (**तदा**). '**તે કાળથી માંડીને...**' '**यदा**' જ્યાં આમ જ્ઞાનની સાથે '**तदा नित्यनिरास्रवः**' એમ છેને ભાઈ શબ્દ? એની સાથે. '**તે કાળથી માંડીને સમસ્ત આગામી કાળમાં...**' સમસ્ત આગામી કાળમાં '**नित्यनिरास्रवः**'. વસ્તુ ભગવાન પરમાનંદની દૃષ્ટિમાં પ્રાપ્ત થતાં ભવિષ્યમાં આજથી માંડીને ભવિષ્યમાં. જુઓ આજથી કહ્યું ને '**તે કાળથી માંડીને સમસ્ત આગામી કાળમાં...**' સાદિઅનંત. અરે..! આટલું બધું જોર! ભગવાન પણ ભેટ્યા એને પછી રહ્યું બાકી શું? એને ઘરે પામરતા ક્યાંથી

આવે? આહાહા..! પ્રભુએ પોકાર કર્યો પ્રભુ! એમ કહે છે.

એ પામરને પ્રભુ તરીકે બોલાવ્યા ભગવાને. સમયસાર ૭૨ ગાથામાં છે નેં. ભગવાન આત્મા એમ આવે છે. અશુચિ નહિ? 'असुचितं च विवरीयभावं' ૭૨ ગાથા. એ ટીકામાં પાધરો શબ્દ જ એવો છે એ. ૭૨ ગાથા. સંસ્કૃત જ એ પડ્યું છે. ૭૨-૭૨. જુઓ. .. લીધું ને. **'જળમાં શેવાળ...' '(-અપવિત્ર છે); ભગવાન આત્મા તો...'** ત્યાંથી એમ બોલાવ્યા સંસ્કૃત ટીકામાં. **'જળમાં શેવાળ છે તે મળ છે—'** જળમાં શેવાળ—કાઈ છે તે મળ છે, મેલ છે **'તે શેવાળની માફક...'** જુઓ વળી અહીં ટાકણે આમ આવ્યું જુઓ. આસ્રવ છેને એ? **'આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી...'** એ પુણ્ય અને પાપની લાગણી વિકલ્પ તે મલિન—અશુચિ આસ્રવ છે. **'અને ભગવાન આત્મા...'** એની સામે લીધો જુઓ. **'ભગવાન આત્મા...'** અરે.. પામરને પ્રભુ નથી કહ્યો, પ્રભુને પ્રભુ કહ્યો છે. સમજાણું કાંઈ? અરે.. પ્રભુ! ભગવાન! એમ કહ્યું જુઓ. આસ્રવ ક્ષણિક છેને પ્રભુ! તું પ્રભુ એમાં કાંઈ આવી ગયો છે એટલામાં? **'ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ...'** સદા સામે લેવું છે ને ઓલામાં? અશુચિની સામે. પાઠમાં તો આટલા શબ્દો પણ ટીકામાં ગુલાંટ મારીને કાઢી છે વાત. પાઠમાં.. (સમયસાર ગાથા-૭૨)

णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।
दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।

આટલો પાઠ. હવે એ પાઠ આનો કહ્યો એમાંથી કાઢ્યું ગુલાંટ મારીને કે જ્યારે અશુચિ છે તો ભગવાન પવિત્ર છે. ઓલો વિપરીત છે જડ રજકણ, ત્યારે આ અવિપરીત ચૈતન્યઘન છે. આ દુઃખનું કારણ છે, આ એકલું આનંદનું જ કારણ છે. કોઈ દુઃખ-બુખનું કારણ છે નહિ. એ આ ટીકામાં અસ્તિ હોય તો નાસ્તિ તો કાઢેને. નાસ્તિ હોય તો અસ્તિ કાઢે. એવી રીતની સ્પષ્ટીકરણની ટીકા છે.

**'ભગવાન આત્મા તો સદાય...'** આહા..!

**શ્રોતા** :-સંસ્કૃત ટીકામાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સંસ્કૃત ટીકામાં છે. આ પંડિતજીને ખબર છે. આ જાણે કે... એમ કે 'ભગવાન' (શબ્દ) સંસ્કૃતમાં પડ્યો છે કે નહિ? એમ પૂછે છે. આ મોટા પંડિત બેઠા એની સામે તો આ વાત ચાલે છે. સંસ્કૃતમાં છે. આ સંસ્કૃતનો જ અર્થ કર્યો છે. અમારે દલાલ છે એ. આવો 'ભગવાન' (શબ્દ) હિંમતભાઈએ નથી નાખ્યો ને? આહાહા..!

ભગવાન પ્રભુ તો... આહાહા..! ભગવાનના મુખમાં ભગવાન આત્મા. ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય મુનિ છે ને એ જ પ્રમાણે કહ્યું છે અને ભગવાન પણ એમ કહે છે. શુદ્ધનયે નથી આવ્યું દ્રવ્યસંગ્રહમાં? શુદ્ધનયે શુદ્ધ સર્વ બધા છે. શુદ્ધ આવે છે ને ભાઈ દ્રવ્યસંગ્રહમાં.

શુદ્ધાશુદ્ધનયા. એ શુદ્ધા કહો કે ભગવાન કહો. દ્રવ્યસંગ્રહ. એ સંસ્કૃત નાખ્યું છે. ટીકામાં એમ લીધું કે સમયસાર તો.. પંચાસ્તિકાય. આ ગાથા લીધી છે. શુદ્ધોશુદ્ધાની અને ભેદ પાડ્યો એ બધો વ્યવહારનયના વિષયનો છે. ધવલ આદિ છે. લખ્યું છે, ટીકામાં લખ્યું છે દ્રવ્યસંગ્રહમાં.

**શ્રોતા** :–ધવલ, જયધવલ અને મહાધવલ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા, એ બરાબર છે. પર્યાયનયથી કથન હોય છે તો એણે એ બતાવ્યું, આ અહીં આસ્રવ માટે બતાવ્યું.

'**અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે (–પવિત્ર છે; ઉજ્જ્વળ જ છે).**' અને બીજા બોલમાં એમ લીધું જુઓ. જ્યારે '**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...**' એટલે કે એ વિકલ્પો છે એ પોતાને જાણતા નથી, એ પરને જાણતા નથી. રાગનો ભાવ આવ્યો દયા, દાન, વ્યવહાર વિકલ્પ કોઈપણ એ એનું અસ્તિત્વ શું એ જાણતા નથી, એના અસ્તિત્વ પાસે ભગવાન બેઠો છે આત્મા એને પણ એ જાણતા નથી. '**તેઓ બીજા વડે જણાવાયોગ્ય...**' હોવાથી. એ બીજો જાણે છે માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે. જડ સ્વભાવપણું. જડ સ્વભાવ કીધો. પરમાણુ નથી હોં એ કાંઈ. રજકણ નથી. પણ ચૈતન્યનો ચમત્કાર ભગવાન એનાથી વિરુદ્ધ વૃત્તિ એટલે એમાં અચેતનપણું છે, ચૈતન્યના ચમત્કારના અંશનો એમાં અભાવ છે. ત્યારે '**ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી, પોતે જ ચેતક છે...**' જુઓ! દરેકમાં ભગવાન નાખ્યો.

'**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખના કારણ છે; અને ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા–સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે...**' આસ્રવનું જ અકારણ છે. દુઃખનું કહો કે આસ્રવનું કહો, અકારણ ભગવાન છે. આહાહા..! પૂર્ણાનંદ પ્રભુ એ તો પૂર્ણ આનંદના કાર્યનું કારણ છે. એ દુઃખનું કારણ છે નહિ. ભગવાન તરીકે બોલાવ્યા. ઓલાને એમ થઈ ગયું કે અરે..! મને પામરને ભગવાન! બાપુ! પામર નહિ, તું પ્રભુ છો. પર્યાયમાં પામર, સ્વભાવે પ્રભુ છો. આહાહા..! આવી વાત. એમ બોલવામાં ન આવે ત્યારે એને સમજાય. એની દૃષ્ટિમાં એના માહાત્મ્ય આવી જાય. આહાહા..! ચૈતન્ય વસ્તુ એક અને અખંડ પૂર્ણ આવો પદાર્થ, ભગવાન ત્રિલોકનાથના મુખમાં એમ આવ્યું. સમજાણું?

આમેય કહ્યું નહિ? ઓલા દેવચંદજીએ કહ્યું ને? સ્તુતિમાં ન કહ્યું?

પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ,
પ્રભુ તુમ જાણગ રીતી...

તમે જ્ઞાનમાં જાણો છો એ.

પ્રભુ તુમ જાણગ રીતી સૌ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા હો લાલ.

હે નાથ! હે સર્વજ્ઞદેવ! તમે બધા આત્માની સત્તાની સત્તાથી તો શુદ્ધ જ જુઓ છો એમ. સમજાણું કાંઈ? 'નિજ સત્તાએ...' શુદ્ધ પૂર્ણ પ્રભુ છે એમ ભગવાન આપના જ્ઞાનમાં એ આત્મા તો એવો જ આવ્યો છે. પર્યાયમાં વિકાર આદિ છે એ ગૌણ વસ્તુ છે. ભગવાને પણ જ્ઞાનમાં એવું જોયું. આહાહા..! પર્યાયમાં ભગવાન થયા એ ભગવાને દ્રવ્ય ભગવાનને આખો ભાળ્યો છે એવોને એવો. સમજાણું કાંઈ? આહા..!

કહે છે, એ ભગવાન જ્યારે આત્મા પોતે ભગવાન થઈને એ દૃષ્ટિમાં ઊભો થયો, '**તે કાળથી માંડીને સમસ્ત આગામી કાળમાં...**' '(**नित्यनिरास्रवः**)' '**સર્વથા સર્વ કાળ...**' બે શબ્દ વાપર્યા છે. નિત્ય છે ને. '**સર્વથા સર્વ કાળ સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ અર્થાત્ આસ્રવથી રહિત હોય છે.**' સર્વથા દૃષ્ટિ અનુભવ સમ્યક્ સ્વભાવમાં પડી, પૂર્ણ ભગવાનની દૃષ્ટિ થઈ એથી સર્વથા ભગવાનના સ્વભાવમાં અને એની દૃષ્ટિમાં બિલકુલ આસ્રવ દૃષ્ટિમાં નથી અને દૃષ્ટિના વિષયમાં નથી માટે તે સર્વથા આસ્રવરહિત છે. ક્યાં સુધી? સર્વ કાળ. આહાહા..!

ભગવાન પૂર્ણ પ્રભુ એકલો ચૈતન્ય શુદ્ધ ગોળો. કહે છે કે એ જ્યાં ભાન થયું, એના માહાત્મ્યની દૃષ્ટિનું પરિણમન થયું, '**સર્વ કાળ સમ્યગ્દૃષ્ટિ જીવ નિરાસ્રવ અર્થાત્ આસ્રવથી રહિત હોય છે.**' અરે.. ભગવાન! પણ તમે એમ કેમ કહો? પણ આસ્રવ વર્તમાન છે એને તો ઠીક પણ ભવિષ્યમાં એ પડી જશે તો? પડી જશે એ પ્રશ્ન જ અહીં નથી. એ આગળ કહેશે જરી. શુદ્ધનયથી ચ્યુત થાય તો. છેલ્લી ગાથામાં લેશે. એ તો વસ્તુને દૃષ્ટિમાંથી કાઢી નાખી. વસ્તુ વસ્તુની દૃષ્ટિ રહી ત્યાં તો સદા કાળ આસ્રવથી રહિત જ છે. સમજાણું કાંઈ?

'**સર્વથા સર્વ કાળ...**' ભાઈ! સર્વથા ન હોય જૈનદર્શનમાં. વળી એમ કોઈ કહે. અનેકાંત લગાવો, બધે અનેકાંત લગાવો. ભાઈ! અપેક્ષા અત્યારે દૃષ્ટિ અને અનુભવની અપેક્ષાએ લીધું છે એ રીતે સર્વથા છે. કથંચિત્ અસ્થિરતા છે એ વાતનો ખ્યાલ છે પણ એ તો દૃષ્ટિના વિષય અને દૃષ્ટિમાં આવતું નથી. '**સમ્યગ્દૃષ્ટિ આસ્રવ રહતિ...**' '(**भवति**)' '**હોય છે.**' ઓહો..! ધર્મદૃષ્ટિનું માહાત્મ્ય તો જુઓ! ધર્મદૃષ્ટિ એટલે શું? ધર્મી એટલે શું? ધર્મી એટલે શું? એ તો ભગવાન જેને ભેટ્યા દૃષ્ટિમાં એ ભગવાન થવાનો અલ્પ કાળમાં. એને આસ્રવ-બાસ્રવ રહેવાના નહિ એમ કહે છે. આહાહા..!

**શ્રોતા** :-મોઢામાંથી પાણી છૂટે એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પાણી છૂટે? અમૃત છૂટે.

કહો, ભગવાન આત્મા અનાકુળ અમૃતનો પિંડ પ્રભુ એને વળી આસ્રવ કેવા? એને તો અમૃતની પૂર્ણતા હોય, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**સમ્યગ્દષ્ટિ જીવ નિરાસ્રવ અર્થાત્ આસ્રવથી રહિત હોય છે. ભાવાર્થ આમ છે—કોઈ સંદેહ કરશે...**' જુઓ! ટીકા પણ એવી કરી છેને. '**કે સમ્યગ્દષ્ટિ આસ્રવ સહિત છે કે આસ્રવ રહિત છે?**' આવો શંકા પ્રશ્ન કર્યો. પ્રભુ! ધર્મદષ્ટિવંત ધર્મી, ધર્મદષ્ટિવંત ધર્મી એ તે આસ્રવ સહિત છે કે આસ્રવ રહિત છે? એવું ઉઠાવ્યું આ સ્પષ્ટીકરણ કરવા માટે. .. આસ્રવ કહ્યો છે ને એથી.

'**સમાધાન આમ છે કે આસ્રવથી રહિત છે.**' આહાહા..! '**શું કરતો થકો નિરાસ્રવ છે?**' ... લીધો હવે. આસ્રવથી રહિત છે. વસ્તુમાં ક્યાં આસ્રવ હતો અને દૃષ્ટિમાં પણ ક્યાં આસ્રવ હતો? નિર્મળ પર્યાય અભેદ થઈ એમાં ક્યાં આસ્રવ ભેદ અભેદમાં ભળી ગયો છે? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાની પર્યાયથી અભેદમાં ભળ્યો, હવે એની સાથે પુણ્ય-પાપના વિકલ્પ અભેદની સાથે રહ્યો ક્યાં? એ અપેક્ષાથી અત્યારે વાત છે. સમજાણું કાંઈ?

'**શું કરતો થકો નિરાસ્રવ છે?**' જુઓ સિદ્ધાંત! એમાં ન્યાય મૂકે છે. '**निजबुद्धिपूर्वं रागं समग्रं अनिशं स्वयं सन्नयस्यन्**' જુઓ! શબ્દ આવ્યો ઓલો સમગ્રનો હોં! પાછો આવશે.. અહીં તો રાગનું સમગ્ર કીધું, ત્યાં કહેશે પૂર્ણ જ્ઞાન ભવનં. વાત તો ભાઈ અપેક્ષાથી એને જાણવી જોઈએ ને અપેક્ષાથી. કહે છે કે '**પોતાના મનનું આલંબન કરીને થાય છે જેટલા મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણામ,...**' એ બુદ્ધિપૂર્વકની વ્યાખ્યા કરે છે. '**પોતાના મનનું આલંબન કરીને થાય છે જેટલા મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણામ, એવા જે...**' (रागं) '**પરદ્રવ્ય સાથે રંજિત પરિણામ—**' એકત્વપણું. રંજિત એટલે એકત્વપણું.

'**જે...**' (समग्रं) '**અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે—તેને સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળથી માંડીને...**' (अनिशं) (अनिशं) '**આગામી સર્વ કાળમાં સહજ જ છોડતો થકો.**' એનો અર્થ એ કે રુચિપૂર્વક રાગની એકતાપૂર્વક જે હતા એ એને ઉત્પન્ન થતાં નથી. એને છોડતા થકા એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ એના અમૃતના વહેણમાં પડ્યો આત્મા. એ અમૃતના વહેણ.. ઓલું નથી કહેતા શું પૂર નથી? ચૈતન્યપૂર. પ્રજ્ઞા ચૈત્રી ચિતયં કથનોપિ. ઓહોહો..! આચાર્યે તો પણ ભંડાર ભર્યા છે ને પ્રભુ. ચૈતન્યપૂર વહે છેને પ્રભુ. એ પૂરમાં પડ, એમાં આનંદનો ધોધ છે કહે છે. એવો જ્યાં ભાવ પ્રગટ્યો એને કહે છે કે રુચિપૂર્વકના મનપૂર્વક ખ્યાલ આવે આ.. આ.. એને તો એ

કરતો નથી. એટલે કે છોડે છે. સમજાણું કાંઈ? (अनिशं) **'સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળથી માંડીને...'** (समग्रं) **'અસંખ્યાત લોકમાત્ર ભેદરૂપ છે—'**

**શ્રોતા :**-સમગ્ર અનેક પ્રકારના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :**- હા. સમગ્ર એટલે ઘણા બધા. શુભાશુભ પરિણામ અસંખ્ય પ્રકારના. શુદ્ધ સ્વરૂપની એકતામાં શુભાશુભ પરિણામની એકતા એને થતી નથી એટલે એ એકતા તોડી છે એટલે બુદ્ધિપૂર્વકના પરિણામ રાગ-દ્વેષ-મોહના છૂટી ગયા છે. સમજાણું કાંઈ? આહાહા..! એમાં પણ વાંધા ઉઠે. બુદ્ધિપૂર્વક છે એમાં ક્રમબદ્ધ અને અબુદ્ધિપૂર્વક છે તો અક્રમબદ્ધ. વળી એમ આવ્યું છે. કેવી વાત! એ તો છે ઈ છે. સાંભળને હવે. અહીં તો ભગવાન આત્મા પોતાના બુદ્ધિપૂર્વક જ્યાં સ્વભાવના અનુભવની દૃષ્ટિ અને સમ્યક્ થયું એટલે આમ રુચિપૂર્વકના રાગનું રંજકપણું નથી માટે તે રાગને છોડે છે. બધા પ્રકારના રાગ છૂટી જાય છે.

**'સમ્યક્ત્વની ઉત્પત્તિના કાળથી માંડીને આગામી સર્વ કાળમાં...'** દેખો! ભવિષ્યમાં પણ આત્મા તો એ જ છે કે બીજો ક્યો છે? આત્મા સમ્યક્ શુદ્ધપણે પરિણમન થયું દૃષ્ટિનું એનો એ આત્મા છે. હવે એમને એમ એ આત્મા રહેવાનો છે. એમાં કોઈ દિ' રાગની, પુણ્યના વિકલ્પની, વ્યવહારની પણ એકતા તો થવાની નથી. આસ્રવ ને સ્વભાવ બે એક હતા ત્યારે તેને અભેદ માન્યા હતા. એ તો મિથ્યાત્વભાવ હતો. પણ ત્રિકાળ સ્વભાવ અને આસ્રવ ભિન્ન જ્યાં જાણ્યા એટલે એમાં અભેદમાં આસ્રવનો ભેદ—જુદાઈ રહી જાય છે એટલે કે એને થતાં નથી. એટલે કે એ મનપૂર્વક તો એને થતાં જ નથી એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું?

**'ભાવાર્થ આમ છે કે—'** પાછા ભાવાર્થ ભરે છે. થોડું કહ્યું, થોડો વળી ભાવાર્થ ભરે છે. **'ભાવાર્થ આમ છે કે—નાના પ્રકારનાં કર્મોના ઉદયે...'** નાના એટલે અનેક પ્રકારના કર્મના ઉદયમાં **'નાના પ્રકારની સંસાર-'** છેને? **'નાના પ્રકારના કર્મોના ઉદયે નાના પ્રકારની સંસાર-'** ત્યાં છે ને હજી તો. સંસાર છેને હજી તો. એ સંસાર પછી આવશે. અહીં તો હજી **'નાના પ્રકારનાં કર્મોના ઉદયે...'** અનેક પ્રકારના કર્મના ઉદયમાં **'નાના પ્રકારની સંસાર-શરીર-ભોગ-સામગ્રી...'** રાગાદિ પરિણામ, સ્ત્રી આદિનું મળવું, કુટુંબનું મળવું, શરીર અને ભોગ એ સામગ્રી હોય છે. હો, વિદ્યમાન એમાં છે.

**'એ સમસ્ત સામગ્રીને ભોગવતો થકો...'** ભોગવતો થકો લોકની દૃષ્ટિથી કહ્યો છે હોં! સમજાવાની શૈલી શું? આમ પડ્યો હોય એમાં દેખાય ને. સ્ત્રી-કુટુંબમાં પડ્યો દેખાય. પડ્યો નથી એ તો જ્ઞાનાનંદમાં પડ્યો છે. એના અસ્તિત્વમાં તો એકલો ભગવાન જ ભળાય છે. ત્યાં પડ્યો જ નથી. સંયોગોમાં આવ્યો હોય એમ દેખાય. કર્મને લઈને આવ્યો આમ,

એને લોકો કહે કે જુઓ ભોગવે છે. **'સામગ્રીને ભોગવતો થકો હું દેવ છું,...'** એમ રંજિત થતો નથી. જુઓ સમ્યક્.. ભાઈ અહીં તો આ લીધું જુઓ. આ તો હજી દેવમાં (કહ્યું), મારે બીજું નાખવું છે. દેવમાં સમ્યગ્દર્શન છે ને. એટલે ત્યાં વધારે નથી એમ. છતાં ત્યાં સમ્યગ્દૃષ્ટિ દેવ પણ 'હું દેવ છું,...' એમ રંજાયમાન થતો નથી. એટલે અહીં અટકાવીને વાત કરી જરી.

**શ્રોતા** :-ચોથા ગુણસ્થાનની વાત કરી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ એ સિદ્ધ કરવું છે, ભાઈ! અહીં સમ્યગ્દૃષ્ટિ દેવમાં હોય એની પણ વાત ભેગી લઈ લીધી છે ને બધી.

**'એ સમસ્ત સામગ્રીને ભોગવતો થકો હું દેવ છું,...' 'ઇત્યાદિરૂપ રંજિત થતો નથી;...'** એટલો શબ્દ પહેલો લઈએ છીએ. પછી બીજા. સમજાણું? સમ્યગ્દૃષ્ટિ દેવગતિમાં દેખાય, દેવના ભવમાં દેખાય, એના ભવનમાં દેખાય અને દેવીયુંના વૃંદમાં પેઠો દેખાય બેઠો, છતાં રંજાયમાન નથી. રાગ અને એની સાથે એકત્વબુદ્ધિનો રંગ ચડ્યો નથી, એનો રંગ ચડ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એને સ્વભાવનો રંગ લાગ્યો છે, એ રાગનો રંગ એને ચડતો નથી. એ દેવમાં ચડતો નથી એમ અહીં કહ્યું. આહાહા..!

ઓલો ખતું-ખતું ગરાસિયો હતો. બે સ્ત્રી રાખેલી અને એની પાસે પૈસા-બૈસા હશે ઓલો ખાઈ ગયો બધું. પછી બાઈને હેરાન કરવા આખો કોટ પહેર્યો કાળો. કાળો કોટ. તો એમાં નામ લખ્યું. લક્ષ્મી. બાઈનું નામ લક્ષ્મી હતું. લક્ષ્મી... લક્ષ્મી... લક્ષ્મી... હું બેઠેલો આમ અપાસરામાં. એ નીકળ્યો બહાર આમ બાવો. લક્ષ્મી લખ્યું. એલા પણ બાવાને આ શું લક્ષ્મી લખ્યું? અને પાછું એવું સાંભળ્યું કે એક છોકરો કોઈ વીસ વાર લક્ષ્મી બોલે તો એને પૈસો આપે. એટલે બાઈને હેરાન કરવા...

**શ્રોતા** :-એનો ફજેતો (કરવા).

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ફજેતો. મેં કહેવરાવ્યું, મેં કહેવરાવ્યું. સમજ્યાને? માણસ પાસે.

**શ્રોતા** :-કહલાયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કહલાયા. એને કહેવરાવ્યું. મેં કીધું, આ બાવાના વેશમાં શોભતું નથી. આ લક્ષ્મી લખી નાખો કાળા ઉપર અને આ બોલાવે ગામમાં. ત્યાં હું નહોતો પણ ગામમાં સાંભળ્યું હતું કે વીસ વાર છોકરો બોલે તો પૈસો આપે. આખા ગામમાં લક્ષ્મીને હેરાન કરવી. લક્ષ્મીબાઈ જીવતી તે દિ'. .. ત્યારે શું બોલ્યો જવાબ? કો'ક પાસે કહેવરાવ્યું હતું. ક્ષત્રિયકા રંગ ચડ્યા હૈ સો ઉતરતા નહીં હૈ. ૮૩ની વાત. સંવત ૧૯૮૩ દામનગરમાં. ક્ષત્રિયનો રંગ ચડ્યો એ ઉતરે નહિ. એક તો અમે ક્ષત્રિય છીએ, ક્ષત્રિય હઠ છે. હઠ યોગી બાવા હઠ છે. કીધું, આ શોભે નહિ ભાઈ! આ બાવાના વેશમાં સ્ત્રીના નામ (લખીને) સ્ત્રીને

લજવવી,.. કહે, ક્ષત્રિયકા રંગ ચડ્યા ઉતરતા નહિ. અહીં કહે છે કે જ્યાં આત્માનો રંગ ચડ્યો એ ઉતરતો નથી.

'**હું દેવ છું,...**' ત્રણ કાળમાં નહિ. હું તો ભગવાન આત્મા. દેવમાં હોં! હું તો ભગવાન આત્મા. હુંપણાનું અસ્તિત્વમાં તો રાગાદિ નથી, વળી દેવ હું ક્યાંથી આવ્યો? હુંપણાના વિદ્યમાનપણામાં, હુંપણાના સત્તાના વિદ્યમાનપણામાં એકલો શુદ્ધ સ્વભાવ અને શુદ્ધનું પરિણમન એમાં હું દેવ છું એવી બુદ્ધિ જ્ઞાનીને રંજકપણે હોતી નથી. વિકલ્પ જરી ઉઠે એનો પ્રશ્ન નથી. આમ એકત્વબુદ્ધિ છે એનો રંગ લાગ્યો નથી. ચૈતન્યના રંગ લાગ્યા એને રાગના રંગ લાગતા નથી. કહો, સમજાણું કાંઈ?

'**હું દેવ છું,...**' આવ્યું એટલું? હવે '**હું મનુષ્ય છું,...**' ત્યાં તો હજી.. '**હું મનુષ્ય છું,...**' હું મનુષ્ય છું. નહિ. મનુષ્યનું અસ્તિત્વ સ્વભાવના અસ્તિત્વમાં ક્યાં છે? એક સમયનો ભગવાન પૂર્ણ પરમાત્મા અને એનું પરિણમન શુદ્ધ, એમાં મનુષ્યપણું એ વસ્તુમાં જ ક્યાં છે? માટે '**હું મનુષ્ય છું,...**' '**ઈત્યાદિ રંજિત થતો નથી;...**' બેની વાત નાખી. '**હું સુખી છું,...**' અબજો રૂપિયાની સામગ્રી (હોય), હું તો સુખી આત્માથી. આ સામગ્રી (છે) માટે સુખી (છું) એ મારા રંગમાં જ નથી. ધરમચંદજી! આહાહા..! 'એ તે રંગ શાના રે બીબે બીજી ભાતું પડે...' અમારે આવતું ને તો અમે બોલતા. રાયચંદ ગાંધી હતા ને વૃદ્ધ. બીબા હોય છે ને બીબા? રંગના. બીબા બરાબર કોતરેલા હોય તો રંગ નાખે તો ઉઠે. પણ બુઠ્ઠા હોય તો ડાઘ પડે. લોંદા પડે. લોંદા સમજ્યાને? ધબ્બા. એ કોતરેલું હોય... એ અમારે ગાતા રાયચંદ ગાંધી. વૃદ્ધ માણસને. અગ્રેસર માણસ અને કોઈ વખતે શ્રીમદ્‌ને જોયેલાને. તેથી એમ કહે 'એ તે રંગ શાના રે બીબે બીજી ભાતું...' બીબમાં બીજી ભાતું પડે. એ કોતરાયેલા બીબા એ બોળીને મૂકે ત્યાં ચીતરામણ ઉઠે. પણ કોતરાયેલા વિનાના બીબા આમ રંગમાં બોળીને મૂકે તો ધાબા પડે. એમ જ્યાં આત્મા સમ્યગ્દર્શનના જ્ઞાનથી કોતરાયેલો અંદર, એના બીબા પડે અંદરમાં છાપ. રાગનો રંગ એને હોય નહિ. એમ કહે છે.

'**હું મનુષ્ય છું, હું સુખી છું,...**' ચક્રવર્તી છ ખંડનો ધણી, ક્ષાયિક સમકિતી, તીર્થંકરનો જીવ કે બીજા જીવો સામાન્ય, ચક્રવર્તી ન હોય તો રાજા. હજારો રાજા. ખમ્મા અન્નદાતા. હાથીના હોદ્દે જોઈને કહે, તકરાર કરવા આવ્યો છું, રાજ લેવા. રાજકુમાર હોય પચ્ચીસ વર્ષનો જુવાન અંદર સમકિતદૃષ્ટિ છે, આત્માનું ભાન છે. આમ હાથીને હોદ્દે ચડ્યો છે. હું આ કરું છું એવી બુદ્ધિ એની દૃષ્ટિમાં છે નહિ. મારામાં વિકલ્પ ઉઠે એ મારી ચીજ જ નથી. એમાં પછી આ બાણ હલે છે ને આ થાય છે, ધૂળમાંય નથી એમાં ક્યાંય. હું જ્યાં છું ત્યાં આ નથી અને આ છે ત્યાં હું નથી. સમજાણું કાંઈ?

'**હું સુખી છું,...**' જુઓ! આ પૈસાવાળો કહે કે હું સુખી. ઓલો સમકિતી માનતો

નથી. **'હું દુઃખી છું,...'** એય..! જયચંદભાઈ! સુખીનું આના છોકરા ઉપર ગયું અને દુઃખીનું તમારા ઉપર ગયું. ધૂળેય સુખ દુઃખ નથી બહારમાં, મફતનો માનીને બેઠો છે. **'હું દુઃખી છું, ઈત્યાદિરૂપ...'** હું સ્ત્રી. સમજ્યા ને? હું નપુંસક. એ સમકિત પામે છે. નપુંસક-પાવૈયા સમકિત પામે છે. આગળ ન જઈ શકે. સમ્યક્ પામી શકે. આ બધા નપુંસક છે ને નારકીઓ. આ બધા અસંખ્ય નપુંસક છે. સમકિતી છે. ક્ષાયિક સમકિતી પડ્યા છે અંદર. શ્રેણિક રાજાનો જીવ નપુંસક. ક્ષાયિક સમકિતી છે. હું નપુંસક, હું નારકી એવો રંગ નથી એને. જેની મોજૂદગીમાં ત્રિકાળ શુદ્ધતા અને પરિણમન શ્રદ્ધા-જ્ઞાનનું પરિણમન નિર્મળ થયું, એની મોજૂદગીમાં હું નપુંસક કે નારકી એવું આવતું નથી. એની રંગના—એકતા થતી નથી એમ અહીં કહે છે. સમજાણું કાંઈ?

**'ઈત્યાદિ...'** હું બાળક, હું રાજકુમાર, હું કન્યા આ ઓઢણું ઓઢે માથે. સમ્યગ્દૃષ્ટિ આઠ વર્ષની કન્યા હો, ચક્રવર્તીની દીકરી હો, હું કન્યા એવા અસ્તિત્વમાં એ માનતો નથી. સમજાણું કાંઈ? હું તો પ્રભુ ભગવાન સાક્ષાત્‌ના ભેટા મને થયા એ હું છું. આ નહિ.. આ નહિ. પાછા લગન પણ કરે હોં પછી. હું એમાં નથી.. હું એમાં નથી. **'ઈત્યાદિરૂપ રંજિત થતો નથી;...'** જુઓ આવે છે. **'જાણે છે...'** હવે ગુલાંટ ખાઈને વાત કરે છે. આ નથી ત્યારે છું શું?

**'હું ચેતનામાત્ર શુદ્ધસ્વરૂપ છું;...'** હું એક જાણન-દેખન તત્ત્વ, ચેતના શુદ્ધ ચેતનામાત્ર અથવા **'હું ચેતનામાત્ર...'** જાણન-દેખન માત્ર. માત્ર કેમ કહ્યું? વિકલ્પ અને શરીરની અવસ્થાની સામગ્રી રહિત માત્ર **'ચેતનામાત્ર શુદ્ધસ્વરૂપ છું;...'** આવા અસ્તિત્વમાં કર્મની રચના મારે છે નહિ. **'આ સમસ્ત કર્મની રચના છે.'** મારા જ્ઞાનની, ચેતનાની એ રચના નથી. આહાહા..! સમજાણું કાંઈ? જ્યાં હોય ત્યાં હું... હું... હું... ઈ હું તો આ હું રહ્યો નહિ. આહાહા..! અહીં થોડું આવડ્યું તો કહે હું, ન આવડ્યું તો પણ એમાં તું નથી. ભગવાન આખો પૂર્ણ પ્રભુ અપમાન અને માન હતા જ કે દિ' વસ્તુમાં? સમજાણું કાંઈ?

**'હું ચેતનામાત્ર શુદ્ધસ્વરૂપ છું; આ સમસ્ત,...'** આ શબ્દ છે ને? આ બધી કર્મની રચના છે. બે પદાર્થ—એક કોર ભગવાન, એક કોર કર્મની રચના નિમિત્ત ભલે હો, પણ એ બધું એક બાજુ. એક કોર રામ અને એક કોર ગામ. એક કોર આત્મારામ તે ચૈતન્યસ્વભાવ તે હું છું. જાણન-દેખન ક્રિયા. આ બધું કર્મની રચના છે. **'આમ અનુભવતાં મનના વ્યાપારરૂપ રાગ મટે છે.'** દેખો! એમ અનુભવવાથી મનના વેપારરૂપ રુચિથી થતો ભાવ મટી જાય છે. લ્યો, આ એની વ્યાખ્યા કરી. શેની? **'निजबुद्धिपूर्व रागं समग्रं अनिशं स्वयं सन्नयस्यन्'** એની વ્યાખ્યા કરી. એક એક શબ્દની. **'આમ અનુભવતાં મનના વ્યાપારરૂપ રાગ મટે છે.'** એટલે એને થતો નથી. એ ભાવ થતો નથી તેને મટાડે છે એમ કહેવામાં આવે છે.

'**अबुद्धिपूर्वम् अपि तं जेतुं वारंवारम् स्वशक्तिम् स्पृशन्**' ખ્યાલમાં તો છે. આ રીતે નથી પણ અંદર કાંઈક રાગ તો છે. જો રાગ ન હોય તો વીતરાગ થઈ જવું જોઈએ. તદ્દન વીતરાગ. એથી '**अबुद्धिपूर्वम् अपि**' જે બુદ્ધિ વિના '**મનના આલંબન વિના મોહકર્મના ઉદયરૂપ નિમિત્તકારણથી પરિણમ્યા છે...**' મનના આલંબન વિનાનો અર્થ એટલો ત્યાં લેવો કે આમ ખ્યાલપૂર્વક આલંબન નથી. બાકી તો જેટલો રાગ થાય એટલું તો મન એમાં જોડાય છે. સમજાણું કાંઈ? પણ આમ ખ્યાલ નથી કે આ આમ જોડાઉં છું, એવું મનના આલંબન સહિત. '**વિના મોહકર્મના ઉદયરૂપ નિમિત્તકારણથી પરિણમ્યા છે અશુદ્ધતારૂપ જીવના પ્રદેશ,...**' જુઓ! સમજાણું?

'**અશુદ્ધતારૂપ જીવના પ્રદેશ,...**' એનો અર્થ એટલો કે મનનું બિલકુલ આલંબન છૂટી ગયું હોય, તદ્દન છૂટી ગયું હોય, પણ એ અહીં બુદ્ધિપૂર્વક છૂટેલું છે અને બીજે જરી મનનો ભાગ રહી ગયો પણ એ અબુદ્ધિપૂર્વક એને મનના પરિણામરહિત કહેવામાં આવ્યા. સમજાણું? '**મનના આલંબન વિના...**' કારણ કે અંદરમાં મનમાં ચિત્તમાં એટલું તો જોડાણ છે. કર્મના ઉદયમાં જેટલું રાગનું જોડાણ એટલું મનમાં પણ જોડાણ છે, પણ આને એ વાત લક્ષમાં નથી ને એથી '**મનના આલંબન વિના મોહકર્મના ઉદયરૂપ નિમિત્તકારણથી પરિણમ્યા છે...**' પરિણમે છે તો પોતાના પુરુષાર્થની ઉલટાઈથી. '**અશુદ્ધતારૂપ જીવના પ્રદેશ...**' (**तं अपि**) '**તેને પણ...**' (**तं अपि**) છે ને ઓલુ? પહેલું હતું ખરું ને? પહેલું છોડે છે અને આને પણ. એમ. પહેલું છોડે છે મનપૂર્વકના પરિણામ અને આને પણ. એમ.

'**જીતવાને માટે...**' નાશ કરવાને માટે. (**वारंवारम्**) લ્યો એની વ્યાખ્યા. '**અખંડિત ધારાપ્રવાહરૂપ...**' એમ. વારંવાર. કાળ પછી કાળ, વાર પછી વાર. આવે ને? શનિ પછી રવિ, રવિ પછી સોમ, કંઈ ફેર પડે છે? એમ કહે છે કે આત્માની એકાગ્રતામાં અખંડ ધારાપ્રવાહરૂપ એમાં ખંડ પડે નહિ. એકાગ્રમાં સ્પર્શે છે. (**स्वशक्तिं**) '**શુદ્ધ ચૈતન્યવસ્તુને...**' તેને. (**स्वशक्तिं**) '**શુદ્ધ ચૈતન્યવસ્તુને...**' (**स्पृशन्**) '**સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદતો થકો.**' અબુદ્ધિપૂર્વક હતો એને સ્વભાવ તરફના જોરથી વલણથી તેને ટાળવા માગે છે. ઉત્પન્ન થવાનો ભાવ નથી માટે તેને નિરાસ્રવી કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૬, રવિવાર,
## તા. ૪-૭-૧૯૬૫, કલશ-૧૧૬
## પ્રવચન નં. ૮૮

આ સમયસાર કળશ આસ્રવ અધિકાર છે એનો ૧૧૬મો ચાલે છે. આમ આસ્રવનો અધિકાર ચોથો. આસ્રવ તરીકે ચોથો. સળંગ તરીકે ૧૧૬. વચમાં છે જુઓ પાનું-૧૦૦. પાનું-૧૦૦. એમાં વચમાં છે જુઓ ભાવાર્થ. છે?

સમ્યગ્દ્રષ્ટિને આસ્રવ નથી એમ અહીંયાં સિદ્ધ કરવું છે. આ આત્મા વાસ્તવિક એનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યભાવ એની અંતર્મુખ સ્વભાવ સાવધાનીથી સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિનો અંશ પ્રગટ થયો એથી સમ્યગ્દ્રષ્ટિ જીવને પુણ્ય-પાપના ભાવઆસ્રવ છે નહિ એમ અહીંયાં સિદ્ધ કરવું છે. કેમકે વસ્તુમાં નથી અને વસ્તુની દૃષ્ટિનો અનુભવ થયો કે વસ્તુ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનમૂર્તિ છે આત્મા. એ એવો ને એવો અનાદિઅનંત જ્ઞાયક જ્ઞાનમૂર્તિ છે. આવે છે ને એમાં ભાઈ? પ્રવચનસારમાં નહિ? જ્ઞાયક તો એનો એ રહ્યો છે. અધ્યવસિત બીજી રીતે કર્યો છે. ૨૦૦મી ટીકામાં. વસ્તુ તો ચૈતન્ય જ્ઞાનસ્વભાવની મૂર્તિ, એવો ને એવો સ્વભાવ એ પુણ્ય-પાપના રાગ અને એ આસ્રવ એનાથી અંતર્મુખ દૃષ્ટિ કરીને, એનાથી ખસીને સ્વભાવનું અંતર્મુખ ભાન થવું અને એની પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનીને આસ્રવ નથી એમ અહીં સિદ્ધ કરવું છે.

**'ભાવાર્થ આમ છે—મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ છે જીવના જે અશુદ્ધચેતનારૂપ વિભાવપરિણામ...'** શું કહે છે? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એની દૃષ્ટિ અને એના સ્વભાવથી વિરુદ્ધ મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષ. મિથ્યાત્વની સાથેના અહીં રાગ-દ્વેષ લેવામાં આવે છે. એ લેવાના છે. વિપરીત માન્યતા કે હું રાગ, વિકલ્પ, શુભ આસ્રવ જેટલો તેટલો હું છું એવી જે દૃષ્ટિ તે મિથ્યા અભિપ્રાય, એની સાથે અટક્યો છે એમાં ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિમાં એ રાગ-દ્વેષ. અજ્ઞાનીને અનુકૂળતામાં ઈષ્ટતા લાગે છે, પ્રતિકૂળમાં અનિષ્ટ લાગે છે. એ જ્ઞેયમાં ઈષ્ટ-અનિષ્ટ નથી. જે ચીજ છે આત્મા સિવાય અનંત એમાં એ જ્ઞેય છે એ તો પ્રમેય છે. જ્ઞાનમાં જાણવાલાયક છે. એમાં ઈષ્ટ-અનિષ્ટ કોઈ ચીજ નથી. પણ વસ્તુમાં જ્ઞાનસ્વરૂપના ભાન વિના મિથ્યા અભિપ્રાયમાં એ ચીજોના બે ભાગ અજ્ઞાની પાડે છે. સમજાય છે કાંઈ? એવા ઈષ્ટ-અનિષ્ટવાળો રાગ-દ્વેષ અને મિથ્યા અભિપ્રાય. સમજાણું કાંઈ?

એવા **'મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ છે જીવના જ અશુદ્ધચેતનારૂપ...'** ભગવાન આત્મા

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એનાથી અશુદ્ધ ચેતનારૂપ પરિણામમાં મલિન ભાવ શુભ-અશુભભાવ, અશુદ્ધ ચેતનારૂપ વિભાવપરિણામ છે. વિકારી પરિણામ જે આત્માની દશામાં સ્વભાવને ભૂલીને વિપરીત માન્યતા સહિત રાગ અને દ્વેષ છે એ **'અશુદ્ધચેતનારૂપ વિભાવપરિણામ...'** એટલી વ્યાખ્યા. કહો, સમજાય છે કાંઈ?

**'તે બે પ્રકારના છેઃ'** હવે એ અશુદ્ધચેતના વિભાવપરિણામ બે પ્રકારના છે. **'એક પરિણામ બુદ્ધિપૂર્વક છે, એક પરિણામ અબુદ્ધિપૂર્વક છે. વિવરણ—'** એનો વિસ્તાર. **'બુદ્ધિપૂર્વક કહેતાં, જે બધા પરિણામ મન દ્વારા પ્રવર્તે,...'** છે, ખ્યાલમાં આવે છે, મન દ્વારા પ્રવર્તે છે, શુભ અને અશુભ પરિણામ બુદ્ધિપૂર્વક ખ્યાલમાં આવે છે એને અહીંયાં મન દ્વારા પ્રવર્તે છે એમ કહેવામાં આવ્યું છે અને એ મન દ્વારા જોડાણ થતાં **'બાહ્ય વિષયના આધારે પ્રવર્તે,...'** છે. જુઓ! મનવાળા પ્રાણીને જે પાંચ ઇન્દ્રિયના વિષયમાં લક્ષ જાય એ મન દ્વારા જાય છે. સમજાય છે કાંઈ? એ મન દ્વારા પ્રવર્તે છે બાહ્ય વિષયના આધારે. પછી વિષય એટલે કે આ આત્મા સિવાયના કોઈપણ જ્ઞેયો. એના લક્ષે પ્રવર્તે છે અને **'પ્રવર્તતા થકા તે જીવ પોતે પણ જાણે કે...'** ખ્યાલમાં આવે કે આ શુભ-અશુભ રાગ થાય છે પરલક્ષના ધ્યેયે. **'તે જીવ પોતે પણ જાણે કે મારા પરિણામ આ રૂપે છે;...'** સ્થૂળરૂપે ખ્યાલમાં એને આવે કે આ પરિણામ મારા શુભ-અશુભ છે. મન દ્વારા પ્રવર્તે બાહ્ય વિષયનો આધાર, લક્ષ બાહ્ય વિષયમાં જતાં શુભ અને અશુભભાવ થાય એ પોતે જાણવામાં પણ આવે.

**'તથા અન્ય જીવ પણ અનુમાન કરીને જાણે કે...'** બાહ્ય એનું લક્ષ ગયું છે તો એને પરિણામ અશુદ્ધ છે. કારણ કે અંતર્મુખ જે છે, અંતર્મુખમાં હોય એને અશુદ્ધ પરિણામ હોય નહિ, પણ બહિર્મુખમાં કોઈ ભક્તિ, પૂજા, હિંસા, વેપાર, ધંધો એનું જ્યાં બહાર લક્ષ છે એથી બીજાને પણ ખ્યાલમાં આવે છે કે આને પરિણામ શુભાશુભ છે. સમજાય છે કાંઈ વાત? સમજાય છે કે નહિ? ભાઈ! મૂળ ચીજ સમ્યક્ ચીજ શું છે એને સમજવાના જ્ઞાન વિના બાકી બધી ચીજો છે એ બધી આત્માને નિરર્થક છે. એ શુભ-અશુભભાવ ભલે કરે અને શુભભાવ ભલે હો, પણ એ શુભભાવ રહિત ચૈતન્યમૂર્તિ પ્રભુ એનું જ્ઞાન અને દૃષ્ટિ થયા વિના આત્માના જન્મ-મરણના ઉદ્ધારનો કોઈ રસ્તો નથી.

એમાં અહીંયાં કહે છે કે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ એવું ભાન થયું, સમ્યક્ પ્રતીતિ થઈ એને પણ મન દ્વારા બુદ્ધિપૂર્વક એટલે મન દ્વારા બાહ્ય વિષયોના અવલંબે શુભાશુભ પરિણામ થાય એ જ્ઞાનીના ખ્યાલમાં પણ હોય અને બીજાના અનુમાનગમ્ય પણ જાણવામાં આવે છે. સમજાણું કાંઈ? **'જાણે કે આ જીવના આવા પરિણામ છે;...'** દુકાન ઉપર બેઠો હોય જ્ઞાની ત્યારે ખ્યાલમાં એને નથી આવતું કે આ પરિણામ આ લક્ષવાળા અશુભ

છે. બીજાને પણ ખ્યાલ આવે કે નહિ? ત્યાં શુદ્ધ પરિણામ છે? પરિણતિ ભલે એનાથી નિરાળી (વર્તતી હોય) પણ પરિણામ જે ઉઠ્યા છે પરને લક્ષે એ અશુભ છે. પૂજા-ભક્તિમાં બેઠો હોય ત્યારે એને ખ્યાલ છે કે આ મારું લક્ષ અહીં જાય છે માટે મારા પરિણામ શુભ છે. બીજો પણ અનુમાન કરે છે કે એનું લક્ષ ત્યાં બરાબર છે, એટલે પરિણામ એના શુભ છે. બાહ્ય દ્રવ્યના અવલંબે, લક્ષે ઊભો છે, બીજો પણ અનુમાન કરે અને એને પણ ખ્યાલમાં આવે. તો બેય વાત થઈ અશુભ-શુભની. કહો, સમજાણું કાંઈ? નોટું ગણતો હોય પૈસાની દેવાની ત્યારે શું પરિણામ છે એના ખબર નથી? બીજા તો ભલે એની વાત નથી અત્યારે.

**શ્રોતા :-** દાન દેવાના રૂપિયા ગણતો હોય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહારલક્ષી છે ને. શુભભાવ છે રાગ મંદ હોય તો. એનું લક્ષ રાગની મંદતા પરાલંબી બાહ્ય વિષયમાં ગયું છે. એમ એને પણ ખ્યાલમાં આવે, બીજો પણ અનુમાનવાળો પણ ખ્યાલમાં લઈ શકે છે. અહીં કહેવું છે કે એ મટાડે છે સમ્યગ્દૃષ્ટિ એમ કહેવું છે પાછું. સમજાણું કાંઈ?

'**આવા પરિણામ બુદ્ધિપૂર્વક કહેવાય છે.**' બરાબર છે? '**ત્યાં આવા પરિણામને...**' હવે અહીં સિદ્ધાંત લેવો છે. '**સમ્યગ્દૃષ્ટિ જીવ મટાડી શકે છે,...**' ખ્યાલમાં છે કે આ, આ મારું નહિ એવું ભેદજ્ઞાન વર્તે છે. ભેદજ્ઞાન વર્તે છે એથી સ્વભાવ તરફ ઢળીને તેને ટાળી શકે છે. સમજાણું કાંઈ? '**મટાડી શકે છે,...**' ત્યાં નથી. આમાં ઉડી ગયું છે. ... હતો. ઉડી ગયું હશે. કહો, સમજાય છે કાંઈ? આ આત્માનું હિત શુદ્ધ ચૈતન્યસ્વભાવ જે પરમ પવિત્ર આનંદકંદ આત્મા, એની અંતર રુચિ, દૃષ્ટિ થવી અને પુણ્ય-પાપની રુચિ નાશ થવી અને અનુકૂળ પ્રતિકૂળ પદાર્થોમાં ઇષ્ટ-અનિષ્ટપણાનો ભાવ નાશ થવો એનું નામ આત્મામાં સમ્યગ્દર્શન અને અનંતાનુબંધીના અભાવની ધર્મપરિણતિ કહેવામાં આવે છે. ભારે વાત. કહો, સમજાય છે કે નહિ આમાં? હિંમતભાઈ!

એ ધર્મપરિણતિવંતને બુદ્ધિમાં ખ્યાલ આવે એવા પરિણામ મન દ્વારા પ્રવર્તે શુભ કે અશુભ કહે છે. એને '**મટાડી શકે છે,...**' મટાડી શકેનો અર્થ કે આમ ખ્યાલમાં છે કે આ (થાય છે). એટલે સ્વભાવ સન્મુખમાં એની જુદાઈ રાખે છે અને સ્વરૂપમાં ઠરીને છૂટી શકે છે. '**કેમ કે આવા પરિણામ જીવની જાણમાં છે;...**' સમજાણું કાંઈ? એ પરિણામ જીવને પોતાના જ્ઞાનથી આ ભિન્ન છે એમ જાણકારીમાં છે. ભિન્ન છે અને આ છે એમ જાણકારીમાં છે. સમજાણું કાંઈ?

આત્મા શુદ્ધ ચૈતન્યપ્રકાશની મૂર્તિ (છે) એમ અંતરમાં અપૂર્વ અનંત કાળે નહિ કરેલી દૃષ્ટિ અનુભવની કરી અને સમ્યક્ પ્રતીત અનુભવ થયો તો એ પરિણામ મન દ્વારા પ્રવર્તે, ખ્યાલમાં આવે કે આ છે. પણ એ છે એ મારા જ્ઞાનસ્વભાવથી ભિન્ન છે. છતાં જાણવામાં

વર્તે માટે સ્વભાવ તરફ એકાગ્ર થઈને ટાળી શકે છે. સમજાણું કાંઈ? પાછી ખુબી શું છે? કે ભાવ શુભાશુભ હો એ ટાળવા લાયક છે એમ તો ભેદજ્ઞાન થયું છે. આહાહા..! સમ્યક્ ધર્મીને એ શુભ-અશુભ પરિણામ મન દ્વારા પ્રવર્તતા ખ્યાલમાં આવતા છોડવાલાયક છે એમ તો જ્ઞાનમાં સમ્યક્ થતાં ભાન થયું છે. તો તેથી એને મટાડવા તત્પર રહે છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

'**શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જીવના સહારાના પણ છે;...**' એટલે જીવના ખ્યાલમાં પણ છે, જીવથી થયેલા પર્યાયની નબળાઈથી ખ્યાલમાં આવે એવા થયા છે. '**શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં...**' ખ્યાલમાં આવે કે આ રાગાદિ પરિણામ મારાથી ભિન્ન પણ થાય છે. માટે સ્વરૂપમાં સ્થિર થઈને ટાળી શકે છે. એક વાત કરી બુદ્ધિ પરિણામની. જુઓ! આ ઘરનું નથી કહ્યું એ માટે આધાર વળી આજ મળી ગયો એના સંસ્કૃતમાં. નહિતર છેલ્લી વખતે મળી ગયો. નહિતર કહે .. આપણે નાખ્યું છે ખરું એમાં ગુજરાતીમાં. પણ આ ટીકામાં છે આમાં. સંસ્કૃત મળ્યું છે. કો'ક કો'ક ઠેકાણે છે, ક્યાંક ક્યાંક લખાણ છે. એટલે આમાં ઘરની વાત નથી નાખી એમ અહીં કહેવું છે.

અહીંયાં તો કહે છે કે ભાઈ! તારું તારે કામ કરવું છે કે નહિ? તારે તારું કાંઈ હિતનું કામ કરવું છે કે નહિ? એ હિતનું કામ કરવું હોય અનંત સંસારના પરિભ્રમણને ટાળવું હોય તો આ એક ઉપાય શુદ્ધ ભગવાન આત્મા એની અંતર દૃષ્ટિ કર. એની એકતા થતાં તને પરિણામ પુણ્ય-પાપના મન દ્વારા ખ્યાલમાં આવશે, છતાં તે ભિન્ન છે, ટાળવાલાયક છે એમ અનુભવ દ્વારા ખ્યાલમાં આવ્યા વિના રહેશે નહિ. કહો, આમાં કાંઈ કરવાની બહારની ક્રિયા નથી આવતી આમાં. આ તો અંદરના પરિણામ થાય એ મટાડવા યોગ્ય છે એમ આવ્યું અહીં તો. રાજમલજી! આહાહા..!

'**અબુદ્ધિપૂર્વક પરિણામ કહેતાં,...**' હવે બીજી વાત લે છે. '**પાંચ ઈન્દ્રિય અને મનના વ્યાપાર વિના...**' ઊંડે ઊંડે મનનો વ્યાપાર છે. રાગ થાય અને ચિત્તનો સંગ ન હોય એમ ન હોય. પણ અહીંયાં બુદ્ધિપૂર્વકના ખ્યાલથી મનનો સંગ નથી એ અપેક્ષાએ અહીંયાં '**ઈન્દ્રિય અને મનના વ્યાપાર વિના જ...**' મનનો સર્વથા સંગ છૂટી જાય તો તો અંદરમાં વીતરાગતા આવી જાય. સમજાય છે કાંઈ? પણ અહીંયાં ખ્યાલપૂર્વક જે મન છે એ રીતે મનનું પ્રવર્તન નથી. એથી મનના વ્યાપાર વિના એમ કહેવામાં આવ્યું છે. શું કીધું?

'**પાંચ ઈન્દ્રિય અને મનના વ્યાપાર વિના...**' પૂર્વ કર્મના ઉદયનું નિમિત્ત અને નિમિત્ત પર, '**મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવ...**' મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવ '**પરિણામરૂપ પોતે સ્વયં જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશે પરિણમે છે,...**' મોહ શબ્દે અહીં અસ્થિરતા

લેવી જરી. મિથ્યાદષ્ટિનું મિથ્યાત્વ છે, અહીં સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વનો મોહ નથી. છતાં કહે છે કે '**મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવપરિણામરૂપ પોતે સ્વયં જીવ...**' એ પરિણામમાં સ્વયં જીવ. જુઓ પોતે ... '**જીવદ્રવ્ય...**' એટલે એમાં ગુણો પણ બધા જીવદ્રવ્ય કહેતા આવી ગયા. એક વાત. અંતરમાં આત્મામાં અબુદ્ધિપૂર્વક આસ્રવ થાય એનું શું સ્વરૂપ એને બતાવે છે. અહીં તો જરી મગજને કેળવવું પડે. કંટાળો પડે નહિ હોં! વાત એવી. ઓલું તો દયા પાળવી, આ વ્રત કરવો, પૂજા કરવી, ભક્તિ કરવી. જાવ.

**શ્રોતા** :-સમજાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સમજાય જાય અજ્ઞાન. એવું તો અનાદિ કાળથી કરે છે. ભાઈ! તારી સત્તામાં શું થાય છે ઊલટું-સુલટું. તારા સત્તામાં, તારા અસ્તિત્વમાં—હોવાપણામાં ઊલટું-સુલટું શું? એની અહીં વ્યાખ્યા છે આખી. બાહ્ય ચીજ તો નિમિત્તમાત્ર છે.

કહે છે કે જ્યારે આત્માનું ભાન ન હોય ત્યારે તો એકલી ઊલટી મિથ્યા અભિપ્રાય દશા અને ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ રાગ-દ્વેષની એ દશા એક હોય. એ અનાદિથી છે, એ તો રખડે છે. હવે જ્યારે સુલટી દશા દષ્ટિની થાય છે ત્યારે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસત્તા સ્વભાવ એની શક્તિના સત્ત્વમાં એકાગ્ર થતાં જે મિથ્યા પરિણામ રાગની એકતાબુદ્ધિના હતા અને ઈષ્ટ-અનિષ્ટ જ્ઞેયોને માનીને અંદર અભિપ્રાય સહિતના અનંતાનુબંધીના પરિણામ હતા એ પરિણામ સ્વરૂપની એકતામાં રહેતા નથી. સમજાણું કાંઈ?

હવે બીજા જે પરિણામ રહ્યા બુદ્ધિપૂર્વકના થોડા જાણકારીવાળા, એને સ્વભાવના ભાન દ્વારા ટળે છે. હવે રહ્યા બુદ્ધિપૂર્વક જે ખ્યાલમાં ન આવે, છદ્મસ્થ છે ઉપયોગ સ્થૂળ છે, એક સમયનો પરિણામ પકડવાની તાકાત નથી. એક સમય પકડવાની તાકાત થઈ જાય તો તો ખલાસ થઈ ગયું કેવળજ્ઞાન થઈ જાય. સમજાણું કાંઈ?

'**મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને...**' એ તો નિમિત્ત. હવે નૈમિત્તિક પોતામાં. '**મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવપરિણામરૂપ પોતે સ્વયં જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશે...**' ખુબી શું કરી છે? કે એક તો સ્વયં જીવદ્રવ્ય પોતાથી. બીજું, કે એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં. એ અશુદ્ધતા અસંખ્ય પ્રદેશમાં વ્યાપે છે. ભલે રહે ક્ષણિક, પણ વ્યાપે છે અસંખ્ય પ્રદેશમાં. વિભાવનું ટકવું એક સમય ભલે. પણ વ્યાપવું અસંખ્ય પ્રદેશમાં છે. શશીભાઈ! અને તે જીવદ્રવ્ય કહેતા.. ચારેય બોલ એમાં આવી જાય છે, જીવદ્રવ્ય કહેતા એના જે ગુણો છે એ અસંખ્ય પ્રદેશમાં બધું આમ વ્યાપેલું છે. એમાં ઓલો વિભાવ અબુદ્ધિપૂર્વક પરિણામ પણ અસંખ્ય પ્રદેશમાં વ્યાપી જાય છે. '**પ્રદેશે પરિણમે છે,...**' એ પર્યાય લીધી. સમજાણું કાંઈ? શું? '**અશુદ્ધ વિભાવપરિણામરૂપ પોતે સ્વયં...**' ઓલો તો નિમિત્ત છે મોહ. સ્વયં કર્તા પરિણમન કરીને. 'કરું છું' બુદ્ધિ ભલે નહિ, પણ પરિણમન છેને? પરિણમન છે ને જ્ઞાનીને પણ.

એથી ૪૭ નયમાં (કહ્યું) કે કર્તૃત્વ નય જ્ઞાનીને જાણવાલાયક છે. અને અકર્તૃત્વ પણ જ્ઞાનીને જાણવાલાયક છે. એક સમયે બે ધર્મો છે. એમ જ્ઞાની આમ જાણે છે કે આ પરિણમન પણ રાગનું છે એ કર્તૃત્વનય. કરું છું એવી બુદ્ધિ ભલે નહિ અને અકર્તૃત્વ એટલે રાગને જાણવાનો ભાવ પણ તે સમયે ઊભો છે. બેય એક સમયમાં એક દશામાં બેય હોય આ રીતે.

અહીં કહે છે કે જીવ જ્ઞાનીને **'સ્વયં જીવદ્રવ્ય...'** સમજાણું કાંઈ? **'અસંખ્યાત પ્રદેશે...'** વાસ્તવિક પદાર્થ છે એને પણ સાથે સિદ્ધ કરે છે. આમ મેલું.. મેલું... મેલું... આમ થયું એમ નહિ. વસ્તુ અને એમાં અનંત ગુણો, એમાં અસંખ્ય પ્રદેશોમાં વ્યાપક એમાં પરિણમે છે. શું પરિણમે છે? **'મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવપરિણામ...'** સમજાણું કાંઈ? **'આવું પરિણમન જીવની જાણમાં નથી...'** સૂક્ષ્મ છે એટલે ખ્યાલમાં આવતા નથી. એ ખ્યાલ આવી જાય તો ખલાસ થઈ જાય. ઉપયોગ થઈ જાય તો એટલો થાય નહિ એને. ઉપયોગ સૂક્ષ્મ થઈ જાય તો એ વિકાર થાય નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એનું દુઃખ ન હોય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુઃખ છે. ન હોય એમ હોય? એ ઠીક કહે છે. એમ (કહે છે) કે અબુદ્ધિપૂર્વક રાગ થાય એનું દુઃખ નહિ હોય ને? એમ અમારે દલાલ પૂછે છે. દુઃખ છે. વિકારમાત્ર દુઃખરૂપ છે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો ફક્ત બે પ્રકાર શું છે એટલી વાત કરવી છે. બાકી છે તો વિભાવ દુઃખરૂપ. એ આનંદની લૂંટ (થાય છે). બુદ્ધિપૂર્વક હો કે અબુદ્ધિપૂર્કવ હો, જાણકારીમાં હો કે અજાણકારીમાં હો, પણ આત્માના આનંદથી ઊલટી વિકારદશા છે. સમકિતીને પણ એવા વિકારથી દુઃખની ઘાત લાગે છે. આહાહા..! ઓલું એક નથી? પંચાધ્યાયીમાં નથી? પંચાધ્યાયીમાં શબ્દ છે. એને પણ આમ.. એ ભૂલી ગયા છીએ. પંચાધ્યાયીમાં આમ છે. સમકિતીના અસંખ્ય પ્રદેશમાં પણ ... .. જેમ સંધિ ઝલાણી હોય ને? આ સંધિ ઝલાઈ જાય છેને? હાડકા, સાંધા. એમ એટલી સંધિ જ્ઞાનીને ઝલાઈ ગઈ છે એમ કહે છે. પંચાધ્યાયીમાં છે. શબ્દ બરાબર ભૂલી ગયા. હમણા પંચાધ્યાયી વાંચ્યું નથી. આ સંધિ હોય ને સંધિ જેમ. સાંધે સાંધા વાના તુટેને જલાઈ જાય આમ. અહીં.. અહીં.. આહીં... આખા. એમ જ્ઞાનીને પણ અસંખ્ય પ્રદેશમાં એ બુદ્ધિપૂર્વક, અબુદ્ધિપૂર્વક રાગ એ સંધિવા જેવું દુઃખ છે એમ કહે છે. આહાહા..! એવો શબ્દ છે. એમાં છે એ.

એ કહે છે કે આ સંધિવા તો રાડ પડાવે. આ કાંઈ રાડ પડાવતું નથી એમ કહે છે. અંદરમાં જે અબુદ્ધિપૂર્વક કે બુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ થાય એ કાંઈ રાડ પડાવતું નથી. રાડ એટલે એટલે એને દુઃખ લાગતું નથી. પણ જ્ઞાનીને ખ્યાલમાં છે કે મારો આનંદ પૂર્ણ પ્રગટ્યો

નથી માટે રાગ-દ્વેષનું દુઃખ—આકુળતા, અનાકુળતાથી આ ભિન્ન છે. એટલો દુઃખનો ખ્યાલ જ્ઞાનીને છે. અજ્ઞાનીને બિલકુલ નથી. એ તો મૂઢ હરખ સનેપાત છે એનો. હરખ સનેપાત. સનેપાત થયો હોય. વાત, પિત્ત અને કફ (વકરે). દાંત કાઢે, હેં.. હેં.. હેં.. હમણાં મરવાનો છે. બીજા પણ કહે કે હવે ખલાસ. ઓહોહો..! ત્રિદોષ ફાટ્યો, ત્રિદોષ ફાટ્યો. એમ આને અજ્ઞાનીને મિથ્યાત્વ, અવ્રત અને કષાય. મિથ્યાત્વ, અજ્ઞાન અને અવ્રત ત્રણ ફાટ્યા—ત્રિદોષ અને માને છે અમે ખુશી છીએ પૈસામાં, બાયડીમાં.

જ્ઞાનીને મિથ્યાત્વનો દોષ નથી એટલે એને ત્રિદોષનો રોગ નથી. એને ફક્ત અવ્રતના પરિણામ અને રાગના પરિણામ પછી કષાય (થાય) એટલું એનું દુઃખ છે. સમજાણું કાંઈ? મિથ્યાદષ્ટિને ત્રિદોષના ત્રણેય દોષ છે. મિથ્યાદષ્ટિ, મિથ્યાજ્ઞાન અને અવ્રત પરિણામ એ ત્રણેનો સંધિ પકડાઈ ગયો છે એને સંધિવાત. જ્ઞાનીને એ પણ છૂટ્યા નથી એટલી વાત. એને આમ સંધિમાં દુઃખ થાય એટલી અસ્થિરતાનો રાગ (થાય છે). મિથ્યાત્વ નથી, અજ્ઞાન નથી, બે નીકળી ગયા એટલે ત્રિદોષ નથી. પણ એક દોષ અસ્થિરતાનો રહ્યો, એના બે પ્રકાર પાડ્યા બુદ્ધિપૂર્વક, અબુદ્ધિપૂર્વક. પણ એ દુઃખરૂપ તો છે જ તે. આહાહા..!

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વજ્રનો ઘાત થાય એવો શબ્દ છે પંચાધ્યાયીમાં. ઘાત થાય છે બસ એવું.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા થાય. શું થયું ખબર નહિ. અંદરમાં દુઃખ થાય છે અંદરમાં. મૂઢ માર. મૂઢ માર કહે છેને અમારે. અંદરમાં ને અંદરમાં લોહી ઓલું થઈ જાય. બહારમાં દેખાય નહિ કાંઈ. અંદરમાં એવો વિકૃતભાવ બુદ્ધિપૂર્વક, અબુદ્ધિપૂર્વક બેય, આઘાત છે. વજ્રની ચોંટ જેવું છે. સમજાણું કાંઈ? એને મટાડવા માગે છે. આમ લેવું છે બેય પરિણામનું. બુદ્ધિપૂર્વકનો રાગ અને અબુદ્ધિપૂર્વકનો રાગ એને જ્ઞાની અબુદ્ધિપૂર્વકના રાગ માટે શું કરે? સ્વરૂપને સ્પર્શવા માગે છે એમ કહે છે. ઓલો તો ખ્યાલ છે માટે સ્વભાવ તરફ ઢળીને ટાળે છે.

**'જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશે પરિણમે છે,...'** જુઓ! પરિણમે છે. પર્યાયમાં અશુદ્ધતા છે સમ્યગ્દષ્ટિને પણ. બિલકુલ શુદ્ધ થઈ ગયો નથી. એવું પરિણમન પણ અહીંયાં એને સ્વભાવની એકતાની દૃષ્ટિની અપેક્ષાએ એ પરિણામ એના નથી અને એ આસ્રવ એને નથી અને ટાળવા માગે (છે) માટે એના નથી એમ કહેવામાં આવે છે. જુઓ! **'આવું પરિણમન જીવની જાણમાં નથી...'** અવ્યક્ત છેને? **'જીવના સહારાનું પણ નથી,...'** ખ્યાલમાં આવ્યું કે.. આ આવ્યો એને મારે ટાળવો. આવ્યો એ જ સમયે ટળતો નથી. મન દ્વારા જે આવ્યો ખ્યાલમાં એ આવ્યો એ સમયે ટળતો નથી. એ તો ઉદય થઈ ગયો. પણ જે સમયે આવ્યો

તે સમયે ન ટળે. આમ જ્ઞાનમાં આવે કે આ છે. તો આ બાજુમાં ઢળીને બીજે ક્ષણે એને ટાળવા પ્રયત્ન કરે છે. સમજાણું કાંઈ? આ.. આવ્યો, લાવો ટાળો. પણ આવ્યો એને શું ટાળે? ઉત્પન્ન થઈ ગયો તો ઉત્પાદ થઈ ગયો. ઉત્પાદનો એ સમયે વ્યય થઈ શકે જ નહિ. એ સમયે વ્યય થઈ શકે જ નહિ. બીજે સમયે એની મેળાએ થશે. પણ એની મેળાએ થશે એ કરતા જ્ઞાની સ્વભાવ તરફનું લક્ષ કરીને ટાળે છે માટે મટાડે છે એમ કહેવામાં આવે છે. અજ્ઞાનીને ઉદય આવે છે એ વ્યય તો બીજે સમયે થાય જ છે. છતાં જ્ઞાનીને વ્યય થાય છે એનો સમ્યગ્દૃષ્ટિ સ્વભાવની તે વખતે જાગૃતિ તરફ રહે છે એથી જે પહેલે ક્ષણે થયો એ બીજે ક્ષણે સ્વભાવની સાવધાનીને લઈને થતો નથી, એથી તેને ટાળે છે, ખ્યાલમાં આવેલો ટાળે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'અસંખ્યાત પ્રદેશે...'** .. એ પ્રદેશ યાદ આવ્યાને એટલે એમાં છે એ. અસંખ્ય પ્રદેશમાં આમ વજ્રની ઘાત લાગે, ચોટ (લાગે છે). **'આવું પરિણમન જીવની જાણમાં નથી અને જીવના સહારાનું પણ નથી,...'** ખ્યાલ નથી એટલે પરિણમન છે પણ ખ્યાલમાં આવતું નથી. **'તેથી જે તે પ્રકારે મટાડી શકાતું નથી.'** આ થયો માટે હવે આમ આવું એમ એમાં નથી. એમ એટલું કહેવું છે. મન દ્વારા આ થયો, તો આ બાજુ ઢળીને એ પછી થાય નહિ એવો પ્રયત્ન એમાં વર્તે, પણ આ થયો ઓલો તો ખ્યાલમાં આવતો નથી. એટલે આ થયો એ ખ્યાલમાં આવતો નથી તો કોઈ રીતે મટાડું આમ કરીને એમ નથી. પણ ત્યારે હવે એનો ઉપાય શું?

**'માટે આવા પરિણામ...'** દેખો! **'તેથી જે તે પ્રકારે મટાડી શકાતું નથી.'** એની વ્યાખ્યા શું? અને અહીં પાછા મટાડી શકે છે. ભાઈ! બે વાત છે. આ છે એમ કરીને મટાડી શકતો નથી એમ. બુદ્ધિપૂર્વકનો જે રાગ છે એ તો જ્ઞાનમાં ખ્યાલ છે એથી આ બાજુ ઢળીને તે ટાળશે, પણ અબુદ્ધિપૂર્વકનો રાગ આ છે એ તો ખ્યાલમાં આવતો નથી. તો આ છે એમ ધારીને મટાડી (શકાતો નથી). **'તેથી જે પ્રકારે મટાડી શકાતું નથી.'** એ આ છે માટે મટાડું એમ એને મટાડી નહિ શકાય. એટલી વાત છે ત્યાં. ત્યારે હવે શી રીતે મટે એ? સમજાણું?

**'માટે આવા પરિણામ મટાડવા અર્થે...'** ખ્યાલમાં છે. મારી શુદ્ધતા પૂર્ણ પ્રગટ થઈ નથી, પૂર્ણ થઈ નથી માટે શુદ્ધતાનો સ્વભાવ જે પોતાનો છે એ શુદ્ધ સ્વરૂપને સ્પર્શે છે, અનુભવે છે. સમજાણું કાંઈ? પોતાના શુદ્ધ સ્વરૂપને વારંવાર આનંદનો અનુભવ અનાકુળ શાંત સ્વરૂપને દૃષ્ટિમાં લીધો છે એને વારંવાર અંદર સ્પર્શે છે. એને સ્પર્શતા, અનુભવતા, આસ્વાદ લેતાં એ ટળી જાય છે. વાતું પણ...

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, છેને.

**‘આવા પરિણામ મટાડવા અર્થે નિરંતરપણે શુદ્ધસ્વરૂપને અનુભવે છે,...’** એનો અર્થ નિરંતરપણે સ્વભાવ સન્મુખની દશા ચાલે છે. ખ્યાલમાં એમ નથી. તે ટળી જાય છે એમ આ પણ ટળી જશે. આમ કરે છે નિરંતર સ્વભાવ સન્મુખ જાય છે એ બુદ્ધિપૂર્વકનો ખ્યાલ આવ્યો એ પછી બીજે સમયે ઉત્પન્ન નહિ થાય એમ ઢળેલો છે અને અબુદ્ધિપૂર્વક ખ્યાલ અહીંયાં અનુભવ કરે છે નિરંતર માટે ટળી જશે. એ બેય એક હારે વાત છે. અહીં તો પ્રશ્ન સમજાવવું છેને ઢબ.

**‘આવા પરિણામ મટાડવા અર્થે નિરંતરપણે...’** શુદ્ધ ચૈતન્યપ્રભુ અનાકુળ શાંતની દૃષ્ટિ, વારંવાર એના તરફની જ સાવધાનીપણું છે. એ સાવધાનીપણું નિરંતર અંતર વિના વર્તે છે. કોઈ દિ’ ત્યાં પુણ્યના વિકલ્પનો આશ્રય કરવો એવી દૃષ્ટિ એની હોતી નથી. પોતાના નિશ્ચયસ્વભાવ તરફનું વલણ નિરંતર વર્તે છે માટે જ્ઞાની વ્યવહારથી મુક્ત છે અને સ્વભાવ તરફ ઢળ્યો તો વ્યવહારને ટાળી શકે છે. આ વ્યવહાર કહો કે બુદ્ધિપૂર્વકના પરિણામ કહો. સમજાણું કાંઈ? નિરંતર કહેવામાં આશય છે કે કોઈ સમયે જ્ઞાનીને પણ રાગનો આશ્રય નથી, આશ્રય નિરાકાર ભગવાન નિરાકુળ આનંદ એનો જ આશ્રય નિરંતર વર્તે છે. કોઈ દિ’ એનો આશ્રય ટળીને રાગનો આશ્રય થાય એમ હોતું નથી. એથી નિરંતર સ્વભાવના સાધનને આશ્રયે અનુભવથી એ ટળી શકે છે. શશીભાઈ!

આ શું? આવો ધર્મ કેવો હશે? આવો જૈન ધર્મ હશે? અમે તો સાંભળતા નહોતા આવો. એય..! ભગવાનભાઈ! કંદમૂળ ન ખાવા, ખાય તો એમાં દોષ માનવો, ચોવિહાર કરવો, આ કરવું એવું આવતું. આમાં તો એવું કાંઈ આવ્યું નહિ અને આવો આમ ધર્મ થાય અને આમ ધર્મ થાય એવું આવ્યું. આ પરમેશ્વર વીતરાગના જૈનનું સ્વરૂપ આવું હશે? મોહનભાઈ! એવું એણે સાંભળ્યું નથી.

જૈન પરમાત્માનું તત્ત્વ એટલે જૈન તત્ત્વ એટલે વસ્તુ તત્ત્વ. ભગવાન પરમાત્મા નિજસ્વરૂપે વીતરાગઘન એવી જ્યાં દૃષ્ટિ થઈ એ વીતરાગ તત્ત્વની વીતરાગ પર્યાય થઈ. એમાં હવે બુદ્ધિપૂર્વક, અબુદ્ધિપૂર્વક રાગ થોડા રહ્યા એને સ્વભાવના વીતરાગના સ્વ આશ્રયે ક્રમે ક્રમે તૂટી જાય છે અને મટી જાય છે. એક સમય પણ જ્ઞાનીને સ્વભાવની તરફની એકતા એક સમય પણ તૂટતી નથી. ઉપયોગ ભલે શુભ-અશુભમાં હો, છતાં અંદરની એકતા સ્વભાવની નિરંતર નિશ્ચયનું અવલંબન બે કામ થાય છે. આહાહા..! કહો, કનુભાઈ! સમજાય છે કે નહિ? એ આમ છે. કનુભાઈને યાદ કર્યા. ૯૪માં પૂછતા હતા તમને. ૯૪. કેટલા વર્ષ થયા? ૨૭. સાત વર્ષની ઉંમર હતી તે દિ’ એની. ઈ કહે, મહારાજ! આ હરુભાઈના દીકરા. મહારાજ! તમે એમ કહો છો કે જ્ઞાની બે ગાદલે રેશમના સૂવે તોપણ એને ધર્મ થાય. રેશમના ગાદલા

હોય છે ને? શું કહેવાય? ગદ્દી. ત્યાં સમકિતી હોય તો એને ધર્મ થાય અને અજ્ઞાની અમે આ નીચે ગાદલા-ગોદડે.. શું કહે? ગોદડું નીચે પાથરીને સૂઈએ છીએ તોપણ કહે અમને કે તમને ધર્મ ન થાય. આવો પ્રશ્ન કર્યો હતો કનુભાઈએ. સાત વર્ષની ઉંમર હતી એની. ૯૪ની સાલ. આ શું તમે કહો છો? ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ચક્રવર્તી હોય અને રેશમના ગાદલા. ગદ્દી કહે ને એ? એક આટલું પહોળું અને એના ઉપર સૂતા.

**શ્રોતા :-** પણ સૂવે છે તો ન કહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રશ્ન તો બાળક હોય તો એ કરે ને એની. નાની ઉંમર હતી ને તે દિ'. સાત વર્ષની ઉંમર. અત્યારે ૨૮ વર્ષ થયા હશે. ૮૬.

**શ્રોતા :-**...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની વાતમાં એની દૃષ્ટિનું જોર ક્યાં છે. જ્ઞાનીની દૃષ્ટિ ઝીલે છે અનંતા શુદ્ધતાના ભાવને. અને અજ્ઞાની દૃષ્ટિમાં ઝીલે છે એકલા મલિન પરિણામને. આહાહા..! બહાર બેઠા હતા, પ્રશ્ન કર્યો હતો ૨૭ વર્ષ પહેલા. સમજાણું કાંઈ? નીચે ગોદડે સૂઈએ નાને (અને કહે), તમારે ધર્મ નહિ. ઓલો છ ખંડનો ધણી, છન્નું હજાર રાણી અને એના બંગલા અહીં હોય શેના એવા અત્યારે. દેવ બનાવે બંગલા પાંચ. છન્નું હજાર સ્ત્રી ચારે બાજુ અને પોતે મધ્યમાં. એ ચારે બાજુથી કોઈપણ સ્ત્રીઓ આવી શકે આમથી આમ. બધાની સગવડતા. એ તો અલૌકિક વાત હોય કે નહિ ત્યાં? વચમાં પોતે અને છન્નું હજાર સ્ત્રીનો લાડો. અને કહે કે સમકિતી અને એને ધર્મ થાય. કનુભાઈ! અને મોટા શું કહેવાય આ? ઢોલિયા. મોટા ઢોલિયા હીરાના. હીરાના ઢોલિયા. ઢોલિયા સમજો છો? પલંગ પલંગ. બાદશાહ સૂતો હોય તો જાણે એમ લાગે કે ઓહોહો..! આ તે ... આવા ભોગ! અરે.. સાંભળ ભાઈ! સાંભળ. એ તો પૂર્વના ઉદયનો સંયોગ છે. દૃષ્ટિ સંયોગ ઉપર ધર્મીની હોતી નથી. આહાહા..! ધર્મીની દૃષ્ટિ જ્યાં પડી છે ત્યાં સંયોગ નથી, ત્યાં વિકાર નથી. એવા શુદ્ધ આનંદકંદનો આદર જેની દૃષ્ટિમાં છે એને લઈને ત્યાં ધર્મ છે. કાંઈ સૂવાની ક્રિયાને લઈને નથી. સમજાણું કાંઈ? ...ભાઈ!

ઓહોહો..! ચક્રવર્તી એનો એક ૩૨ કવળ. એ ૩૨ કવળમાંથી એક કવળ છન્નું કરોડ પાયદળ પચવી ન શકે. એટલા એના પુણ્ય અને જઠર છે એ ૩૨ કવળમાં તો લાખો-કરોડો રૂપિયા પડ્યા હોય એમાં. ભસ્મ નાખી હોય એટલી. સોનાની, રૂપાની, ચાંદીની એકલી ભસ્મ પડી હોય. ૩૨ કવળ હોં! એ એક કવળ છન્નું કરોડ પાયદળ ન પચવી શકે. એ ક્ષાયિક સમકિતી જીવ શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ભગવાન ત્રિલોકનાથ મારું આનંદસ્વરૂપ તો અહીં છે. એવી દૃષ્ટિમાં અહીં જ્યાં વિકલ્પ જરી આવે છે એ દુઃખરૂપ જાણે છે. સમજાણું? એ ૩૨ કવળ ખાવાની ક્રિયા લોકો દેખે છે. કહ્યું ને? નિર્જરાની પહેલી ગાથામાં. જ્ઞાનીને સચેત અને અચેતનો ભોગ નિર્જરાનો હેતુ છે. કાંઈ ભોગ નિર્જરાનો હેતુ નથી. પણ તે

કાળે આમ વર્તે છે, પણ તે કાળે અંદર સ્વભાવનો આદર આનંદકંદનો ચૈતન્યનો છે એ અધિકપણામાં આનું અધિકપણું થતું નથી. રાગ અને સંયોગનું અધિકપણું દૃષ્ટિમાં નથી આવતું. રાગ અને સંયોગનું હીણાપણું થઈને સ્વભાવ આનંદકંદના અધિકપણામાં અનુભવમાં પડ્યો, દૃષ્ટિ પડી છે, ભલે ઉપયોગ અશુભ ભલે હો પણ એના સ્વભાવ તરફની એકતા અને અધિકતાને કોઈ તોડી શકતું નથી. સમજાણું કાંઈ? આ પણ આ એ અંતરના ખેલ. કહો, ધર્મચંદજી!

... છન્નું કરોડ પાયદળ. આહાહા..! સમજાણું? બળ પણ કેટલું? ભરતની વાત આવે છે વૈભવમાં. ભરત પોતે આમ નીકળ્યા પોતાના પડાવમાં. પડાવ હોય ને પડાવ લશ્કરનો. પડાવમાં આમ નીકળ્યા એટલે કો'ક માણસ વાતું કરતું હતું રાતે. પોતે નીકળ્યા અમથા અજાણ્યા. ભરત–બરતનું બળ એ તો આપણે બધા છીએ એટલે એ નભે છે. એનું એકલાનું શું બળ ચાલે? આ છન્નું કરોડ પાયદળ અને આ બધું સાધન અને આ સોળ હજાર દેવ ને ત્યારે એના રાજ નભે. એકલાથી શું નભે? એ બધી વાતું કરે.

**શ્રોતા :–** એ વખતેય આવા ખરાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધાય હોય. એમ કે એ વખતે આવા હશે ખરા કે નહિ? એમ કહે છે.

એ વાત કરતા હતા અંદર. ત્યારે ઓલાએ એકવાર એક સોનાની સાંકળ બનાવી. સોનાની સાંકળ. સાંકળ કહે છે ને? મોટી બનાવી. છન્નું હજાર, છન્નું હજાર માણસ પકડી શકે એટલી. છન્નું કરોડ પાયદળ. મોટી લાંબી.. લાંબી.. લાંબી બનાવી. પછી એકવાર ઢોંગ કર્યો ભરતે. કે આ આંગળી મારી વળતી નથી, ટેઢી નહીં હોતી. બહુત કઠણ હો ગઈ, બહુત કઠણ હો ગઈ. ઓલા કહે, ચાલો અમે કરી દઈએ. બે, પાંચ, પચ્ચીસ લાખ માણસ આવ્યા પણ કાંઈ કરી ન શકે. ત્યારે હવે શું કરવું? ત્યારે તમારે કરવું છે? એકસાથે છન્નું કરોડ વળગો સાંકળ સોનાની આપું તમને. વળગો બધા એની સાથે અહીં બાંધો અને પછી ખેંચો. આમ ખેંચે તો ખેંચાય નહિ. આમ જરીક ઊંચું કર્યું તો પડ્યા ભૂ દઈને. પછી કહે, જો આ કરી લઉં, જો સાંભળ તારાથી નહિ થાય. તમારા છન્નું કરોડથી નહિ થાય જુઓ. બાપા! તમારા બળને લઈને નભીએ છીએ એમ ન માનો. એ પુણ્ય અને પુણ્યના યોગ છે એને કારણે આ ચક્રવર્તી થયા છીએ. એને લઈને છે. બાહુબલીજીને કીધું ને. નમ્યા વિના નહિ ચાલે. ચક્રવર્તીનું પુણ્ય લઈને આવ્યા છીએ. નમ્યા વિના ચક્ર નહિ કરે. કુદરતી પુણ્ય એવું છે એમાં કરીશ શું તું? નમવું પડશે. ઓલો કહે લડીએ. લડો. અંતે ઓલા પુણ્ય એટલા મોળા તો આવ્યા. અંતે તો.. પણ એ સમ્યગ્દર્શન અને જ્ઞાનનું ભાન હોવા છતાં તેની દૃષ્ટિમાં વિષય તો ભગવાન આખો આત્મા તરવરે છે. એને રાગ અને આની કાંઈ કિંમત છે નહિ. આહાહા..! કહો, કનુભાઈ! બરાબર છે?

**'માટે આવા પરિણામ મટાડવા અર્થે નિરંતરપણે...'**નો અર્થ એ છે. સ્વરૂપની એકાગ્ર જે દૃષ્ટિ થઈ છે, કોઈ દિ' નિશ્ચયની પ્રધાનતા અંતર્મુખમાંથી ખસતી નથી. ધર્મીને કોઈ દિ' કરોડો વર્ષનું આયુષ્ય હોય તોપણ વ્યવહારની મુખ્યતા ત્રણ કાળમાં અંદરમાં થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? દયા, દાનના પરિણામની મુખ્યતા થતી નથી તો વિષયના પરિણામની મુખ્યતા ક્યાંથી થાતો હતો? સમજાણું કાંઈ?

ચિદાનંદ પ્રભુ, અનંત આનંદનું નિધાન ખાણ, અતીન્દ્રિય આનંદનો પૂર્ણ પર્યાયેથી નીકળે એવો અનંત અનંત અતીન્દ્રિય આનંદની પર્યાયની ખાણ એવો ભગવાન એની અંદરમાં દૃષ્ટિનો અનુભવ થયો એની નિરંતર દશા સ્વભાવ સન્મુખ જ વળેલી છે. કહો, સમજાય છે કાંઈ? કોઈ વખતે વ્યવહાર પ્રધાન કરીને કામ કરે અને કોઈ વખતે નિશ્ચય પ્રધાન કરીને કામ કરે એમ જ્ઞાનીને હોતું નથી એમ સિદ્ધ કરે છે. કહો, સમજાણું આમાં?

**'નિરંતરપણે શુદ્ધસ્વરૂપને અનુભવે છે, શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં સહજ મટશે.'** દેખો! સહજ મટશે, મટાડવા પડે નહિ. ભગવાન આત્માની ખાણ નિધાન આનંદ, એવી જ્યાં દૃષ્ટિ (થઈ), અરે..! આઠ વર્ષની બાળિકા હોય દીકરી અને સમ્યગ્દર્શન પામે. આઠ વર્ષની દીકરી. આહાહા..! અરે..! એ તો આઠ વર્ષ તો શરીરને છે. અવયવો તો શરીરના છે. ભગવાન આત્મામાં ક્યાં ગરી ગયા હતા અવયવો? સમજાણું કાંઈ? એ એક સમયનો પ્રભુ પરિપૂર્ણ પરમાત્માના પદને અંદર ગર્ભમાં રાખ્યું છે એણે. એવા ભગવાનનો અનુભવ કરનાર કહે છે કે સ્ત્રી હોય સમકિતી તોપણ તે આસ્રવ રહિત છે. એય..! શશીભાઈ! આહાહા..! ભારે ભાઈ!

**'શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં સહજ મટશે. બીજો ઉપાય તો કોઈ નથી,...'** દેખો! એ અબુદ્ધિપૂર્વક રાગ થાય કે બુદ્ધિપૂર્વક થાય એ ભગવાન સહજાત્મસ્વરૂપ પ્રભુ પોતે એના અંતર અવલંબે એકાગ્ર અનુભવથી તે ટળી શકે છે. બીજી કોઈ ક્રિયાકાંડે ટળે એવું કાંઈ છે નહિ. આહાહા..! આ ચોથા ગુણસ્થાનથી માંડીને વાત છે હોં! **'તેથી એક શુદ્ધસ્વરૂપનો અનુભવ ઉપાય છે...'** લ્યો! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો જ્યાં મીણો ચડી ગયો છે એને. મીણો કહે છેને? શું કાંઈ કહે છે? કેફ, મીઠો, અમારે મીણો કહે છે કાઠિયાવાડમાં. મીઠો ચડી ગયો છે. અતીન્દ્રિય આનંદની ખુમારી.

એક બાવો હતો ૮૫માં લાઠીમાં અપાસરાની પાસે. તેરા નૈનો મેં એવી ભાષા કાંઈક ભૂલી ગયા. 'રામરસ રે તેરી નૈનું વરસે રામ રસે.' કીધું, આ નેનું કહે છે એ નેનું નહિ, આત્માના નૈનું 'તારી આંખુમાં વરસે રામ રસે...' આત્માનો રસ. એ કાંઈક ભાષા બોલતો હતો. એ વખતે બહુ કરતો હતો. બોલે સવારમાં. પાછો કષાય એવો કરે. પકડીને કાઢ્યો હતો લોકોએ. ભાન વિનાના વાતું કરે. કાંઈક ભાષા હતી. 'નૈનોં મેં વરસે રામરસ...' ચૈતન્યના

નેત્રો અંદર સમ્યગ્દર્શન-જ્ઞાનના નેત્રમાં આત્મરસ, આત્મારામ પડ્યો છે. એના નેત્રમાં બીજું કામ, બીજી વાત ગોઠતી નથી. આત્મારામ વિના એને બીજી વાત ગોઠતી નથી. એથી કહે છે કે શુભાશુભ પરિણામ જ્ઞાનીને થાય એને મટાડવાની વાત તો એક જ છે (કે) ભગવાન શુદ્ધ સ્વરૂપને સ્પર્શે. કહો, સમજાણું? એક સ્પર્શ આવી ગયુંને ત્યાં? આ સ્પર્શ અને એની વ્યાખ્યા. જુઓ ભાઈ! છેને ઓલો ભાવાર્થ ઉપર? **'શુદ્ધ ચૈતન્યવસ્તુને...'** (**स्पृशन्**) એની આ બધી વ્યાખ્યા ચાલી જુઓ. (**स्पृशन्**) **'સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદતો થકો.'** આપણે ભાવાર્થથી શરૂ કર્યુંને એની રીતિ. આ બધી (**स्पृशन्**)ની વ્યાખ્યા છે. એ પુણ્ય-પાપના વિકલ્પો અબુદ્ધિપૂર્વક કે બુદ્ધિપૂર્વક હોવા છતાં એ ચૈતન્ય પોતાના સ્વરૂપને સ્પર્શે છે. સ્પર્શે છે એટલે કે વેદન કરે છે. આ એની વ્યાખ્યા બધી કરી છે.

વાત સાંભળી ન હોય કેટલાકે તો. આ વળી આવું શું? આવો માર્ગ હશે? અરે.. ભગવાન! પોતે ત્રણ લોકનો નાથ, જેના જ્ઞાનમાં અનંતા કેવળીઓ જણાય એવો પોતે પરમાત્મા, એની એક સમયની પર્યાયમાં અનંતા કેવળી જણાય. જેની એક સમયની દશામાં અનંતા સિદ્ધો જણાય. અરે..! એની એક સમયની દશામાં અનંતા સિદ્ધનો આદર થાય. એવો ભગવાન અનંતી પર્યાયનો પિંડ એક ગુણ અને એવા અનંતા ગુણનું એકરૂપ આત્મરામ. એવા આત્મરામની દૃષ્ટિ રામ આત્મામાં આરામપણે પડી, કહે છે કે એના બુદ્ધિપૂર્વક, અબુદ્ધિપૂર્વકના રાગ આત્માના આનંદને સ્પર્શતા એ ટાળી શકશે. એ સિવાય બીજો ઉપાય નથી. કેટલા અપવાસ કરવા પડે એને માટે? અહીં તો કહે કે કર્મ બાંધ્યા હોય તો અપવાસ કરે તો તોડે. એમ કહે લ્યો.

**શ્રોતા :-** તપેલાને તોડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. તપેલાને છે. તપેલું હોય ને વાસણ. એને કાટ લાગ્યો કાટ. કાટ લાગ્યો. તપેલા સમજો છો? પંડિતજી! એ વાસણ. એને કાટ લાગે ને કાટ. તો પછી કાથીથી કાટ ઘસે તો ટળે. એમ આ કર્મબંધ ચોંટ્યા છે માટે તપ-અપવાસ કરો તો ટળે. સીધી વાત લ્યો. પણ ક્યો તપ? ભાઈ! અને ચોંટ્યા છે કઈ રીતે તને ખબર નથી. કર્મ ચોંટ્યા નથી. એ તો નિમિત્તરૂપે પડ્યા છે. એ ચોંટ્યા છે નિમિત્તરૂપે છે. વસ્તુ તો તારામાં નૈમિત્તિકપણે મિથ્યા અભિપ્રાય અને રાગ-દ્વેષનું પરિણમન તે તને બંધન અને દુઃખરૂપ છે. એ નિમિત્ત દુઃખરૂપ છે? સમજાણું કાંઈ? એને ટાળવા. એને ટાળવા તારો અધિકાર છે? એનો કર્તાહર્તા છો? જડનો કર્તા હર્તા છે તો ટાળે? જે તેના સ્વાધીનપણે વિકાર અને પુણ્ય-પાપના ભાવ થતાં એ સ્વાધીન સ્વભાવને આશ્રયે ટાળી શકે, જો સ્વાધીનપણે કરી શકતો હો તો. તો સ્વભાવના સ્વાધીનપણે ટાળી શકે. પણ સ્વાધીનપણે વિકાર પણ કર્મ કરાવતું હોય તો એને સ્વાધીનપણે ટાળવાનો અવસર રહેતો નથી.

જુઓને! અહીં શું કહ્યું? એ થાય છે પરિણામ એના પોતાના અબુદ્ધિપૂર્વક. એમ જ .. એટલી વાત લીધી છે, ભાઈ! નિમિત્ત લીધું ફક્ત. કર્મનો ઉદય નિમિત્ત. પણ નૈમિત્તિકની પર્યાય તો એણે કરી ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય. એવા પરિણામને ટાળવા માટે ભગવાન આત્મા પોતાના શાંતરસનું આત્મતત્ત્વ, વીતરાગી વિજ્ઞાનઘન એને સ્પર્શતો, અનુભવતો, આસ્વાદતો, વેદતો, આનંદને વેદતો એને ટાળી શકે છે. બીજો તો કોઈ ઉપાય નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'વળી શું કરતો થકો નિરાસ્રવ હોય છે?'** એ પ્રશ્ન કરે છે. સમજાણું? આ રીતે નિરાસ્રવ થાય છે અને નિરાસ્રવ ગણવામાં આવ્યો છે. હવે **'શું કરતો થકો નિરાસ્રવ હોય છે?'** ભગવાન આત્મા પોતાના નિજાનંદ નિધિને અંતર દૃષ્ટિમાં લેતો, અંતરમાં જ્ઞેય બનાવતો એના તરફના સાધનના સ્વભાવના સાધને જોડાતો, સ્વભાનું સાધન હોં. પ્રવચનસારમાં ન કહ્યું ભાઈ? ૧૬મી ગાથા. સ્વયંભુ. સ્વયંભુ ભગવાન બહારની સામગ્રી શોધવાની ભાઈ તને જરૂર નથી. શું કરવા વ્યગ્ર થા છો? ભાઈ! તારામાં ક્યાં પૂરું નથી પડ્યું? તને કોણે દબાવ્યો છે? તું પોતે દબાણો હોય તો એ સ્વભાવના સાધન વડે ટાળ, બાકી બહારની સામગ્રી શોધવાની વ્યગ્રતા શું કરવા કરે છે? આવું શરીર હોય તો ઠીક, આવું હોય તો ઠીક અને આવી ધૂળ હોય તો ઠીક, આ પૈસા હોય તો ઠીક, આપણે દાન કરીએ, શરીર સારું હોય તો અપવાસ કરીએ. શરીર સારું હોય તો અપવાસ કરે. તમારા જેવા પૈસાવાળા દાન આપે.

**શ્રોતા** :-બેય કરે, દાન આપે અને અપવાસ પણ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળેય નથી. અપવાસ એટલે કે માઠો વાસ છે. ઉપવાસ છે અહીં તો. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉપ નામ સમીપે, રાગનું જે સમીપપણું અનાદિનું એના સ્વભાવનું સમીપપણું કરીને અંદરમાં વસે એ એને સહેજે ઉપવાસ કહેવામાં આવે છે. એ એક જ ક્રિયા ચાલે છે. માઉપવાસની ચાલે છે ક્રિયા.

**'एव परवृत्तिम् सकलां उच्छिन्दन्' 'અવશ્ય જ જેટલી જ્ઞેયવસ્તુ છે તેમાં...' 'वृत्तिम्' 'રંજકપણારૂપ...'** એકત્વબુદ્ધિ **'પરિણામક્રિયા, જેટલી છે શુભરૂપ અથવા અશુભરૂપ, તેને મૂળથી ઉખાડતો થકો...'** ચૈતન્ય ભગવાન જે આત્માના પૂર્ણ આનંદનું મૂળિયું એવા મૂળ ભગવાનને પકડતા જેટલી શુભાશુભ પરિણામની ક્રિયા થાય. એ ક્રિયા હોં પરિણામની. **'મૂળથી ઉખાડતો થકો સમ્યગ્દૃષ્ટિ નિરાસ્રવ હોય છે.'** મૂળથી ઉખાડી નાખતો, સ્વભાવમાં છે નહિ. એવી રીતે જેટલી શુભ અને અશુભ બેય હોં! એ આસ્રવ છેને. **'મૂળથી જ ઉખાડતો થકો સમ્યગ્દૃષ્ટિ નિરાસ્રવ હોય છે.'** એની વ્યાખ્યા એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૭, સોમવાર, તા. ૫-૭-૧૯૬૫, કલશ-૧૧૬ પ્રવચન નં. ૮૯

આ સમયસાર કળશ, આસ્રવ અધિકાર પાનું-૧૦૧. એની ઉપરથી છઠ્ઠી લીટી છે લગભગ. ભાવાર્થ. આસ્રવ એટલે મિથ્યાત્વના પરિણામ અને રાગ-દ્વેષના અનંતાનુબંધીના તીવ્ર પરિણામ એને અહીંયાં આસ્રવ ગણવામાં આવ્યા છે. આ આત્મા જ્યાં સુધી પોતાની જ્ઞાન અવસ્થામાં રાગ-દ્વેષના પરિણામમાં એકત્વબુદ્ધિ કરીને જ્ઞાનમાં ખંડ ખંડનો અનુભવ કરતો ત્યાં સુધી તેને મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ આસ્રવ હતા. કહો, સમજાય છે કાંઈ? પાટણીજી! સમજાણું કાંઈ?

આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત શાંત આદિ ગુણનો પિંડ પ્રભુ, એવી વસ્તુની દૃષ્ટિ નહિ હોવાને કારણે જ્યાં સુધી એને પુણ્ય અને પાપના રાગમાં જ્ઞાનની વર્તમાન દશામાં એ રાગમાં એકત્વબુદ્ધિ કરીને જ્ઞાનનું ખંડ ખંડપણું અનુભવતો હતો ત્યાં સુધી મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો રાગ-દ્વેષ હતો. એને સંસાર અને એને આસ્રવ કહેવામાં આવે છે.

હવે અહીંયાં સમ્યગ્દૃષ્ટિને આસ્રવ નથી એ અહીં સિદ્ધ કરવું છે. કેમ નથી? જુઓ! '**ભાવાર્થ આમ છે—જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ બે પ્રકારે છે :**' આત્મા જ્ઞાયક છે અને વસ્તુ પર તે જાણવા લાયક જ્ઞેય છે. ૧૦૧ પાનું. સમજાણું? '**ભાવાર્થ આમ છે—**' જરી સૂક્ષ્મ વાત છે. '**જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ બે પ્રકારે છે :**' આત્મા જ્ઞાયકસ્વરૂપ જાણનાર અને પર વસ્તુ જણાવાને યોગ્ય એવો જ્ઞાયક અને જ્ઞેય એનો સંબંધ બે પ્રકારનો છે.

'**એક તો જાણપણામાત્ર છે,...**' એટલે કે આત્મા પોતાના જ્ઞાયકસ્વભાવને જાણતો, પરને જાણવાનું કામ જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવને હોવાને લઈને જાણવાનું કામ કરે. એક વાત. એ '**રાગદ્વેષરૂપ નથી.**' એ જાણવાનો પણ જાણક... જાણક... જાણક... જાણનારો જાણવાનું કામ કરે એમાં બીજા જ્ઞેયો એને પણ જાણે, સ્વપરપ્રકાશકમાં જ્ઞાનને કરતો આત્મા પરને જાણે પણ એ રાગદ્વેષરૂપ નથી. સમજાણું કાંઈ? એ જાણવું એમાં રાગદ્વેષ નથી. જ્ઞેયને ઇષ્ટ-અનિષ્ટ તરીકે જાણે, ઇષ્ટ-અનિષ્ટ તરીકે જાણે ત્યાં મિથ્યાબુદ્ધિ સહિત રાગદ્વેષ થયો એને અહીંયાં રાગ-દ્વેષ ગણવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ બે પ્રકારે છે :**' ભગવાન આત્મા જાણનાર.. જાણનાર.. અને જણાવા યોગ્ય બીજી બધી (વસ્તુ), દેવ-ગુરુ-શાસ્ત્ર, કુટુંબ પરિવાર, પુદ્ગલ, જીવો બધા.

એના બે પ્રકાર—પરને જાણવાના પ્રકારમાં બે પ્રકાર. '**એક તો જાણપણામાત્ર છે,...**' એમ કેમ કીધું? એ પરને જાણવાનું કામ જ્ઞાન પોતામાં જ્ઞાનમાં રહી અને જ્ઞાનમાં રાગનો ખંડ કર્યા વિના ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ કર્યા વિના જ્ઞાનની એકતા પોતામાં કરીને પરવસ્તુને જાણવાનું કામ કરે એ '**રાગદ્વેષરૂપ નથી.**' સમજાણું કાંઈ?

દૃષ્ટાંત આપે છે. દૃષ્ટાંત છે હોં! ઉતારવું છે સમ્યગ્દૃષ્ટિને. કેવળીની વાત અહીંયાં નથી. '**જેમ કે—કેવળી સકળ જ્ઞેયવસ્તુને દેખે-જાણે છે,...**' જેમ ભગવાન સર્વજ્ઞ પરમાત્મા, સર્વજ્ઞ બધી ચીજોને જાણવા-દેખવાનું કામ કરે એમાં રાગ-દ્વેષ હોતો નથી. '**જેમ કે—કેવળી સકળ જ્ઞેયવસ્તુને દેખે-જાણે છે, પરંતુ કોઈ પણ વસ્તુમાં રાગ-દ્વેષ કરતા નથી.**' કોઈ ચીજમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ નથી અને ઠીક-અઠીક બુદ્ધિ કરીને જ્ઞાનને ખંડ કરીને જાણવું એવું કેવળજ્ઞાનીમાં હોતું નથી. '**તેનું નામ શુદ્ધ જ્ઞાનચેતના કહેવાય છે.**' ધર્મની રીત એવી ઝીણી સૂક્ષ્મ છે કે જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ જ્ઞાનને અંતર્મુખ જ્ઞાનને જાણતું પરને જાણે એનો અહીં દૃષ્ટાંત કેવળીનો આપ્યો. ભાઈ! આહાહા..! કેવળજ્ઞાની ભગવાન બધું જાણે છતાં જાણવાની ક્રિયામાં રાગ-દ્વેષ નથી. એ '**તેનું નામ શુદ્ધ જ્ઞાનચેતના કહેવાય છે.**' એનું નામ જ્ઞાનચેતના કહેવામાં આવે છે. બરાબર છે?

'**સમ્યગ્દૃષ્ટિ જીવને...**' હવે સિદ્ધાંત ઉતારે છે. આ તો દૃષ્ટાંત દીધો હતો હોં! છે? છદ્મસ્થ ન સમજી શકે? આ કોને સમજાવે છે આ? કેવળીને સમજાવે છે? એમ (કહે છે) કે આ દાખલો છદ્મસ્થમાં સમજી શકે? અહીં તો કહે છે, પ્રભુ! એ તારામાં એકલો જ્ઞાનસાગર ભર્યો છે આત્મા તો. એ ચૈતન્યનો સાગર ચૈતન્યસૂર્ય છે. એ ચૈતન્યસૂર્ય અનાદિથી પરને જાણતા વચમાં બીચ-બીચમેં (વચમાં-વચમાં) આ ઈષ્ટ-અનિષ્ટ કરીને, મિથ્યા અભિપ્રાય કરીને, જ્ઞાનની વર્તમાન દશામાં અખંડ જ્ઞાયકનો અનાદર કરીને ખંડ ખંડ જે અનુભવતો હતો એનું નામ મિથ્યાદૃષ્ટિ અને રાગ-દ્વેષ કહેવામાં આવે છે. એ ભાવ સમ્યગ્દૃષ્ટિને હોતો નથી એમ સિદ્ધ કરવું છે. એને આસ્રવ હોતો નથી એમ સિદ્ધ કરવું છે. કેમ આસ્રવ હોતો નથી? સમજાણું કાંઈ? કે એક તો દેખે-જાણે છે પણ કોઈ વસ્તુમાં રાગદ્વેષ કેવળી નથી કરતા. એનું નામ શુદ્ધ જ્ઞાનચેતના કહેવામાં આવે છે. જ્ઞાનની દશા જ્ઞાનને જાણવું. સર્વજ્ઞને દેખે-જાણે. જુઓ! સર્વજ્ઞ સાથે મેળવ્યું છે. આહાહા..!

'**સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાનચેતનારૂપ જાણપણું છે,...**' જે કેવળીને કહ્યું કે એને એકલી શુદ્ધ જ્ઞાનચેતના કહે છે, એમ સમ્યગ્દૃષ્ટિને '**જીવને શુદ્ધ જ્ઞાનચેતનારૂપ જાણપણું છે,...**' કેમ કે આત્મા પુણ્ય અને પાપના વિકલ્પોનું કર્તાપણું છૂટી ગયું છે અને જ્ઞાયક સ્વભાવની અંતર્મુખ દૃષ્ટિનું ભાન થયું છે તેથી એ પરવસ્તુને જાણતા સમ્યગ્દૃષ્ટિ એ ખંડ ખંડ કરીને ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિએ પરને જાણતો નથી. એનો ન્યાય છે અહીંયાં આવશે '**पूर्णः भवन्**' પાછું

અહીં પૂર્ણ કેવળજ્ઞાન નથી. આ છેલ્લો શબ્દ આવશે ને? **'જ્ઞાનનું ખંડિતપણું એ કે તે રાગ-દ્વેષ સાથે મળેલું છે.'** છેલ્લો શબ્દ એ છે. એના ઉપર વજન છે અહીં. **'पूर्णः भवन्'** શબ્દ પડ્યો છેને? એટલે અહીંયાં પૂર્ણ કેવળીની વાત નથી. સમજાણું કાંઈ? આ તો ફક્ત દૃષ્ટાંત આપ્યો. કેવળી જેમ જાણવા-દેખવાનું કામ કરે છે તેમ **'સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાનચેતનારૂપ જાણપણું છે,...'** ઝીણી વાત છે કીધું હતું પહેલું, ભાઈ!

**'તેથી મોક્ષનું કારણ છે,...'** સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન સ્વ તરફનું વળેલું હોવાથી પર તરફની એકત્વબુદ્ધિનો નાશ હોવાથી જ્ઞાતાપણાના શુદ્ધ જ્ઞાનચેતનાને એ કરે છે. એ કર્મચેતના અને કર્મફળચેતનાને સમ્યગ્દૃષ્ટિ કરતો નથી એમ સિદ્ધ કરવું છે. ચૈતન્યસૂર્ય.. દાખલો નહોતો આપતા સર્વવિશુદ્ધમાં? કે ભગવાન જેમ સર્વજ્ઞ જેમ છે તેમ બધું જાણે છે, એમ.. રાતે આવ્યું હતું ને સર્વવિશુદ્ધમાં? આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક **'आख्याति'** એમ અમૃતચંદ્રાચાર્યનો ટૂકડો છે સર્વવિશુદ્ધની પહેલી ગાથા. જ્યાં ક્રમનિયમિતને સિદ્ધ કર્યું છે ટીકામાં ત્યાં. સર્વવિશુદ્ધની ગાથા ત્યાં માથે મથાળું આમ છે. આત્માનું અકર્તૃત્વપણું **'दृष्टान्तपुरस्सरमाख्याति'**.

ભગવાન આત્મા સર્વજ્ઞ પરમાત્મા જેમ જાણવાનું જ કામ કરે છે. એટલે કે એ કાંઈ કોઈ ક્રિયા રાગ કે પરનો કર્તા નથી. એમ સમ્યગ્દૃષ્ટિ ત્યાં પણ એમ સિદ્ધ કર્યું છે કે કોઈ પરની ક્રિયાનો કર્તા નથી, પણ રાગનો વિકલ્પ ઉઠે એનો કર્તા સમ્યગ્દૃષ્ટિ નથી. કારણ કે આત્માનું અકર્તાપણું સિદ્ધ કરવું છે અને અકર્તાપણામાં એ ક્રમનિયમિત દશા આવી ગઈ છે. જ્ઞાતા સ્વભાવનું જાણપણું કરતો 'ચૈતન્યવસ્તુ હું છું' એમ સ્વ તરફના વલણના જ્ઞાનની દશામાં એ રાગને કરું એ સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનમાં હોતું નથી. જેમ કેવળીને હોતું નથી એમ સમ્યગ્દૃષ્ટિને હોતું નથી. સમજાણું કાંઈ? તેથી તે ક્રમસર જે કાંઈ પર્યાય થાય એને જાણે, પોતાને જાણતા એને જાણે. ઝીણી વાત છે ભાઈ!

સર્વજ્ઞ જેમ કાંઈ જાણે એમાં ફેરફાર કાંઈ કરતા નથી, એમ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનની ચેતના જાગી છે માટે તે રાગના વિકલ્પનું કરવું એ જ્ઞાનની બુદ્ધિમાં નથી. એ જાતનું જેમ સર્વજ્ઞને એક સમયમાં સ્વપરપ્રકાશક પૂર્ણ જ્ઞાન પ્રગટ્યું છે એથી જેમ જાણવાનું કામ કરે છે, એમ સમ્યગ્દૃષ્ટિને પણ પોતાના જ્ઞાનસ્વરૂપનું ભાન, પરનું કરવું એ બુદ્ધિ ટળવાથી જ્ઞાતાપણાની જાગૃતદશા હોવાથી એ જાણવાનું જ કામ કરે છે. રાગ લાવવો કે છોડવો કે એ વસ્તુ સ્વરૂપમાં છે નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ન સમજાણું? એય..!

જ્ઞાનસ્વરૂપ ભગવાન એ, આ રાગ લાવું એટલે રચું કે આ રાગ આવ્યો એને છોડું એ જ્ઞાનસ્વરૂપની દૃષ્ટિમાં નથી. રાગ લાવું, બનાવું એ તો સ્વભાવની દૃષ્ટિથી વિરુદ્ધ દૃષ્ટિ થઈ

ગઈ. અને છોડું એ પણ એની વિકલ્પની ઉપર દૃષ્ટિ ગઈ. વર્તમાન રાગ ઉપર દૃષ્ટિ ગઈ કે આને છોડું. તો એ છે એ છોડાય નહિ અને નથી થયો એ છોડાય નહિ. છે એ છોડાય નહિ. ઉત્પન્ન થયો એ સમયે છોડાય નહિ અને નથી ઉત્પન્ન થયો એ છોડાય નહિ. ત્યારે હવે છોડવું જે વાત આવે છે એની દૃષ્ટિ આમ રાગ ઉપર જાય છે કે આ છોડું, એ દૃષ્ટિ મિથ્યાત્વ થઈ જાય છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ (છે). આ તો અંતરના મર્મની વાતું છે. અહીં સમ્યગ્દૃષ્ટિને આસ્રવ નથી એ સિદ્ધ કરવું છે. કેવળીની પેઠે હોં! થોડો બાકી, થોડો છે થોડો બંધ એને અહીં ગણવામાં આવ્યો નથી. શું કહ્યું? **'સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાનચેતનારૂપ જાણપણું છે, તેથી મોક્ષનું કારણ છે,...'** કેવળજ્ઞાનીને મોક્ષ થઈ ગયો છે, ભાઈ! એ દાખલો આપીને કહ્યું. એને મોક્ષ થઈ ગયો. મુક્ત જ છેને એ. કેવળજ્ઞાની મુક્ત (છે).

અહીંયાં આત્મા જ્ઞાનસ્વરૂપને ચેતતો, સ્વને જાણતો, જાણવાની જ ક્રિયા છે. રાગ હોય, શરીર હો. એ જે રાગ ઉત્પન્ન થાય કે શરીર થાય એ સંબંધીનું અહીંયાં સ્વ તરફની દૃષ્ટિને લઈને જ્ઞાન જ એ પ્રકારના સ્વપરપ્રકાશનું ઉત્પન્ન થતું જ્ઞાતાપણે કામ કરે છે. જેમ સર્વજ્ઞને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણવામાં આવે, અલ્પજ્ઞ સમ્યગ્દૃષ્ટિને એ વખતના કાળમાં એવો જ જ્ઞાનનો પર્યાય એનો હોય છે કે જે પ્રકારનો રાગ અને જે પ્રકારના નિમિત્ત ત્યાં ભજતા હોય, હોતા હોય એનું જ્ઞાન સ્વ તરફનું વળેલું સ્વપરપ્રકાશનું જ્ઞાન પ્રગટ થતું જ્ઞાતાપણે કાર્ય કરે છે. .. ભારે ભાઈ!

પહેલી ચીજ શું છે? અને એ ચીજનું સ્વરૂપ કેમ છે? જ્યાં સુધી એના અસ્તિત્વના ભાનમાં ન આવે ત્યાં સુધી ક્યાં ઠરવું છે એ ચારિત્ર આવે ક્યાંથી? કઈ ચીજ છે કે જે આ ચીજ છે અને એ ચીજમાં અહીં ઠરવું છે. ઠરવું એટલે ચારિત્ર. સમજાણું કાંઈ? કહે છે...

**શ્રોતા :-** અનંતાનુબંધી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ રહે. અનંતાનુબંધી, મિથ્યાત્વ રહેતા નથી એ વાત સિદ્ધ કરવી છે. અહીં ખંડિતનું ભાઈ કેમ કહ્યું? કે અહીં નીચે છેને. અને એક મગજમાં આવ્યો ઓલો શબ્દ આપણે છે ને આપણે નથી આમાં? સંકલ્પ અને વિકલ્પની વ્યાખ્યા. આમાં. છેને આમાં? જયચંદ્ર પંડિતે કરી છે. દસમાં છે. હા. એ. .. સ્વભાવ. **'જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે એવો પ્રગટ કરે છે.'** સમ્યગ્દૃષ્ટિ. હવે એની વ્યાખ્યા કરે છે સંકલ્પ-વિકલ્પની જરી. **'દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિ પુદ્ગલદ્રવ્યોમાં પોતાની કલ્પના કરવી તેને સંકલ્પ કરે છે...'** એટલે એ મિથ્યાત્વ લીધું. **'અને જ્ઞેયોના ભેદથી જ્ઞાનમાં ભેદ માલૂમ થવો તેને વિકલ્પ કહે છે.'** એ અનંતાનુબંધી લીધું. બહુ

સરસ વ્યાખ્યા. એ (સમયસારનો) ૧૦મો કળશ છે. પંડિતજી એ છેને?

आत्मस्वभावं परभावभिन्न-
मापूर्णमाद्यन्तविमुक्तमेकम्।
विलीनसंकल्पविकल्पजालं
प्रकाशयन् शुद्धनयोऽभ्युदेति।।१०।।

એ ૧૪મી ગાથાનો ઉપોદઘાત છે. ૧૪મી ગાથાનો આ ઉપોદઘાત છે. સંકલ્પ-વિકલ્પની વ્યાખ્યા આ છે. મૂળ હોં. પછી અસ્થિરતાના ઘણા પ્રકાર છે. દ્રવ્યસંગ્રહમાં આદિ એ તો બધા પ્રકાર છે. સંકલ્પ-વિકલ્પ ઘણી બીજી જાતની વ્યાખ્યા છે. પણ અહીંયાં તો આ જાતનો સંકલ્પ-વિકલ્પ લીધો છે. વસ્તુ જ્ઞાનસ્વરૂપ છે એને દ્રવ્યકર્મ જડ, ભાવકર્મ વિકલ્પ, નોકર્મ શરીરાદિ બહાર એ બધાને પોતાનું માનવું, જે પોતાના અસ્તિત્વમાં જ્ઞાયકભાવમાં જેનું અસ્તિત્વ નથી એને અસ્તિત્વ માનવું એ સંકલ્પ નામ મિથ્યાત્વ. એ સંકલ્પ નિર્ણય મિથ્યાત્વ. અને જ્ઞેયના લક્ષ કરતાં જ્ઞાતા તરફની દૃષ્ટિ નથી એ જ્ઞેયના લક્ષે ખંડ ખંડ થઈ ગયું અંદર, જ્ઞેયો ભિન્ન ભિન્ન માટે મારી જ્ઞાનદશા પણ ખંડ ખંડ થાય છે એવું માલૂમ પડવું એને અનંતાનુબંધીનો વિકલ્પ કહે છે. ખંડ ખંડ. ખંડ ખંડ થઈ ગયોને. આ જ્ઞેયના ભેદો અહીં ધારણ કરવો, એ જ્ઞેય અનેક માટે હું એક થઈ ગયો. જ્ઞાન તો સ્વરૂપમાં એકત્વ થાય છે, પોતાના સ્વરૂપમાં. એને ઠેકાણે જ્ઞેયના લક્ષે જ્ઞાન જાણે ભેદજ્ઞાનના અનેકપણાના લક્ષે જ્ઞાન પણ જાણે ખંડ ખંડ અનેક થતું હોય તેને વિકલ્પ અને અનંતાનુબંધી કહે છે. એ બેના અભાવની અહીં વાત બતાવે છે. સમજાણું કાંઈ? ટીકા એટલી સરસ કરી છે. ત્યાં તો બહુ વખાણ કર્યા છે હોં! આમાં આવ્યું છેને આ? .. બતાવ્યું હતું ને. એમ કે ભાઈ બહુ સરસ વાત છે. .. છે ને? આમ તો એ ..પાનેથી લીધું છે એ લખાણ હોં.

પાંડે રાજમલ્લ જિન ધર્મી,
સમયસાર નાટક કે મર્મી.
તિન ગરંથકી ટીકા કીની,
બાલબોધ સુગમ કર દીની.

એ થયું? હવે બીજી વાત.

નાટક સમૈસાર હિત જીકા,
સુગમરૂપ રાજમલી ટીકા.
કવિતબદ્ધ રચના જો હોઈ,
ભાષા ગ્રંથ પઢૈ સબ કોઈ.

એ થયું ને? ૩૯. અને આ. .. છે ને આ ૪૩.

અનુભૌ-રસકે રસિયાનૈ,
તીન પ્રકાર એકત્ર બખાનૈ.
સમયસાર કલસા અતિ નીકા,
રાજમલી સુગમ યહ ટીકા.
તાકે અનુક્રમ ભાષા કીની,
બનારસી ગ્યાતા રસલીની.
ઐસા ગ્રંથ અપૂરવ પાયા,
તાસૈં સબકા મનહિ લુભાયા.
ગોવિંદસૌં ઇતની કહીં, સરસ સરસ યહ ગ્રંથ.

આ તો ભારે ગ્રંથ છે. આ બધું અંદર એણે પોતે નાખ્યું છે. એટલો ઉલ્લાસ એને (આવ્યો છે). એટલી ટીકા એટલી સ્પષ્ટ કરી છે મર્મભેદી, મર્મભેદી. આહાહા..! એમાં ક્યાંક આવ્યું હતું કે આ ... બહાર પ્રગટ્યું નહિ? ક્યાંક છે. સમજ્યાને? જ્યાં ત્યાં વખાણ કરે.. ત્યાં આવ્યું ને?

પાંડે રાજમલ્લ જિન ધર્મી,
સમયસાર નાટક કે મર્મી.
તિન ગરંથકી ટીકા કીની,
બાલબોધ સુગમ કર દીની.
ઇહ વિધિ બોધ-વચનિકા ફૈલી,
સમૈ પાય અધ્યાતમ સૈલી,
પ્રગટી જગમાંહી જિનવાની,
ઘર ઘર નાટક કથા બખાની.

આ તો મનમાં શું આવ્યું હતું? કે આ બહાર હવે આવ્યું અત્યારે. એટલે અત્યારે એ પ્રસંગ છે હવે આ બહાર આવવાનો પ્રસંગ છે. ત્યાં એ લખ્યું કે આ ઘર ઘર વખાણી. એમ અત્યારે પણ આ એ વસ્તુ બહાર હવે આવી. વળી આ ગુજરાતી છપાશે. વાંચે તો ખરા શું કહે છે ભગવાન. વીતરાગ વાણી. જેમાં વીતરાગતાનું પોષણ હોય, વીતરાગતાની શ્રદ્ધા વીતરાગતાનું જ્ઞાન, વીતરાગતાની લીનતા (હોય) એને જિનવાણી કહેવામાં આવે છે. એ જિનવાણી રાગને પોષે એ જિનવાણી નહિ. રાગનું જ્ઞાન કરાવે, પણ રાગ કરવા જેવો છે એમ પોષે એ જિનવાણી વીતરાગની વાણી નહિ. સમજાણું કાંઈ?

કહે છે, **'સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાનચેતનારૂપ જાણપણું છે,...'** ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગથી રહિત ચિદાનંદ સ્વરૂપ પૂર્ણ પરમાત્મા એવી અંતર્મુખ દૃષ્ટિ થવાથી તેને

શુદ્ધ જ્ઞાનચેતનાપણું છે એ મોક્ષનું કારણ છે. એ મોક્ષનું એને કારણ છે. '**બંધનું કારણ નથી.**' અનેકાંત કર્યું પાછું. કે ના એ થોડું વળી જ્ઞાનચેતના... અત્યારે કરે છે ઘણા. એ મોક્ષમાર્ગ છે નિશ્ચય કથંચિત્ મોક્ષમાર્ગ છૂટવાનું, કથંચિત્ બંધનું. આધાર આપે છે, રાગનો પુરુષાર્થ સિદ્ધિમાં આમથી થાય (એમ કહ્યું છે). ભાઈ! કઈ અપેક્ષા છે એ સાંભળને. એ તો બીજો ભાગ રાગનો પડ્યો એ બંધનું કારણ છે. શુદ્ધતા એ કાંઈ બંધનું કારણ છે? '**બંધનું કારણ નથી.**' એક વાત. એક વાત થઈ. કઈ વાત? જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ બે પ્રકારનો (કહ્યો હતો) એમાં એક પ્રકાર કહ્યો.

હવે '**બીજું જાણપણું એવું છે કે કેટલીક વિષયરૂપ વસ્તુનું જાણપણું પણ છે...**' કેટલીક વસ્તુનું વસ્તુનું જાણપણું પણ છે. ઓલામાં ભાઈ એટલું લીધું કે બસ, સર્વજ્ઞ જેમ જાણે-દેખે એમ જાણે-દેખે એમ લઈ લીધું. કેટલી વસ્તુ એમ ન લીધું. સમજાય છે કાંઈ? કારણ કે અહીંયાં અજ્ઞાની જ્યાં-ત્યાં ક્ષયોપશમ લક્ષમાં જઈને (ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ) કરી મિથ્યા અભિપ્રાયથી જ્ઞાનની દશાને ત્યાં ખંડ કરે છે. એટલે કે '**બીજું જાણપણું એવું છે...**' પહેલું જાણપણું એવું એમ કહ્યું હતું ને ત્યાં? '**એક તો જાણપણામાત્ર છે,...**' એ પહેલું. '**રાગદ્વેષરૂપ નથી.**' એ કેવળીનો દૃષ્ટાંત આપીને (કહેલું). '**તેનું નામ શુદ્ધ જ્ઞાનચેતના કહેવાય છે. સમ્યગ્દષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાનચેતનારૂપ જાણપણું છે, તેથી મોક્ષનું કારણ છે, બંધનું કારણ નથી.**'

ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થયો એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડી ગયો. ભિન્ન પડ્યો એટલે જે દશા પોતાના જ્ઞાનચેતનાની પ્રગટી એટલો તો સ્વભાવ શુદ્ધ છે એટલે પરિણતિ શુદ્ધ છે એ જ મોક્ષનું કારણ છે. હવે બીજું જાણપણું '**કે કેટલીક વિષયરૂપ વસ્તુનું જાણપણું પણ છે...**' આમ જાણે છે થોડી થોડી કોઈ વસ્તુ. '**કેટલીક વિષયરૂપ...**' ઓલામાં બધું કહ્યું હતું સામાન્ય. છેને? જ્ઞેય જ્ઞાયકનો સંબંધ. '**કેવળી સકળ જ્ઞેયવસ્તુને દેખે-જાણે છે...**' એનું નામ શુદ્ધ જ્ઞાન. '**સમ્યક્દષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાનચેતનારૂપ જાણપણું તેથી મોક્ષનું કારણ છે.**' જાણવું-દેખવું છે એટલું. કેટલુંક ત્યાં નહિ.

અહીંયાં હવે અજ્ઞાનપણામાં ખંડ ખંડ થાય છે ત્યાં કેટલુંક શબ્દ વાપર્યો છે. '**બીજું જાણપણું એવું છે કે કેટલીક વિષયરૂપ વસ્તુ...**' આમ વિષય કરે છે પર ઉપર લક્ષ જાય તો. '**જાણપણું પણ છે અને મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને ઈષ્ટમાં રાગ કરે છે;...**' જાણપણું પ્રગટ્યું લક્ષમાં લઈને સામે ઈષ્ટમાં આ ઠીક, આ ઠીક.. આ ઠીક.. એની વ્યાખ્યા કરી ભોગની અભિલાષા કરે છે. રાગ ઠીક કરે છે, એમાં રાગ કરે છે અને એ ભોગવવાની ઈચ્છાનો ભાવ અંદરમાં અભિલાષ પડ્યો છે મિથ્યાત્વ. એને ભોગવું. પરને ભોગવું એટલે પરના ઉપર રાગ કરી અને એને ભોગવું. ભોગવું એટલે રાગને ભોગવું. એવી

ભોગની અભિલાષા કરે છે. એક વાત.

ચિદાનંદ સ્વરૂપ જ્ઞાયક ભગવાન પોતાના ઉપર દૃષ્ટિનો અભાવ (છે) એને પર ઉપર લક્ષમાં કેટલાક વિષયોનું એટલે જ્ઞેયોનું જ્ઞાન કરવા કાળે, જ્ઞાન કરવા કાળે કેટલીક વસ્તુમાં ઈષ્ટ અને રાગ કરે છે અને **'ભોગની અભિલાષા કરે છે.'** ભોગવું.. ભોગવું. અહીં અનુભવ ભોગવવાનો નથી. અહીં રાગ વિનાનું જ્ઞાન નથી એથી રાગવાળું જ્ઞાન થયું અને રાગ વિનાનો અનુભવ નથી એથી ભોગવવું એવી વૃત્તિ ત્યાં ઊભી થાય છે. એને આમ ભોગવું, આમ ભોગવું એવો ભોગ એનો અનુભવદૃષ્ટિમાં આવે છે અજ્ઞાનીને. **'ભોગની અભિલાષા કરે છે.'** સ્વરૂપ સ્વરૂપ એક સમયમાં જ્ઞાયક શુદ્ધ ચૈતન્યપ્રભુ એની દૃષ્ટિનો અભાવ હોવાથી તેનો ઈષ્ટ બુદ્ધિમાં રાગ થઈ અને તેને ભોગવવાનો ભાવ અભિપ્રાય (કરે છે). કોનો? આનંદનો અનુભવનો અભાવ એ અપેક્ષાએ પરને અનુભવું એવો ભાવ એને થયા વિના રહેતો નથી.

**'તથા અનિષ્ટમાં દ્વેષ કરે છે,...'** ઠીક ન હોય ત્યાં (અનિષ્ટબુદ્ધિ કરે છે). ઠીક-અઠીક કોઈ ચીજમાં નથી, એ ઊભું કરે છે. એ ચીજ ઠીક-અઠીક નથી પણ જાણવાના કાળમાં આ ઠીક, આ ઠીક નથી, આ શરીર આવું, આ ફલાણું આવું એમ અનિષ્ટ માનીને દ્વેષ કરે છે. એની સાથે શું લગાવ્યું? **'અરુચિ કરે છે;...'** ઓલો રાગ કરે છે અને ભોગની અભિલાષા કરે છે. અનિષ્ટમાં દ્વેષ કરે છે અને આમ ઠીક નહિ (એમ) અરુચિ કરે છે. **'ત્યાં આવા રાગ-દ્વેષ સાથે મળેલું છે...'** કોણ? એ બીજું જાણપણું. બીજા જાણપણાની જે વાત કરે છે તે. પહેલા જ્ઞાનની વાત થઈ ગઈ. સૂક્ષ્મ પડે તો ધીમેથી સમજાય એવું છે હોં! ન સમજાય એવું નથી. વૃદ્ધ માણસ છે કહે.. આહાહા..! ભારે ઝીણું આવ્યું. આત્મા તો સદાય જુવાન જ છે. એવોને એવો છે. પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ આત્મા છે. એને એમ ન હોય કે આ વૃદ્ધાસ્થા આવી તો આમ થઈ ગયું, ઢીંકણું (થઈ ગયું). એને અવસ્થા કે દિ' હતી?

પ્રભુ આત્મા એક જાણપણું એવું કરે છે જ્ઞાનમાં કે એ વસ્તુના ઉપર લક્ષમાં સ્વનું લક્ષ તો છે નહિ એટલે પરના લક્ષમાં ઈષ્ટપણું માની રાગ કરે અને ભોગની અભિલાષા કરે (કે) એને ભોગવું. ઊંડે ઊંડે એને ભોગવું જ અહીં ભોગવવાનો ભાવ છે નહિ. અને બીજી વસ્તુમાં અનિષ્ટપણું માની અનિષ્ટમાં દ્વેષ કરે છે. વસ્તુ અનિષ્ટ નથી. સમજાણું? પણ વસ્તુને જોતાં એને અહીં એકરૂપતા ખંડ ખંડ (થઈ જાય છે). અખંડ થઈ નથી દૃષ્ટિ, જ્ઞાયક જ્ઞાયકને જાણતું જ્ઞાન અખંડ થવું જોઈએ એ નથી. એકતા અભેદની નથી કે આમ પરને જોતા બહુ સૂક્ષ્મપણે પણ અનિષ્ટમાં દ્વેષ કરે છે, અરુચિ કરે છે. એની વ્યાખ્યા કરી. અણગમો ઉત્પન્ન કરે છે. આહાહા..! સમજાય છે?

**'ત્યાં આવા રાગ-દ્વેષ સાથે મળેલું છે...'** કોણ? ઓલું જાણપણું. સમજાણું કાંઈ?

**'જે જ્ઞાન તેનું નામ...'** જુઓ શું કીધું? **'ત્યાં આવા રાગ-દ્વેષ સાથે મળેલું છે જે જ્ઞાન તેનું નામ અશુદ્ધ ચેતનાલક્ષણ...'** એનું નામ અશુદ્ધ ચેતનાલક્ષણ. ઓલી શુદ્ધચેતના હતી. **'અશુદ્ધ ચેતનાલક્ષણ કર્મચેતના-કર્મફળચેતનારૂપ કહેવાય છે,...'** એને છોડવું, એને ભોગવવું. આ બેય લીધું ભાઈ! ભોગવવું આવ્યું હતું ને? રાગ કરું, આ ઠીક એને ભોગવું એવો અભિપ્રાય એની દૃષ્ટિમાં ખંડ ખંડ થાય છે. એથી કહે છે કે એ કર્મફળચેતનારૂપ કહેવાય છે. એ જ્ઞાનમાં જે જાણવાના કાળમાં ઈષ્ટમાં રાગ, ભોગવવાનો ભાવ, અનિષ્ટમાં દ્વેષ-અણગમો એમાં એને કર્મફળ અને કર્મચેતના કહેવામાં આવે છે. અશુદ્ધ ચેતના કહેવામાં આવે છે. એ અશુદ્ધ ચેતનાના બે ભાગ પાડ્યા—કરવું અને ભોગવવું. **'તેથી બંધનું કારણ છે.'** દેખો! ત્યાં કહ્યું હતું કે જે સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાનચેતનાપણું જાણપણું એ મોક્ષનું કારણ, બંધનું કારણ નહિ. અહીંયાં કહે છે કે વિકલ્પમાં એકાકાર થયેલું જ્ઞાન ભોગવવાના અભિલાષમાં રહેલું જ્ઞાન એ કર્મચેતના અને કર્મફળચેતનાવાળી સ્થિતિ એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કર્મફળ બીજા નંબરમાં આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજા નંબરમાં આવ્યો દુઃખીનો. કર્મફળ અને કર્મ બેય દુઃખીમાં. કર્મચેતના સુખમાં અને કર્મફળ સુખીમાં એમ કહે છે? પૈસા-બૈસા મળે ને આમ મોટરું થાય, માલમસલિદા ઉડે, માવા ઉડે, માવા અને મેવા. ઉડે શું ધૂળ? એ તો જડ છે એ તો એને કારણે આવે છે. આહાહા..!

અહીં તો ભાષાની વાત કરી છે ભાઈ અમારે. ... કહ્યું હતું ને આ શરીરનું આ. કહ્યું છે. .. ઘરે ઘરે .. એમ કરીને લીધું હતું. વાણી.. બોલે છે ને? આ રહ્યું. 'શબ્દ અનાદિ .. અર્થ અનાદિ .. નાટક અનાદિ.. અનાદિ... ' પછી કહે છે. 'વાણી એક કરી બોલે અજ્ઞાની.' 'વાણી લીન થયો જગ બોલે, વાણી .. અનાદિ વાણી જગમાંહી... જ્ઞાની, જૈસે કાળ દેશમેં સલીલધારા ...' એમ ચાલે છે. 'નદી મેં નિકસતી ફીર નદીમેં સમાણી હૈ. જાકે જીવ કહે સોહી જાકે જીવ કહે પામી હૈ. યું હી ઘટ સદન સદન મેં અનાદિ ભ્રમ.' ઓલું ઘટ ઘર ઓલું સ્વામી .. 'યું હી ઘટ સદન, સદનમેં અનાદિ બંધ વદન વદનમેં તુ વાણી હૈ.' એ પરમાણુનો પિંડ ત્યાં ભાષારૂપે થવાને લાયક એ વાણી ત્યાં આવી છે. ઓલાને કહે છે, શું ભાષા કરે, તું મૂર્ખ છો.

'યું હી ઘટ સદન સદન મેં અનાદિ ભ્રમ વદન વદન મેં અનાદિક વાણી હૈ...' મોઢામાં વાણી. એ શબ્દની વર્ગણા આખા લોકમાં પડી છેને. ત્યાં એ વાણી ભાષા થવાને લાયક છે ત્યાં એની પાસે પડી તો એ કહે મારાથી થઈ. ઓલું પાણી જેમ નજીક આવ્યું તો કહે, એ પાણી મારું, ઘર પાસે આવ્યું તો કહે પાણી મારું. એ વાણીની પર્યાય ત્યાં થવાને લાયક હતી એ મેં કરી. તેં કરી? એ તો જડની પર્યાય છે.

'પરમ કલોલ .. શાસ્ત્ર .. બાજે .. ' બનારસીદાસે ચૈતન્યઘન ભગવાન જેમ એ હળ હળ પાણીનો પ્રવાહ નદીમાંથી આવ્યો. ઘર-ઘર પાણી થોડું રહીને ચાલ્યું જાય. થોડું-થોડું લઈને ચાલ્યું જાય. થોડું એક અર્ધ.. બે-ચાર ... ચાલ્યું જાય. એમ આ શબ્દો વર્ગણા દુનિયામાં પડી છે એ વાણીનો પર્યાય થવાને લાયક પડ્યો હોય ત્યાં એ ઉઠે છે વાણી. એ વાણી મેં કરી. ભાઈ! એ વાણી તારી નથી, તેં કરી નથી. આહાહા..! એ .. મૂક્યું એમ કહે છે.

'.. મુખમેં અનાદિકાળ કે વચન હૈ, કર્મ કી લહેર સે ઉસસે હવા બહતી હૈ. ઈસે મૂર્ખ જીવ ઉસસે અપને ધ્વનિ કહતે હૈં.' ... ભગવાન! તું તો જ્ઞાન છો. વાણીની પર્યાયમાં ક્યાં આવી ગયો કે એ વાણી તારાથી થઈ. અમે ભાષણ આપ્યું. આમ બે કલાક આપ્યું. બે કલાક આપીએ, થાકીએ નહિ. બહુ સારુ ભાઈ! એટલું જોર. વાણી બે કલાક બોલી એમ. પણ વાણી ભગવાન તારી નથી, શું બોલ તું? આહાહા..! પરપદાર્થના અભિમાન, સ્વ ચૈતન્યની સત્તાની સંભાળનો અભાવ, ત્યાં આ કહે મેં રચ્યું... મેં રચ્યું....

અહીં .. આ આત્મા .. ભગવાન એની તો એવી ભાષામાં વર્ગણા પરમાણુ છેને. એ અહીંયાં નજીક અહીં છેને એ અહીં પરિણમવાને લાયક છે એ ભાષારૂપે પરિણમે છે. પેલો કહે, લ્યો કોણ બોલે આ? આત્મા નથી બોલતો? તારો બાપ બોલે છે આ? એક જણે એમ કહ્યું હતું. આહાહા..! અહીંથી સાંભળીને ગયેલો. ત્યાં પૂછયું, મહારાજ! આત્મા ભાષા બોલી શકે? તો કહે, કોણ બોલે છે? તારો બાપ બોલે છે આ? અરે.. ભગવાન! એટલી ... આ ભાષા થાય છે, ભાઈ! એ પરમાણુના વર્ગણાની થાય, બાપા! મરી જઈશ હોં! એ પરના અભિમાન કરીને, એકત્વબુદ્ધિ કરમાં. બાપા! તારો ઘાત થાય છે. આહાહા..! વ્યાખ્યાન કરતા આવડ્યું, બોલતા આવડ્યું, અમને આવડે છે, ભાઈ! તારું જ્ઞાન તારી પાસે રહ્યું. ભાષામાં કાંઈ આવતું નથી.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. એ તાબુત થાય ને, તાબુતને .. કહે છે અમારે. તાબુત નથી હોતા મુસલમાનના? તાજીયા. અમારે કાઠિયાવાડમાં એને .. કહે છે. મોટા લાંબા હોય. .. જોયા છે હોં! નાની ઉંમરમાં અમે સાંભળતા. અરે..! આ .. ગયો ભગવાન ચિદાનંદ વજ્રનો પિંડ જ્ઞાનમૂર્તિ એને, આ વાણી મેં કરી, ભાઈ! હલી ગયો તું. દૃષ્ટિમાં હલી ગયો, અસ્થિર થઈ ગયો. ભાઈ! તને ખબર નથી. અરે..! આહાહા..!

કહે છે, '**મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને...**' આ જાતની અભિલાષા ... જ્ઞાન. એનું નામ અશુદ્ધચેતના. દેખો! '**તેથી બંધનું કારણ છે. આવું પરિણમન સમ્યગ્દૃષ્ટિને નથી,...**' હવે અહીં લેવું છે. એ તો જરી વિકલ્પ અહીં તો જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ, સ્વ તરફના વલણમાં એકત્વબુદ્ધિએ પરિણમ્યો એમાં પૃથક્ રાગનું પરિણમન એમાં છે જ નહિ.

સમજાણું કાંઈ? ભગવાન આત્મા **'આવું પરિણમન સમ્યગ્દષ્ટિને...'** આવું એટલે? .. વિષય ઉપર લક્ષ જઈને રાગના ભોગની અભિલાષા, અનિષ્ટ અને અરુચિના પરિણામ એવી કર્મચેતના અને કર્મફળચેતના એ સમ્યગ્દષ્ટિને હોતી નથી. આહાહા..! અરે.. પણ આ પંચ મહાવ્રત પાળે, બાર વ્રતના ભાવ કરે, પરની દયા પાળે. પ્રભુ! આકરું લાગે લોકોને હોં! એવું લાગે અર..ર..ર..! અમે ક્યાં અમારી વાત.. આ તો અમારા આત્માની વાત ભગવાનની વાત છે આ તો અને ભગવાન કરે છે. અરે..! એ તો એમ કહે છે કે પરની દયા પાળવાનો ભાવ પણ રાગ અને રાગનું કર્તૃત્વ માને મિથ્યાત્વ. આહાહા..! આ જૈનધર્મને મારી નાખ્યો. પંડિતજી! એમ કહે છે.

અરે.. પ્રભુ! સાંભળને, ભાઈ! એકવાર શાંતિથી સાંભળ તો ખરો. અરે..! ટાણા આવ્યા અને તું આ ઊંધા કરે છે. ભાઈ! કાળ નહિ મળે આવો પાછો હોં! ચૈતન્યના પૂર વહે છે અંદર આત્મા. એના પૂરની એકતામાં કહે છે કે આ કર્મફળ અને કર્મચેતના એ દયાનો ભાવ, ઈષ્ટબુદ્ધિ આને બચાવું, આને કરું છું એવો રાગભાવ કર્મચેતના છે. એ કર્મચેતના જ્ઞાનીને હોતી નથી એમ સિદ્ધ કર્યું. આહાહા..! પાટણીજી! ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. દુનિયા સાથે મેળવીશ નહિ. એક શબ્દ આવે છે ..... એ લોકો .. કરી છે ... વીતરાગ કહે છે કે મારા માર્ગને દુનિયા સાથે મેળવીશ નહિ. ક્યાંય મેળ નહિ ખાય. આ તો અલૌકિક માર્ગ છે, ભાઈ! લોકની એષણા કરીશ નહિ. લોકમાં આમ કહે છે ને, ફલાણા આમ કહે છે ને. લોકની એષણાથી સત્ સ્વરૂપનો મેળ નહિ ખાય. સમજાણું કાંઈ?

કહે છે, અંદરના મર્મ રેડ્યા છે. સ્પષ્ટ કરી નાખ્યું છે. પડદા આડી વાત હતી ખુલ્લી કરી નાખી. માર્ગ આ છે, બાપા! **'બંધનું કારણ છે. આવું પરિણમન સમ્યગ્દષ્ટિને...'** અહીં આસ્રવ અને બંધ નથી એમ સિદ્ધ કરવું છેને? સમજાણું કાંઈ? એવું પરિણમન ભગવાન આત્મા અનંતગુણરાશિ એવું એકરૂપ તત્ત્વ, એની અંતર એકતાની દૃષ્ટિમાં જ્ઞાન અને આનંદની જ જ્યાં એકતા છે ત્યાં એ કર્મફળ અને કર્મચેતનાની એ વાત કરી એ પર્યાયમાં નથી. દ્રવ્યમાં તો નથી પણ એ પર્યાયમાં નથી. માટે એને પરિણમન કર્મચેતના અને કર્મફળનું છે જ નહિ. સમજાણું કાંઈ?

હવે કારણ આપે છે. **'આવું પરિણમન સમ્યગ્દષ્ટિને નથી, કેમ કે મિથ્યાત્વરૂપ પરિણામ ગયા હોવાથી...'** સિદ્ધાંત ... અભિપ્રાય જે રાગ અને નિમિત્ત ઉપરનો એકત્વમાં પડ્યો હતો, આખા મહાન સત્તા ભગવાનને ભૂલતો હતો, મહાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદનો સમ્યક્ પ્રતીત એવું સમ્યગ્દર્શન એને નહિ કરતો પરના ભાવમાં જોડાતો મિથ્યાત્વરૂપ પરિણામ ગયા. અજ્ઞાનીને રહ્યા, જ્ઞાનીને ગયા. **'હોવાથી આવું પરિણમન હોતું નથી.'** આ કારણ આપ્યું. મિથ્યાત્વરૂપ પરિણામ ગયા હોવાથી આવું પરિણમન સમ્યગ્દષ્ટિને નથી હોતું. **'આવા**

**અશુદ્ધ જ્ઞાનચેતનારૂપ પરિણામ મિથ્યાદષ્ટિને હોય છે.'** ભગવાન આત્માને ભૂલ્યો છે અને પુણ્ય-પાપના વિકલ્પમાં કર્તૃત્વબુદ્ધિમાં રોકાયેલો છે, જ્ઞાતાપણામાં સ્વ તત્ત્વની દષ્ટિની સંભાળ નથી એવા જીવને એ કર્મચેતના પુણ્ય પરિણામ કરવા જેવા છે, એ મારા અસ્તિત્વમાં છે, એનો અનુભવ કરવા જેવો છે આ કર્મફળચેતના. કરવા જેવા છે અને એનો અનુભવ કરવા જેવો છે એ પરિણામ મિથ્યાદષ્ટિને હોય છે. સમજાણું કાંઈ? ઘણાને એવું લાગે આ તે જૈન ધર્મની આવી વાત કેવી? એ બાપુ! જૈનધર્મ જ આ છે. ભાઈ! જૈનધર્મ કોઈ વાડો નથી, કોઈ સંપ્રદાય નથી. વસ્તુની સ્થિતિમાં હદમાં આવવું, પોતાની મર્યાદામાં આવવું અને અમર્યાદા જે પરની એકત્વબુદ્ધિ તેને તોડવી એ જ જૈનધર્મ છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- પરંપરા...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શેની પણ, સત્‌ની પરંપરા આ જ છે, બીજી પરંપરા કઈ હતી? ઊંધી પરંપરા છે. મોક્ષમાર્ગમાં નથી કહ્યું? .... કે આ તો તમે આવું કરશો તો પરંપરા નવી થાશે. ભાઈ નવી નથી. શાસ્ત્ર પ્રમાણે સત્ય વાત છે અને ઉંધી ઉંધી કરી નાખ્યું લોકોએ અને એમાંથી સવળી કરે તો એ કોઈ નવી પરંપરા નથી. આવે છે કે નહિ? (મોક્ષમાર્ગ પ્રકાશક)માં આવે છે. શેમાં? વ્યવહારાભાસમાં આવે છેને? વ્યવહારાભાસ. ક્યાં છે? વ્યવહારાભાસમાં છે. વ્યવહારાભાસ સાતમા અધિકારમાં છેને?

કહે છે, **'શાસ્ત્રોના અર્થને વિચારીને જો કાળદોષથી જૈનધર્મમાં પણ પાપી પુરુષોએ કુદેવ-કુગુરુ-કુધર્મ સેવનાદિરૂપ તથા વિષય-કષાય પોષણાદિરૂપ વિપરીત પ્રવૃત્તિ ચલાવી હોય...'** ૨૨૩ પાનું વચ્ચે છે. પ્રશ્નની ઉપર, ઈ પ્રશ્ન છેને. **'શાસ્ત્રોના અર્થને વિચારીને જો કાળદોષથી જૈનધર્મમાં પણ પાપી પુરુષોએ કુદેવ-કુગુરુ-કુધર્મ સેવનાદિરૂપ તથા વિષય-કષાય પોષણાદિરૂપ વિપરીત પ્રવૃત્તિ ચલાવી હોય તો તેના ત્યાગ કરી જિનઆજ્ઞાનુસાર પ્રવર્તવું યોગ્ય છે. '**

'શ્રોતા :- પરંપરા છોડી નવીન માર્ગમાં પ્રવર્તવું યોગ્ય નથી.'

'**પૂજ્ય ગુરુદેવશ્રી :- જો પોતાની બુદ્ધિથી નવીન માર્ગમાં પ્રવર્તે તો યોગ્ય નથી. જે પરંપરા અનાદિનિધન જૈનધર્મનું સ્વરૂપ શાસ્ત્રોમાં પ્રરૂપણ કર્યું છે, તેની પ્રવૃત્તિ છોડી વચ્ચે કોઈ પાપી પુરુષોએ અન્યથા પ્રવૃત્તિ ચલાવી હોય, તેને પરંપરા માર્ગ કેવી રીતે કહેવાય? તથા તેને છોડી પુરાતન જૈનશાસ્ત્રોમાં જેવો ધર્મ પ્રરૂપ્યો હતો તેમ પ્રવર્તે તો તેને નવીન માર્ગ કેમ કહેવાય?'** એકે એક વાતની નાડ પકડી છે. ભાઈ! આ તો યાદ આવી ગયું. જે વસ્તુ છે એ અનાદિ પ્રવાહ છે. એમાં ઊંધું કોઈએ હલવ્યું હોય અને એ તોડે અને બીજું ચલવે એટલે નવીન છે એમ નથી. બે-પાંચ કરોડ માણસ ભેગા થઈને માને એ કલ્પનાની આ વસ્તુ છે નહિ. જુઓ શું કીધું?

**'આવા અશુદ્ધજ્ઞાનચેતનારૂપ પરિણામ મિથ્યાદષ્ટિને હોય છે.'** કહ્યું હતું ને માથે? **'વળી શું કરતો થકો નિરાસ્રવ હોય છે?'** બીજી લીટી હતી ભાઈ ૧૦૧. બીજી લીટી હતી માથે. **'શું કરતો થકો નિરાસ્રવ હોય છે?'** એમ છે. **'શું કરતો થકો નિરાસ્રવ હોય છે?'** એમ. અને શું કરતો થકો નિરાસ્રવ હોય છે? હવે જરી શબ્દ ટૂંકો શબ્દ છે હોં!

**'વળી કેવો હોતો થકો નિરાસ્રવ હોય છે?' 'ज्ञानस्य पूर्णः भवन्'** આખો શબ્દ છે. એનો અર્થ કે **'પૂર્ણ જ્ઞાનરૂપ હોતો થકો.'** એટલે **'ભાવાર્થ આમ છે—જ્ઞાનનું ખંડિતપણું એ...'** અપૂર્ણ જે રાગદ્વેષમાં રોકાતું જ્ઞાન એને અપૂર્ણ કહેવામાં આવે છે. **'જ્ઞાનનું ખંડિતપણું એ કે તે રાગ-દ્વેષ સાથે મળેલું છે. રાગ-દ્વેષ ગયા...'** આ મિથ્યાત્વનો **'રાગ-દ્વેષ ગયા હોવાથી જ્ઞાનનું પૂર્ણપણું કહેવાય છે.'** ભગવાન આત્મા પોતાની જ્ઞાનકળા દ્વારા સમ્યક્ સ્વભાવ ત્રિકાળમાં એકત્વ થયો, બસ! એને જ પૂર્ણ કહે છે. અને એ રાગ-દ્વેષમાં એકત્વ થઈને ખંડ ખંડ બુદ્ધિએ જ્ઞાનને રોક્યું એ ... સમજાણું કાંઈ?

**'पूर्णः भवन्'** એ નિરાસ્રવની આ એક વાત કરી અને વળી આ રીતે નિરાસ્રવ છે. એને દઢ કરે છે. **'કેવો હોતો થકો નિરાસ્રવ હોય છે?' 'ज्ञानस्य पूर्णः भवन्'** ભગવાનનું જ્ઞાન. ભગવાનનું એટલે પોતાનું. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યસૂર્ય જે વિકલ્પની શ્રેણીમાં ખંડ ખંડ થઈને અપૂર્ણપણું પ્રસિદ્ધ કરતો હતો એને જ્ઞાનની અંતર એકાગ્રતા દ્વારા સમયે સમયે પૂર્ણ કેવળજ્ઞાનને પહોંચે એવી જ્ઞાનદશા પ્રગટ કરે છે તેથી તે પૂર્ણ જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે—જ્ઞાનનું ખંડિતપણું એ કે તે રાગ-દ્વેષ સાથે મળેલું છે.'** મિથ્યાત્વ સંબંધીનો રાગ. ખંડ ખંડ અપૂર્ણ અપૂર્ણ.. અપૂર્ણ.. .. અપૂર્ણ ખંડ ખંડ થઈ ગયું. અને પૂર્ણાનંદ તરફની એકતા એ જ્ઞાનમાં એકતા આવી સ્વભાવ તરફ એટલે એ પૂર્ણ થયું એમ કહેવામાં આવે છે. **'રાગ-દ્વેષ ગયા હોવાથી જ્ઞાનનું પૂર્ણપણું કહેવાય છે. આવો હોતો થકો સમ્યગ્દષ્ટિ જીવ નિરાસ્રવ હોય છે.'** ઓહોહો..! કેટલી વાત!


**શ્રોતા :-** કેવળજ્ઞાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની અહીં વાત નથી. આ થયું કેવળજ્ઞાન કેવળજ્ઞાન—એકલું જ્ઞાન. એમ. રાગ સાથે મળેલું એકત્વ હતું એ એકલું જ્ઞાન નહોતું, બેકલું થઈ ગયું હતું. એકડે એક અને બગડે બે. એમ કહે છેને? પંડિતજી ઓલા શબ્દોની ... આવી ને. પણ પંડિતજી એવો અર્થ કરે કેટલી વાર ઓલા જ્ઞ. ગ અને ન આપણને ખબર પણ નહોતી .. રાતે જ્ઞનો અર્થ કર્યો હતો. ગ અને નનો જ્ઞ થાય એમ. જન્મે નહિ કોઈ દિ', હોય એવું ને એવું રહે. ... સ્વભાવ.

અહીં કહે છે, જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એની વસ્તુની દૃષ્ટિ નહોતી એટલે તે ખંડ ખંડ થતું હતું. રાગ ને પુણ્ય ને વર્તમાન વિકલ્પ ઉપરની દૃષ્ટિ હતી એ એટલામાં રોકાતું જ્ઞાન ખંડિત થતું હતું. સમજાણું કાંઈ? એ '**જ્ઞાનનું ખંડિતપણું એ કે તે રાગ-દ્વેષ સાથે મળેલું છે.**' એકત્વ ઈષ્ટમાં બુદ્ધિ રાગ અને ... એવું જ્ઞાન હતું એ ખંડિત હતું, ખંડિત કહો કે અપૂર્ણ કહો.

'**રાગ-દ્વેષ ગયા હોવાથી...**' ભગવાન ચૈતન્યપ્રભુ પોતાના જ્ઞાયકગુણમાં એકત્વપણે આવ્યો એથી એને '**રાગ-દ્વેષ ગયા હોવાથી જ્ઞાનનું પૂર્ણપણું કહેવાય છે. આવો હોતો થકો...**' જુઓ! એવો થયો થકો. એવો થયો થકો. એમ પાછું પર્યાયમાં સિદ્ધ કર્યું છે. એ પોતે પરિણમ્યો છે. સમજાણું કાંઈ? કો'કને લઈને નહિ. કર્મે માર્ગ આપ્યો માટે નહિ. એ પોતે ભગવાન જ્ઞાયકપણે પરિણમતો '**આવો હોતો થકો...**' સમ્યગ્દૃષ્ટિ જીવ '**આવો હોતો થકો નિરાસ્રવ હોય છે.**' આશ્રય છોડાવે છે. એ ખ્યાલમાં નથી? અનંત સંસાર અને અનંત અનંત સંસારની જ્યાં ગાંઠ ગ્રંથીભેદ થઈ ગયો. એ જ સંસાર છે, મિથ્યાત્વ સંસાર છે. થોડી અસ્થિરતા રહી એ પણ ગૌણ સંસાર, ગૌણ સંસાર. મહા અલ્પ વાત. એ લેશે પછી આગળ. સમજાણું? ... અબુદ્ધિપૂર્વક છે .. ત્રણે કાળમાં આત્મા .. કાળમાં કરી શકતો નથી કે સમ્યગ્દૃષ્ટિને .. થયું. પછીના કળશમાં કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



(અનુષ્ટુપ)

सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसन्ततौ।
कुतो निरास्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः।।५-११७।।

ખંડાન્વય સહિત અર્થ :—અહીં કોઈ આશંકા કરે છે—સમ્યગ્દ્રષ્ટિ જીવ સર્વથા નિરાસ્રવ કહ્યો, અને એમ જ છે, પરન્તુ જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડ જેવો હતો તેવો જ વિદ્યમાન છે તથા તે કર્મના ઉદયે નાના પ્રકારની ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે, તથા તે કર્મના ઉદયે નાના પ્રકારનાં સુખ-દુઃખને ભોગવે છે, ઈન્દ્રિય-શરીરસંબંધી ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે, સમ્યગ્દ્રષ્ટિ જીવ તે સામગ્રીને ભોગવે પણ છે; આટલી સામગ્રી હોવા છતાં નિરાસ્રવપણું કઈ રીતે ઘટે છે? એવો કઈ પ્રશ્ન કરે છે—''द्रव्यप्रत्ययसन्ततौ सर्वस्याम् एव जीवन्त्यां ज्ञानी नित्यम् निरास्रवः कुतः'' (द्रव्यप्रत्यय) જીવના પ્રદેશોમાં પરિણમ્યું છે પુદ્‌ગલપિંડરૂપ અનેક પ્રકારનું મોહનીયકર્મ, તેની (सन्ततौ) સંતતિ—સ્થિતિબંધરૂપ ઘણા કાળ પર્યન્ત જીવના પ્રદેશોમાં રહેવું તે—(सर्वस्याम्) જેટલી હોત, જેવી હોત, (जीवन्त्यां) તેટલી જ છે, વિદ્યમાન છે, તેવી જ છે (एव) નિશ્ચયથી; તોપણ (ज्ञानी) સમ્યગ્દ્રષ્ટિ જીવ (नित्यम् निरास्रवः) સર્વથા સર્વ કાળ આસ્રવથી રહિત છે એમ જે કહ્યું તે (कुतः) શું વિચારીને કહ્યું? ''चेत् इति मतिः'' (चेत्) હે શિષ્ય! જો (इति मतिः) તારા મનમાં આવી આશંકા છે તો ઉત્તર સાંભળ, કહીએ છીએ. ૫-૧૧૭.

---

**વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૮, મંગળવાર,**
**તા. ૬-૭-૧૯૬૫, કલશ-૧૧૭-૧૧૮**
**પ્રવચન નં. ૯૦**

૧૧૬ થયો. ૧૧૭. આમ પાંચમો છે આસ્રવનો.

सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसन्ततौ।
कुतो निरास्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः।।५-११७।।

હવે એ પોતે શંકાકાર હજી લંબાવે છે હોં! પાઠ પછી આવશે. શંકાકારને જે કાંઈ કહેવું છે થોડું પોતે પહેલું લખે છે. પાઠ પછી આવશે ઓલી કોર. બહુ અહીંયાં વજન આપ્યું ને કે આ આત્મા વસ્તુ સ્વરૂપે અનંત શાંત અને આનંદ આદિ ગુણસ્વરૂપ છે એવી ત્રિકાળી

ચીજ શુદ્ધ આત્મા એની સમ્યગ્દષ્ટિને પ્રાપ્તિ થઈ આત્માની. અનાદિથી પ્રાપ્તિ વિકારની હતી અને બાહ્યથી દેખો તો સંયોગનું લક્ષ એનું સંયોગ હતું.

**શ્રોતા** :–પ્રાપ્ત તો કહેવાય ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પ્રાપ્ત શું કહેવાય? વિકાર પ્રાપ્ત હતો. કીધું ને. અનાદિથી વિકાર પુણ્ય-પાપ અને ભ્રમણા કે 'આ મારું' એની અંદર પર્યાયમાં પ્રાપ્તિ હતી અને સંયોગમાં બહાર ચીજની પ્રાપ્તિ લક્ષ કરવા માટે હતી. એ જ્યાં સમ્યગ્દર્શન થયું.. જુઓ! આ સમ્યગ્દષ્ટિની મહિમા, સમ્યગ્દર્શન ગુણનું માહાત્મ્ય અને એ ચીજ મૂળ વસ્તુ છે. સમ્યગ્દષ્ટિ થયો એટલે કે ધર્મી થયો. એટલે આખો આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ એનો અનુભવ અને એમાં પ્રતીતિ અને એના સ્વસન્મુખના પરિણામ પ્રગટ થયા એને નિરાસ્રવી કહ્યો છે. એને આસ્રવ હોતા નથી. એને બંધનનું કારણ જ હોતું નથી એમ કહ્યું છે. કહો, સમજાણું કાંઈ?

વસ્તુ ચૈતન્યપ્રભુ જેવી પરમાત્માની પર્યાય પ્રગટ થઈ ગઈ છે એવો જ આ આત્મા બધો શુદ્ધ ચિદાનંદ સંસારના ઉદયભાવના વિકલ્પથી રહિત છે. એવું પ્રથમ સમ્યગ્દર્શનનું સ્વસન્મુખના પરિણામમાં આત્માના શુદ્ધ ચૈતન્યની પ્રાપ્તિ દૃષ્ટિમાં થઈ એ ધર્મી થયો. એ ધર્મી થયો એને આસ્રવ નથી. કહે છે કે અધર્મના પરિણામ જ એને નથી હવે. કહો, સમજાણું? અહીં આસ્રવની વાત છે. બંધ અધિકારમાં એને બંધ જ નથી એમ કહેશે. અહીં પણ પાછળ કહેશે કે એને બંધ નથી. ત્રણ કાળમાં કોઈ નથી કહી શકતું કે એને બંધ છે. ૧૮માં. (૧૧૮માં)

વાત એ છે કે જગતને આ ચૈતન્ય મહાન પદાર્થ (છે) એ માહાત્મ્ય એને આવતું નથી. એથી એ ધર્મને માટે ફાંફા મારે છે. જાણે આમ શરીરની ક્રિયા કરીએ, આ કરીએ.. આ કરીએ.. કાંઈક પરિણામમાં શુભ પરિણામ કરીએ દયા, દાન, વ્રત, ભક્તિ એટલે જાણે એમાં ધર્મ થશે અને આત્માને કલ્યાણ થશે. એ દૃષ્ટિ તદ્દન વિપરીત છે. એ માટે અહીં વજન આપ્યું છે કે આખો આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, એક સમયમાં દૃષ્ટિ થતાં, અનુભવ થતાં આખું પરિણમન બદલી ગયું. જે દૃષ્ટિમાં વિકારનું, પુણ્ય-પાપની વર્તમાન કૃત્રિમ અવસ્થામાં અસ્તિત્વપણે એટલો જ આત્મા અને એ હું એમ માન્યતા હતી એ મહાન મિથ્યાત્વ અને મહાન સંસાર હતો. એ દૃષ્ટિ પલટીને શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ મારામાં એ વિકલ્પ ને વિકાર શુભાશુભ એ છે જ નહિ. ત્યારે છે શું? છે નહિ ત્યારે છે શું? એકલું જ્ઞાન, એકલો આનંદ, એકલી વીતરાગી શક્તિઓનો સંગ્રહ પડેલો ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ છે. આખા શુદ્ધ પરમાત્માની દૃષ્ટિ થઈ એને ભગવાનનો ભેટો થયો. આહાહા..! સમજાણું કાંઈ? એ ભગવાનના ભેટાને સંસાર હોય નહિ હવે એમ કહે છે. આસ્રવ હોય નહિ એનો અર્થ એ. સમજાણું કાંઈ?

શાશ્વત વસ્તુ... ઓહોહો..! ચિદ્ઘન વસ્તુ નિરંજન નિરાકાર પરની અપેક્ષાએ આકાર રહિત,

વસ્તુ અખંડાનંદ અનંત ગુણરાશિ પ્રભુ એવો પરમાત્મા જે અનાદરમાં હતો, દૃષ્ટિમાં અનાદરમાં હતો એ દૃષ્ટિમાં આદરમાં આવ્યો. આજ હું વસ્તુ. આ પૂર્ણ શુદ્ધ એ જ વસ્તુ. સંયોગમાં નહિ, વિકલ્પ રાગ, પુણ્ય-પાપમાં નહિ અને અલ્પજ્ઞ પર્યાય દર્શન-જ્ઞાન અને વીર્ય એટલામાં હું આખો નહિ. સમજાય છે કાંઈ? એવો સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આત્મા અખંડપણે જોયો, જાણ્યો એવો કહ્યો. એવો જેણે અંતરમાં વસ્તુ તરીકે અખંડ આનંદ પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ એટલે ચારિત્ર. પૂર્ણ વીર્ય, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા એવી અનંત શક્તિનું એકરૂપ એવો પરમાત્મા દૃષ્ટિ અંતર કરતાં એટલે કે વર્તમાન પર્યાયને અંતરમાં એકત્વપણે વાળતા જે રાગની એકતા તૂટીને સ્વભાવની એકતા થઈ. એ સમ્યગ્દૃષ્ટિને હવે વિકાર છે નહિ, આસ્રવ છે નહિ એમ આચાર્યે કહ્યું ત્યારે શિષ્યને પ્રશ્ન ઉઠ્યો. આ શું કહો છો? જુઓ!

'**અહીં કોઈ આશંકા કરે છે—**' એ પાઠ પછી લેશે. '**સમ્યગ્દૃષ્ટિ જીવ સર્વથા નિરાસ્રવ કહ્યો,...**' પણ ભાઈ એટલો તો પાછો શિષ્ય લાગે છે. '**અને એમ જ છે,...**' વળી એમ તો કહ્યું પાછું. આશંકા છેને? આશંક. શંકા છે એમ નહિ. તમે કહો છો એ ખોટું છે એમ નહિ, પણ મારા જ્ઞાનમાં હજી બરાબર આમ જે બેસવું જોઈએ એમ બેસતું નથી. ચોક્કું બેસતું નથી.

'**સમ્યગ્દૃષ્ટિ જીવ...**' એટલે સત્ય દૃષ્ટિ જીવ, સત્ય એવો ભગવાન આત્મા સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ એવી જેને દૃષ્ટિ થઈ એવો જીવ '**સર્વથા નિરાસ્રવ...**'? અહીં પ્રશ્ન છે વધારે. '**સર્વથા નિરાસ્રવ...**' કઈ અપેક્ષા છે એમ સમજવું જોઈએ ને? અનંતાનુબંધી અને મિથ્યાત્વ એને જ મુખ્ય આસ્રવ ગણ્યો છે. મુખ્ય આસ્રવ એટલે સંસાર જ એ છે. પછી તો ગાંઠ તૂટી ગઈ પછી રહ્યું એ પાંદડા સૂકાઈ જવાના. આંબલી હોય છે ને આંબલીનું ઝાડ મોટું. શું કહે છે? ઈમલી. એનું મૂળ તૂટ્યું પછી પાંદડા કેટલો કાળ રહે? મહિને-બે મહિને સૂકાઈ જવાના, એ નથી જ એને. પાંદડા એને નથી. સમજાય છે? વસ્તુ જ ન રહી. તૂટ્યું મૂળમાં. અને એકલા પાંદડા તોડીને મૂળ રાખ્યા સાજા, બે મહિને પાછું પાલવી જશે આખું ઝાડ.

**શ્રોતા :-** પાંગરી જશે એ તો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નહિ, આ ઝીણા તોડી તોડીને કો'ક વળી નવરો માણસ થઈને કહે ખાલી કરો ભાઈ લ્યો. બે-ચાર મહિને જઈને કરો ખાલી. પણ ત્યાં તરત પાંગરી જશે. કારણ કે મૂળ સાજા છે.

એમ જેને ભગવાન આત્મા અખંડ જ્ઞાયક સર્વજ્ઞસ્વભાવી પ્રભુ, પૂર્ણાનંદી પ્રભુ આત્મા એની અંતર દૃષ્ટિ થઈ એને મિથ્યાત્વનું જે સંસારનું મૂળ એ ટળી ગયું. હવે થોડા જે રાગ-દ્વેષ રહ્યા એ તો પાંદડા જેમ જરી થોડા કાળમાં સૂકાઈ જવાના એટલે એનામાં છે જ નહિ એમ ગણવામાં આવ્યા છે. ટળવાના છે માટે નથી એમ ગણવામાં આવ્યા છે. સમજાણું

કાંઈ? શિષ્યનો એ પ્રશ્ન છે. બહુ આ વસ્તુસ્થિતિની વાત છે.

લોકોને ભગવાન આત્મા કેવો અને એનું સમ્યગ્દર્શન શું? એનું એને માહાત્મ્ય અને કિંમત જ નથી. સમજાણું? એ તો આ કર્યું ને આ મૂક્યું ને આ લીધું અને આ દીધું. જેમાં કર્તાબુદ્ધિ સમાઈ છે. આ કરું, આ મૂક્યું, આ દીધું જેમાં કર્તાપણું (છે), જે સ્વરૂપમાં નથી. એવા ભાવને ઊભા કરીને માને કે અમે કાંઈક કરીએ છીએ. એટલે અહીંયાં વજન આખું આસ્રવતત્ત્વમાં (એ છે) કે ભગવાન આત્મા એ શુભ-અશુભ વિકલ્પનો કર્તાનો સ્વભાવ તો નથી પણ એનામાં એ નથી એવી દૃષ્ટિ થતાં, પ્રભુ! એ '**સર્વથા નિરાસ્રવ કહ્યો,...**' વજન અહીં છે હોં. '**સર્વથા નિરાસ્રવ કહ્યો, અને એમ જ છે,...**' વાત તો લાગે છે ખરી.

'**પરંતુ જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડ જેવો હતો તેવો જ વિદ્યમાન છે...**' શું કર્મ નીકળી ગયા છે એના પ્રદેશ ઉપરથી? જ્ઞાનાવરણીય કર્મ આઠ પડ્યા છે એને. શિષ્ય પૂછે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય કર્મ જડ પિંડ માટી પડી છે. આત્માના પ્રદેશ ઉપર બેઠા છે. '**તથા તે કર્મના ઉદયે નાના પ્રકારની ભોગસામગ્રી...**' બહારના સાધન '**જેવી હતી તેવી જ છે,...**' વઈ જાય છે કાંઈ? સમ્યગ્દર્શન છે તો ચક્રવ્રતીનું રાજ હોય તો વયું જાય?

**શ્રોતા** :-સમ્યગ્દર્શન થયા પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો પછી આવે. એની ક્યાં વાત છે. સમ્યગ્દર્શન થયા પછી મોટું રાજ આવે પાછું. એમાં શું છે? એની સાથે શું સંબંધ છે? સમ્યગ્દૃષ્ટિ થયો એટલે ત્યાગી થઈ જાય બહારનો એમ નથી. ક્ષાયિક સમકિત થયું અને પહેલું કાંઈ નહોતું. ક્ષાયિક સમકિત. તીર્થંકર ક્ષાયિક સમકિત લઈને આવ્યા. છન્નું હજાર સ્ત્રી પરણ્યા પછી. ત્રણ જ્ઞાનના ધણી. સમકિત તો લઈને આવ્યા ત્રણ જ્ઞાન. છન્નું હજાર સ્ત્રીના લગન. સાંભળ! સાંભળ! સમજાણું કાંઈ?

એ '**સમ્યગ્દૃષ્ટિ જીવ સર્વથા નિરાસ્રવ કહ્યો, અને એમ જ છે,...**' એવો શિષ્ય લીધો છે અહીંયાં. જરી આશંકા કરે છે સમજવામાં. આ છેને? આ છેને? હશે તો એમ જ બરાબર તમારું કહે છે એમ. પરંતુ આ બધા આઠ કર્મ દ્રવ્યપિંડ રજકણો પડ્યા છે આત્મપ્રદેશ ઉપર, '**તથા તે કર્મના ઉદયે નાના પ્રકારની ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે,...**' એટલું અહીં તો લીધું. પણ સમકિતીને વળી વધી પણ જાય. મિથ્યાદૃષ્ટિપણે સામગ્રી ઓછી હોય અને સમ્યગ્દર્શનપણે કોઈ એવો શાતાના ઉદય આદિ આવે તો સામગ્રી બહારમાં વધી પણ જાય. એય..! નેમિચંદભાઈ! ઘટાડો, દ્રવ્ય ઘટાડો. શું ઘટાડે પણ? ઓછા કરો દ્રવ્ય, ઓછા કરો દ્રવ્ય. કોને ઓછા શું કરવા હતા? એ તો બહાર જ છે. એ ક્યાં ગરી ગયા હતા અંદર આત્મામાં?

કહે છે, કરે '**કર્મના ઉદયે નાના પ્રકારની ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે,...**' એટલી જ વાત લીધી હોં હજી તો સામગ્રી. હવે '**તે કર્મના ઉદયે નાના પ્રકારનાં સુખ-દુઃખને ભોગવે છે,...**' લોકો દેખે છે ને એ અપેક્ષાએ કહ્યું છે. આ રહી, આ સ્ત્રીઓ રહી, આ રાજ રહ્યું, આ હીરાના સિંહાસન ઉપર બેસે છે. સાબુના ગોટા મોટા પાંચ-પાંચ રૂપિયાનો ગોટો એનાથી ન્હાય છે, સોનાની ડોલું છે.

**શ્રોતા :**–ચક્રવર્તીને હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો બીજો સાધારણ લ્યો ને. સોનાની ડોલું. ડોલું સમજાય છે? આ શું કહેવાય? બાલદી. બાલદી શું કહે આ બાલદી સોનાની હોય. આ તો સાધારણ અહીં રાજા હોય એને સોનાની હોય છે. બાલદી આ નાના રાજા હોય છે એ સોનાની બાલદીમાં ન્હાય. સાધારણમાં ન હોય એ. સોનાની બાલદી, સોનાના કળશા. જ્યાં બેઠા ન્હાવા એમાં ન્હાય. આ સાધારણ રાજા હોં. મોટા રાજાનું શું કહેવું? પણ એથી શું? એ તો બહારની સામગ્રી છે.

કહે છે, એ '**સુખદુઃખને ભોગવે છે,...**' ન્હાય એમાં બેસે ને આમ કરે ને આમ કરે. અરીસામાં પણ જોવે મોઢું. ક્યાં ચાંદલો બરાબર સરખો થયો કે નહિ? ભારે આ. એ લીલા આત્માની. જ્યાં આત્મા પ્રાપ્ત થયો એને કહે છે કે કર્મ ભલે હો. અહીં તો શંકાકાર હજી (આશંકા કરે છે). ભોગસામગ્રી સુખદુઃખ ભોગવે. એક વાત લીધી ત્યાં સુધી. એ કર્મનો ઉદય પડ્યા છે, સામગ્રી છે અને ભોગવે એટલી એક વાત લીધી. હવે એક અહીંથી માંડે છે પાછા આ.

'**ઈન્દ્રિયશરીરસંબંધી ભોગસામગ્રી...**' હવે. ઈન્દ્રિય સંબંધી ભોગ. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પણ એવા ને એવા પડ્યા હોય. સુગંધ પણ એવા ફૂલઝાડ હોય. રસના એવા ત્યાં .. ઓહોહો..! હજાર ગાયનું દૂધ. એ ગાયને શેરડી ખવરાવે. શેરડી સમજાય છે? ગન્ના–ગન્ના. હજાર ગાયને શેરડી ખવરાવે એનું થાય દૂધ, એ દૂધ સો ગાયને પાય. એ સો ગાયનું દૂધ દસ ગાયને પાય, એનું નીકળે દૂધ, આ એની બનાવે ખીર.

કહે છે, આવી '**ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે,...**' આ પડી બધી. ખાય છે, આ બધું છે જુઓ આ. આ સોનાના થાળમાં પીરસે છે. હીરાના થાળમાં આ લે છે. તમે કહો, નિરાસ્રવ... નિરાસ્રવ (છે). ભાઈ! અરે.. ભગવાન! તમારી વાત ભારે કાંઈક લાગે છે.

**શ્રોતા :**–... લુખ્ખા ખાખરા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લુખ્ખા ખાખરા ખાય. કીધું નહોતું? ઓલા કનુભાઈએ પ્રશ્ન નહોતો કર્યો ભાવનગરવાળાનો? ૯૪માં પ્રશ્ન નહોતો કર્યો? કે આટલા ગાદલામાં સૂવે એને તમે કહો કે એ સમકિતી અને એ ધર્મી.

**શ્રોતા :-** એને તો એમ થાયને કે લ્યો આવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને તો એમ કે લ્યો આવી સામગ્રી. એ સાત વર્ષનો હતો ને ભાઈ કનુભાઈ હતા. ગયા ને હમણાં? હરીભાઈના દીકરા. અને અમે ગોદડું નાનું સૂઈએ આમ હેઠે પાથરીને પથરામાં, ધૂળમાં હેઠે. દષ્ટિ ખોટી છે. કેમ? તું રાગનો કર્તા થા (છો), દેહમાં મીઠાશ છે, પુણ્યમાં મીઠાશ છે, એ પાપના પરિણામમાં આનંદની બુદ્ધિ પડી છે ત્યાં એટલે એવું ન ભોગવતા છતાં તું મહામિથ્યાદષ્ટિ ભોગી છો. મહારાજ! આ તો બધું ભારે આકરું લાગે છે. ૯૪માં કહેતો હતો. ભાઈ! અંતરદષ્ટિનું સામ્રાજ્ય અને બાહ્ય દષ્ટિનું સામ્રાજ્ય બે જુદી જાત છે આખી. સમજાણું કાંઈ?

'**ઇન્દ્રિયશરીરસંબંધી ભોગ...**' ઇન્દ્રિય શરીર એટલે શું? પાંચેય શબ્દો એમ. એવા શબ્દો, રૂપ, ગંધ, રસ ને સ્પર્શ. '**જેવી હતી તેવી જ છે,...**' આ તો જેવી છે એવી રાખી છે પણ કો'કને વધારે પણ હોય. '**સમ્યગ્દૃષ્ટિ જીવ તે સામગ્રીને ભોગવે પણ છે;...**' પાછું ઓલી કર્મની સામગ્રી બીજી, આ ઇન્દ્રિયની શરીર સંબંધી શબ્દ, રૂપ, રસ, ગંધ એવા પડ્યા બધાં ભોગવે છે. શબ્દો સાંભળે, રૂપ દેખે, ગંધ લે, સ્પર્શ ભોગવે, છન્નું હજાર સ્ત્રી. જેને જે હોય એ. '**આટલી સામગ્રી હોવા છતાં નિરાસ્રવપણું કઈ રીતે ઘટે છે?**' આવું (હોય અને તમે કહો કે) એને પાપના પરિણામ જ નથી, એને પુણ્યના પરિણામ જ નથી, એને આસ્રવ એટલે બંધના કારણરૂપ ભાવ જ નથી, કઈ રીતે ઘટીત તમારે કરવું છે આ? '**આટલી સામગ્રી હોવા છતાં નિરાસ્રવપણું કઈ રીતે ઘટે છે? એવો કોઈ પ્રશ્ન કરે છે—**' એવો કોઈ પ્રશ્ન કરે છે. એટલું મથાળુ બાંધ્યું. હવે પાઠ. હવે પાઠ લીધો.

''**द्रव्यप्रत्ययसन्ततौ सर्वस्याम् एव जीवन्त्यां ज्ञानी नित्यम् निरास्रवः कुतः**'' હવે એ પાઠ લીધો. ભગવંત! આશંકા શિષ્યની છે હોં! શંકા નહિ. (**द्रव्यप्रत्यय**) '**જીવના પ્રદેશોમાં પરિણમ્યું છે પુદ્ગલપિંડરૂપ અનેક પ્રકારનું મોહનીયકર્મ,...**' એમ. એકલા પરમાણુના (પિંડ) પડ્યા (છે) એમ નહિ, પણ જીવના પ્રદેશમાં પરિણમેલા કર્મરૂપે પરિણમેલા. '**પુદ્ગલપિંડરૂપ અનેક પ્રકારનું મોહનીયકર્મ,...**' કર્મ પરિણમેલા પડ્યા છે, ચારિત્રમોહ. સમજાણું કાંઈ?

'**તેની સંતતિ—સ્થિતિબંધરૂપ...**' આ એનો પ્રવાહ પણ સ્થિતિબંધરૂપ પડ્યો છે અને આ ચાલ્યો આવે છે ઉદય. '**સ્થિતિબંધરૂપ ઘણા કાળ પર્યન્ત જીવના પ્રદેશોમાં રહેવું તે—**' હજારો, લાખો વર્ષ એના આત્માના પ્રદેશમાં એની સ્થિતિ રહે છે, મુદત રહે છે કર્મની સંતતિના ઉદયની. (**सर्वस्याम्**) '**જેટલી હોત, જેવી હોત,...**' (**सर्वस्याम्**) '**જેટલી હોત, જેવી હોત, તેટલી જ છે,...**' (**जीवन्त्यां**) (**जीवन्त्यां**) કહ્યું ને? '**તેટલી જ છે,...**' જીવતી છે, વિદ્યમાન છે, છતી છે. એમ જીવતાનો અર્થ એ છે. જીવતી છે, વિદ્યમાન

છે, છતી છે. 'વિદ્યમાન છે, તેવી જ છે...'

(एव) 'નિશ્ચયથી; તોપણ...' (एव) શબ્દનો નિશ્ચય અર્થ. (ज्ञानी) 'સમ્યગ્દૃષ્ટિ જીવ...' (नित्यम् निरास्रवः) 'સર્વથા સર્વ કાળ...' એટલું નાખ્યું. 'સર્વથા સર્વ કાળ આસ્રવથી રહિત છે એમ જે કહ્યું તે શું વિચારીને કહ્યું?' આહાહા..! 'એમ જે કહ્યું...' (कुतः) 'શું વિચારીને કહ્યું?' ''चेत् इति मतिः'' 'હે શિષ્ય!' 'इति मतिः' 'જો તારા મનમાં આવી આશંકા છે તો ઉત્તર સાંભળ, કહીએ છીએ.' ઓહોહો..! ભાઈ! તને ખબર નથી પ્રભુ! અનંત આનંદની દૃષ્ટિ જ્યાં પ્રગટી છે એને એ વિકલ્પની વાત અલ્પ જે છે એને ખરેખર બંધનનું કારણ નથી. એમ સિદ્ધ કરે છે. મીઠાશ જ્યાં આત્માના આનંદમાં ગઈ છે, અનાકુળ આત્માની જ્યાં દૃષ્ટિ ખીલી છે અને આખો આનંદકંદ એવો ભગવાન ખજાનો દૃષ્ટિમાં બેઠો છે એને પર ઉપર પ્રેમ હોતો નથી. અસ્થિરતાનો જરી રાગ (છે) એને અહીં ગણવામાં આવ્યો નથી. એકત્વબુદ્ધિ નથી. રાગ સાથે નથી, સંયોગ સાથે નથી. જ્યાં એકત્વ (બુદ્ધિ) પડી ત્યાં અનંત આનંદનો ખજાનો પડ્યો છે. ત્યાંથી ખસી ગયો છે એમાં કાંઈ એ ચીજમાં જરીએ રહ્યો નથી. એનો ઉત્તર આપે છે જુઓ.

---

(માલિની)

विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः
समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।
तदपि सकलरागद्वेषमोहव्युदासा-
दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।।६-११८।।

ખંડાન્વય સહિત અર્થ :—''तदपि ज्ञानिनः जातु कर्मबन्धः न अवतरति'' (तदपि) તોપણ (ज्ञानिनः) સમ્યગ્દૃષ્ટિ જીવને (जातु) કદાચિત્ કોઈ પણ નયથી (कर्मबन्धः) જ્ઞાનાવરણાદિરૂપ પુદ્ગલપિંડનું નૂતન આગમન-કર્મરૂપ પરિણમન (न अवतरति) થતું નથી; અથવા જો કદી પણ સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષપરિણામથી બંધ થાય છે તો ઘણો જ અલ્પ બંધ થાય છે; તો પછી સમ્યગ્દૃષ્ટિ જીવને બંધ થાય છે એવું કોઈ ત્રણે કાળમાં કહી શકે નહિ. હવે, કેવો હોવાથી બંધ નથી? ''सकलरागद्वेषमोहव्युदासात्'' જે કારણથી આવું છે તે કારણથી બંધ ઘટતો નથી-—(सकल) જેટલા શુભરૂપ અથવા અશુભરૂપ (राग) પ્રીતિરૂપ પરિણામ, (द्वेष) દુષ્ટ પરિણામ, (मोह) પુદ્ગલદ્રવ્યની વિચિત્રતામાં આત્મબુદ્ધિ એવા વિપરીતરૂપ પરિણામ,-એવા (व्युदासात्) ત્રિણેય પરિણામોથી રહિતપણું એવું કારણ છે તેથી સામગ્રી વિદ્યમાન હોવા છતાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મબંધનો કર્તા નથી. વિદ્યમાન

સામગ્રી કઈ રીતે છે તે કહે છે—''यद्यपि पूर्वबद्धाः प्रत्ययाः द्रव्यरूपाः सत्तां न हि विजहति'' (यद्यपि) જોકે એમ પણ છે કે (पूर्वबद्धाः) સમ્યક્ત્વની ઉત્પત્તિ પહેલાં જીવ મિથ્યાદૃષ્ટિ હતો, તેથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણામ વડે બાંધ્યા હતા જે (द्रव्यरूपाः प्रत्ययाः) મિથ્યાત્વરૂપ તથા ચારિત્રમોહરૂપ પુદ્ગલકર્મપિંડ, તે (सत्तां) સ્થિતિબંધરૂપે જીવના પ્રદેશોમાં કર્મરૂપ વિદ્યમાન છે એવા પોતાના અસ્તિત્વને (न हि विजहति) છોડતા નથી; (ઉદય પણ દે છે એમ કહે છે—) ''समयम् अनुसरन्तः अपि'' (समयम्) સમયે સમયે અખંડિતધારાપ્રવાહરૂપ (अनुसरन्तः अपि) ઉદય પણ દે છે; તોપણ સમ્યગ્દૃષ્ટિ કર્મબંધનો કર્તા નથી. ભાવાર્થ આમ છે—કોઈ અનાદિ કાળનો મિથ્યાદૃષ્ટિ જીવ કાળલબ્ધિ પામ્યો થકો સમ્યક્ત્વગુણરૂપ પરિણમ્યો, ચારિત્રમોહકર્મની સત્તા વિદ્યમાન છે, ઉદય પણ વિદ્યમાન છે, પંચેન્દ્રિય વિષયસંસ્કાર વિદ્યમાન છે, ભોગવે પણ છે, ભોગવતો થકો જ્ઞાનગુણ દ્વારા વેદક પણ છે; તોપણ જે રીતે મિથ્યાદૃષ્ટિ જીવ આત્મસ્વરૂપને જાણતો નથી, કર્મના ઉદયને પોતારૂપ જાણે છે, તેથી ઇષ્ટ-અનિષ્ટ વિષયસામગ્રી ભોગવતો થકો રાગ-દ્વેષ કરે છે, માટે કર્મનો બંધક થાય છે, તે રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ નથી. સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માને શુદ્ધસ્વરૂપ અનુભવે છે, શરીર આદિ સમસ્ત સામગ્રીને કર્મનો ઉદય જાણે છે, આવેલા ઉદયને ખપાવે છે, પરંતુ અંતરંગમાં પરમ ઉદાસીન છે તેથી સમ્યગ્દૃષ્ટિ જીવને કર્મબંધ નથી. આવી અવસ્થા સમ્યગ્દૃષ્ટિ જીવને સર્વ કાળ નથી. જ્યાં સુધીમાં સકળ કર્મોનો ક્ષય કરી નિર્વાણપદવીને પામે ત્યાં સુધી આવી અવસ્થા છે. જ્યારે નિર્વાણપદ પામશે તે કાળનું તો કાંઈ કહેવાનું જ નથી—સાક્ષાત્ પરમાત્મા છે. ૬-૧૧૮.

## કલશ-૧૧૮ ઉપર પ્રવચન

विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः
समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।
तदपि सकलरागद्वेषमोहव्युदासा-
दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।।६-११८।।

આહા..હા..! એ આ નોખાલી હતી ને? કેવું ભાઈ શું કહેવાય? નોઆખલી. નોઆખલીમાં જ્યારે મુસલમાનની-હિન્દુની તકરાર થઈ, ગાંધી ગયા હતા ને પછી? એ એવી તકરાર (થઈ)... ઓહોહો..! સગી મા, સગી બહેન એને નગ્ન કરતા મુસલમાન લોક અને એનો દીકરો ઓલો. ૪૦ વર્ષની મા ૨૦ વર્ષનો દીકરો એને બેયને નગ્ન કરે, નગ્ન કરીને બેયને ભીડે. આહાહા..!

મુસલમાનો જોરદાર બેયને નગ્ન કરે અને પછી બેયને આમ ભીડે. લે ભોગ નહિતર મારી નાખીશ. અરર..ર..! અરે..! કુદરત! આ જનેતા. મારી મા—જનેતા, હું એના પેટમાં નવ મહિના રહ્યો. અરે..! હું જેનો દાસાનુદાસ, અરે..! આ હું જોઈ શકતો નથી. એમ પોકાર કરે હોં! સમજાણું કાંઈ? અરર..ર.! આ શું કરે છે? હે પ્રભુ! શું થાય છે આ?

જેમ એ દીકરાને એ ટાણે પ્રેમ અંશે પર ઉપર—ભોગ ઉપર નથી. છે? મારતા હોં! કાપી નાખે. એક છરી આમ લઈને બેઠો હોય. બે ભેગા કરે. લે નહિતર આ છરી લઉં. આ ભગવાન! એક કોર બહેન વીસ વર્ષની હોય અને પોતે પચ્ચીસ વર્ષનો જુવાન. બેને નગ્ન કરે મુસલામાનો ભીડે. ભેટ. રમ એની સાથે. પ્રભુ! જમીન માર્ગ આપે તો સમાઈ જાઉં પણ આ શું ચાલે છે? શું છે આ જગતની અંદર? એમ સમ્યગ્દષ્ટિને.. આહાહા..! આ સાંભળ્યું હતું ભાઈ! બધું આવ્યું હતું. આહાહા..! એ દેખાવ. એ દેખાવ કાળાકેરના દેખાવ.

અરેરે..! એ આંખ શું જોઈ શકે? એ માની નગ્ન દશા એ આંખ શું જોવે? એ એની ઈન્દ્રિય શી રીતે સ્પર્શને અડે? અરે..! એના વિકલ્પ કઈ જાતના એને અંદર હોય? આહાહા..! એમ સમ્યગ્દષ્ટિને. આહાહા..! આ ભેટો ભેટો કીધો છે ને. ભાઈ! ભેટો નથી એને. પોતાના અતીન્દ્રિય આનંદના પ્રેમની રુચિ આગળ એ બધા ભેટા એ મા અને દીકરા જેવા લાગે છે. સમજાણું કાંઈ? શું થાય? માણસ જાણે એ આ ખાય છે. અરે.. પ્રભુ! તું સાંભળ ભાઈ! આહા..હા..!

કહે છે કે છેને? '**ખંડાન્વય સહિત અર્થ :—**' ''**तदपि ज्ञानिनः जातु कर्मबन्धः न अवतरति**'' '**તોપણ...**' આવું હોવા છતાં. તેં પ્રશ્ન કર્યો એ બરાબર છે. સામગ્રી એવી જ હોય એમ કહે છે ભાઈ! સામગ્રી એવી જ હોય. આ સામગ્રી નોઆખલીની વાત કરીને. આહાહા..! અરે..! એક તો આમ કરે અને .. આપે. અરે..! અમે આર્ય હોં! અમે મહાજન લોક, અમારે માંસ ન હોય. ખા. અહીં ચીરે ને અહીં ચીરે. આહાહા..! કેટલો પ્રેમ હશે? સામગ્રી તો બધી છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે, (**तदपि**) આ સામગ્રી બધી હોવા છતાં. પાંચ ઈન્દ્રિયના વિષયો, કર્મના ઉદયની સામગ્રી. સમજાય છે? આ પ્રદેશોમાં પડેલા કર્મના રજકણનું દળ. આવું હોવા છતાં જેમ એના દીકરાને ત્યાં મા ઉપર નજર પડતી નથી, નજર પડતી નથી. જોવાને આ તે નગ્ન છે કે કોણ છે એ નજરું નાખતો નથી. સમજાય છે કાંઈ? એમ '**સમ્યગ્દષ્ટિ જીવને કદાચિત્ કોઈ પણ નયથી...**' એ સામગ્રીમાં એની નજરું નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ ધર્મીની નજર ચિદાનંદ ભગવાનમાં આનંદકંદ પડ્યો ત્યાં નજરું પડી છે. આ જોવાને નજર અંધ થઈ ગઈ છે. જોવાને એટલે આ મારાપણે માનીને નજર બંધાઈ ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ? અને અંદરમાં ચક્ષુ—નેત્ર અંતર જોવાને ખુલી ગયા છે. આહાહા..! લાખ

આંખ જેમ ખુલે એમ ખુલી ગઈ અંદર જોવાને. બહારને જોવાને મારા માનવાની આંખ બંધ થઈ ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ વસ્તુનું સ્વરૂપ. આ દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી એને એમ લાગે કે આ શું છે આ? આચાર્ય કહે છે. અમૃતચંદ્રાચાર્ય હોં! તું કહે છે તેમ અમે કબુલ કરીએ છીએ. (**तदपि**) '**તોપણ...**' એ પુત્રને મા સામું જોવાની નજરું ફરતી નથી. એ નગ્ન જોવાને એની નજર કામ કરતી નથી. ભોગની શું પણ નજર આમ જોવાને કામ કરતી નથી. એમ સમ્યગ્દૃષ્ટિને જ્ઞેય જાણવા લાયક તરીકે આ મારા અને ઈષ્ટ-અનિષ્ટ એ નજરું કામ કરતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**સમ્યગ્દૃષ્ટિ જીવને કદાચિત્ કોઈ પણ નયથી...**' દેખો જોર ભાઈ. કોઈપણ નયથી લીધું. વ્યવહારથી થશે કે નહિ? અરે..! સાંભળને સાંભળ ભગવાન! આહાહા..! કહે છે, (**जातु**) '**કદાચિત્ કોઈ પણ નયથી...**' (**कर्मबन्धः**) '**જ્ઞાનાવરણાદિરૂપ પુદ્ગલપિંડનું નૂતન આગમન...**' નવા આવવું '**કર્મરૂપ પરિણમન...**' એ થઈને પરિણમવું '**થતું નથી;...**' આહાહા..! સમજાણું કાંઈ? આ તો અલખની વાતું છે, ભાઈ! અલખને કેમ ઓળખવો? એ અલખ ભગવાન આત્મા ઈન્દ્રિયથી ઓળખાય એવો નથી. એ રાગથી ઓળખાય એવો નથી. એવો ભગવાન આત્મા અંતરના જ્ઞાનની નિર્મળ દશા દ્વારા ઓળખાય, અનુભવાય એમાં એને બહારના પરમાણુઓ જડ ભલે હો, એને લઈને સામગ્રી પણ હો, (એને) લઈને બહારના ભોગમાં સંયોગમાં દેખાતો હોય (પરંતુ) એમાં છે જ નહિ. સમજાણું કાંઈ?

'**થતું નથી;...**' અવતાર નથી. એમ કહ્યુંને? કર્મબંધન ઉત્પન્ન થતું નથી. ટૂંકી ભાષામાં. કર્મબંધન ઉત્પન્ન છે નહિ. ભગવાન અબંધસ્વરૂપી પ્રભુ, અબંધસ્વભાવી પરમાત્મા પોતે નિજ. અબંધસ્વરૂપ કહો, મોક્ષસ્વરૂપ. પોતે જ મોક્ષસ્વરૂપ ભગવાન આત્મા છે. વસ્તુ મોક્ષસ્વરૂપ જ છે. પૂર્ણાનંદનો કંદ ભગવાન મોક્ષસ્વરૂપ જ્યાં અનુભવ દૃષ્ટિમાં આવ્યો એને કર્મબંધન ઉત્પન્ન થતા નથી. એને તો શાંતિ ને આનંદ ઉત્પન્ન થાય છે. આ શું ઉત્પન્ન થાય, સાંભળને હવે. પુણ્ય-પાપના વિકલ્પ પણ નહિ અને બંધ પણ નહિ, કાંઈ નથી. આમાં વિશેષ કહેશે. સમજાણું કાંઈ?

અત્યારે મુખ્ય દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય એના કાર્ય શું એનું વજન ચાલે છે. ખ્યાલમાં નથી કે અંદર રાગાદિ થોડો છે? એટલું બંધન પણ દસમા ગુણસ્થાન સુધી છે. એ વાતને દૃષ્ટિ અભેદને ભાળે છે, વસ્તુને ભાળે છે એથી વસ્તુના ભાળનાર દૃષ્ટિમાં આસ્રવ પણ ઉત્પન્ન થતાં નથી. એક જ જ્ઞાનાનંદની દશા ઉત્પન્ન થાય એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? આ સહન થાવું કઠણ જગતને. (સંવત) ૧૯૯૫માં બહુ વંચાણી હતી ને રાજકોટમાં. સમયસાર. ૯૫. ૨૬ વર્ષ થયા. આ તો આવે ત્યારે ભાઈ વાત જે હોય એ આવે. એટલે કેટલાક સાંભળનારાને કો'કને લખ્યું હશે. કાગળમાં કે આમ કહે છે. એણે તો

એમ કહ્યું, આમ કહેતા હોય એ બધા મૂઢ છે. સમ્યગ્દૃષ્ટિને આસ્રવ અને બંધ બધાય છે. શું નથી? આઠેય કર્મ (છે). અરે.. ભગવાન! કઈ અપેક્ષાએ વાત ચાલે છે, બાપા! એવો પત્ર હતો. શું કાંઈક પત્રમાં લખ્યું છે. સિદ્ધચક્ર એમાં આવ્યું હતું. બધાય કર્મ બાંધે. બાપા! ભાઈ! બધી ખબર છે, ભાઈ સાંભળને! એ અલ્પ રાગ ન હોય તો કેવળી હોય અને કેવળી હોય તો તો પછી સાધકપણું રહેતું નથી.

અહીં તો સાધકપણામાં કોને સાધે છે? એ કાંઈ બાધકને સાધતો નથી, રાગને સાધતો નથી સમકિતી. રાગને સાધે છે? એનું ધ્યાન છે એને? સ્વભાવ... સ્વભાવ.. સ્વભાવ... જેમાં પૂર્ણ આનંદનો ઉકેલ નીકળે એવો પ્રભુ એવી જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો એ અપેક્ષાએ અહીંયાં એને આસ્રવ નથી એમ કહ્યું છે. એ દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયનું જોર બતાવ્યું છે. સમજાણું કાંઈ? એ કહે છે જુઓ થોડું.

'**અથવા...**' જુઓ કહે છે. '**જો કદી પણ સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વક...**' અબુદ્ધિનો અર્થ શું? રુચિપૂર્વક નહિ એમ. રુચિ નથી, રુચિ નથી. ખ્યાલમાં ભલે હો, રુચિ નથી. પ્રેમ છે હવે? ઝેર ઉપર પ્રેમ છે? જેણે અમૃતને જોયા એને ઝેરનો પ્રેમ રહે? પુણ્ય-પાપના પરિણામ તો ઝેર છે, અમૃતથી વિરુદ્ધ છે. જેને અમૃતના સ્વાદ આવ્યા એને ઝેરના સ્વાદ લેવાનો ભાવ થતો હશે? સમજાણું કાંઈ? કહે છે, '**જો કદી પણ સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વક...**' અબુદ્ધિનો અર્થ શું? રુચિ વિના. દૃષ્ટિ નથી છતાં, અભિપ્રાય રાગ કરવાનો નથી છતાં. એમ. અભિપ્રાય તો આત્માના શુદ્ધ સ્વભાવ ઉપર ઢળેલો શુદ્ધ સ્વભાવની જ એકતા કરવાનો અભિપ્રાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

એ '**સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષપરિણામથી બંધ થાય છે...**' રુચિ નથી. અસ્થિરતાથી જે થાય છે. '**ઘણો જ અલ્પ બંધ થાય છે;...**' રુચિ વિના શ્રદ્ધા એના ઉપર નથી રહી. એટલે કે મારી ચીજ એમ શ્રદ્ધા રહી નથી. આસ્રવ મારી ચીજ એમ શ્રદ્ધા રહી નથી. મારી ચીજમાં તો જ્ઞાનાનંદ અને શુદ્ધ ચૈતન્ય પડ્યું છે. એવી શ્રદ્ધામાં જરી રુચિ વિના રાગ-દ્વેષ થાય ત્યારે બંધ થાય છે, અતિ અલ્પ બંધ થાય છે. ઘણો જ (અલ્પ). અનંતાનુબંધી અને મિથ્યાત્વ એ જ સંસાર, એ જ ગાંઠ, એ જ નિગોદને ઉત્પત્તિનું એ જ સાધન છે અને સિદ્ધનું સાધન ભગવાન આત્મા. પૂર્ણાનંદ પર્યાય સિદ્ધની એનું સાધન ખાણ નિજાનંદ એમાં એકાગ્ર થઈને સિદ્ધપદ થાય એવા ભગવાન આત્માની દૃષ્ટિનો અનુભવ થયો, કહે છે કે જરી રુચિ વિના પરિણામ થાય, બંધ થાય છે. '**અલ્પ બંધ થાય છે; તો પછી સમ્યગ્દૃષ્ટિ જીવને બંધ થાય છે એવું કોઈ ત્રણે કાળમાં કહી શકે નહિ.**'

ખ્યાલ નથી એને? વાતનો બધો ખ્યાલ છે. પણ જ્યાં પૃથક્ છે, રાગ જ જ્યાં સ્વભાવથી પૃથક્ થયો એટલે રાગથી આત્મા મુક્ત છે એટલે સમ્યગ્દૃષ્ટિ પણ રાગથી મુક્ત છે. સમજાણું

કાંઈ? વ્યવહારથી મુક્ત કહ્યો ને? સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. સ્વરૂપ શુદ્ધ જ્ઞાનાનંદ અનાકુળ પ્રભુ, વીતરાગ સમસ્વભાવી સત્ત્વ (છે) એવી અંતર દૃષ્ટિ થતાં એ નિશ્ચયની પર્યાય અભેદ છે અને વિકલ્પથી તે મુક્ત છે, વ્યવહારના વિકલ્પથી સમ્યગ્દૃષ્ટિ મુક્ત છે. એટલે કે વ્યવહારના વિકલ્પથી એકત્વપણે નથી. સમજાણું કાંઈ?

પહેલી આ ચીજ પ્રગટ કરીને એમાં અનુભવ કરવા જેવો તો મૂળ તો આ છે. હવે એ ચીજના મૂળમાં ઠેકાણે નહિ અને ઉપરના પાંદડા તોડવા ને આ કર્યા. ભાઈ! જિંદગી જાશે, બાપા! માંડ મનુષ્યદેહ મળ્યો, એમાં આ વસ્તુ કરવા જેવી એ ન કરી અને બીજા કરી ને પછી આમ થાશે અને પછી આમ થાશે. થાશે પછી સંસાર રખડવાનો.

**શ્રોતા** :- આ સંયોગમાં બધું જોયું છે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધું જોયું એમ કહે છે. શું દેખાય ધૂળમાં. બહારની દૃષ્ટિ સંયોગવાળાને એવું દેખાય. સ્વભાવવાળાને સંયોગ દેખાય નહિ. આહાહા..! કહ્યું નહિ? સમ્યગ્દૃષ્ટિ જીવ ભરત ઘરમાં વૈરાગી. આવે છેને ભજનમાં? ઘરમાં વૈરાગી. ઓહો..! એ મડદાને સ્મશાનમાં લાકડા પાલીશ કરીને સળગાવે. પાલીશ-પાલીશ. તોપણ મડદું રાજી નથી. છે? પાલીશ કરીને સળગાવે તો? સરખાઈના આમ સુખડના લાકડાને રંધા મારી, સુખડના. ચંદનના ઊંચા હોં! રંધા મારીને અને પાલીશ પાલીશ. પછી સળગાવે લાકડું ચારે કોર મૂકીને.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નહિ? અને એ મડદાને મોટા ત્રણ મણના લાકડા (મૂકે). નથી? આ મૂકે છે ને અહીં? એક અહીં મૂકે, ઊંચો ન થાય. ઊંચો ન થાય એટલે એક અહીં મૂકે, એક માથા ઉપર, એક પગે. ત્યારે એ કરાજી થાતો હશે?

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ... અહીં તો બીજું કહેવું છે.

એ મડદાને એ પાલીશ લાકડે બાળો તોપણ એને કાંઈ રાજીપો નથી અને મોટા બે મણના લાકડાના મોટા લઠ જેવા અહીં મૂકો તોપણ કાંઈ કરાજી નથી. એમ સમ્યગ્દૃષ્ટિને પ્રતિકૂળ સંયોગ સાતમી નરકના હો તો તેમાં એકત્વબુદ્ધિ દ્વેષની છે નહિ અને ચક્રવર્તીના રાજ હોય તો રાગની એકત્વબુદ્ધિ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પણ હવે ઈ... બહારના સંયોગો ઘટે-વધે એ ઉપર ધર્મના માપ કરવા.. સમજાણું કાંઈ? અંદર આખો સંસાર જ તૂટી ગયો, હવે સંયોગ રહ્યા ઘણા ભલે. પણ એ અલ્પ કાળમાં રહેશે નહિ, એકલા થઈ જશે સિદ્ધ. સમજાણું કાંઈ?

કહે છે, કેવું પાછું લખ્યું છે! થોડી વાત નાખી થોડી પોતે કે '**न अवतरति**' '**કદી પણ સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વક...**' એટલે કે રુચિ વિના થોડો રાગ-દ્વેષ પરિણામ થાય, બંધ થાય

છે. **'ઘણો જ અલ્પ...'** ઘણો જ અલ્પ. એકલો અલ્પ બંધ નહિ. એમ. ઘણો જ અલ્પ થોડો પડે છે. ભગવાન આત્મા અબંધસ્વભાવી વસ્તુની અંતર દૃષ્ટિ હોવાથી એને અમે કહે છે, **'એવું કોઈ ત્રણે કાળે...'** તોપણ આમ હોવા છતાં **'સમ્યગ્દૃષ્ટિ જીવને બંધ થાય છે એવું કોઈ ત્રણે કાળમાં કહી શકે નહિ.'** એ પડ્યા કર્મ એ મડદા થઈને ચાલ્યા જવાના અને નવા આવે એ મરવા માટે આવ્યા છે. મરી ગયેલા પડ્યા, જીવતો ભગવાન જાગ્યો આત્મા. આહાહા..! સમજાણું કાંઈ?

એ આત્માની મહિમા અને આત્માની મહિમાવંત દૃષ્ટિ એનો અનુભવ શું છે એની અહીં કિંમત ટાંકે છે. સમજાણું કાંઈ? એની કિંમત કરાવે છે, બાપા! તું સમજ. એ કિંમત આ ચીજ છે. સમજાણું કાંઈ? આહા..! સંયોગને ન જો, સ્વભાવને જો. ઓછા વત્તા સંયોગો ઉપર દૃષ્ટિ ન નાખ. દૃષ્ટિ સંયોગમાં રહેલો ભિન્ન ભગવાન જેને સંયોગ અડતા પણ નથી, એવો ચૈતન્યપ્રભુ પૂર્ણાનંદથી ભર્યો ભગવાન એને જો, એને અનુભવ. એમ પ્રમાણ કરવા આ વાત લીધી છે. સ્વચ્છંદી કરવા માટે નથી લીધી. સમ્યગ્દૃષ્ટિ સ્વચ્છંદી થાય જ નહિ. લ્યો, ત્યારે આમ કહ્યું હતું ને? મરી જઈશ પણ એ ક્યાં વાત છે અહીં? આત્માના શુદ્ધ ચૈતન્યના પરમાત્મપદની દૃષ્ટિમાં એના પ્રેમમાં સામગ્રી ઘણી ઓછી પૂર્વના પાપ-પુણ્યને કારણે (હોય) એમાં તેનું એકત્વપણું છે નહિ. માટે તેને પરિણામ સાથે પણ એકત્વપણું નથી. આસ્રવના પરિણામ સાથે એકત્વપણું નથી. તેથી તેને ત્રણ કાળમાં બંધ છે એમ અમે કહેતા નથી. **'એવું કોઈ ત્રણે કાળમાં કહી શકે નહિ.'** આહાહા..! **'હવે, કેવો હોવાથી બંધ નથી?'** હવે કહે છે. હવે કારણ આપવું જોઈએ ને. **'હવે, કેવો હોવાથી બંધ નથી?'**

''**सकलरागद्वेषमोहव्युदासात्**'' જુઓ! શબ્દ '**सकल**' પડ્યો છે. બુદ્ધિપૂર્વકના વિકારોની અપેક્ષાએ સકળ કહ્યું છે. બુદ્ધિપૂર્વક—રુચિપૂર્વક છે નહિ. **'જે કારણથી આવું છે તે કારણથી બંધ ઘટતો નથી—'** શી રીતે? **'જેટલા શુભરૂપ અથવા અશુભરૂપ પ્રીતિરૂપ પરિણામ, દુષ્ટ પરિણામ પુદ્‌ગલદ્રવ્યની વિચિત્રતામાં આત્મબુદ્ધિ...'** જુઓ (**मोह**)ની વ્યાખ્યા. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આનંદને અનુભવતો અતીન્દ્રિય આનંદની નિધિ—ખાણમાં નજરું નાખીને પડેલો એની પરિણતિમાં કાંઈ શુભ-અશુભભાવ આવ્યા. સમજાણું? **'જેટલા શુભરૂપ અથવા અશુભરૂપ...'** એટલે કે **'પ્રીતિરૂપ પરિણામ, દુષ્ટ પરિણામ...'** દ્વેષરૂપ અને **'પુદ્‌ગલદ્રવ્યની વિચિત્રતામાં...'** અનેક પ્રકારની બહાર પુદ્‌ગલની વિચિત્રતા ભાસે એમાં **'આત્મબુદ્ધિ એવા વિપરીતરૂપ પરિણામ,-'** એ આત્મબુદ્ધિ એવા વિપરીત પરિણામ સમ્યગ્દૃષ્ટિને હોતા નથી. એ તો હો. છન્નું હજાર સ્ત્રી, સુંદર બંગલા મોટા દેવોએ બનાવેલા. શું છે પણ? સમજાણું કાંઈ?

રકજણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,

સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો;
ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહિ,
સરસ અન્ને નહિ મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો;

જુઓ! એ અસ્થિરતા ટાળવાની ભાવના. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' જુઓ! દૃષ્ટિ પલટતા ભાવના કેટલી સ્થિરતા માગે છે! સ્થિરતા માગે છે આગળ. આ ભાવના નથી કરતા (કે) આ વિકલ્પ આવે ને આ થાય ને ધૂળ વધે. રાજમલજી! ભાવના અંદરમાં હોય છે. આહાહા..! ક્યારે અમે સ્થિર થઈએ? અરે..! હરણિયા આવીને... નહોતું ભાઈ આમાં? છ ઢાળામાં. જેમ પત્થર પડે ને પડ્યો હોય ને આમ ખંજવાળે હરણિયા આવીને. એમ અમે આમ સ્થિર થઈ ગયેલા હોઈએ, હરણ આવીને અડે, અમને ખબર ન રહે એવી દશા અમે ક્યારે પામીએ? એને એમ લાગે કે એ ઝાડ બેઠું છે. ખાજ, ખાજ. આહાહા..!

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.

આમ મિત્ર—સિંહ ચાલ્યો આવે. દૃષ્ટિમાં તો આત્મા ઉતરેલો છે એકલો. હવે સ્થિરતાની ભાવના એવી હોય છે ધર્મીને (કે) એ શરીર મારે જોઈતું નથી, મારું નથી. એ સિંહ જો લઈ જાય તો એ મિત્ર થયો એ તો. આહાહા..! એવી દૃષ્ટિમાં સ્થિરતાની ભાવના હોય છે. વિકલ્પ અને આ સંયોગની ભાવના જ્ઞાનીને હોતી નથી. આહાહા..! કહો, સમજાણું?

કહે છે, એ '**પુદ્ગલદ્રવ્યની વિચિત્રતા...**' વિચિત્રતા શું? અનેક પ્રકારના પરમાણુની પર્યાય દેખાય, અનુકૂળ, પ્રતિકૂળ '**આત્મબુદ્ધિ એવા વિપરીતરૂપ પરિણામ,—એવા...**' (**व्युदासात्**) '**ત્રણેય પરિણામોથી રહિતપણું...**' કયા ત્રણ? શુભ-અશુભમાં રાગ અને દ્વેષ અને એકત્વબુદ્ધિ. '**ત્રણેય પરિણામોથી રહિતપણું એવું કારણ છે તેથી સામગ્રી વિદ્યમાન હોવા છતાં પણ...**' આ કારણ આપ્યું. ત્રણેય પ્રકારના પરિણામથી રહિત સમકિતી છે. આહાહા..! ઈષ્ટબુદ્ધિનો રાગ નથી, અનિષ્ટ માનીને દ્વેષ નથી, એક માનીને તે ચીજને જોતો નથી. સમજાણું કાંઈ?

'**ત્રણેય પરિણામોથી રહિતપણું એવું કારણ છે...**' આ કારણે. તેં કીધું કે આ બધું પડ્યું છેને, આટલી સામગ્રી છેને. ભાઈ! એ સામગ્રીની વિચિત્રતાના ઈષ્ટમાં પ્રેમ નથી. ઈષ્ટબુદ્ધિએ પ્રેમ નથી કે આ ઠીક. એ તો જ્ઞેય છે. અનિષ્ટબુદ્ધિએ દ્વેષ નથી અને પરમાં આત્મબુદ્ધિ

નથી. આવા કારણે '**તેથી સામગ્રી વિદ્યમાન હોવા છતાં પણ...**' એ બધી સામગ્રી હો, લોક હો, જગતની ચીજ હો, એ તો ત્યાં રહી. '**સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મબંધનો કર્તા નથી.**' સમજાણું કાંઈ? અબંધસ્વભાવી ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની જ્યાં અંતર્મુખ દૃષ્ટિનું પરિણમન થયું, હવે કહે છે કે એ સામગ્રી હો, ઈષ્ટ-અનિષ્ટ પ્રેમ નથી, ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિનો પ્રેમ અને એકત્વબુદ્ધિ નથી. આ કારણે સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મબંધનો કર્તા નથી.

અરે..! શાંતિ એને એનું સત્ય સ્વરૂપ શું છે એવું એણે અંતર નક્કી કરીને ધીરજ કરી નથી. શું છે આ તે વાત? આટલું બધું વજન. પરમાત્મા... પરમાત્મા... પરમાત્મા.. પોકાર કરે છે. પરમાત્મા પોકાર કરે છે કે તું છો પરમાત્મા. પરમાત્માની વાણીમાં આવે છે કે તું છો પરમાત્મા. મારી નાતની હોડમાં બેસે એવો તું પરમાત્મા છો. ઓછો ઉતરે એવો તું નથી. હવે એને (એમ લાગે), અમે પામર છીએ, બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, સરખી આબરૂ ન હોય તો ચાલે નહિ. આવા ભગવાન અમને ભગવાન કહે? સાંભળને! એ બધા વિના ચાલે નહિ, રોડ એના વિના ચાલે નહિ એવો તું છો. એના વિના ચાલે નહિ, એમ નહિ એના વિના ચાલે એવો તું છો.

ત્રણેય કાળમાં પરપદાર્થ વિનાનો તું છે. પરપદાર્થ એના વિના જ એને ચાલે એમ છે. વિકલ્પ... ત્રિકાળમાં તો આશ્રય પણ નથી. એના વિના પણ ચાલે છે. એના વિના જ ચાલે ત્રણ કાળે. એના વિના. અરે..! પૈસા-ફૈસા મૂકને પડતું, તારા પૈસા ક્યાં ગરી ગયા હતા આત્મામાં? પૈસા વિનાનો જ આત્મા છે. શું કહેવું છે? એના એ ચીજ વિનાનો આત્મા છે. એના વિનાનું અસ્તિત્વ છે, એના વિના એણે રોડવ્યું છે. રોડવ્યું એટલે ચલવ્યું છે. અનાદિથી પરદ્રવ્યના અભાવે ચલવ્યું છે. માને છે કે એના વિના ન ચાલે. એ તો તારી માન્યતાની વાતું છે. સમજાણું કાંઈ?

સ્વચતુષ્ટયમાં પરચતુષ્ટયની ત્રિકાળ નાસ્તિ. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પર કર્મ રજકણો આદિ ત્રિકાળ ચતુષ્ટય પરમાં. પોતાના પોતામાં એ નહિ. ત્રણે કાળ આ. હવે બાકી રહ્યો સ્વચતુષ્ટયમાં જે રાગ. એ રાગ પણ ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ એમાં છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! હજી પરથી ભેદ કરતા ન આવડે એને રાગથી ભિન્ન સ્વભાવની દૃષ્ટિ થાય નહિ. ત્રણે કાળ હું પરથી રહિત જ નભી રહ્યો છું. મારા નભવામાં, ટકવામાં પરની બિલકુલ જરૂર મને રહી નથી. બાકી રહ્યો એક રાગ ઉદય વિકલ્પ. એની અવસ્થામાં અનિત્યતાદાત્મ્ય. એ નિત્યતાદાત્મ્ય સ્વભાવની દૃષ્ટિએ જોતાં એ નિત્ય સ્વભાવ વિકલ્પ વિના જ નભી રહ્યો છે. નભી રહ્યો સમજાય છે? ટકી રહ્યો છે. એના વિના ચલવ્યું છે. વસ્તુ સ્વભાવે વિકલ્પ વિના જ ચલવ્યું છે.

'**તેથી સામગ્રી વિદ્યમાન હોવા છતાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મબંધનો કર્તા નથી.**

**વિદ્યમાન સામગ્રી કઈ રીતે છે તે કહે છે—**' ''**यद्यपि पूर्वबद्धाः प्रत्ययाः द्रव्यरूपाः सत्तां न हि विजहति**'' ભાઈ! આ શું ચીજ છે? એમ એના ભાવને ખ્યાલમાં લેવો જોઈએ. ભાવને ખ્યાલમાં લેવો જોઈએ. એકલી આમ ભાષા આદિ નહિ. ભાવનો ખ્યાલ લેવો કે આવો સ્વભાવ ભગવાન એમાં, જ્યાં પુણ્ય-પાપના વિકલ્પોનો પણ જ્યાં અભાવ-સ્વભાવ, એને તો પરસામગ્રીનો તો ત્રિકાળ અભાવસ્વભાવ. આવી જ્યાં પરથી ભિન્ન પડીને સામગ્રીથી જુદો પડ્યો. છે તો જુદો પણ માન્યો નહોતો. અને પુણ્ય-પાપની કૃત્રિમ ક્ષણિક દશાના વિકલ્પોની દશા કૃત્રિમ ક્ષણિક ત્રિકાળ જ્ઞાનઘન, આનંદઘન દ્રવ્યસ્વભાવમાં એનો અભાવ છે. એવી દૃષ્ટિનો અનુભવ થતાં વિદ્યમાન હો કહે છે ભલે બધું. મારામાં નથી એટલે મને બંધ છે નહિ. એમ કહે છે અહીંયાં.

'**જોકે એમ પણ છે કે...**' (**पूर्वबद्धाः**) '**સમ્યક્ત્વની ઉત્પત્તિ પહેલાં જીવ મિથ્યાદૃષ્ટિ હતો,...**' અસત્યદૃષ્ટિ હતી. પુણ્ય-પાપ વિકલ્પને પોતાનું માન્યું હતું અને બહારના અસ્તિત્વ એનામાં નથી. છતાં મને એ મારા છે એમ માન્યું હતું. '**તેથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણામ વડે બાંધ્યા હતા...**' મિથ્યાત્વ અભિપ્રાય જૂઠો, રાગ-દ્વેષ એના '**પરિણામ વડે બાંધ્યા હતા જે...**' (**द्रव्यरूपाः प्रत्ययाः**) '**મિથ્યાત્વરૂપ તથા ચારિત્રરૂપમોહ પુદ્ગલકર્મપિંડ,...**' પુદ્ગલપિંડ હોં પુદ્ગલપિંડ અંદર. મિથ્યાત્વરૂપ ચારિત્રરૂપમોહ પુદ્ગલપિંડ પડ્યા હતા (**सत्तां**) '**સ્થિતિબંધરૂપે જીવના પ્રદેશોમાં કર્મરૂપ વિદ્યમાન છે એવા પોતાના અસ્તિત્વને છોડતા નથી;...**' એટલી વાત એક તો. ક્ષાયિક સમકિત ન થયું હોય, ક્ષયોપશમ થયું હોય ત્યાં પણ હજી દર્શનમોહના રજકણો પડ્યા છે. સમજાય છે? અને ચારિત્રમોહનો ઉદય તો ખાસ વર્તે છે. કહે છે કે એ પડ્યા છે એટલી વાત લીધી અત્યારે તો.

પછી '**[ઉદય પણ દે છે...]**' હવે એ લીધું. પડ્યાં છે તો પાક કાળ પણ એનો આવે છે, આવે છે. એ પડ્યા છતાં સ્વરૂપમાં નથી, ઉદય આવ્યા છતાં સ્વરૂપમાં નથી. અજીવથી જીવ ભિન્ન ક્યારે જાણ્યો? એ કર્મ રજકણો પિંડ બધું અજીવતત્ત્વ છે. એ જીવતત્ત્વમાં છે નહિ. હવે આસ્રવતત્ત્વથી જીવ ભિન્ન ક્યારે જાણ્યો? સાત તત્ત્વ છે કે નહિ? જીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. હવે અજીવથી તો એટલે જેટલા પરમાણુ પરદ્રવ્ય આદિ છે એથી તો ભિન્ન. બીજા જીવો પણ આ માટે અજીવ છે આની અપેક્ષાએ. એ આ જીવ જીવપણે છે અને આ જીવની અપેક્ષાએ બીજા જીવ નથી. એ બધાથી આત્મા નિરાળો ત્રિકાળ રહેલો છે. હવે જ્યારે અજીવથી જુદો અને વિકલ્પના પરિણામથી પણ આત્મા (જુદો). આસ્રવ છેને એ તો? તો આસ્રવથી જ્ઞાયકભાવ તો જુદો (છે) એમ જુદાનું ભાન થતાં ઓલા હોવા છતાં એને બંધન છે નહિ. સમજાણું કાંઈ? '**[ઉદય પણ દે છે એમ કહે છે—]**' છતાં શું કહે છે એ વિશેષ આવશે...　　　(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૯, બુધવાર, તા. ૭-૭-૧૯૬૫, કલશ-૧૧૮-૧૧૯ પ્રવચન નં. ૯૧

આ સમયસાર કળશટીકા, આસ્રવ અધિકાર. ૧૧૮ કળશ. ૧૦૩ પાને છે જુઓ. ''**समयम् अनुसरन्तः अपि**'' ત્યાંથી છે. શું કહે છે? આસ્રવ અધિકાર છે એટલે પહેલેથી શરૂ કર્યું છે કે આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાન જ્ઞાયકસ્વભાવ એવી અંતર દૃષ્ટિ અને અનુભવ થયો એથી એને મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષ ગયા. એથી એને સ્વભાવની એકતાની દૃષ્ટિને કારણે એને આસ્રવ હોતા નથી એમ અહીંયાં સાબિત કરવું છે. કહો, સમજાણું? ત્યારે કહે કર્મ પડ્યા છેને? આ અંદર સમ્યગ્દર્શન થયું એટલે ખલાસ થઈ ગયું? આસ્રવ જ નથી એને? અંદર પડ્યા છે કર્મ સત્તામાં ને. કહે છે, હો.

''**समयम् अनुसरन्तः अपि**'' '**સમયે સમયે અખંડિતધારાપ્રવાહરૂપ...**' (**अनुसरन्तः अपि**) '**ઉદય પણ દે છે;...**' ભલે કર્મ વસ્તુ જડ છે જોડે. આત્માના અસંખ્ય પ્રદેશમાં કર્મના દળ જડ પડ્યા છે. એ સત્તામાં છે અને ઉદયમાં પણ આવે છે. '**તોપણ સમ્યગ્દૃષ્ટિ કર્મબંધનો કર્તા નથી.**' શુદ્ધ સ્વરૂપના જ્ઞાયકભાવના આશ્રયમાં પડ્યો એને ઉદય વિકારનો, કર્મના અનુસારે મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નથી, માટે તેને કર્મ બંધનો કર્તા કહેવામાં આવતો નથી. સમજાણું કાંઈ? '**સમયે સમયે અખંડિતધારાપ્રવાહરૂપ...**' હોય. અહીં પણ આત્મામાં જ્ઞાયકસ્વભાવ પ્રત્યે ધારાવાહી દૃષ્ટિ અંતરમાં પડી છે. જુઓ! આ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય. વસ્તુની સ્થિતિ, એનું કાર્ય. માહાત્મ્ય એટલે સમ્યગ્દર્શન થતાં, વસ્તુનો અનુભવ થતાં એને બંધન છે નહિ. સમજાણું કાંઈ? કેમકે સ્વભાવ શુદ્ધ પૂર્ણાનંદ એને અનુસરતી દૃષ્ટિ પડી છે. એટલે ઉદયને અનુસરતી દૃષ્ટિ એની છે જ નહિ એમ કહેવું છે.

'**સમયે સમયે અખંડિતધારા...**' ભલે સમયે સમયે ઉદય આવે. અખંડિત કેમ કહ્યું? કોઈ સમયે ઉદય નથી એમ નથી. નવો નવો ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... સત્તામાંથી થયા કરે છે. કોઈ સમયે ઉદય નથી એમ નથી. છતાં કોઈ સમયે જ્ઞાનીની દૃષ્ટિ અંતરના અનુભવ તરફ નથી એમ પણ નથી. સમજાણું કાંઈ? આમ હોવા છતાં પણ. તથાપિ છેને? '**સમ્યગ્દૃષ્ટિ...**' શુદ્ધ ચૈતન્ય પરમાત્માનો અંતર અનુભવ, દૃષ્ટિ (થતાં) એ '**કર્મબંધનો કર્તા નથી.**'

'**ભાવાર્થ આમ છે—કોઈ અનાદિ કાળનો મિથ્યાદૃષ્ટિ જીવ...**' અનંત કાળનો જીવ

પોતાના પરમાત્મ સ્વરૂપને નહિ સ્વીકારનાર અને પુણ્ય અને પાપના વિકલ્પની મલિનતાના ભાવનો એકત્વબુદ્ધિએ સ્વીકાર કરનાર એ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ. **'કાળલબ્ધિ પામ્યો થકો...'** મૂળ તો જે સમયે એને પ્રાપ્ત થયું છે તે સમયે થાય છે પણ એ પુરુષાર્થ તરફ જાય છે ત્યારે એને કાળલબ્ધિનું જ્ઞાન થાય છે. શું કીધું સમજાણું? સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે કે આ જીવ આ સમયે જ સમ્યગ્દર્શન પામશે. એના જ્ઞાનમાં નોંધ છે.

**શ્રોતા** :–...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પણ એ જ કહે છે કે ભગવાનના જ્ઞાનનો જેણે નિર્ણય કર્યો, ભગવાનના જ્ઞાનના સર્વજ્ઞપદને જેણે સ્વીકાર કર્યો એનો સ્વીકાર વર્તમાન પર્યાયમાંથી દ્રવ્ય સ્વીકાર ઉપર જાય છે એનું નામ પુરુષાર્થ છે. ત્યારે કાળલબ્ધિનું જ્ઞાન એને થાય છે. એમ. સમજાણું કાંઈ?

સર્વજ્ઞ ભગવાન, એ પહેલી વાત આપણે આવી ગઈ છે કે આના મોક્ષ(ની) કેવળજ્ઞાનમાં નોંધ છે. એ તો મોક્ષની વાત (છે) પણ દરેક પર્યાયની નોંધ છે ભગવાનના જ્ઞાનમાં. આહાહા..! મોટી તકરાર એ છેને. મોટું આ લખ્યું છે આજે. ઘણું લખ્યું છે આજે કૈલાસચંદજી ઉપર. અંતે પણ સ્વીકાર્યું અમારું લખાણ એમ કહે છે. તો હવે આ લોકો તમે સ્વીકારો હોં! જેટલા એમના અનુમોદનારા વિદ્વાનો હોય ને સોનગઢના કર્ણધારો અને કાનજીસ્વામી, બધા અનેકાંત સ્વીકારો હવે હોં! ભલામણ કરી છે. અરે.. ભગવાન!

ભાઈ! વસ્તુની સ્થિતિ જ એવી છે. પદાર્થની વ્યવસ્થા જ એવી છે કે જે એની પર્યાયમાં નિર્મળ કે અનિર્મળ દશા થાય એ સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં તો ભાસ્યું જ છે. ભાસ્યું માટે થાય છે એમ નથી. પણ એ સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં પૂર્ણ જ્ઞાનના ધણી એ પૂર્ણ જ્ઞાન સ્વીકારે કઈ દશા? એટલે કે મોક્ષતત્ત્વ બીજી ભાષાએ કહીએ તો. સાત તત્ત્વની શ્રદ્ધા છેને? તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનં. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. આ તત્ત્વ. પણ મોક્ષતત્ત્વ એટલે કે સર્વજ્ઞતત્ત્વ. તો સર્વજ્ઞતત્ત્વનો સ્વીકાર કોણ કરે? સમજાણું કાંઈ? તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનં. તો એમાં મોક્ષતત્ત્વ આવ્યું કે નહિ? તો મોક્ષમાં કેવળજ્ઞાન-કેવળદર્શન એવું લક્ષણ છે. એ કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ મોક્ષદશા એની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન સાતની કહીને? ત્યારે મોક્ષની પર્યાયની શ્રદ્ધા ક્યારે થાય? એટલે સર્વજ્ઞ પરમાત્માની શ્રદ્ધા ક્યારે થાય? કે પર્યાયમાં થાય, પણ પર્યાયને આશ્રયે ન થાય. સમજાણું કાંઈ?

એ જીવ **'भूदत्थमस्सिदो खलु'** અર્થે જે આવે, ભૂતાર્થ જ્ઞાયકભાવ એકલો એને આશ્રયે જ્યારે થાય ત્યારે એને એ સાતેય તત્ત્વની શ્રદ્ધા એમાં આવી જાય. એમ વાત છે. શું થાય? એટલે કાળલબ્ધિનું જ્ઞાન સ્વભાવ તરફનો પુરુષાર્થ કર્યો (કે) આ તો જ્ઞસ્વભાવી, સર્વજ્ઞ પ્રભુ, ભગવાનને પર્યાયમાં સર્વજ્ઞતા આવી એવી અનંત અનંત સર્વજ્ઞતા એ પર્યાયો મારા

દ્રવ્યમાં પડી છે. એવો હું સર્વજ્ઞ દ્રવ્યસ્વભાવ છું. એવી અંતર દૃષ્ટિ થતાં સર્વજ્ઞની પ્રતીત એને દ્રવ્ય પ્રતીત આવતા થઈ એને કાળલબ્ધિનું પણ જ્ઞાન સાથે થયું. આમ છે વસ્તુસ્થિતિ. આડુઅવળું કરવા જાય તો પદાર્થની વ્યવસ્થા કોઈ રીતે સ્થિતિ રહેતી નથી. એ પુરુષાર્થ છે એમાં.

**'અનાદિકાળનો મિથ્યાદૃષ્ટિ જીવ કાળલબ્ધિ પામ્યો થકો...'** પામ્યો થકો ને? **'સમ્યક્ત્વગુણરૂપ પરિણમ્યો,...'** ભગવાન આત્મા શુદ્ધ ભાઈ! એ વસ્તુ શું? એક સમયનો પરમાત્મા આખો જે દૃષ્ટિએ ઝીલે એ નિર્વિકલ્પ વીતરાગી દૃષ્ટિ થઈ ગઈ. સમજાણું કાંઈ? ઓલા સરાગ સમકિત ને વીતરાગ સમકિતની તકરારોના પાર ન મળે. આમાં એમ છે ચોથાથી સાતમા સુધી શુભ વ્યવહાર મોક્ષમાર્ગ છે. આઠથી બાર નિશ્ચય (હોય) એવા આંકડા મૂક્યા છે. છે કોઈ લખનાર. અપરમેઠિદા ચોથાથી સાત (સુધી), અપરમેઠિદા ભાવે ચોથેથી સાત. પરમેઠિદા આઠથી બાર. અરે.. ભગવાન! આહાહા..!

વસ્તુસ્થિતિ અંતર પરમાત્મા દૃષ્ટિમાં નિર્વિકલ્પમાં અને જ્ઞેયમાં સ્વજ્ઞેયને જ્ઞાનમાં ન લે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન થાય ક્યાંથી? સમ્યક્ એટલે સત્ય પ્રતીતિ. સત્ય પ્રતીતિ પણ એનો ભાસ અંદરમાં આવ્યા વિના પ્રતીતિ થાય શી રીતે? સસલાના શીંગડા નથી જગતમાં તો એની પ્રતીતિ કરો. શી રીતે કરે? પણ જે વસ્તુ નથી તેનું જ્ઞાન નથી. તો જ્ઞાન વિના પ્રતીતિ કરવી શી રીતે? સમજાણું કાંઈ? એ ૧૭-૧૮ ગાથામાં લીધું છે, સમયસાર ૧૭ અને ૧૮ ગાથામાં લીધું છે. એ જ્ઞાયક સ્વભાવ... જીવરાયા એમ ગાથા છેને. એ જ્ઞાયક વસ્તુ જાણ્યા વિના પ્રતીતિ કેવી પણ? એ વસ્તુ આવી છે. જ્ઞાને રાગ ને પુણ્ય ને વિકલ્પ ને નિમિત્તને અનાદિથી જાણ્યું છે. એણે સ્વદ્રવ્યને જાણ્યું નથી. ધર્મચંદજી! બહુ ગૂઢ વાત છે. .. તૈયારી હોવી જોઈએ. એમ ન સમજાય, ન સમજાય. એમ કે આપણે થઈ રહ્યું.

એક સમયમાં ભગવાન આત્મા એની પોતાની વર્તમાન જ્ઞાનદશા દ્વારા એને જ્ઞેય ન બનાવે, એનું જ્ઞાન ન કરે તો જ્ઞાન વિના પ્રતીતિ કોની? ભાન કોનું? પ્રતીત શી રીતે પ્રતીત? ભરોસો આનો ભરોસો કરજે (કે) આ આત્મા. પણ આ આત્મા કેવો એ જાણ્યા વિના ભરોસો શી રીતે થાય? સમજાણું કાંઈ? કેરીનો ભરોસો કરજે. કેવી કેરી? મોટી આવડી હોય ને પછી આવડી હોય, આવડી હોય. પણ આવડી જાણ્યા વિના?

એક ફેરી કીધું હતું ને નહિ ભાઈ આ? કુવાડવા નહિ ભાઈ કુવાડવા. રાજકોટ પાસે. એક મચ્છર કોતરેલો બહાર બાળકને સમજાવવા. અમે ઉતરેલા. બે દિ' ત્યાં રહ્યા હતા શેરીમાં. આમ આવડો મોટો, પગ લાબાં. નાનું મચ્છર બાળકને ન સમજાવાય એટલે માસ્તરે મોટા કોતરેલા. આમ ચાર પગ ને. જોયું! આ મચ્છર આવું હોય. એમાં ગામમાં આવ્યો હાથી. પંડિતજી! ગામમાં આવ્યો હાથી. એટલે બાળક કહે, આ મચ્છર. હતું તો આવડું પણ આમ

પગ લાંબા ચાર ને. અમે જોયું હતું ત્યાં. સ્કુલમાં ઉતર્યા હતા ને નિશાળમાં. પછી કહે આમાં આવો મોટો મચ્છર હતો. જેણે વસ્તુ જોઈ નથી એણે પ્રતીત શી રીતે કરવી? તે દિ' કહ્યું હતું, જુઓ આ. આ મચ્છર દેખાડે. નાનો કરે તો એના પગ ન દેખાય. એની સૂંઢ ન દેખાય. એના રૂવાંટા (આવા) એટલે મોટો આવડો કરીને બતાવ્યો. એટલે બાળકને એમ જાણે ગામમાં આવ્યો (એટલે) કહે, જુઓ! આ મચ્છર આ માસ્તરે આપણને શીખવ્યું એ. કનુભાઈ! ઓલા લાંબા પગ કર્યા. લાંબા લાંબા કર્યા હતા લાંબ લાંબા ચાર. એટલે ઓલા લાંબા પગ દેખી કહે, આ મચ્છર. એલા પણ આ મચ્છર ન હોય. એ તો તને નાનાનું મોટું રૂપ કરીને બતાવ્યું છે. આ તો હાથી છે. તમે તો બતાવ્યું હતું કે આવડા પગ લાંબા ને.

એમ આત્મા અસંખ્ય પ્રદેશી તો ભલે ન જણાય પ્રદેશ પણ આ વસ્તુ આનંદ અને અનાકુળ સત્ત્વ ને શાંત સમભાવી વસ્તુ છે એવું જ્ઞાનમાં આવ્યા વિના પ્રતીત કરે શી રીતે? બાળપોથીમાં બતાવ્યું હતું ને. બતાવ્યું હતું કે નહિ આપણે? હેં હરિલાલ શું કર્યું? બતાવ્યું છે હરિભાઈએ. બતાવ્યું નથી? આપણે આવે છેને ૪૭ નયમાં. નામનય, સ્થાપનાનય, દ્રવ્યનય, ભાવનય. ચારેય નય આવે છે. સ્થાપનાનયે સ્થાપી શકાય એટલે ઓળખાવી શકાય એમ. આમ સ્થાપના સમજ્યા? આવો આત્મા હોય, આમ હોય. આ સિદ્ધની પ્રતિમા નથી કરતા? સિદ્ધ ભગવાનની કરે છેને? એ સ્થાપનાનય છે. સ્થાપનાનયથી બતાવાય છે એમ. ઓળખાવાય છે. સ્થાપનાનયનો ધર્મ જીવમાં છે. ૪૭ ધર્મ માયલો એક ધર્મ છે. સમજાણું? આ તો બધું વ્યાખ્યાનમાં આવી ગયું છે ત્યાં. એ આકૃતિ આકાર જુઓ આ અસંખ્ય પ્રદેશ આવો, એના આ હોય, એના અંશ. અંશ-અંશ સમજાણું? એ અંશ ભલે હો.

આ સોનાની સાંકળી હોય છે કે નહિ? શું કહેવાય એ? મકોડાની. સોનાની નથી આવતી? મકોડા કહેવાય. પાંચસો-હજાર મકોડાની એક હોય છે. તો એક મકોડો આમ હોય છે. દાખલો તો એમ અપાય કે જુઓ સોનાના મકોડા પાંચ હજાર, એનું નામ સાંકળી, એનું નામ પીળાશ છે એ સોનું અને આખી થઈને સાંકળી. એમ આત્મા અસંખ્ય પ્રદેશ, ઓલો મકોડો એનો પ્રદેશ. પણ મકોડાને આમ હોય એમ અહીં નથી. આમ પ્રદેશ અસંખ્ય જુઓ! અસંખ્ય પ્રદેશ. એક એક પ્રદેશમાં જ્ઞાન. જેમ સોનું-સોનું છે ઓલા મકોડામાં, એમ આ જ્ઞાન-દર્શન-આનંદ એ આખો થઈને આત્મા એમ આકાર વડે પણ સમજાવી શકાય છે. સમજાણું કાંઈ? આપણે સોનાની સાંકળીનો દાખલો આપીએ છીએ. સાંકળી અમારે અહીંયાં સાંકળી.

એમ ભગવાન આત્મા સાંકળી એ સોનું કરતા સાંકળી આમ. હજાર મકોડાની આમ. એ આખી સાંકળી એ આત્મા, મકોડો એ પ્રદેશ અને એમાં જે પીળાશ, ચીકાશ એ સોનું. એમ આ અસંખ્ય પ્રદેશી વસ્તુ, એમાં જ્ઞાન-દર્શન-આનંદ આદિ પ્રદેશે પ્રદેશે અસંખ્ય પ્રદેશે તે ગુણ અને આખો આત્મા થઈને દ્રવ્ય. કહો, સમજાણું કે નહિ? આ કહે ઓલો મચ્છર

ચીતરીને બતાવ્યું .. એ છે પાઠ, કીધું ને. ૪૭ નયમાં નય લીધી છે.

**શ્રોતા :-** કહી શકાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહી શું શકાય છે? એમ હોય ૧૩મી નય છે.

જુઓ! '**આત્મદ્રવ્ય...**' ક્યું આત્મદ્રવ્ય? એમ છે હોં! મૂળ તો ત્યાંથી ઉપાડ્યું. અનંત ધર્મવાળું જે આત્મદ્રવ્ય, '**સ્થાપનાનયે, મૂર્તિપણાની માફક, સર્વ પુદ્‌ગલોને અવલંબનારું** છે...' અર્થાત્ સ્થાપનાનયે આત્મદ્રવ્ય પૌદ્‌ગલિક સ્થાપના કરી શકાય છે મૂર્તિની માફક. આ બતાવ્યું છે કે જુઓ આ. ત્યાં ક્યાં છે? પણ બતાવવા આમ લે. ૪૭ ભંગ છે એ કહો, સમજાણું કાંઈ?

કહે છે, એવો આત્મા અંતર જ્ઞાનમાં જાણ્યા વિના એટલે કે જ્ઞાનમાં અનાદિથી વિકારનો ભાસ જે છે એ જ્ઞાનમાં જ્ઞાયકનો ભાસ ભાસન થયા વિના, ભાવનું ભાસન થયા વિના પ્રતીતિ કોની કરવી? એ ભાસન જ્ઞાયકનું ભાસન થતાં સર્વજ્ઞની પ્રતીત એમાં આવી જાય એમ કહેવું છે. એને કાળલબ્ધિ પણ પાકી ગઈ. પુરુષાર્થ આવ્યો, સ્વભાવ આવ્યો, ભવિતવ્ય (આવ્યું), બધું આવી ગયું એમાં. પાંચેય. અરે..! ભાઈ! જેને કામ કરવું હોય એની વાત છે. એકલી વાતું કરવી ને શાસ્ત્રમાં આ લખ્યા. બધું લખ્યું છે. એનું પ્રયોજન શું પાછું? સમજાણું? બધાનું પ્રયોજન શું?

૧૧મી ગાથા કહ્યું કે ભાઈ! જાણવું દ્રવ્યને જાણવું, ગુણને જાણવું, પર્યાય જાણવી. પણ હવે પ્રયોજન તારે શું સિદ્ધ કરવું છે? કે શાંતિ મેળવવી. તો શાંતિ '**भूदत्थमस्सिदो**' એકલું દ્રવ્ય જાણવું-જાણવું એમ પણ નહિ. એનો આશ્રય કર અંદર. એના ગુણ પર્યાય જાણવા, રાગ પણ જાણવું બધું. પણ પ્રયોજન સિદ્ધ કરવું છે અહીં તો હવે. શાંતિ કાઢવી છે, અનુભવદૃષ્ટિ કરવી છે અને અનંત કાળમાં જે આત્મા દૃષ્ટિમાં ઝીલ્યો નથી તે ઝીલવો છે. તે ક્યારે ઝીલાય? '**भूदत्थमस्सिदो**' એમ કહે છે એ. મૂળ તો એમ સિદ્ધ કરે છે. ત્રિકાળ જ્ઞાયકભાવ ભગવાન એનો આશ્રય. '**भूदत्थमस्सिदो**' એમ લીધું છે. આશ્રય. નહિતર તો આમ તો જ્ઞાન નથી? કે આ દ્રવ્ય છે, આ ગુણ છે એ જ્ઞાન તો થયું નથી અનંત વાર? એમ નહિ. એ જ્ઞાન જ નથી ખરું. શું કીધું? એના ખ્યાલમાં ભણે છે અગિયાર અંગ (એમાં) નથી આવતું? જ્ઞાનમાં ન આવે ધારણામાં? કે દ્રવ્ય આવું હોય, ગુણ આવા હોય, પર્યાય આમ હોય. એ નહિ. એ જ્ઞાન એ જ્ઞાન નહિ. વસ્તુ જે છે એનો આશ્રય કરીને જે જ્ઞાન થાય એ જ્ઞાન કહેવાય. સમજાણું કાંઈ? એટલે જ્યાં સર્વજ્ઞની પર્યાયની પ્રતીત કરવા જાય છે ત્યાં સર્વજ્ઞસ્વભાવી દ્રવ્યનો આશ્રય થઈ જાય છે ત્યારે સમ્યગ્દર્શન અને સર્વજ્ઞની પ્રતીત આવી જાય છે. એમ છે વાત તો. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો ભાઈ પોતાનું હિત કરવાની વાત છે. વાદવિવાદ એક કોર પડ્યા રહ્યા ઘરે.

આ અનંત કાળથી (ચાલતા) જન્મ-મરણ એને ટાળવાની તો રીત આ છે. એ સિવાય કોઈ રીત ત્રણ કાળમાં છે નહિ. ભગવાન આપી દે એવું નથી. આ કીધું છે ભગવાને.

ભાઈ! તું ભગવાન છોને. એ મારા જેવડો ભગવાન હોં! જરીએ ઓછો ને અધિક નહિ. આહાહા..! એક હારના, એક હારના. આમ નાતના માણસ બેસે એ બધા એક નાતના કહેવાય. એમ એક નાતની જાત. નાત સમજ્યા? નાત કહે છે? જ્ઞાતિ. નિર્ધન હોય કે સધન પણ જ્ઞાતિ તો એક છે નહિ? એમ દ્રવ્યસ્વરૂપથી ભગવાન આત્મા તું મારા જેવો જ છો. મારા અને તારામાં કાંઈ ફેર નથી. આ પર્યાયમાં ફેર પાડ્યો એ રખડવાનું તારે થયું છે. એ પર્યાયમાં ફેર છોડી દે. અરે..! હું તો વસ્તુ સ્વરૂપે ભગવાન છું. એવું અનાદિ કાળનું જે મિથ્યાદષ્ટિપણું હતું એકલા અંશના દષ્ટિને જાણતો. એ દ્રવ્યનું જ્ઞાન એને હતું આમ તો. અગિયારમાં નથી આવતું દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન નથી? એ જ્ઞાન નહિ. એ પર્યાયદષ્ટિએ એનો આશ્રય લીધા વિનાનું જ્ઞાન હતું. સમજાણું કાંઈ આમાં?

જ્ઞાનમાં એ વસ્તુ ભાસવી જોઈએ ત્યારે એ જ્ઞાન કહેવાય. ત્યારે ભાસે ક્યારે? કે એનો આશ્રય કરે ત્યારે. એથી ભગવાન કુંદકુંદાચાર્યે મહાસિદ્ધાંત લીધો છે. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' ભૂતાર્થ અને નય બે જુદા નહિ. એ ભૂતાર્થ તે જ શુદ્ધનય એમ કીધું. નહિતર નય તો જ્ઞાનનો અંશ છે, નય તો જ્ઞાનનો અંશ છે. અને ભૂતાર્થ પદાર્થ નિશ્ચય તો એનો વિષય છે. પણ એ નહિ. એ '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' એને શુદ્ધનય પૂર્ણ પ્રભુ ભગવાન એને શુદ્ધનય કહીએ. અને '**भूदत्थमस्सिदो**' બસ! આ મહાસિદ્ધાંત એમાં છે. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' એ ભૂતાર્થનો આશ્રય. ભૂતાર્થનું જ્ઞાન તો આમ કર્યું અનંત કાળમાં. નથી ખ્યાલમાં આવ્યું? દ્રવ્ય આવું છે, ગુણ આવો છે, પર્યાય આવી છે, રાગ આવો છે. આશ્રય કર્યો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

સમયસાર એટલે તો એક આખા ચૌદ પૂર્વનો સાર ભરી દીધો છે. કેવળજ્ઞાનનો કક્કો. અરે.. પ્રભુ! '**भूदत्थमस्सिदो**' આહાહા..! ભૂતાર્થનું જ્ઞાન એકલું એમ નહિ. એ જ્ઞાન જ નથી. જેમાં સ્વદ્રવ્ય જ્ઞેય તરીકે ન આવે, સ્વદ્રવ્ય જ્ઞેય તરીકે જ્ઞાનમાં ન આવે એ જ્ઞાન નહિ. ત્યારે સ્વદ્રવ્ય જ્ઞેયમાં જ્ઞાન તરીકે ક્યારે આવે? આમ દ્રવ્ય અનંત ગુણનો પિંડ છે અને ગુણ છે એવું જ્ઞાન એ જ્ઞાનમાં જ્ઞેય આવ્યું નથી, ભાસ્યું નથી. સમજાણું કાંઈ? એ કહ્યું છે ને ભાઈ? આમાં આ શું કીધું? ૧૭-૧૮ ગાથામાં.

'**આ અનુભૂતિ છે તે જ હું છું. એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી અને તેના અભાવને લીધે, નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન હોવાથી,...**' એ સંસ્કૃત ટીકા છે. મહાસિદ્ધાંત છે આમાં આખા. જુઓ! '**જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા**

છતાં...' ખ્યાલમાં તો આવે છે જ્ઞાન... જ્ઞાન... આત્મા... આત્મા... એમ નહિ. '**અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એક પણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને આ અનુભૂતિ છે તે જ હું છું. એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી.**' આ આત્મા, આ અનુભવ, આ જ્ઞાન આ તે આત્મા એવો અનુભવનો ઉદય થતો નથી '**અને તેના અભાવને લીધે નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાના શ્રદ્ધાન સમાન હોવાથી, શ્રદ્ધાન પણ ઉદય થતું નથી...**' જુઓને ઓહોહો..! અમૃત રેડ્યા છે ને એકલા! આમ સિદ્ધાંતના ન્યાયે ન્યાય. વસ્તુની સ્થિતિ અંદર શું છે એને દેખી છે.

ભાઈ! કહે છે કે અનાદિ મિથ્યાદષ્ટિ હતો એને કાળલબ્ધિ પાકી. પાકી એટલે કયે કાળે થશે એવું જે જ્ઞાનમાં છે એવું એને ક્યારે બેઠું? કે દ્રવ્યનું જ્ઞાન અને એનો આશ્રય લીધો, બધું થઈ ગયું. મોક્ષની શ્રદ્ધા થઈ, કેવળજ્ઞાનની થઈ, સંવર-નિર્જરાની થઈ, આસ્રવ-બંધની થઈ, અજીવની થઈ અને કાળલબ્ધિનું જ્ઞાન પણ થયું. આહાહા..! સમજાણું કાંઈ?

'**સમ્યક્ગુણરૂપ પરિણમ્યો,...**' ભાષા જુઓ! સમકિતગુણ એટલે પર્યાય છે મૂળ તો. પણ પરિણમન છે તે ગુણ છે? ગુણ તો ત્રિકાળ છે. પણ સમ્યક્ગુણરૂપ પરિણમ્યો. આ વસ્તુ શુદ્ધ ચિદાનંદ ભગવાન પરમાત્મા એનો આશ્રય લેતા એટલે એમાં દષ્ટિ પડતાં એટલે એનું જ્ઞાન થતાં આ આત્મા આવો એમ સમકિતરૂપે પરિણમન થયું. સમજાણું કાંઈ? '**ચારિત્રમોહકર્મની સત્તા વિદ્યમાન છે,...**' હવે કે આ થયું ને સમ્યગ્દર્શન? હજી ચારિત્રમોહ કંઈ ટળી નથી ગયો, અંદર પરમાણુની સત્તા પડી છે. ચારિત્રમોહ કર્મની સત્તા હોવાપણું વિદ્યમાન છે આત્મપ્રદેશે. ભિન્ન સત્ત્વ તરીકે, ભિન્ન તત્ત્વ તરીકે, ભિન્ન અસ્તિ તરીકે ચારિત્રમોહનું અસ્તિત્વ (રહ્યું છે). અસ્તિત્વ ભિન્ન છે કે નહિ? આ ચૈતન્યના અસ્તિત્વમાં એ ક્યાં છે? એ તો ભિન્ન અસ્તિત્વ છે. '**ઉદય પણ વિદ્યમાન છે,...**' એ ભિન્ન અસ્તિત્વનો ઉદય ઉપચારથી વિદ્યમાન છે. એનો ઉત્પાદ એમાં થાય છેને.

'**પંચેન્દ્રિય વિષયસંસ્કાર વિદ્યમાન છે,...**' હવે જરી ઓલું લીધું. સત્તા વિદ્યમાન છે, એનો ઉદય પણ અસ્તિત્વ તરીકેનો ઉદય પર્યાયપણે પરિણમે છે ને સમયે સમયે ઉદય? ત્યાં રાખ્યું. '**પંચેન્દ્રિય વિષયસંસ્કાર વિદ્યમાન છે,...**' જરી વિષયના સંસ્કાર રાગના અસ્થિરતાના વિદ્યમાન છે. '**ભોગવે પણ છે,...**' ભોગવવાનો અર્થ? એક જરી વિકલ્પ એને થાય છે એવી અસ્થિરતા છે. '**ભોગવતો થકો જ્ઞાનગુણ દ્વારા વેદક પણ છે;...**' વેદકનો અર્થ જરી અંશે વેદવામાં આવે છે અંશે. '**તોપણ જે રીતે મિથ્યાદષ્ટિ જીવ આત્મસ્વરૂપને જાણતો નથી,...**' વસ્તુ નાખી છે, આ તો મર્મ નાખ્યો છે. એથી ભાઈએ કર્યું છે ને બનારસીદાસે. 'પાંડે રાજમલ જૈનધર્મી સમયસાર નાટક કે મર્મી. ઇનહી ગ્રંથની ટીકા કિન્હી. બાળબોધ સુગમ કરી દીની.' સમજાણું કાંઈ? આ તો જગતના ભાગ્ય (કે)

આ બહાર આવ્યું!! એટલું સમજાણું? આ ચીજ તો તત્ત્વના આખા ખોલી નાખ્યા છે તત્ત્વને. સત્યનો પ્રવાહ ખોલ્યો છે એણે. આમને આમ પડ્યું હતું. આવવા કાળે આવે ને. પણ આ પહેલું આવ્યું હોત તો એટલું સમજવાને લાયક નહોતા પાછા. અત્યારે જરી સંસ્કાર છે તો આ બહાર આવ્યું છે. એ તો કાળે જ આવે. એના નિયમ પ્રમાણે આવે કે નહિ?

**શ્રોતા** :-એની કાળલબ્ધિ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એની કાળલબ્ધિ છે. છએ દ્રવ્યની કાળલબ્ધિ. સ્વામી કાર્તિકેય. સમય સમયની કાળલબ્ધિ. છેને સ્વામી કાર્તિકેય? સ્વામી કાર્તિકેય. છએ દ્રવ્યને કાળલબ્ધિ હોય છે. કાળનો જે સમયે જે પર્યાયની પ્રાપ્તિ તે દ્રવ્યની કાળલબ્ધિ. છે કે નહિ? એય..! સ્વામી કાર્તિકેય.

**શ્રોતા** :-કરવું શું પણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કરવું આ. એને માટે તો કીધું. એ કાળલબ્ધિનો જાણનાર સર્વજ્ઞ ભગવાન અને એ સર્વજ્ઞની પ્રતીતિ કરનારો જ્ઞાયકભાવનો આશ્રય લે ત્યારે પ્રતીતિ થાય. વાત સાચી. કાળલબ્ધિ. આ એ જ છે લ્યો. ૨૧૯.

**कालइलद्धिजुत्ता णाणासत्तीहिं संजुदा अत्था।**
**परिणममाणा हि सयं ण सक्कदे को वि वारेदुं।।२१९।।**

સ્વામી કાર્તિકેય.

**कालइलद्धिजुत्ता णाणासत्तीहिं संजुदा अत्था।**
**परिणममाणा हि सयं ण सक्कदे को वि वारेदुं।।२१९।।**

એ સમય સમયનો પર્યાય દ્રવ્યનો તે પ્રમાણે ધારાવાહી પરિણમતો. બધાય પદાર્થો કાળાદિ લબ્ધિ સહિત થતાં. જુઓ એકલો કાળ નહિ હોં! પાછો. કાળાદિ પાંચેય જડમાં એના સ્વભાવ, એની શક્તિ, વીર્ય બધું છે. છતાં નાના શક્તિયુક્ત છે તે સ્વયં પરિણમે છે. એ સમયે તે દ્રવ્યનો પર્યાય સ્વયં થાય છે. '**તેમને તેમ પરિણમતાં કોઈ અટકાવવા સમર્થ નથી.**' '**ભાવાર્થ :— સર્વ દ્રવ્યો, પોતપોતાના પરિણામરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ સામગ્રીને પામી પોતે જ ભાવરૂપ પરિણમે છે; તેમને કોઈ અટકાવી શકતું નથી.**' સમજાણું કાંઈ? ૩૨૧, ૩૨૨માં આવ્યું. '**जं जस्स जम्मि देसे**' આવે છેને. ભાઈ! છ દ્રવ્ય, એના ગુણો અને એનો સમય સમયનો પર્યાય તેનો તે સમયે તેની તે કાળલબ્ધિ છે ભાઈ! એને જાણનારું સર્વજ્ઞનું જ્ઞાન પૂર્ણ છે. એને નક્કી કરનારો જ્ઞાનનો શ્રુતજ્ઞાનનો પર્યાય એ ભાવશ્રુત એ જ્ઞાયકને નક્કી કરતાં તેના જ્ઞાનની પ્રતીતિ આવે છે. નહિતર આવતી નથી. કહો, સમજાણું આમાં? જુઓ!

'**ભોગવતો થકો જ્ઞાનગુણ દ્વારા વેદક પણ છે;...**' જરીક આવે છે. નિર્જરામાં

નથી આવતું? ... થાય છે. બીજી ગાથામાં આવે છે. આવીને ખરી જાય, આવીને ખરી જાય. બીજી ગાથામાં નિર્જરામાં છે. ... વેદન એને જરી આવે. એમ છે ને.

**'તોપણ જે રીતે મિથ્યાદૃષ્ટિ જીવ આત્મસ્વરૂપને જાણતો નથી,...'** દેખો! જે અજ્ઞાની આત્મસ્વરૂપને આત્મસ્વરૂપને ભગવાન આત્માનું સ્વરૂપ એ તો જ્ઞાયક અને આનંદ એને નહિ જાણતો. પરંતુ **'કર્મના ઉદયને પોતારૂપ જાણે છે,...'** અજ્ઞાની તો કર્મના ઉદય અને વિકલ્પને પોતાપણે માને છે. પોતારૂપ જાણે છે, પોતારૂપ જાણે છે. પરપ્રકાશમાં પડ્યો છે એકલો. સમજાણું? **'ઉદયને પોતારૂપ જાણે છે,...'** શબ્દ પડ્યો છે હોં! જાણે છે એટલે પરપ્રકાશ સહિત છે. બીજી ગાથામાં છેને ભાઈ! **'जीवो चरित्त'**

**શ્રોતા** :–...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા એ. ..થી પણ જાણે છે એમ. બીજી ગાથામાં છે.

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**
**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।**

ત્યાં ટીકામાં છે. એ જાણે છે પણ એકત્વબુદ્ધિએ જાણે છે. સમજાણું? છેને ભાઈ? બીજી ગાથા છે જુઓ! **'દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે સ્વસમય એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...'** છે ને? પ્રદેશના.. પરદ્રવ્યનું એકપણે એક કાળમાં જાણતો અને પરિણતો એવો. રાગાદિ પરિણમતો. એક કાળમાં એક પણે એક કાળમાં, એક પણે એક કાળમાં. રાગાદિને એક પણે એક કાળમાં જાણતો અને પરિણમતો. આ ટીકા છે. આપણે કૌંસમાં ખુલાસો કર્યો. રાગાદિ એવો તે પરસમય એમ પ્રતીત કરવામાં આવે છે. જુઓ! એક કાળમાં જાણતો હોં. પછી જાણતો ક્યાં વળી લીધું એણે? આ અપેક્ષાએ જાણતો. એક કાળે રાગાદિમાં એકત્વપણે જાણતો અને રાગાદિરૂપે પરિણમતો. આ આત્મા પુદ્ગલ કર્મ પ્રદેશમાં સ્થિત છે એમ પ્રતીત કરવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

એ અહીં કહે છે, **'આત્મસ્વરૂપને જાણતો નથી,...'** **'જ્ઞાનગુણ દ્વારા વેદક પણ છે; તોપણ જે રીતે મિથ્યાદૃષ્ટિ જીવ આત્મસ્વરૂપને જાણતો નથી, કર્મના ઉદયને પોતારૂપ જાણે છે,...'** જુઓ ભાષા. રાગને પોતાપણે જાણે છે. કારણ કે વિષય પર્યાયમાં, અંશમાં રાગમાં પરમાં છે એનો. ભલે અગિયાર અંગ કર્યા, નવ પૂર્વ ભણ્યો પણ સ્વદ્રવ્યનો આશ્રય કર્યો નહિ. **'કર્મના ઉદયને પોતારૂપ જાણે છે, તેથી ઇષ્ટ-અનિષ્ટ વિષયસામગ્રી ભોગવતો થકો...'** ઇષ્ટ-અનિષ્ટ વિષયસામગ્રી ભોગવતો થકો **'રાગ-દ્વેષ કરે છે,...'** ભોગતાનો અર્થ? મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેયકનો એને તો ભોગ પણ નથી બહાર. પણ અંતરમાં વિકલ્પને જે વિષય કરીને ભોગવે છે એ વિષયને જ ભોગવે છે એમ કહેવામાં આવે છે. સમજાણું

કાંઈ? એકલો રાગનો જ વિષય કરીને ભોગવે છે એટલે ધ્યેય કરીને પડ્યો છે એ વિષયસામગ્રીને જ ભોગવે છે એમ કહેવામાં આવે છે. ભોગહેતુ. એકલો ભોગના હેતુ હોય તો તો નવમી ગ્રૈવેયકે જાય નહિ. એ તો પાપના પરિણામ હોય. નવમી ગ્રૈવેયકે ભોગ.. આવે છેને? ભોગરૂપી ધર્મ કરે છે. ભોગ એટલે ત્યાં વિષય મેળવવા માટે કરે છે? તો તો એના પાપના પરિણામ થયા, નવમી ગ્રૈવેયકે જાય નહિ. નવમી ગ્રૈવેયકે ગયો મિથ્યાદૃષ્ટિ એમ પણ વ્યાખ્યામાં આવે છે કે નહિ? જૈન સાધુ દિગંબર થયો. અઠ્યાવીશ મૂળગુણનો પાળનાર, છતાં એ મિથ્યાદૃષ્ટિ કેવો છે? વિષયસામગ્રી ભોગવતો થકો. એ વિકલ્પ ને જે પુણ્ય-પાપની પર્યાયને ભોગવે છે એ વિષયની સામગ્રી ઉપર લક્ષ કરીને ભોગવે છે, એને જ ભોગવે છે એમ કહેવામાં આવે છે.

**'રાગ-દ્વેષ કરે છે, માટે કર્મનો બંધક થાય છે,...'** લ્યો! અજ્ઞાની રાગની એકત્વબુદ્ધિએ પરિણતો કર્મનું બંધન કરે છે. ભોગવટો તો એનો થયો. ભગવાન આત્માનો અનુભવને ભોગવતો નથી. **'તે રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ નથી.'** લ્યો! એ પ્રકારે સમ્યગ્દૃષ્ટિ જીવ નથી. નહિ પણ કેમ? હવે કારણ આપે છે. **'સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માને શુદ્ધસ્વરૂપ અનુભવે છે,...'** ઓલો અનુભવતો હતો અશુદ્ધ. એ અશુભરાગ ઊંડે ઊંડે તો અનંત વાર જે ત્યાગી થયો એ શુભરાગને જ અનુભવતો હતો. ઉદયભાવ, વિકલ્પને અનુભવે એ જ એને જરીએ છ કાયની હિંસાનો ત્યાગ નથી નિશ્ચયથી અને પાંચ ઇન્દ્રિયના વિષયની સામગ્રી જે નિમિત્તથી છૂટી એવો પણ ભાવ એને નથી. આ છૂટ્યું નથી, નિમિત્ત છૂટ્યું એવો એને આરોપ આવતો જ નથી. સમજાણું કાંઈ? અહીં કહે છે,... ઓલાને બીજી સામગ્રી ભોગવે. ઓલો કહે ભાઈસાહેબ! એ રાણી છોડીને બેઠો, બધું છોડીને. અને મિથ્યાદૃષ્ટિ અનાદિ છે એ પણ મિથ્યાદૃષ્ટિ છે. તો એને પણ આ લાગુ પડે છે કે નહિ? ભૂલ કાઢવી હોય તો કહે હા ભાઈ એવું હોય. સાંભળને ભાઈ! ભગવાન જ્ઞાયકમૂર્તિ સ્વરૂપ, એને જેણે દૃષ્ટિમાં લીધું નથી, એનો આશ્રય કર્યો નથી એટલે એને વિકલ્પ ને પુણ્યનો જ આશ્રય વર્તે છે એટલે એનો જ અનુભવ અને ભોગવટો વર્તે છે એટલે એને નિમિત્તની સામગ્રીને ભોગવે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. કહો, સમજાણું?

**'સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માને શુદ્ધસ્વરૂપ અનુભવે છે,...'** પણ વેપાર-ધંધો કરતો હોય તોપણ? અરે.. ભાઈ! જ્યાં રાગથી ચોસલું ભિન્ન પડી ગયું છે... ચોસલું સમજાય છે? શું કહે છે? એ નહિ હોય ભાષા હિન્દીમાં. હશે. આવા પકવાન નથી હોતા? બધું બનાવેને પછી છરીથી ભિન્ન ભિન્ન કટકા કરે છે ને? ચોસલા અમારે કહે છે. આ ચક્કી (ચાકી) આટલી હોય છે ને આખી? પછી એને છરીથી કાપે. બસ એ. એને ચોસલું કહે છે. ચોસલું નામ ભિન્ન પડી ગયો કટકો આખો એક એક.

**શ્રોતા :**-છરી મારીને જુદા પાડેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, આખું જે દળ હતું આમ એકરૂપ (એના કટકા થઈ ગયા). એમ રાગ ને પુણ્ય સાથે એકત્વ દળ હતું, આમ એકરૂપમાં એ ભિન્ન પાડી નાખ્યું ચોસલું. સ્વભાવની એકતા અને રાગની પૃથક્તા એનું નામ ચોસલું અમારી કાઠિયાવાડી ભાષા છે. કહો, સમજાણું કે નહિ? આ મોહનથાળ, મૈસુબ બનાવે છે. એને તો ખબર હોય ને. કર્યું છેને એ બધું. કર્યું શું જોયું છે. કહો, સમજાણું કાંઈ?

'**તે રીતે સમ્યગ્દષ્ટિ જીવ નથી. સમ્યગ્દષ્ટિ જીવ આત્માને શુદ્ધસ્વરૂપ અનુભવે છે, શરીર આદિ સમસ્ત સામગ્રીને કર્મનો ઉદય જાણે છે,...**' એ મારી સત્તામાં નહિ, મારા અસ્તિત્વમાં એ નહિ. મારી સત્તા, મારું હોવાપણું જે જ્ઞાયકભાવનું તત્ત્વ એમાં કર્મના ઉદયની સામગ્રીનું હોવાપણું ત્રણ કાળમાં નથી. બેયના હોવાપણાના ભાગ જ જુદા છે. આહાહા..! સમજાણું કાંઈ? '**શરીર આદિ સમસ્ત સામગ્રીને કર્મનો ઉદય જાણે છે,...**' એ તો કર્મના ઉદયની સામગ્રી (છે). કર્મ તો નિમિત્ત છે અને સામગ્રી સ્વતંત્રપણે મારાથી ભિન્ન છે એટલું સિદ્ધ કરવું છે. '**આવેલા ઉદયને ખપાવે છે,...**' શબ્દનો મેળ બરાબર છેને હવે. '**આવેલા ઉદયને ખપાવે છે, પરંતુ અંતરંગમાં પરમ ઉદાસીન છે...**' ભાષા તમે કરી છે બધી સરખી. '**આવેલા ઉદયને ખપાવે છે,...**' એટલે શું? કે ઉદય આવે છે એ ટળી જાય છે એમ. અહીં એકત્વ થતું નથી. ખપાવે છે મૂળ તો. '**પરંતુ અંતરંગમાં પરમ ઉદાસીન છે...**' '**ખપાવે છે, પરંતુ અંતરંગમાં પરમ ઉદાસીન છે...**' ભાષાની સંધિ છે ને બરાબર? ભાઈ આપણને તો હિન્દી બરાબર આવડતું નથી. પણ એનો અર્થ એ કે આત્મા સત્તાસ્વભાવ જ્ઞાયકભાવ, શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિનો અનુભવ થયો, હવે જે સામગ્રી (છે એ) બધી ઉદયની છે. એ ઉદય આવ્યો એ ખપી જાય, ખપી જાય એટલે છૂટો પડી જાય છે. અહીં એકત્વ થતું નથી (એટલે) છૂટો પડી જાય છે. એને ખપાવે છે. ત્યારે કહે છે, આવું હોવા છતાં '**અંતરંગમાં પરમ ઉદાસીન છે...**' આમ કીધું ને ભોગવે છે, ફલાણું છે એમ બહારમાં દેખાય છેને. એમ. એમ. એમ દેખાય છે ને સંયોગમાં સંયોગમાં. '**પરંતુ અંતરંગમાં પરમ ઉદાસીન છે...**' એનાથી ખસી ગયેલો સ્વભાવમાં આવેલો છે. પોતાથી પોતે અંતરમાં આસન લગાવ્યું છે, આમાં નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા** :- અંતરંગમાં આસન લગાવ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો અમારે પંડિતજીએ ઠીક કર્યું છે. 'પરંતુ' શબ્દ છે એટલે. પહેલાની સાથે જાય છે, બસ. પહેલાની સાથે જાય છે આ. શું? ત્યાં છેને? આવો કર્મનો ઉદય આવે છે, સામગ્રી છે એને વેદે છે, એથી સંસ્કાર વિદ્યમાન છે, ભોકતા છે એ બધું આવ્યું હતું ને? એના પછી આ લઈ લેવું. આવો ઉદય આમ આવે છે. નહિતર આમ '**ખપાવે છે, પરંતું અંતરંગમાં પરમ ઉદાસીન છે...**' એની સાથે મેળ નથી ખાતો. એને પૂર્વે

જે બધું કીધું હતું એનાથી અંતરમાં પરમ ઉદાસીન છે. એમ.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા એનાથી બસ. સમજાણું કાંઈ?

'**તેથી સમ્યગ્દષ્ટિ...**' આ કારણે '**સમ્યગ્દષ્ટિ જીવને કર્મબંધ નથી.**' આ કારણે સમ્યગ્દષ્ટિને કર્મબંધ નથી. આખી સામગ્રી, રાગાદિનો ભાવ બધોય મારા આત્માના સ્વભાવમાં અસ્તિમાં નથી. એ નાસ્તિરૂપ છે એટલે પૃથક્રૂપ છે એમ સ્વભાવને એકરૂપે અનુભવતો, રાગને પૃથક્રૂપે જાણતો, એ અંતરંગમાં તેનાથી ઉદાસ છે. રાગ અને સામગ્રી બધી. કહો, સમજાણું આમાં? જે પોતાના સત્તાના અસ્તિત્વમાં નથી, પોતાનું જે સ્વરૂપ શુદ્ધ આનંદ જ્ઞાયકભાવ, એના દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં એ ચીજ જ નથી. રાગ, સંસ્કાર અને આ સંયોગ સામગ્રી એ ત્રણેય દ્રવ્ય-ગુણની પર્યાયરૂપ વસ્તુ એમાં એ ત્રણેયમાં એ છે જ નહિ. સમજાણું કાંઈ?

પોતાના દ્રવ્યસ્વરૂપને અનુભવતો, અનુભવવું તો પર્યાય છે. આત્માનો શુદ્ધ સ્વરૂપ અનુભવતો. અનુભવતો એ તો પર્યાય છે. એ પર્યાયમાં પણ આ રાગાદિ, આ વસ્તુ ભળતી નથી. ભળતી નથી એટલે એકત્વ થતી નથી. પણ અંતરંગમાં પરમ ઉદાસીન છે. જોયું! પરમ ઉદાસીન હોય તો એ ત્યાગી થઈને મુનિ થઈ જાય નહિ? મુનિ જ છે સાંભળને. અંદરમાં ઉદાસીન નામ બિલકુલ જેને અડતો નથી. વિકલ્પને અને સામગ્રીને સ્પર્શતો જ નથી. નિત્ય તાદાત્મ્ય સ્વભાવરૂપ એકલો જ્ઞાયકભાવ એને દૃષ્ટિમાં લીધો અને આશ્રય કર્યો છે, આનો આશ્રય નથી, પૃથક્પણે એને જાણે છે, એકપણે જીવને અનુભવે છે '**તેથી સમ્યગ્દષ્ટિ જીવને કર્મબંધ નથી.**' અંતરમાં પરમ ઉદાસ છે. સમજાણું કાંઈ? જુઓ આ સમ્યગ્દર્શનનું માહાત્મ્ય. માટે આ પ્રગટ કરવું અને એમાં સ્થિર થવું એમ બતાવે છે. પહેલું આ સિદ્ધ કરવા જેવું છે. એ પહેલા બીજું કાંઈ કરવા જેવું નથી. પણ શું કરે? રાગ મંદ કંઈક થાય. એ ક્યાં મૂળ વસ્તુ નથી. રાગ ઠરવા ઘટાડતા નહોતું આવ્યું? ઓલામાં આવ્યું હતું. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. રાગ ઘટતો નથી. આવ્યું હતું ને કાલે? સ્વભાવના આશ્રય વિના...

**શ્રોતા** :- રાગ ઘટતો જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- .. રાગ ઘટતો જ નથી. એ આવ્યું હતું. બરાબર કહ્યું હતું મોક્ષમાર્ગ પ્રકાશકમાં. રાગ મંદ પડ્યો પણ રાગની એકત્વતામાં પોતાપણું માન્યું એ તો અભિપ્રાયમાં તો કષાય જ એકલો પડ્યો છે. રાગ ઘટ્યો છે એમ છે જ નહિ દૃષ્ટિમાં. સમજાણું કાંઈ? આમ તો અનંતાનુબંધીનો રસ મંદ પડે, મિથ્યાત્વનો રસ મંદ પડે. શુભઉપયોગ વખતે રસ મંદ પડે, પણ મંદ પડે એ કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ? મંદ-તીવ્ર તો અનાદિનું કર્મચક્ર છે. અભાવ એનો થઈને સ્વભાવના શ્રદ્ધા, ભાન, અનુભવમાં આવવો, એને ઉદયનો.. સમજાય છે? ખપાવે છે અને અંતરંગમાં પરમ ઉદાસ છે. આહા..! 'આ હું' એમ ક્યાં છે. સ્વભાવની

એક સાવધાનીમાં પર તરફની સાવધાનીપણું છૂટી ગયું છે એનું નામ પરથી ઉદાસીન અંતરમાં છું એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભારે ભાઈ ધર્મની વાતું. આવું બધું એને સમજવું પડતું હશે? એમ ને એમ નહિ થઈ જતું હોય આ સામાયિક, પોષા, પડિક્કમણા, ભક્તિ, પૂજા, પાંચ-દસ લાખ ખર્ચી નાખે જાવ. થઈ જાય ધર્મ. જેમાં તું નથી એનાથી તને કાંઈ કેમ ફેરફાર થાય? અજીવમાં નથી અને આસ્રવમાં પણ તું નથી. બેયમાં તું નથી.

**શ્રોતા** :–...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– કીધું ને આ. શું કહ્યું છે આ? એકલો જ્ઞાયક અનંત ગુણનો પિંડ પ્રભુ ત્યાં એ પોતે છે. એમ જ્યાં દૃષ્ટિમાં આત્મસ્વરૂપ અનુભવમાં આવ્યું એટલે બીજા સામગ્રીઓ પ્રત્યે અંતરમાં, એને અંતરમાં પોતાપણાની ભાવના નથી એટલે એની ભાવના રાખવાની, ભોગવવાની છે નહિ. ભાવના આ બાજુ છે એકાગ્ર થઈને વિશેષ..

'**તેથી સમ્યગ્દૃષ્ટિ જીવને કર્મબંધ નથી. આવી અવસ્થા સમ્યગ્દૃષ્ટિ જીવને સર્વ કાળ નથી.**' એટલે શું? કે કેવળજ્ઞાન પામે ત્યારે આ ન રહે પછી. એમ. સર્વ કાળનો અર્થ એ. આ તો સમ્યગ્દૃષ્ટિ જ્યાં સુધી સાધક છે ત્યાં સુધી આ પ્રમાણે છે. '**આવી અવસ્થા સમ્યગ્દૃષ્ટિ...**' કારણ કે ઉદય છે, સંસ્કાર છે એ બધું એવું છે ને. '**આવી અવસ્થા સમ્યગ્દૃષ્ટિ જીવને સર્વ કાળ નથી. જ્યાં સુધીમાં સકળ કર્મોનો ક્ષય કરી...**'

**શ્રોતા** :–...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો ખ્યાલ છે. આ તો બીજું કહેવું છે કે આગળ આવ્યું છે કે એને ઉદય છે, સત્તા છે, સંસ્કાર છે, ભોગવે છે, જ્ઞાનમાં જરી વેદનપણું પણ જરીક અંશે છે, છતાં અંતરંગ ઉદાસ છે. પણ એ દશા સદાય નથી રહેતી એની. જ્યારે કર્મક્ષય થઈને કેવળ પામે ત્યારે એ રહેતું નથી એમ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્યાં સુધીમાં સકળ કર્મોનો ક્ષય કરી નિર્વાણપદવીને પામે ત્યાં સુધી આવી અવસ્થા છે.**' બસ. સમજાણું કાંઈ? બેપણું બતાવ્યું ને કે આમ છે, આમ છે ને આમ છે છતાં બંધ નથી, અંતરંગ ઉદાસ છે. પણ એવી સ્થિતિ સદાય નથી રહેતી પછી. અંદર સ્વભાવનો આશ્રય પૂર્ણ થઈ ગયો, બધું છૂટી જાય છે. પછી એ સ્થિતિ આ રહે છે અને આ સંસ્કાર છે, ઉદાસીન એનાથી છે એવું પછી રહેતું નથી. સકળ કર્મ છૂટી ગયા પછી એકલો થઈ ગયો આત્મા એમ કહે છે. સમજાણું કાંઈ? ટીકા પણ કરી જુઓને. ટીકાનો અર્થ એ કે જે કાંઈ હોય તેનું સ્પષ્ટીકરણ કરવું. એમાં ભરેલું હોય એને ખોલવું, ભરેલું હોય એને ખોલવું, ખોલી નાખવું. એનું નામ ટીકા છેને.

'**જ્યારે નિર્વાણપદ પામશે તે કાળનું તો કાંઈ કહેવાનું જ નથી—**' એટલે શું

કીધું? કે સત્તામાં કર્મનો ઉદય પડ્યો છે, સામગ્રીઓ પડી છે, કાંઈક સંસ્કાર થાય છે, ભોગવવાનો જરી ભાવ હોય છે છતાં તેમાં અંતર ઉદાસ છે, મોહનો.. (મિથ્યાત્વનો) ભાવ નથી. આવી સ્થિતિ '**જ્યારે નિર્વાણપદ પામશે તે કાળનું તો કાંઈ કહેવાનું જ નથી–**' એમાં તો પછી શું કહેવું કે વળી એને આ છે ને આ છે ને ઉદાસીન છે. આ છે ને ઉદાસીન છે. પછી કાંઈ છે નહિ. પછી કાંઈ રહેતું જ નથી. '**સાક્ષાત્ પરમાત્મા છે.**' પર્યાયમાં ત્યારે તો સાક્ષાત્ એકલું અસ્તિત્વ નિર્મળ પૂર્ણ થઈ ગયું. હવે ઓલો સંસ્કાર ને સામગ્રી ઉદય છે ને આમ છે ને તેમ છે એ કાંઈ રહેતું નથી. એમ બે ભાગ પાડ્યા. સમજાણું કાંઈ? એ ૧૧૮ થઈ.

---

(અનુષ્ટુપ)

रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः।
तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम्।।७-११९।।

**ખંડાન્વય સહિત અર્થ :—** એમ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવને બંધ નથી, તો એવી પ્રતીતિ જે રીતે થાય છે તે વિશેષ કહે છે—**''यत् ज्ञानिनः रागद्वेषविमोहानां असम्भवः ततः अस्य बन्धः न''** (यत्) જેથી (ज्ञानिनः) સમ્યગ્દૃષ્ટિ જીવને (राग) રંજકપરિણામ, (द्वेष) ઉદ્વેગ, (विमोहानां) પ્રતીતિનું વિપરીતપણું—એવા અશુદ્ધ ભાવોનું (असम्भवः) વિદ્યમાનપણું નથી, [ભાવાર્થ આમ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મના ઉદયમાં રંજિત થતો નથી, માટે રાગાદિક નથી,] (ततः) તેથી (अस्य) સમ્યગ્દૃષ્ટિ જીવને (बन्धः न) જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો બંધ નથી; **''एव''** નિશ્ચયથી આવું જ દ્રવ્યનું સ્વરૂપ છે; **''हि ते बन्धस्य कारणम्''** (हि) કારણ કે (ते) રાગ-દ્વેષ-મોહ એવા અશુદ્ધ પરિણામ (बन्धस्य कारणम्) બંધનાં કારણ છે. ભાવાર્થ આમ છે—કોઈ અજ્ઞાની જીવ એમ માનશે કે સમ્યગ્દૃષ્ટિ જીવને ચારિત્રમોહનો ઉદય તો છે, તે ઉદયમાત્ર હોતાં આગામી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થતો હશે. સમાધાન આમ છે—ચારિત્રમોહનો ઉદયમાત્ર હોતાં બંધ નથી; ઉદય હોતાં જો જીવને રાગ-દ્વેષ-મોહપરિણામ થાય તો કર્મબંધ થાય છે, અન્યથા હજાર કારણ હોય તોપણ કર્મબંધ થતો નથી. રાગ-દ્વેષ-મોહપરિણામ પણ મિથ્યાત્વકર્મના ઉદયના સહારે છે, મિથ્યાત્વ જતાં એકલા ચારિત્રમોહના ઉદયના સહારાના રાગ-દ્વેષ-મોહપરિણામ નથી. આ કારણથી સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ-મોહપરિણામ હોતા નથી, માટે કર્મબંધનો કર્તા સમ્યગ્દૃષ્ટિ જીવ હોતો નથી. ૭-૧૧૯.

## કલશ-૧૧૯ ઉપર પ્રવચન

૧૧૯.

रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः।
तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम्।।११९।।

**'ખંડાન્વય સહિત અર્થ :—' 'એમ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવને બંધ નથી, તો એવી પ્રતીતિ જે રીતે થાય છે તે વિશેષ કહે છે—'** એવી પ્રતીતિ જે રીતે થાય છે તે વિશેષ કહે છે. પ્રતીતમાં આવવું લોકોને મુશ્કેલ પડે છે આ. આ શી રીતે? સાંભળ. **'એમ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવને બંધ નથી, તો એવી પ્રતીતિ જે રીતે થાય છે તે વિશેષ કહે છે—' ''यत् ज्ञानिनः रागद्वेषविमोहानां असम्भवः ततः अस्य बन्धः न''** લ્યો! **'જેથી સમ્યગ્દૃષ્ટિ જીવને...'** શુદ્ધ સ્વભાવનો સત્કાર, આદર, એકતા, અનુભવ થવાથી રાગ, નિમિત્ત એનો આદર છૂટી જવાથી **'જેથી સમ્યગ્દૃષ્ટિ જીવને રંજકપરિણામ,...'** રાગ એટલે **'ઉદ્વેગ,...'** દ્વેષ **'(विमोहानां)' 'પ્રતીતિનું વિપરીતપણું—'** ત્રણ બોલ. રાગમાં રંગપણું, દ્વેષનું ઉત્પન્ન થવું અને પ્રતીતિનું વિપરીત થવું **'એવા અશુદ્ધ ભાવોનું વિદ્યમાનપણું નથી.'** સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધભાવની વિદ્યમાનતા નથી. સમજાણું કાંઈ શું કીધું? એ રાગનું રંજકપણું નથી. રાગનો રંગાયેલો ભાવ જ નથી એને. એથી એને ઉદ્વેગ નથી. વસ્તુના સ્વભાવની દૃષ્ટિ થતાં, અનુભવ થતાં ઉદ્વેગ-દ્વેષ છે નહિ અને પ્રતીતિનું વિપરીતપણું એ ત્રણ અશુદ્ધ ભાવ છે. એ અશુદ્ધ ભાવની હયાતી જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ આ લડાઈ કરે, આ કરે. ભાઈ સાંભળ. કોણ કરે ભાઈ! તને ખબર નથી. તે ક્ષણે તે જ જ્ઞાનમાં તે પ્રકારના સ્વપરપ્રકાશનું જ્ઞાન પ્રગટેલું છે એ પ્રકારે તે રાગ અને તે નિમિત્ત છે એને તેના પૃથક્‌પણે રહીને જ્ઞાન જાણે છે. જ્ઞાન સ્વપરપ્રકાશક જે પ્રગટ્યું જે એકલું પરપ્રકાશક હતું અનાદિથી, એકલું રાગ અને નિમિત્ત અને પર તરફને જાણતો એમ કીધું ને? આમાં આવી ગયું ને જાણતો હતો એ. સમજાણું? જાણે છે એમ આવ્યું હતું કે નહિ?

**શ્રોતા :-** કર્મનો ઉદય સ્વપણે જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ઉદયને સ્વપણે જાણે છે. કર્મના ઉદયને સ્વપણે જાણે છે. વચમાં આવ્યું હતું. એ સ્વપણે જાણે છે, બસ! એ જ મિથ્યાત્વ છે. સમ્યક્ અનુભવની દૃષ્ટિમાં સ્વભાવ તરફ ઢળેલું જ્ઞાન રાગને એકતાપણે જાણતું નથી એટલે સ્વભાવની એકતામાં રહીને સ્વપરપ્રકાશક જ્ઞાન જે જાતનું છે એ જાતનો ત્યાં રાગ અને નિમિત્તની સામગ્રીનું

જ્ઞાન તે કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

અશુદ્ધ ભાવો (**असम्भवः**) શુદ્ધ સ્વભાવના ભાવની દૃષ્ટિ શુદ્ધ ભાવની થઈ એથી અશુદ્ધ ભાવનો અસંભવ છે એમ કહ્યું. સમજાણું કાંઈ? '**[ભાવાર્થ આમ છે કે સમ્યગ્દષ્ટિ જીવ કર્મના ઉદયમાં રંજિત થતો નથી,...**' એ રાગમાં રંગાતો નથી, રંગ ચડતો નથી. ઓલા ક્ષત્રિયને રંગ ઉતરતો નથી, એમ ક્ષત્રિયના આત્માને રંગ ચડતો નથી. કહ્યું નહોતું ઓલા બાવાનું? અરે..! આ બાવો થઈને કીધું આ ન શોભે. આ શું કરે છે તું બજારમાં જ્યાં-ત્યાં ફરે છે? મને ક્ષત્રિયનો રંગ ચડ્યો છે એ ઉતરતો નથી. ઊંધો. એક બાવો હતો. દામનગર. ૮૩ની સાલમાં. એક બાઈ રાખેલી તો એના પૈસા-બૈસા ખાઈ ગઈ આના. પછી એ ખાઈને બાઈ એને ત્યાં જાય નહિ. પછી એને જગતમાં શું કહેવાય? ફજેતી કરી. કાળો કોટ પહેરીને એમાં લક્ષ્મી-લક્ષ્મી-લક્ષ્મી નામ લખેલા ખડી દ્વારા. કો'ક પાસે લખાવેલા ધોળા ઓલાથી. અને ગામમાં ફરે. અને વીસ વાર લખી લખીને બોલે એને પૈસા આપે. બાઈ લક્ષ્મી બાઈ લક્ષ્મી એની ફજેતી કરવા. અને હું બેઠો હતો પાછળ અને બારણા આગળ નીકળ્યો. એલા આ તે કાંઈ શોભે છે? બીજા પાસે કહેવરાવ્યું. આપણે કંઈ બોલાવીએ નહિ. કહે, ક્ષત્રિયનો રંગ ચડ્યો છે એ ઉતરતો નથી. અચ્છા! અહીં કહે છે કે સ્વભાવનો રંગ ચડ્યો ત્યાં રાગનો રંગ હોતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓને કીધું, ત્રણ અસંભવ. છેને? '**रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः।**' પહેલા પદની વ્યાખ્યા થઈ.

**શ્રોતા** :- દાખલો અંતે બરાબર યાદ રહી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ છે. દાખલો અંતે... એમ કે બરાબર યાદ રહી જાય છે. દાખલો દાખલા માટે છે કે દાખલો સિદ્ધાંત માટે છે? સમજાણું?

'**સમ્યગ્દષ્ટિ જીવ કર્મના ઉદયમાં રંજિત થતો નથી,...**' એ આનંદના જ્ઞાયકસ્વભાવના પ્રેમની એકતા આડે એ ઝેરનો આનંદ અને ઝેરનો પ્રેમ કેમ હોય? એ રાગનો વિકલ્પ તો ઝેર છે. આહાહા..! ઝેરને ચાટવા જાતો હશે જ્ઞાની? રંજિત થતો નથી. ભાઈ! એને રંજ નથી. અંદર વિષયમાં ઉપસર્ગ લાગે છે એને. વિષયનો રાગ ઉપસર્ગ લાગે છે. આ શું આવ્યો ઉપસર્ગ? આહાહા..! આમ ભોગનો વિકલ્પ આમ સ્વભાવમાં ઉપસર્ગ લાગે છે. સમજાણું? માટે તેમાં રંજાયમાન થતા નથી. '**માટે રાગાદિક નથી,...**' આ કારણે રાગાદિક છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૧૦, ગુરુવાર,**
**તા. ૮-૭-૧૯૬૫, કલશ-૧૧૯-૧૨૦**
**પ્રવચન નં. ૯૨**

૧૦૪ પાને. અહીંયાં આસ્રવ છે ને એટલે કે એ સ્વરૂપ આત્મામાં પૂર્ણાનંદમાં એ આસ્રવ નથી. આસ્રવના વિકલ્પોના ઉદયભાવથી પરમાત્મસ્વરૂપ ભિન્ન છે. એવું અંતરમાં સમ્યગ્દર્શનમાં, અનુભવમાં આવ્યું એટલે સમ્યગ્દષ્ટિને બંધ નથી એમ કહેવામાં આવે છે. આસ્રવ જ નથી પછી બંધ હોઈ શકે નહિ.

'**નિશ્ચયથી આવું જ દ્રવ્યનું સ્વરૂપ છે;...**' એમ કહ્યું જુઓ. છેને ''**एव**'' ભગવાન આત્મા જેણે અંતર્મુખના વસ્તુના પૂર્ણ સ્વરૂપ(ની) અંતરમાં પ્રાપ્તિ કરી દૃષ્ટિએ એવો અંતરાત્મા એકલો ઘોલનમાં રહ્યો એને સમ્યગ્દર્શનની પ્રાપ્તિકાળમાં કે પછી આસ્રવ હોતા નથી. આસ્રવ નથી માટે એને બંધન છે નહિ. એવું દ્રવ્યનું સ્વરૂપ જ છે એમ કહે છે અહીં તો. સમજાણું? ''**हि ते बन्धस्य कारणम्**'' કોણ? '**કારણ કે રાગ-દ્વેષ-મોહ એવા અશુદ્ધ પરિણામ બંધનાં કારણ છે.**' મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અનંતાનુબંધીના અહીં ગણવા છે. એ જ બંધનનું કારણ છે. એ જ્ઞાનીને હોતા નથી. કહો, સમજાણું?

'**ભાવાર્થ આમ છે—કોઈ અજ્ઞાની જીવ એમ માનશે કે સમ્યગ્દષ્ટિ જીવને...**' આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનો અનુભવ થયો, નિર્વિકલ્પ દૃષ્ટિમાં આત્મા આનંદસ્વરૂપ (છે) એનું સ્વસંવેદનનું ભાન થયું, એવા સમ્યગ્દષ્ટિને '**ચારિત્રમોહનો ઉદય તો છે,...**' કોઈ એમ કહે કે એને ચારિત્રમોહનું કર્મ કહ્યું છે અને ઉદય પણ છે. કર્મ છે એટલે ઉદય છે. '**તે ઉદયમાત્ર હોતાં આગામી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થતો હશે.**' ચારિત્રમોહનો ઉદય છે એને કારણે ધર્મીને બંધન હોવું જોઈએ. એમ કોઈ અજ્ઞાનીનો પ્રશ્ન હોય તો એનું સમાધાન એમ છે કે '**ચારિત્રમોહનો ઉદયમાત્ર હોતાં બંધ નથી;...**' સમજાણું? વસ્તુના સ્વરૂપમાં એકલો ચૈતન્ય જ્ઞાનાનંદ પૂર્ણ આનંદ એકરૂપ સ્વભાવની દૃષ્ટિ થતાં એને ચારિત્રમોહનો ઉદય હોવા છતાં એને બંધન છે જ નહિ. અત્યારે સમ્યગ્દર્શન અને એના વિષયનું જોર દેવું છે ને. રાગ-દ્વેષ-મોહ ફક્ત બુદ્ધિપૂર્વક—રુચિપૂર્વક હોય તો એ ગણવામાં આવે છે. રુચિ જ નથી પછી એને ગણવામાં આવ્યા નથી.

'**ઉદય હોતાં જે જીવને રાગ-દ્વેષ-મોહપરિણામ થાય તો કર્મબંધ થાય છે,...**' દાખલો આપ્યો છે ને ઓલો સ્રીનો, બાળ સ્રીનો. કર્મ સત્તામાં પડ્યું છે. ઉદયમાં આવતા

ઉપયોગને ઉપયોગને યોગ્ય જો થાય તો બંધનનું કારણ થાય. બાળસ્ત્રી વિષયમાં કામ ન આવી, જે બંધનને યોગ થાય ત્યારે થાય. એમ કર્મનો ઉદય હોવા છતાં ઉદયમાં પ્રાયોગ્યતા એમાં જોડાય તેટલું બંધન થાય. ધર્મીને પરમાં પ્રાયોગ છે નહિ. સ્વભાવમાં પ્રયોગ વર્તે છે એમ કહે છે. શુદ્ધ ચૈતન્યના અંતર્મુખના સ્વભાવને જે અનુભવ્યો છે, પકડ્યો છે, પરિણમ્યો છે એમાં એનો પ્રયોગ છે. ઉદયની સાથે એને જોડાણ છે જ નહિ એમ કહેવું છે અહીં તો. સ્વભાવ સાથે જોડાણ છે તેને ઉદય સાથે જોડાણ નથી. એટલા બે ભાગ પાડ્યા છે અહીં તો. સમજાય છે કાંઈ?

'**ઉદય હોતાં જો જીવને રાગ-દ્વેષ-મોહપરિણામ થાય તો કર્મબંધ થાય છે, અન્યથા હજાર કારણ હોય તોપણ કર્મબંધ થતો નથી. રાગ-દ્વેષ-મોહપરિણામ પણ મિથ્યાત્વકર્મના ઉદયના સહારે છે,...**' જુઓ! રાગ-દ્વેષ અને મોહના પરિણામ મિથ્યાત્વની સાથે હોય તેને કહેવામાં આવ્યા છે. એના સહારામાં છે. સમજાણું કાંઈ? આકરું લાગે એવું છે. ખળભળાટ (થઈ ગયેલો) ૮૫માં વંચાણું હતું ને આ. ૯૫માં. ખળભળાટ ખળભળાટ થઈ ગયો. ભાઈ કઈ અપેક્ષા છે એને તો સમજ. ખ્યાલમાં નથી? અસ્થિરતાનો અંશ છે, બંધન છે, ઝેર કહ્યું છે. ચારિત્રવંતને પણ રાગ આવે એને ઝેર કહ્યું છે. અહીં તો એકલો ચિદાનંદ સ્વરૂપ સમ્યક્ પ્રતીતિમાં અનુભવ સહિતમાં વેદનમાં આવ્યો છે એને મિથ્યાત્વનો નાશ થવાને કારણે મિથ્યાત્વના સહારાના જે રાગ-દ્વેષ હતા એ હોતા નથી.

'**મિથ્યાત્વ જતાં એકલા ચારિત્રમોહના ઉદયના સહારાના રાગ-દ્વેષ-મોહપરિણામ નથી.**' કહો, સમજાણું કાંઈ? મિથ્યાત્વને જવાથી આત્મા મહાપ્રભુને દૃષ્ટિમાં અને અનુભવમાં લીધો, હવે એને મિથ્યાત્વ ન મળે એટલે એના સહારામાં, સહાયકમાં રાગ અને દ્વેષ એ સમ્યગ્દૃષ્ટિને હોતા નથી. '**આ કારણથી સમ્યગ્દૃષ્ટિને...**' આ કારણે ધર્મીને '**રાગ-દ્વેષ-મોહપરિણામ હોતા નથી, માટે કર્મબંધનો કર્તા સમ્યગ્દૃષ્ટિ જીવ હોતો નથી.**' કહો, સમજાણું કાંઈ? મહિમા કીધી છે સમ્યગ્દર્શનની.

**શ્રોતા :-** સમ્યગ્દર્શનની મહિમા એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મહિમાનો અર્થ શું? છે એમ. મહિમા એટલે? મહિમા એટલે છે એમ.

સમ્યગ્દર્શન એટલે અખંડ પ્રભુ આત્મા, જેને અંશમાં, રાગમાં જીલીને એકત્વ માન્યું હતું એ આખો પરમાત્મા પૂર્ણ અનંત ચતુષ્ટયસંપન્ન શક્તિ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય એવો અનંત ચતુષ્ટયસંપન્ન પ્રભુ એ જ્યાં અંતર્મુખ સ્વભાવના આશ્રયે થઈને દૃષ્ટિ થઈ તો કહે છે એને રાગ-દ્વેષ મિથ્યાત્વના સહારામાં છે એ છે નહિ. માટે તેને બંધન છે નહિ. માહાત્મ્ય એટલે કે એવું છે એમ. અધિક કરીને એમ નથી. ઓહોહો..! ...

થઈ ગયો જ્યાં... અનંત સંસારનું કારણ તો ફક્ત વિકલ્પ નામ રાગની વાસના, સ્વભાવની ત્રિકાળી ચીજ એની સાથે એકત્વબુદ્ધિના પરિણામ એ જ સંસાર છે. સ્વરૂપમાં સંસાર નથી. સ્વરૂપમાં સંસાર હોય તો સંસાર કોઈ દિ' ટળે નહિ. સ્વભાવમાં સંસારનું તાદાત્મ્યપણું છે જ નહિ. એક સમયનો રાગ ને વિકલ્પનો ઉદયભાવ એની સાથે ત્રિકાળી પરમાત્મસ્વરૂપનું એકત્વ કરવું એનું નામ જ સંસાર. વિભક્ત કર્યો એને સંસાર છે નહિ. કહો, સમજાણું કાંઈ આમાં?

---

(વસન્તતિલકા)

अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-<br>
मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।<br>
रागादिमुक्तमनसः सततं भवन्तः<br>
पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्।।८-१२०।।

ખંડાન્વય સહિત અર્થ :— ''ये शुद्धनयं ऐकाग्र्यम् एव सदा कलयन्ति'' (ये) જે કોઈ આસન્નભવ્ય જીવો (शुद्धनयम्) શુદ્ધનયનો અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધચૈતન્ય-વસ્તુમાત્રનો, (ऐकाग्र्यम्) સમસ્ત રાગાદિ વિકલ્પથી ચિત્તનો નિરોધ કરી (एव) ચિત્તમાં નિશ્ચય લાવીને, (कलयन्ति) અખંડિતધારાપ્રવાહરૂપ અભ્યાસ કરે છે (सदा) સર્વ કાળ;—કેવો છે (શુદ્ધનય)? ''उद्धतबोधचिह्नम्'' (उद्धत) સર્વ કાળ પ્રગટ જે (बोध) જ્ઞાનગુણ તે જ છે (चिह्नम्) લક્ષણ જેનું, એવો છે; શું કરીને? ''अध्यास्य'' કોઈ પણ રીતે મનમાં પ્રતીતિ લાવીને;—''ते एव समयस्य सारम् पश्यन्ति'' (ते एव) તે જ જીવો નિશ્ચયથી (समयस्य सारम्) સકળ કર્મથી રહિત, અનંતચતુષ્ટયે બિરાજમાન પરમાત્મપદને (पश्यन्ति) પ્રગટપણે પામે છે. કેવું પામે છે? ''बन्धविधुरम्'' (बन्ध) અનાદિ કાળથી એકબંધપર્યાયરૂપ ચાલ્યો આવ્યો હતો જે જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્ગલપિંડ, તેનાથી (विधुरं) સર્વથા રહિત છે. ભાવાર્થ આમ છે કે—-સકળ કર્મના ક્ષયથી થયો છે શુદ્ધ, તેની પ્રાપ્તિ થાય છે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતા થકા. કેવા છે તે જીવો? ''रागादिमुक्तमनसः'' રાગ-દ્વેષ-મોહથી રહિત છે પરિણામ જેમના, એવા છે. વળી કેવા છે? ''सततं भवन्तः'' (सततं) નિરંતરપણે (भवन्तः) એવા જ છે. ભાવાર્થ આમ છે કે—કોઈ જાણશે કે સર્વકાળ પ્રમાદી રહે છે, ક્યારેક એક, જેવો કહ્યો તેવો થાય છે, પણ એમ તો નથી, સદા સર્વ કાળ શુદ્ધપણારૂપ રહે છે. ૮-૧૨૦.

---

## કલશ-૧૨૦ ઉપર પ્રવચન

૮મો કળશ આસ્રવનો. સળંગ ૧૨૦.

अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-
मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।
रागादिमुक्तमनसः सततं भवन्तः
पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्।।८-१२०।।

'ખંડાન્વય સહિત અર્થ :—' ''ये शुद्धनयं एकाग्रयम् एव सदा कलयन्ति'' 'જે કોઈ આસન્નભવ્ય જીવો...' નજીક જેની મુક્તિ છે, કેવળજ્ઞાન જેને નજીક કાંઠે છે. સમજાણું?

**શ્રોતા** :-નિકટ કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિકટ. તદ્દ્ન અલ્પ આમ કેવળજ્ઞાન અલ્પ કાળમાં થવાનું છે. અમૃતચંદ્રાચાર્યે કહ્યું નહિ કુંદકુંદાચાર્ય માટે? જે કોઈ આસન્નભવ્ય એવા આચાર્ય જેને અનેકાંત વિદ્યાની...

**શ્રોતા** :-સમુદ્ર કિનારો..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. જેને સંસાર કિનારો આમ આવી ગયો છે. આમ આવી ગયો સંસાર. થોડો એક ભવ છે. ખરેખર એક ભવ. સ્વર્ગનો ભવ એ સાધારણ છે. એક જ ભવ જેને બાકી એવો જેને સંસારનો કિનારો આવી ગયો છે. કહો, સમજાણું? શ્રીમદ્ પણ કહે છે ને?

અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે.
એથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.

એ અંતરના અનુભવના પડકાર છે. ગૃહસ્થાશ્રમ છે, સ્ત્રી છે, લાખોના વેપારમાં બેઠા દેખાય છે. આમ નજર પડતાં શ્રુતજ્ઞાનથી અંતર જોતા 'અશેષ કર્મનો ભોગ છે,...' બાકી થોડું કર્મ દેખાય છે, નબળાઈ દેખાય છે નબળાઈ પણ એ નબળાઈને માટે અશેષ કર્મનો ભોગ બાકી રહ્યો અવશેષ 'એથી દેહ એક ધારીને...' એક દેહ એટલે હવે મનુષ્યપણું. સ્વર્ગનો દેવ તો અહીં .. એ એની ધર્મશાળા છે. પૂરું કરવાનું સાધન તો મનુષ્યપણું છે. 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ.' પોતાના સ્વરૂપના અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણમાં સમાઈ જાશું. એકાદ ભવ બાકી છે એમ પોકાર કરે છે. કહો, રાજમલજી!

આ કેટલાક રાડું પાડે છે (કે) એ.. આમ કહે છે. હવે સાંભળને તને ખબર નથી. આત્મા સ્વરૂપની દૃષ્ટિ થઈ અને અંદર વિકલ્પની નબળાઈની સ્થિતિનું પણ ભાન છે. આ હવે અલ્પ

કાળમાં તૂટવાનો કાળ છે, પૂર્ણાનંદ થઈ જશે એકદમ એનો ભાસ અંતરમાં આવે. પ્રમાણથી આવે, અનુમાન પ્રમાણથી આવે. અનુમાન પ્રમાણ તે સત્ય છે ને, અનુમાન કાંઈ અટકળના સાથિયા નથી. અનુમાન અનુસરીને. ઓહો..! એ તો દાખલો આપ્યો છે ને એમણે ત્યાં ભાઈ. હાથ આમ બંધાણા હોય દોરડે. પછી અહીં છોડ્યા, ગાંઠ છોડી અને અહીં જરી ઢીલા પડ્યા. આમ બાંધ્યું ને. અહીં છોડી નાખ્યું, અહીં છૂટી ગયું, અહીં જરી ઢીલા પડ્યા અને અહીં થોડા રહ્યા. પણ હળવે હળવે આમ કરતા કરતા છૂટા પડી જશે એવો ખ્યાલ (આવે છે). ગાંઠ અહીં બાંધેલી એ છૂટી ગઈ, પછી અહીંથી ઢીલા પડ્યા. અહીં દોરડા ઢીલા પડી ગયા. પછી આને છૂટ્યું તો ઢીલા પડી ગયા. ઢીલા પડ્યા આમ છોડાય છે. એ પણ આમ કરતા કરતા ઢીલા પડી જશે.

એમ ભગવાન આત્મા પુણ્ય-પાપના રાગની એકતાબુદ્ધિ છૂટીને સ્વભાવ પૂર્ણાનંદ જેમાં ભવ નથી, ભવનો ભાવ નથી. અને નથી પણ પૂર્ણ આનંદકંદ પૂર્ણ છે. એ નથી તો આમ શૂન્ય છે. રાગથી શૂન્ય છે, સ્વથી અશૂન્ય છે. પૂર્ણાનંદ પડેલો પ્રભુ છે. એ વાત, આત્મા આત્મા એટલે શું? લોકોને એમ અંદર આત્મા એટલે અરૂપી, આત્મા એટલે આવો એમ સાધારણ થઈ જાય છે. પણ અરૂપી પણ પદાર્થ છેને. મહાન પદાર્થ એ ન હોય તો આ દુનિયા છે કે નહિ એ જાણશે કોણ? જેની સત્તાની હયાતીએ જ પોતાનું અને પરનું જાણવામાં આવે છે. એવો મહાન પ્રભુ ચૈતન્યનું ભાન થતાં રાગની એકતા તૂટી અને થોડો રાગ પણ ઢીલો પડવા માંડ્યો હવે આ બધો છૂટી જશે એમ એનું ભાન થઈ જતાં એક ભવે મોક્ષ જશું એમ એની ખાતરી થઈ જાય. કહો, સમજાણું કાંઈ?

'**જે કોઈ આસન્નભવ્ય જીવો...**' જુઓ! નજીક છે હવે ભવ. બહુ થોડામાં મુક્તિ છે એની. '**નિર્વિકલ્પ શુદ્ધચૈતન્યવસ્તુમાત્રનો,...**' જુઓ! શુદ્ધનયની વ્યાખ્યા કરી. શુદ્ધનય એટલે જ્ઞાનનો અંશ એમ નહિ. શુદ્ધનય એટલે તો નહિતર એક શુદ્ધનય. નય તો એક પ્રમાણનો અંશ છે. પણ અહીં તો શુદ્ધનય એટલે કે '**નિર્વિકલ્પ શુદ્ધચૈતન્યવસ્તુમાત્ર...**' નય અને એનો વિષય બે જુદા નહિ. એક વસ્તુ. સમ્યગ્જ્ઞાનના અંશે આખો આત્મા જ્યાં લક્ષમાં, દૃષ્ટિમાં લીધો એટલે એને જ અહીંયાં નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુમાત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

(**एकाग्र्यम्**) એ ભગવાન શુદ્ધ પોતાનું નિર્મળ પૂર્ણ અભેદ શુદ્ધ ચૈતન્ય વસ્તુ પાછી. એવો જે સ્વભાવ એમાં (**एकाग्र्यम्**) '**સમસ્ત રાગાદિ વિકલ્પથી ચિત્તનો નિરોધ કરી...**' નાસ્તિથી વાત કરી. (**एकाग्र्यम्**) આમ મૂળ તો દ્રવ્યને એકને લક્ષમાં લેતાં (**एकाग्र्यम्**) એકને અગ્ર-મુખ્યમાં કરતાં '**સમસ્ત રાગાદિ વિકલ્પથી...**' પુણ્ય-પાપ કોઈપણ વિકલ્પ, ગુણ-ગુણી ભેદનો વિકલ્પ તેનાથી '**ચિત્તનો નિરોધ કરી...**' એ ચિત્તને રોકીને. સમજાવવું છે ને?

આ બાજુ ઢળ્યો એટલે એ રોકાઈ ગયો પણ અહીં રોકીને આમ ઢળે એમ કહેવામાં આવે છે.

(एव) **'ચિત્તમાં નિશ્ચય લાવીને,...'** ચિત્તને નિશ્ચય લાવીને. શેનો? ભગવાન આત્મા એ પૂર્ણ સ્વભાવ, છેલ્લો થોડોક લેશે. અધ્યાસ શબ્દ પડ્યો છે ને હેઠે? ત્યાં **'કોઈ પણ રીતે મનમાં...'** એમ લેશે. **'કોઈપણ રીતે...'** એટલે આ વસ્તુ સ્વભાવ છે અને વસ્તુ સ્વભાવ એને પરોક્ષ રીતે એને પકડવામાં આવ્યો, પણ એને આ વસ્તુ છે માટે પરિપૂર્ણ છે, એની એકતા છે, એના અનંત ગુણોનું એકરૂપ છે એ રીતે તે તે પ્રકારે. સમજાણું કાંઈ?

**'ચિત્તમાં નિશ્ચય લાવીને,...'** (**कलयन्ति**) (**कलयन्ति**) એટલે અનુભવે છે, અભ્યાસ કરે છે. (**कलयन्ति**) એટલે. **'અખંડિતધારાપ્રવાહરૂપ અભ્યાસ...'** એટલે શું? અભ્યાસ કરે છે એટલે? ભગવાન આત્મા ધ્રુવ શુદ્ધ પૂર્ણ ચૈતન્ય, એમાં એકાગ્રતા નિરંતર રહે છે. એકાગ્રતા એકને મુખ્યમાં લીધો તે નિરંતર રહે છે. એને **'અખંડિતધારાપ્રવાહરૂપ અભ્યાસ કરે છે...'** એમ કહેવામાં આવે છે. અભ્યાસ એટલે? (**कलयन्ति**) એટલે અનુભવવું. શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ વસ્તુ સ્વભાવ આખો પરમાત્મા અનંતચતુષ્ટયે બિરાજમાન એને દૃષ્ટિમાં લઈ, અગ્રપણે-મુખ્યપણે કરી અને ધારાવાહી અભ્યાસ છે. એટલે કોઈ વખતે છે અને કોઈ વખતે નથી એમ છે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

**'અખંડિતધારાપ્રવાહરૂપ...'** જેમ ધારાપ્રવાહ ગંગાની ધારા ચાલે ને. ગંગાની ધારા નથી પડતી ઉપરથી? ઓલા ગંગા હેઠે શું કહેવાય છે? હેઠે કુંડ કુંડ. એ કુંડમાં ધારા પડે આમ ધારાવાહી. એમાં ધારા તૂટતી હશે ક્યાંય? પ્રવાહ તૂટે નહિ ધારાવાહી. ગંગાપ્રતાપ કહેવાય છે ને. શાસ્ત્રમાં છે ને બધું એ. કુદરતી ચીજ. એમ આ આત્માનો ધોધ. શું કહેવાય ઓલો ધોધ જોવા ગયા નહોતા એક ફેરી?

**શ્રોતા** :-જોગ ફોલ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જોગ ફોલ. હતા કે નહિ તમે? આઠસો ફૂટથી ઊંચો આમ પડે છે ધોધ આમ ઉપરથી.

એમ ભગવાન આત્મા ચૈતન્યના પૂર આનંદના પૂર પડ્યા છે અંદર. પૂર્ણ સ્વભાવ.. પૂર્ણ સ્વભાવ.. એ પૂર્ણને શું કહેવું? ભાષા કેટલી એને મલાવે? કહે છે. ચૈતન્યના પૂર પૂર પડ્યા છે. એમાં એકાગ્ર થયો એ ધારાવાહી અખંડતા રહે છે. એ તૂટતી નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આ! આવો ધર્મ કેવો હશે આ? ધર્મ તો મંદિર બનાવે, મોટા ગજરથ કાઢે, મોટા આમ પાંચ-દસ... કહો, આમ પાંચ-પચ્ચીસ હજાર માણસ ભેગા કરે, ઉપદેશ આપે અને લોકો તો આહા..! કેટલું સારું લાગે. એય.. ધર્મચંદજી! આ કેવો ધર્મ વળી? આખી જિંદગી સાંભળે ઓલી બહારની વાત એમ કહે છે.

આ કહે છે કે આખી વાત અનંત કાળ એની એ રહે. ઓલી આખી જિંદગી તો શું?

આ તો અખંડાનંદ પ્રભુ એને અંતર્મુખના લક્ષમાં લઈ, એનું જ્ઞાન કરી એમાં ઠરે એ અખંડિત (રહે). ત્યારે અભ્યાસ કર્યો કહેવાય ને. '**ધારાપ્રવાહરૂપ અભ્યાસ કરે છે...**' કહો, સમજાણું? બદામમાંથી તેલ કાઢવું હોય તો બદામ દસ શેર ઘૂંટે જરી પાંચ શેર. બે લસરકા મારે આમ. વળી પાછો પાણી પીવા જાય. વળી બે લસરકા મારે અને દિશાએ જાય. એ તેલ કે દિ' નીકળે? નીકળે? એકધારાવાહી ઘૂંટે એને ત્યારે તેલ નીકળે. એમ ચોસઠ પહોરી આ શું કહેવાય? પીપર. એને ધારાવાહી ચોસઠ પહોર (ઘૂંટે). ભૈયા રાખ્યા હોય એવે ભૈયા. વારાફરતી ચાલુ થઈ જાય અને ઘૂંટ્યાં જ કરે ઘૂંટણ. ઘૂંટણ. ઘૂંટણ ચોસઠ પહોર હોં! ચોસઠ પહોર સમજો છો ને? અહીં અમારે વઢવાણમાં કર્યું હતું. ડાહ્યાભાઈ હતા એક. ડાહ્યા જેઠા. ગૃહસ્થ માણસ એટલે બેય માણસને મળે નહિ એટલે ઘરે ભૈયા રાખ્યા હતા. ઘણા વર્ષની વાત. ઘુંટાવ્યા જ કરે. ઘરે રાખે બે શેર-ત્રણ શેર. કોઈ ગરીબ માણસ આવે તો શરદી માટે થોડી આપે. ધારાવાહી ઘુંટે. એમ અંતર દૃષ્ટિને અગ્ર મુખ્ય બનાવીને ધારાવાહી એમાં એકાગ્ર થાય. રાગમાં કોઈ દિ' પણ એકાગ્ર ન થાય એમ કહેવું છે અહીં. આહાહા..!

**શ્રોતા :-** ધારાવાહી અજ્ઞાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ધારાવાહી અજ્ઞાન, રાગ નહિ. એ તો ખંડ ખંડ છે. એકરૂપ રહેતું નથી ત્યાં. રાગ મંદ, તીવ્ર-મંદ, તીવ્ર-મંદ એના ભંગ ઘણા, એ એકરૂપ ક્યાં છે? આ તો એકરૂપ સ્વભાવ અંતરદૃષ્ટિમાં અભ્યાસ કરે છે.

(**सदा**) '**સર્વકાળ;...**' સર્વકાળ કરે છે. ''**उद्धतबोधचिह्नम्**'' '**સર્વકાળ પ્રગટ જે જ્ઞાનગુણ તે જ છે લક્ષણ જેનું,...**' હવે આત્માનું લક્ષણ કહે છે એ. ભગવાન આત્મા... (**उद्धत**) લ્યો (**उद्धत**)ની વ્યાખ્યા કરી. એ શુદ્ધનય ઉદ્ધત છે. કોઈને ગણતી નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા છે એને ગણે છે. બસ. બાકી બીજું કોઈ છે નહિ. ''**उद्धतबोधचिह्नम्**'' '**સર્વકાળ પ્રગટ...**' (**बोध**) નામ '**જ્ઞાનગુણ તે જ છે લક્ષણ જેનું, એવો છે;...**' શુદ્ધનય.

'**શું કરીને?**' હવે આવ્યું જુઓ. '**कलयन्ति**'નું તો આવ્યું હતું. પણ હવે વધારે. ''**अध्यास्य**'' ટેવ, આદત. આદત પડી ગઈ હોય તો કહે, મને ટેવ પડી ગઈ ભાઈ. આદત પડી. એમ આત્મામાં એકાગ્ર થવાની આદત પડી ગઈ. ધીઠમાર્ગ એવો પાઠ છે ધવલમાં. ધવલમાં એવો પાઠ છે. જે માર્ગ દીઠો છે ને ત્યાં વારંવાર વારંવાર અંદર એકાકાર ધારા ચાલ્યા કરે છે. સમજાણું કાંઈ? ધવલમાં એવું છે હોં! ધવલમાં ઘણા પ્રકાર એવા વર્ણવ્યા સૂક્ષ્મ રીતે.

'**કોઈ પણ રીતે મનમાં પ્રતીતિ લાવીને;—**' કોઈ પણ રીતે પુરુષાર્થથી, જ્ઞાનથી, શ્રદ્ધાથી, અંતરમાં એકાકાર થવાનો પ્રકાર લઈ અને પ્રતીતિ કર કે આ ભગવાન પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ.. ક્યાંય મારે જોવાનું નથી, ક્યાંય મારે બીજેથી નીકળવું નથી. લાખ વાતની વાત આવી

હતી ને. 'નિશ્ચય ઉર આણો.' ઓલાએ તો વળી કરોડ વાત કરી હતી ભાઈ. ઓલા બુધ-બુધ. બુધની છેને છ ઢાળા. એમાંથી આ બનાવ્યું છે. એણે તો કરોડ વાતની વાત એમ શબ્દ લખ્યો છે. પછી આણે લાખ વાતની (લખ્યું). અહીં કહે, અનંત વાતની વાત એક પરમાત્મા.. પરમાત્મા... પરમાત્મા... પરમાત્મા... પરમાત્મા... એની જે દૃષ્ટિ હોં! એના તરફનું વલણ. '**કોઈ પણ રીતે...**' કોઈ પણ રીતે જ્ઞાનમાં મહિમા કરી, શ્રદ્ધામાં ભરોસો કરી, વીર્યને એમાં વાળી, પરુષાર્થની ગતિ તેમાં કરી અને અભ્યાસ કર. કહો, સમજાણું આમાં? કહો, પ્રવિણભાઈ! જુઓ, આ માર્ગ છે આ. એ બધા ગપ્પા માર્યા છે, બીજા બધા યોગી વાતું કરે છે બધા. બાવા ને યોગી ને વેદાંત ને એક ને આમ ને તેમ મોટી મોટી વાતું કરે છે. મોટો ભગવાન અહીં પડ્યો છે આખો અખંડાનંદ જેમાં કેવળજ્ઞાનનો પ્રવાહ વહે છે. સમજાણું કાંઈ?

''**ते एव समयस्य सारम् पश्यन्ति**'' લ્યો. એ અંતરના અનુભવના અભ્યાસમાં ભલે વિકલ્પ હોય છતાં એનું અંતર લબ્ધરૂપ જ્ઞાન તો એકાગ્રપણે જ વર્તે છે. '**તે જ જીવો...**' જોયું! (ते एव) '**ते एव**' '**તે જ જીવો નિશ્ચયથી...**' (**समयस्य सारम्**) '**સકળ કર્મથી રહિત,...**' ઘણા અર્થ કર્યા છે ઓલાના. '**समयस्य**' એટલે સિદ્ધાંતનો સાર એવો જે આત્મા અથવા.. બધા. પણ અહીં (**समयस्य सारम्**) ભગવાન એવો આત્મા, એનું સારપણું એટલે પરમાત્મપદશાને પામે છે. અહીં એ અર્થ કર્યો છે. આવો અભ્યાસ અંતરમાં એકાગ્ર ધારાએ કરે એ પરમાત્માને પામે, પામે ને પામે. પર્યાયમાં હોં! સમજાણું કાંઈ?

'**તે જ જીવો નિશ્ચયથી સકળ કર્મથી રહિત, અનંતચતુષ્ટયે બિરાજમાન...**' પ્રગટ હોં. '**પરમાત્મપદને...**' (पश्यन्ति) '**પ્રગટપણે પામે છે.**' જયચંદ્ર પંડિતે એમ કહ્યું, આત્મા.. અહીં પર્યાયમાં પામે છે એટલું જરી કથન ફેરવ્યું. વસ્તુમાં કોઈ વિરોધ નથી. એ અંતરનો અભ્યાસ કરે તે આત્માના સારને પામે એટલે અંતર જ્ઞાયકભાવને અનુભવમાં લઈ લે અને અહીં કહે છે, અભ્યાસ કરતાં કરતાં પરમાત્મા થઈ જાય. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું કહ્યું હતું?

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા. ... સાચી વાત. એ કહેતા હતા. પંડિતજી! અમારે (સંવત) ૨૦૧૫મી સાલમાં ૨૦૧૫ની સાલમાં. આપણે મુંબઈ. મુંબઈ છેને આપણે.. તો મોટો વરઘોડો નીકળ્યો હતો છેલ્લે. .. બધું થયું હતું. મોટો વરઘોડો મુંબઈમાં અને માણસ આખું ઉછળી ગયેલું જોવા. અને જોવા માટે જર્મનીની ફોટા લેતી હતી એક બાઈ. મારી સાથે તોલારામ હતા. આ વચ્છરાજજીના ભાઈ. મોટા ભાઈ લાડનુવાળા. અને હું સાથે હતો. વરઘોડો મોટો

હતો. આહાહા..! મહારાજ! અમારા લાડનુમાં આવું કરી દ્યોને. ૨૦૧૪ની સાલમાં ચૌદ લાખનું તો મંદિર બનાવ્યું છે. ૧૪ની સાલમાં. એના પિતાજીના નામનું. અમે તો ૨૦૧૩માં ગયા હતા ને. ચૌદમાં થયું ને. પ્રતિષ્ઠા થઈ. ચૌદ લાખ રૂપિયા નહિ? કેટલા? ઘણા લાખ. એ કહે, તમારા ગામમાં ચૌદ લાખ ખર્ચ્યા (પણ) આવું નહિ, આ નહિ. આહાહા..! પણ કીધું મુંબઈની શોભા લાડનુમાં ક્યાંથી આવે? મુંબઈની આ માણસો આમ ચાર-ચાર, પાંચ-પાંચ માળથી જોવે છે માણસો. ઢગલાબંધ માણસો. મોટો વરઘોડો.

**શ્રોતા :-** પણ આટલા માણસો લાવવા ક્યાંથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે.. દેરાવાસી એક ગૃહસ્થ ઊભા હતા. આવો વરઘોડો નેમિનાથ ભગવાન વખતે ભલે હશે. પણ આવો વરઘોડો આપણે જોયો નથી. દેરાવાસી શ્વેતાંબર ખુશી થઈ ગયો. ઓહોહો..! નજર પડતી નથી ને. અડધો કલાક તો શાળા.. શું કહેવાય? ટ્રાફિક બંધ થઈ ગયો. શું કહેવાય એ? કાલબાદેવી. કાલબાદેવી રોડ ઉપર ઘણી આવ-જાવ. અડધો કલાક બંધ થઈ ગયો. રાડ પાડતો હતો એક.. એલા આ હુકમ કોણે આપ્યો આવો? કોણ સરકારે આ હુકમ આપ્યો આ અડધો કલાક દુકાન બંધ. એ આપ્યો કીધું. હું સાંભળતો હતો ત્યાં. એટલા માણસો... માણસો... નીચે-ઉપર આમ વરઘોડો. દેરાવાસીના ગૃહસ્થો પણ વાતું કરવા લાગ્યા. આ તો વરઘોડો ભગવાનનો! આહાહા..! ભલે કહે કાઢ્યો અહીંયાં મુંબઈમાં. હવે એવી વાત ત્યાં લાડનુમાં થાતી હશે? એમ વિકલ્પમાં આ વાત આવતી હશે? કહો, સમજાણું કાંઈ? આવી શોભા વિકલ્પમાં લાવી દ્યો. પુણ્યભાવમાં, વ્યવહારભાવમાં આવું લાવી દ્યો. પણ ત્યાં ન આવે. એ તો નિર્વિકલ્પ અનુભવની દૃષ્ટિમાં ભાવ આવે, બીજે હોઈ શકે નહિ. નેમિચંદજી! ત્યાં મુંબઈના વરઘોડા લાડનુમાં લાવવા? આહાહા..!

પૂર્ણ સ્વભાવ સ્વભાવ એનું જ્યાં અંતર એકાગ્ર થયો તો પરિણમન વળ્યું. ધારાવાહી પરિણમન પરિણમન જેમ મોટી નદી નીકળતી હોય ને. નર્મદા ક્યાંથી નીકળે જુઓને. આમ એટલું દળ ઉંચે પડ્યું હેઠેથી બે બાજુ આરસપહાણના ડુંગરા છે. પાણી કોણ જાણે ક્યાંથી આવે છે? અંદર પડ્યું. એમ અહીંયાં પૂર પડ્યા અંદરમાં. ચિદાનંદ ભગવાન આખો એકાકાર થતો પરમાત્મપદને પામે છે. આ જ એની રીતની વિધિ છે. બીજી કોઈ રીતની વિધિ ત્રણ કાળમાં છે નહિ. વચ્ચે વ્યવહાર ભલે આવે, એ જાણવાલાયક છે. અંતર સ્વભાવમાં એકાગ્રતાનો અનુભવ એ એક જ મુક્તિનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? લાખ વાત વચ્ચે આવે. ભક્તિ આવે, સ્વાધ્યાય હોય, વિકલ્પ આદિ બધું ભલે જાત હોય, પણ આ અંદરમાં એકાગ્રતાનો અભ્યાસ પૂર્ણ એક પરમાત્માને પામવાનો ઉપાય છે.

'**કેવું પામે છે?**' કેવા પરમાત્મપદને પામે છે શુદ્ધનયનો અભ્યાસી? શુદ્ધનય એટલે સ્વરૂપ શુદ્ધનો અભ્યાસી. ''**बन्धविधुरम्**'' એ બંધથી રાંડેલો. વિધુર થઈ ગયો. '**અનાદિ**

**કાળથી એકબંધપર્યાયરૂપ ચાલ્યો આવ્યો હતો જે જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્ગલપિંડ, તેનાથી...'** (विधुरं) **'સર્વથા રહિત...'** થઈ ગયો. એકલો ભગવાન રહી ગયો. આહાહા..! જુઓ આ... પર્યાયપણે પરિણમન જ્યાં પૂર્ણ સર્વજ્ઞનું થઈ ગયું, સર્વદર્શી થયું, સર્વ આનંદ થયું અને પૂર્ણ વીર્ય થઈ ગયું. એની સાથે બાકી શું રહ્યું? બીજા બધા અનંતા ગુણો સામાન્ય છે એ બધા પ્રગટ શુદ્ધ થઈ ગયા. કહો, સમજાણું કાંઈ? સર્વથા રહિત થઈ ગયો. બિલકુલ અંશમાત્ર પણ રાગ હવે ચારિત્રમોહનો રહ્યો નહિ.

**'ભાવાર્થ આમ છે કે—સકળ કર્મના ક્ષયથી થયો છે...'** જુઓ! ભગવાન આત્માના અંતર પરમાત્મા અનંતચતુષ્ટયે બિરાજમાન ભગવાન એવો આત્મા, એની અંતરના એકાગ્રતાના અભ્યાસ દ્વારા એ આઠેય કર્મનો ક્ષય થઈ જાય છે. બીજી કોઈ ક્રિયા નથી. અપવાસ કર્યા ને આ કર્યા ને તે કર્યા. એ બધું... શુક્લધ્યાન કેટલા અપવાસે પ્રગટ થતું હશે? અને શુક્લધ્યાનથી કેવળજ્ઞાન થાય. ત્યારે શુક્લધ્યાન કઈ રીતે પ્રગટ થયું હશે? એ કહે છે, અંતરના એકાગ્રતાની ધારાવાહીથી પ્રગટે. શ્રેણી કીધી હતી ને. શ્રેણી કીધી. ક્ષપક શ્રેણી. શ્રેણીનો અર્થ એકાગ્રતા. એ અંદર એકાગ્રતાની ધારાવાહી એકાકાર એકાકાર જોર. એનાથી શુક્લધ્યાન થયું અને શુક્લધ્યાનથી કેવળજ્ઞાન થયું. સમજાણું કાંઈ?

**શ્રોતા :-**આખી લાઈન જ જુદી નીકળી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાઈન ઈ જ છે. બીજી નીકળી હતી ક્યાં? એમ કહે છે, બીજી માની હતી અને નીકળી બીજી. મોક્ષમાર્ગ માન્યો હતો ક્યાંક જાણે આ પૈસામાં, દાનમાં, પૂજામાં, ભક્તિમાં, જાત્રમાં, વ્રતમાં આ કરીએ ને તે કરીએ જાણે એમાંથી મોક્ષ થઈ જશે. એ તો બંધમાર્ગ છે, વિકલ્પમાર્ગ છે, પુણ્યમાર્ગ છે. હોય ભલે. એ નિર્જરા અને શુદ્ધતાનું કારણ ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. આહાહા..! જે શુદ્ધ હોય એ શુદ્ધનું કારણ થાય કે અશુદ્ધ હોય એ શુદ્ધનું કારણ થાય? સ્વરૂપ તો પોતે શુદ્ધ છે ત્રિકાળ એ શુદ્ધનું કારણ થઈને શુદ્ધની પર્યાય કારણ થઈને પછી શુદ્ધ કાર્ય થાય. રાગમાં ક્યાં? વિકલ્પ હોય ખરો ભલે. રાડ નાખે લોકો તો અરેરે..! શુભઉપયોગ આમ છે, ફલાણું છે, ઢીંકણું છે.

મૂળ એને અંદરથી આ કાળ, અકાળ, નિયત અને અનિયત ચારનો વાંધો ઉઠ્યો છે. એ પાછા આમાં લેશે. ઓલા પ્રવચનસારના ચાર. પણ એના અર્થની તને ખબર નથી. કોઈ દિ' વાંચ્યું નથી તેં. આહા..! ચાર નય એટલે એ તો તે સમયનો એક સમયમાં ચાર પ્રકારના ધર્મ છે. કાળે મોક્ષ થાય, અકાળે મોક્ષ થાય એમાં કાળ ફેર છે? એક સમયના અનંતા ધર્મને ગણ્યા છે ત્યાં. પાઠ ગણ્યા છે. આગળ-પાછળની વાત ક્યાં છે? વિકાર છે તે અનિયત છે, અવિકાર તે વખતે તે નિયત છે. એમ. સમય તો એક જ છે. કાળનો એક છે અને પુરુષાર્થના સ્વભાવથી મોક્ષ કહેવો એવો ધર્મ તે પણ તે જ કાળે છે. એમ વાત છે. પણ

એ ચારની માંડે છે. અરે..! બિચારા પાછા દયા ખાય છે હોં! અરે.. કાનજીસ્વામી! હવે તમે ફરો, ફરો હોં! એમ કહે છે. હવે અવસ્થા થઈ ગઈ, હવે છેલ્લી સ્થિતિ છે. બિચારા દયા ખાય છે. પણ ભગવાન! તેં સાંભળ્યું નથી, પ્રભુ! એ માર્ગની રીત અને માર્ગના પ્રકાર જાણ્યા નથી. એમ થોથા વાંચે કાંઈ પાર પડે એવું નથી. એકલા પાના વાંચી અગિયાર અંગ ભણી ગયો અને મરી ગયો ત્યાં. એમાં આશય શું છે એ સમજ્યા વિના.

એક સમયમાં ભગવાન. સર્વજ્ઞ સ્વભાવી પ્રભુ, એ સર્વજ્ઞ પર્યાય પ્રગટ કરવાની તાકાત રાખતો એકાગ્ર થાય ત્યારે સર્વજ્ઞ થાય છે. ત્યારે એને સર્વજ્ઞની.. પહેલા સર્વજ્ઞસ્વભાવ તરફ ઢળ્યો અને પ્રતીતિ એકાગ્ર થઈ ત્યારે અને સર્વજ્ઞ અને મોક્ષતત્ત્વની શ્રદ્ધા થઈ, ત્યારે ભગવાને ભાળ્યું એ પ્રમાણે થાય છે એમ એની શ્રદ્ધામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એ વાતુંમાં બીજી વાત છે, ભાઈ! એ જાણે કે આમ પાના પોથા વાંચીને કરી નાખીએ એ નથી ચીજ. ભગવાન આત્મા ઓહોહો..! સર્વજ્ઞ પર્યાયે ખીલ્યો પરમાત્મા અને એ સર્વજ્ઞથી આમ ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા. એ કે દિ' સર્વજ્ઞ નહોતા જગતમાં? અનાદિના છે.

**શ્રોતા** :- આઠ વર્ષ મોટો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ આઠ વર્ષનો... હા, એ કહે છે કેટલાક. એમ કે આઠ વર્ષ સંસાર મોટો એટલા સિદ્ધ ઘટી જાય. આઠ વર્ષ પછી સિદ્ધ થાય. ભાઈ પહેલા પછી કાંઈ નથી. અનાદિનો એમ ને એમ છે. ગાડુ આખું હોય ગાડું. આ ગાડી કહે છે ને. તો એમાં ગાડાનો પહેલો ભાગ પહેલો કે આની કોરનો ભાગ પહેલો કે વચલો ભાગ પહેલો? પહેલો શું હોય? આખું ગાડું આમ. એમ જગત આખું ચક્રમાં પડ્યું છે. સિદ્ધ અનંતા, નિગોદ અનંતા બધું આમ ને આમ છે. અનાદિ છે એમ ને એમ. સાધકજીવ પણ અનાદિના, સિદ્ધ પણ અનાદિના, મિથ્યાદૃષ્ટિ અનાદિના. બધું અનાદિના એમ ને એમ બધો પાક પડ્યો છે આખો.

**શ્રોતા** :- પહેલાં ધોંસરું

ઉત્તર :- ધોંસરુ પહેલા કહો તો ગાડું ન કહેવાય. ગાડું સમજ્યા? ઓલું ધોસરું હોય ને મોઢા આગળ બેસવાનું. ધોંસરુ સમજ્યા અમારી ભાષા? આગળ બેસે એ. આગળ બેસે ને ઓળા બળદને જોડી. એ ધોસરું કહેવાય. પાછળ ઠાઠું કહેવાય ઠાઠું પાછળ. તો ગાડું ક્યારે કહેવાય? ગાડુંનો અર્થ જ બધું એકસાથે છે આમ. ગાડાને ક્યાં ધોંસરો ને આમ એમ હોય? આમ આખો પદાર્થ છે, જગત એમને એમ છે. એમાં સિદ્ધ વળી પહેલા, સંસાર પહેલો, સિદ્ધ પછી... વસ્તુને સમજતા નથી. તો તો પછી દ્રવ્યની પર્યાય, દ્રવ્ય પહેલું અને પર્યાય પછી. એનો અર્થ શું? દ્રવ્ય અને પર્યાય બે અનાદિ. પહેલા-પછી વળી દ્રવ્ય પહેલું હતું અને પર્યાય પછી થઈ. ત્યારે પર્યાય પછી થઈ તો પર્યાય વિનાનું દ્રવ્ય રહ્યું હશે પહેલું.

એ વસ્તુના સ્વભાવની અગમ્ય વાત છે. એમ ને એમ દ્રવ્ય અનાદિ, પર્યાય અનાદિ, સિદ્ધ અનાદિ, સંવરના સાધક જીવો અનાદિ, નિર્જરાના સાધક અનાદિ અને મિથ્યાત્વના સાધક અનાદિ. આહાહા..! નિગોદની રાશિ એમને એમ પડી છે. આમ સિદ્ધની રાશિ પડી છે અનંત. એ તો એક વ્યક્તિ કરે તો અત્યારે ઉઠે કે આ સિદ્ધ... એ કહો ત્યારે .. છે. આણે આમ સાધન કરીને કર્યું. અનાદિ રીતે શું?

**શ્રોતા** :-એણે અનાદિ કર્યું ત્યારે ને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આઠ વર્ષનો ક્યાં હતો તું? છે, છે ને છે. આહા..! તું કરને હવે તારામાં. વાત ઈ છે. એ બધા સિદ્ધ થઈ ગયા એ સ્વભાવનું સાધન કરીને થયા છે, કોઈ બીજી રીતે થયા નથી.

એ ભગવાન. એને માહાત્મ્ય પણ આ તે જ્ઞાનનો પર્યાય. આહાહા..! અરે..! વિશ્વાસ તો અંદર દૃષ્ટિવંત કહેવામાત્ર નહિ. નિઃસંદેહપણે જ્યાં સર્વજ્ઞપદ આવું છે. એક સમયનો પર્યાય ત્રણ કાળ ત્રણ લોક એક સમયે આમ જાણે. એટલી ચૈતન્યના પર્યાયના માહાત્મ્યની શું વાત કરવી? અને એ પર્યાયના માહાત્મ્યવાળો એક ગુણ એવા અનંતી પર્યાયનો પિંડ, એવા અનંત ગુણનું દ્રવ્ય. એવા સ્વભાવની એકતા સંદેહ રહિત. આમ ડામાડોળ હશે, આમ હશે કે તેમ હશે એમાં કાંઈ દાળિયા વળે એવું નથી. દાળિયા સમજાણું? શું કહે છે? તમારે કાંઈક કહેતા તો હશે. કહે છે? અહીંયાં દાળિયા કહે છે. વાણિયાને દાળિયા ન થાય કાંઈ ચણાના. આ આત્મા... જુઓ!

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમ કે દાળિયા એમાં ન મળે એટલે લાભ ન મળે એમ. દાળિયા નથી કહેતા? ખાવાના દાળિયા હોય છે અમારે. એ આવો આત્માને જાણ્યા વિના દાળિયા ન થાય એટલે આત્માનો લાભ ન થાય. એ દાળિયા અમારે કહે છે વાણિયામાં. વાણિયા વેપાર કરે ને? એટલે કાંઈ ચણા થયા? દાળિયા મળ્યા? એમ. લાભ થયો કાંઈ? આ લાભ તો અહીં છે. એકલો આત્મા નિઃસંદેહ. એકલો ચૈતન્ય ચોસલું કેવળજ્ઞાનનો પિંડ પડ્યો છે. નિઃસંદેહ. સંદેહ-ફંદેહ કાંઈ ન મળે એમાં. નિઃશંકતા. શંકા ક્યાં વસ્તુમાં? એવો કેવળજ્ઞાનનો પર્યાય નિઃશંક શ્રદ્ધે છે એને અંતરમાં દૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો. કેવળી જેમ જ્ઞાતા-દૃષ્ટા છે. કાંઈ કરવું ફરવું નથી એને. આ પણ જ્ઞાતા-દૃષ્ટા (થઈ ગયો). રાગ આવે, જોવે, નિમિત્ત આવે એને જોવે. બીજું કાંઈ છે નહિ. એવી ધારા કરનાર સર્વથા કર્મથી રહિત થઈ જાય છે. લ્યો.

'**સકળ કર્મના ક્ષયથી થયો છે શુદ્ધ,...**' ઓહોહો..! એક રજકણનો પણ જ્યાં લગાવ રહ્યો નથી. શ્રીમદ્‌માં આવે છે ને? 'એક પરમાણુ માત્રની ન મળે સ્પર્શના.' ભગવાનને 'એક

પરમાણુ માત્રની ન મળે સ્પર્શના.' પછી શું આવે છે? 'પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ જો' પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ. અજોગ સ્વભાવ કેવળજ્ઞાની પરમાત્મા પૂર્ણ થયો. આહાહા..! કહો, સમજાણું કાંઈ? 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' ભાવના ભાવે છે નિઃશંકપણે. એવી દશા ક્યારે આવશે? એકવાર કહ્યું હતું. એક ભવે આવશે કહે જાવ. કહો, સમજાણું કાંઈ?

**'સકળ કર્મના ક્ષયથી થયો છે શુદ્ધ, તેની પ્રાપ્તિ થાય છે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતા થકા.'** એમ. બે નાખ્યું. **'સકળ કર્મના ક્ષયથી થયો છે...'** એટલે કર્મ સિદ્ધ કર્યા નિમિત્તરૂપે છે. અપૂર્ણતા આદિ હતી. એ **'સકળ કર્મના ક્ષયથી થયો છે શુદ્ધ,...'** એક વ્યક્તિગત વાત કરવી છેને અહીં તો. **'તેની પ્રાપ્તિ થાય છે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતા થકા.'** શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતા થકા. પોતે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે તો પ્રાપ્તિ થાય. કો'કની વાટ જોવે કર્મની ને કાળની ને કાળની વાટ જોવે, કાળ પાક્યો હશે કે નહિ? એને શુદ્ધસ્વરૂપની રુચિ કરવી છે એને કાળ સામું જોવું છે ક્યાં? સમજાણું કાંઈ? વાત છે એ વસ્તુની સ્થિતિ છે એમ જાણે ભલે. પણ જ્યાં રુચિ કરવી જોવા જાતો હશે કે હવે મારે કાળ પાક્યો છે કે નહિ? ભગવાને સર્વજ્ઞે દીઠું હશે એ આ કાળ આવ્યો કે નહિ? એમ જોવા જાતો હશે? સમજાણું કાંઈ?

**'સકળ કર્મના ક્ષયથી થયો છે...'** ભગવાન શુદ્ધ પ્રભુ પરમાત્મા. **'તેની પ્રાપ્તિ થાય છે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતા થકા.'** લ્યો! **'કેવા છે તે જીવો?'** **''रागादिमुक्तमनसः''** **'રાગ-દ્વેષ-મોહથી રહિત છે પરિણામ જેમના,...'** **'मनसः'** શબ્દ છેને? એનો અર્થ પરિણામ કર્યા. ઓહો..! ભગવાન આત્મા **''रागादिमुक्तमनसः''** જેને **'રાગ-દ્વેષ-મોહથી રહિત છે પરિણામ જેમના, એવા છે.'** ભગવાન એવા છે.

**'વળી કેવા છે?'** **''सततं भवन्तः''** **'નિરંતરપણે એવા જ છે.'** અનુભવ પણ નિરંતર કરે છે અને દશા પણ પૂર્ણ થઈને નિરંતર એક જ વહે છે. વારંવાર આત્મામાં એકાગ્ર જ વહે છે. એ રાગ-દ્વેષરહિત જ ધારા શ્રદ્ધા-જ્ઞાનમાં રહે છે. જેની એકાગ્રતા થઈ, જે નિત્યમાં તે દશા પ્રગટ થતાં તે દશા નિત્ય રહી ગઈ. **''सततं भवन्तः''** **'નિરંતરપણે એવા જ છે.'**

**'ભાવાર્થ આમ છે કે—કોઈ જાણશે કે સર્વ કાળ પ્રમાદી રહે છે,...'** એટલે શું? કો'ક દિ' એકાગ્રતા કરતો હશે અને કો'ક દિ' વળી રાગમાં અને પ્રમાદમાં જાતો હશે. **'ક્યારેક એક, જેવો કહ્યો તેવો થાય છે, પણ એમ તો નથી, સદા સર્વ કાળ શુદ્ધપણારૂપ રહે છે.'** શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિની એકાગ્રતા સદાય હોય છે. એને પરમાત્મપદ પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું કાંઈ? ધારાવાહી ધારાવાહીનો ખુલાસો કર્યો છે. શુદ્ધ ભગવાન

આત્મા, એના તરફની દૃષ્ટિ થઈ, વારંવાર એમાં જ ઘૂંટણ છે, એમાં પ્રમાદ આવવા દેતો નથી. થોડું કરે અને થોડો પ્રમાદ કરે એમ છે નહિ. સદા સદા. સર્વકાળ સદા સર્વકાળ. લ્યો બે ભાષા વાપરી. સદા નિરંતર સર્વકાળ એકાગ્ર શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... અંદર શુદ્ધપણે રહે છે. એવી શુદ્ધ દશા દ્વારા આત્માને પરમાત્મપણું પામે. આ આસ્રવરહિતપણું પામે છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

માણસને લાગે એવું ને. આ જાણે અધ્યાત્મ વિષય એટલે એમાં એમ કે.. એક જણા કહેતા હતા નહોતા? પ્રમેયવાળા કોણ? માણેકચંદજી કહે, અમારે તો પ્રમેય બહુ આવે અને અધ્યાત્મમાં તો એના એ પ્રમેયની વાતું કરે વારંવાર. વળી એક ફેરી એમ કહેતા હતા. એક લેખ આવ્યો હતો. અરે.. ભગવાન! એમ કે પ્રમેયકમળ ને અષ્ટસહસ્રી આવે ને? અમારે ઘણા પ્રમેયો આવે. .. કેટલી લાગે કે ઓહોહો..! એક મોટો દાખલો આપ્યો હતો ને. એવો દાખલો. એક પુલ હોય પુલ. પુલ સમજો છો? પુલ. તો પુલમાં એક ગાડી ચાલતી હોય ગાડી. પચાસ મણ ઘઉં કે પચાસ મણ કોઈ ચીજ (ભરીને). તો એનાથી એ પુલ આમ મચક ખાય છે મચક. પછી એટલો એણે દાખલો આપ્યો હતો કે એક દાણો એમાંથી લઈ લે તો એટલી મચક ઓછી થશે. પંડિતજી! અમારે તો વાંચન બહુ આવે ને. જુઓ! નિમિત્તથી કેવું થાય છે અંદરમાં. પચાસ મણની ગાડી ચાલતી હોય, પુલ મોટો હોય. તો એ જેટલા પ્રમાણમાં એનું જોર છે એટલી મચક ખાય છે. મચક સમજ્યાને? અને એક દાણો પણ લઈ લ્યો તો મચક અંદર ઓછી હોય. સૂક્ષ્મપણે જુઓ તો એ નજર એવી થાય. શું કહેવું છે પ્રભુ તારે? આવી વાતું કરે. એવી વાતું અમે તો પ્રમેયની ઝીણી ઝીણી વાતું કરીએ. એમ. અધ્યાત્મવાળા તો એની એ વાતું કરે કે આત્મા આવો ને આત્મા આવો. એમ લખાણ આવ્યું હતું. ભગવાન! આ પ્રમેય પોતે આત્મા પ્રમેય છે, સાંભળને. એને સમજાવવા માટે ભાવનામાં વારંવાર એ જ આવે. સમાધિશતક, પરમાત્મપ્રકાશ બધું શું વારંવાર એ જ આવે ને. ભાવનાના ગ્રંથો તો વારંવાર એ જ આવે. હંમેશા રોટલાની ટેવ પડી ગઈ છે તો દાળ-ભાત એ જ હંમેશા દાળ-ભાત રોટલા? દાળ-ભાત રોટલા? પણ દાળ-ભાત રોટલામાં કો'ક દિ' પથરા આવતા હશે ખાવામાં? ૫૦-૫૦ પોણો સો વર્ષ એક જ વાત? આ રોટલી ને દાળ, રોટલી ને દાળ એ જ ખાય ને બીજું શું ખાય? પણ જેનો નભાવ જે પ્રકારે છે એ જ હોય. કાંઈ બીજું ખાતા હશે કો'ક દિ'? અને ઢોકળા-બોકળા બનાવે એ તો કો'ક દિ' બનાવતા હોય. ઢોકળા સમજ્યાને? પુડલા. એ બધું અનાજ હોય પણ. અનાજ વિના પથરા ખાતા હશે? એમ આત્માની પ્રાપ્તિ માટે તો એકલી આત્માના અનુભવની જ વાત હોય. એ અનુભવ એનો ખોરાક છે. આ ખોરાક વિના જેમ ચાલતું નથી એમ આ ખોરાક વિના ચાલે નહિ આત્માને. સમજાણું કાંઈ? આવી વાતું કરે. એવી એક ફેરી કરી હતી. પાછું

એક ફેરી દાખલો આપ્યો હતો.

કૂવામાં બાલદી હોય ને બાલદી? પાણીની. પાણીની બાલદી નાખી હોય ને કૂવામાં અંદર. પછી ખેંચનાર ખેંચે ને, એને એમ કે આને જોર પડે છે ખેંચવામાં. તો એમાં પાણી જો દશ શેર હોય તો એના પ્રમાણમાં ઓલો તાણાવાણા છે ને તાણાવાણા? શું કહેવાય? દોરડું. દોરડીના કાથીના હોય ને કાથી. એનું જેટલું પાંચ શેર પાણી ઓછું એટલું ઓછું ખેંચાણ. વધારે હોય તો વધારે ખેંચે. એકેક તારણમાં આમ આમ થાય છે એમ કહે. પણ હવે એ તો સિદ્ધાંત ન્યાય સમજે... સમજાણું કાંઈ? એવો દાખલો આપ્યો હતો. એક જૈન સિદ્ધાંત છે ને. એક ધર્મસિદ્ધાંત ફળ છે. ધર્મસિદ્ધાંત ફળ.

અરે.. ભાઈ! એ તો હો, પણ એમાં એથી સિદ્ધાંત તત્ત્વ શું આવ્યું? એ તો સ્વતંત્ર એનો પર્યાય જે સમયે જે પ્રકારે થવાનો એ પ્રકારના સામે નિમિત્ત હોય છે. નિમિત્તને લઈને ત્યાં ફેરફાર થયો હતો એ વખતનો પર્યાયનો ઉત્પાદ કોણે કર્યો? દરેક પરમાણુનો ઉત્પાદ પર્યાય પોતાથી છે. ઉત્પાદ તો એકસાથે અનંતા દ્રવ્યનો છે. અનંત દ્રવ્યનો ઉત્પાદ એક સમયે અનંત છે. કે દિ' નથી? અનંત દ્રવ્ય એક સમયે આમ થર પડ્યા છે અનંત એક સમયે. એ અનંતના અનંતપણે રહીને સમયે સમયે અનંત અનંત ગુણોનો ઉત્પાદ એક સમયે એકસાથે છે. અનાદિ આમને આમ છે પડ્યું છે, આખું દળ પડ્યું છે. એમાં પહેલા આણે કર્યું ને આણે કર્યું એ છે ક્યાં? સમજાણું કાંઈ? વાત એવી છે જરી. નહિતર અનંતપણે અનંત શી રીતે રહેશે? અનંત દ્રવ્યનું અસ્તિત્વ, એના અનંતા ગુણનું અસ્તિત્વ અને એનો અનંતો ઉત્પાદ, અનંતા ગુણનું અસ્તિત્વ સમયે સમયે અનંતનું અનંતપણે છે. અનંતમાં એક પણ ભળીને જો થઈ જાય તો અનંત રહેતા નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે, એવા ભગવાન આત્માને જાણનારો જ્ઞાનનો એક સમયનો પર્યાય હોં. બધાને એ રીતે જાણનારો એક સમયનો પર્યાય. એવા પર્યાયનો ધરનાર પર્યાયવાન ભગવાન, એની અંતરમાં એકાગ્રતા અને અનુભવ દ્વારા આસ્રવરહિત થઈ શકે છે. બીજો આસ્રવને લઈને ભેગો આસ્રવ થઈ શકે? પુણ્યના પરિણામને વ્યવહારને સાથે જોડીને. વ્યવહારના વિકલ્પને જોડીને પૂર્ણ થઈ શકે? એમ કહે છે. એમ હોઈ શકે નહિ. વ્યવહાર હો, એ જાણવાલાયક છે. મોક્ષમાર્ગ કહ્યો વ્યવહારને તો શું છે? છે નહિ એ. એક જ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એની જ અંદરમાં એકાગ્રતાનું રટણ, ઘુંટણ, અનુભવ એક જ મોક્ષનો માર્ગ, બીજો કોઈ માર્ગ છે નહિ. એનાથી સદા સર્વ કાળ શુદ્ધતાપણે રહે છે અને શુદ્ધતા થઈ જાય છે. કહો, સમજાણું?

**શ્રોતા** :–...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– મુંઝાય છે હવે એ તો. મુંઝાય શું કરવા? જાણે કે આમ છે. જુઓને શું છે?

(વસન્તતિલકા)

प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु
रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।
ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-
द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।।९-१२१।।

ખંડાન્વય સહિત અર્થ :- ''तु पुनः'' આમ પણ છે—''ये शुद्धनयतः प्रच्युत्य रागादियोगं उपयान्ति ते इह कर्मबन्धम् बिभ्रति'' (ये) જે કોઈ ઉપશમસમ્યગ્દૃષ્ટિ અથવા વેદકસમ્યગ્દૃષ્ટિ જીવ (शुद्धनयतः) શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અનુભવથી (प्रच्युत्य) ભ્રષ્ટ થયા છે તથા (रागादि) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ- (योगम्) રૂપે (उपयान्ति) થાય છે, (ते) એવા છે જે જીવ તે (कर्मबन्धम्) કર્મબંધ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‌ગલપિંડ (बिभ्रति) નવા ઉપાર્જિત કરે છે. ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યાં સુધી સમ્યક્ત્વના પરિણામોથી સાબૂત રહે છે ત્યાં સુધી (તેમને) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ નહિ હોવાથી જ્ઞાનાવરણાદિ કર્મબંધ થતો નથી. (પરંતુ) જે સમ્યગ્દૃષ્ટિ જીવ હતા. પછી સમ્યક્ત્વના પરિણામથી ભ્રષ્ટ થયા, તેમને રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ હોવાથી જ્ઞાનાવરણાદિ કર્મબંધ થાય છે, કેમ કે મિથ્યાત્વના પરિણામ અશુદ્ધરૂપ છે. કેવા છે તે જીવ? ''विमुक्तबोधाः'' (विमुक्त) છૂટ્યો છે (बोधाः) શુદ્ધસ્વરૂપનો અનુભવ જેમને, એવા છે. કેવો છે કર્મબંધ? ''पूर्वबद्धद्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्'' (पूर्व) સમ્યક્ત્વ વિના ઉત્પન્ન થયેલાં, (बद्ध) મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણામ વડે બાંધ્યાં હતાં જે (द्रव्यास्रवैः) પુદ્‌ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મ તથા ચારિત્રમોહકર્મ તેમના દ્વારા (कृत) કર્યો છે (विचित्र) નાના પ્રકારના (विकल्प) રાગ-દ્વેષ-મોહપરિણામનો (जालम्) સમૂહ જેણે, એવો છે. ભાવાર્થ આમ છે કે—જેટલો કાળ જીવ સમ્યક્ત્વના ભાવરૂપ પરિણમ્યો હતો તેટલો કાળ ચારિત્રમોહકર્મ કીલિત (—મંત્રથી સ્તંભિત થયેલા) સાપની માફક પોતાનું કાર્ય કરવાને સમર્થ ન હતું; જ્યારે તે જ જીવ સમ્યક્ત્વના ભાવથી ભ્રષ્ટ થયો થકો મિથ્યાત્વભાવરૂપ પરિણમ્યો ત્યારે ઉત્કીલિત (-છૂટા થયેલા) સાપની માફક પોતાનું કાર્ય કરવાને સમર્થ થયું. ચારિત્રમોહકર્મનું કાર્ય જીવના અશુદ્ધ પરિણમનનું નિમિત્ત થવું તે. ભાવાર્થ આમ છે કે—જીવ મિથ્યાદૃષ્ટિ થતાં ચારિત્રમોહનો બંધ પણ થાય છે. જ્યારે જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારે ચારિત્રમોહના ઉદયે બંધ થાય છે, પરંતુ બંધ શક્તિહીન હોય છે તેથી બંધ કહેવાતો નથી. આ કારણથી સમ્યક્ત્વ હોતાં ચારિત્રમોહને કીલિત સાપના જેવો ઉપર કહ્યો છે, જ્યારે સમ્યક્ત્વ છૂટી

**જાય છે ત્યારે ઉત્કીલિત સાપના જેવો ચારિત્રમોહને કહ્યો; તે ઉપરના ભાવાર્થનો અભિપ્રાય જાણવો. ૯-૧૨૧.**

## કલશ-૧૨૧ ઉપર પ્રવચન

વસન્તતિલકા. વસંત માલતિ ધાતુ આવે છે, નહિ? ધાતુ વસંત માલતિ. આ વસંતતિલકા દેશી છે આ તો.

> प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु
> रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।
> ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-
> द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।।१२१।।

ઓહો..! આવું ભાન અંદર ભૂલે એને કર્મબંધન થાય એ સિદ્ધ કરે છે. એ ભગવાન આત્મા એક સમયનો પૂર્ણ શુદ્ધ, એની અંતર દૃષ્ટિ ખીલી એ દૃષ્ટિનો વિષય પૂર્ણાનંદ, એ દૃષ્ટિનો વિષય ખોવે, (એ) ભૂલે. વિકલ્પને આશ્રયે પડ્યો, ભ્રષ્ટ થઈ ગયો.

'**ખંડાન્વય સહિત અર્થ :—**' ''**तु पुनः**'' '**આમ પણ છે—**' ''**ये शुद्धनयतः प्रच्युत्य रागादियोगं उपयान्ति ते इह कर्मबन्धम् बिभ्रति**'' જુઓ ગુલાંટ ખાય છે આમ. '**જે કોઈ ઉપશમસમ્યગ્દષ્ટિ અથવા વેદક સમ્યગ્દષ્ટિ જીવ...**' ક્ષાયિકને તો હોય નહિ. એટલે બે મૂક્યા. '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ થયા છે...**' દેખો!

**શ્રોતા :-**...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ કહે છે. એ કહે છે હમણાં જ આવ્યું હતું. ચોથે સરાગ સમકિત જ છે. પણ આ ક્ષાયિક સમકિતને વીતરાગ કહેશો કે નહિ? તો શ્રેણિકને ચોથે ગુણસ્થાને ક્ષાયિક સમકિત હતું. મોક્ષમાર્ગનું સમ્યગ્દર્શન તે રાગવાળું હોય? સમ્યગ્જ્ઞાન રાગવાળું હોય? ચારિત્ર રાગવાળું હોય? એ મોક્ષમાર્ગ કોને કહે? બહુ ઊંધું માર્યું છે.

ભગવાન આત્મા એની સમ્યક્ પ્રતીતિ ક્ષાયિક થઈ ગઈ હોય તો તો એને પડવાનું હોય નહિ. ભૂલ હોય નહિ. પણ કહે છે કે કોઈ ઉપશમ સમ્યગ્દષ્ટિ અથવા વેદક સમ્યગ્દષ્ટિ, કારણ કર્મનું નહિ. '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ થયા છે...**' કર્મનો ઉદય આવ્યો તેથી ભ્રષ્ટ થાય છે એમ નહિ. સ્વભાવની રુચિ છોડે છે અને રાગની રુચિ (કરે છે તેથી ભ્રષ્ટ થાય છે). જુઓ રાગ '**उपयान्ति**' છેને? '**रागादियोगं उपयान्ति**' '**रागादियोगं उपयान्ति**' રાગનું જોડાણ કરે છે. સ્વભાવનું જોડાણ છોડી અને આમ જોડાણ કરે એ પોતાના

ઊંધા પુરુષાર્થથી છે.

**શ્રોતા** :-એ તો ઉદય...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉદય-ફુદય નિમિત્ત છે. ઉદયનું શું કરવું છે ત્યાં? પોતાના ઉત્પાદનો પર્યાય રાગમાં જોડાઈ ગયો. આમ જે જોડાણ હતું એ આમ જોડાણ થઈ ગયું. બસ ખલાસ. દૃષ્ટિ ફરી ગઈ. સમજાણું કાંઈ? શબ્દ શું છે જુઓ! **'रागादियोगं उपयान्ति'**. વીતરાગ સ્વભાવ આત્મા એનું જે જોડાણ હતું એની જે એકાગ્રતા હતી, એનું જે અંતર સાવધાનપણે એકાગ્ર હતો એ આમ રાગમાં થઈ ગયો. ગુલાંટ ખાઈ ગયો. સમજાણું કાંઈ?

**'શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અનુભવથી...'** અહીં જુઓ શુદ્ધનયની વ્યાખ્યા એ કરી. સમજાણું? ત્યાં શુદ્ધનયની વ્યાખ્યા વસ્તુ આખી કરી હતી. અને અહીંયાં શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો જે અનુભવ છે, શુદ્ધનયથી (**प्रच्युत्य**) એમ લેવું છે ને? **'અનુભવથી...'** (**प्रच्युत्य**) શુદ્ધનયથી એટલે કે શુદ્ધ વસ્તુ જે છે, શુદ્ધ જ્ઞાયકભાવ અખંડ આનંદ છે, એનાથી ભ્રષ્ટ થયો અનુભવથી. એમ. સમજાણું કાંઈ? આશ્રય અહીંથી જે હતો એ છોડ્યો, રાગનો આશ્રય કર્યો. આ રાગથી કાંઈક લાભ થશે, કાંઈક લાભ થશે. ઊંડે ઊંડે એમાં આપણે પહોંચીશું ને આમ કરો. કહો, સમજાણું? ઓલા કહે છે ને. ઓલામાં આવ્યું છે ને પંચાસ્તિકાયમાં કે વ્યવહારથી સમયે સમયે આવ્યું છે ને. સંસ્કૃતમાં ૧૭૨માં. તો એનો અર્થ એવો કરે છે કેટલાક કે શુભ ઉપયોગમાં આવે તો બળ મળે. પછી શુદ્ધમાં જવાય. કહો, એવું સાંભળ્યું હતું ઈંદોરમાં હમણાં. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- એ તો અનાદિનો છે.


**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તો અનાદિનો પણ એ કહે છે એક. જુઓ એમ કેમ કેમ કહ્યું કે શુભ ઉપયોગમાં સમયે સમયે ચડતા આમ થાય, ફલાણું થાય. ટીકામાં આવે છે ને? માટે શુભમાં આવે તો શુદ્ધમાં જવાનું બળ મળે. અરે.. ભગવાન! આહાહા..! શું થાય પણ હવે એ? એ કાંઈ કોઈ કોઈને આમ પરાણે બેસાડી દે એવું છે? એને શુભ રાખવું છે ને? શુભ આવે છે. આવે છે માટે કહે જુઓ આવે છે ને. એ ટેકો છે ને, સહારો છે ને. આમ મંદિર ચડવું હોય તો લાકડું હોય કે નહિ લાકડું? હાથ દેવાનું આમ બાંધેલું. શું કહેવાય? કઠોડો. કઠોડો-કઠોડો હોય છે ને? તો ચડે છે અહીં પણ એના હાથ આમ.. એ વિસામો મળે છે. એમ આત્મા શુદ્ધમાં ચડતાં શુભનો એને વિસામો છે. ભાઈ દૃષ્ટાંત પણ (એવા આપે). પંચાધ્યાયીમાં કહે છે અજ્ઞાનીના દાખલા, દૃષ્ટાંત, યુક્તિ, હેતુ બધું ખોટું છે. આવે છે ને ગાથા? ખોટા દાખલા. વસ્તુસ્થિતિ એમ નથી. એમ કે એ શુભભાવમાં જરી આવે પછી અંદરમાં શુદ્ધમાં જવાનું બળ આવે. થાકી ગયો હોય ને જાણે અંદરથી. અરે.. ભગવાન!

**શ્રોતા** :–એ વિશ્રામનું સ્થાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ વિશ્રામનું સ્થાન માને છે. સાંભળ્યું છે કે નહિ? પંડિતજી! નથી સાંભળ્યું? આ તો તમારી સાથે હતા એ કહેતા હતા. કહો, સમજાણું? આહાહા..!

કહે છે, '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપના...**' આ રીતે પાછું હોં બળ મળે. અરે.. ભગવાન! આત્માના સ્વભાવની એકાગ્રતામાંથી બળ મળે કે રાગમાં એકાગ્ર થતાં બળ મળે? એ કહે છે. '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ થયા છે તથા રાગ–દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ-રૂપે થાય છે,...**' અશુદ્ધ પરિણામ (**योगं**) છેને? (**योगं**) એમાં જોડાણ થઈને થાય છે. (**उपयान्ति**) એ પોતે અશુદ્ધ પરિણામરૂપ થાય છે. કર્તા થઈને થાય છે એમ કહે છે. અશુદ્ધ પરિણામરૂપ પોતે થાય છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. એ વખતના આમ સ્વભાવનું જે માહાત્મ્ય હતું, એનું છોડીને કંઈક.. કંઈક... કંઈક રાગમાં વિશ્રામ છે, મદદ છે. એ ફર્યો. સમજાણું? '**એવા છે જે જીવ તે કર્મબંધ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‌ગલપિંડ નવા ઉપાર્જિત કરે છે.**' લ્યો! પહેલું બંધન નહોતું પણ ભાન ભૂલ્યો (એટલે) વળી નવા કર્મ ઉત્પન્ન કરે છે. એ વિશેષ કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)



## વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૧૧, શુક્રવાર,
## તા. ૯-૭-૧૯૬૫, કલશ-૧૨૧-૧૨૨
## પ્રવચન નં. ૯૩

કળશટીકા. સમયસાર. ૧૨૧ કળશ છે. આસ્રવનો અધિકાર. એ કોને હોય છે? અને આસ્રવ કોને હોતા નથી એ અધિકાર છે. આ આત્મા તો શુદ્ધ ચૈતન્યવસ્તુ (છે) એનો આશ્રય કર્યો અને સંબંધ કર્યો છે એવા સમ્યગ્દૃષ્ટિને આસ્રવભાવનો સંબંધ છે નહિ, એને આસ્રવ છે નહિ. ચૈતન્યવસ્તુ જ્ઞાયક શુદ્ધ સ્વભાવ એનો અંતરનો આશ્રય કર્યો છે, રાગની એકતાથી સંબંધ તોડ્યો છે અને શુદ્ધ ચૈતન્યવસ્તુ એની સન્મુખમાં સ્વભાવનો સંબંધ કર્યો છે એવા સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ હોતા નથી. તેથી તેને આસ્રવ હોતા નથી.

હવે કહે છે. ''तु पुनः'' '**આમ પણ છે—જે કોઈ ઉપશમસમ્યગ્દૃષ્ટિ અથવા વેદકસમ્યગ્દૃષ્ટિ જીવ...**' એ પોતાના શુદ્ધ સ્વરૂપને જે સંબંધ દૃષ્ટિમાં કર્યો હતો, એકતા સ્વભાવ સાથે કરી હતી એ '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ થયા છે...**' અનુભવ શબ્દે શુદ્ધ સ્વભાવની એકતા તેણે છોડી દીધી. સમજાણું કાંઈ? '**ભ્રષ્ટ થયા છે...**' પોતાનો શુદ્ધ સ્વભાવ, એને અનુસરીને થયેલી સમ્યગ્દૃષ્ટિનો અનુભવ એ આશ્રય છોડી દીધો. શુદ્ધનયને છોડી '**रागादियोगं उपयान्ति**' જે કોઈ અંદર શુભ-અશુભ જે વિકાર એના સંબંધને પામે છે, તે મિથ્યાદૃષ્ટિ નવા કર્મને બાંધે છે. સમજાણું કાંઈ?

'**योगं उपयान्ति**' છેને? સંબંધને જોડે છે. અંદર ભગવાન આત્મા એક સમયનો શુદ્ધ પ્રભુ, એનો સંબંધ તોડીને જે કોઈ રાગ વિકલ્પ પુણ્ય-પાપ આદિ મોહ આદિમાં વિકારી પરિણામમાં સંબંધ જોડે છે તે મિથ્યાદૃષ્ટિ નવા કર્મને બાંધે છે. કહો, સમજાણું આમાં? બહારની હિંસા કેટલી કરી કે ફલાણું કર્યું એ વાત જ નથી અહીંયાં.

**શ્રોતા** :–એ ક્યારે કરશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ છે જ નહિ ને એનામાં એ કરી શકતો જ નથી. રાજમલજી! બહારની આટલી હિંસા કરે તો આમ થયું અને બહારની આટલી હિંસા ટાળે તો આમ થયું, એ એના અધિકારની વાત જ નથી. અધિકારની વાત એ કે કાં શુદ્ધ ચૈતન્યમાં સંબંધ કરે અને કાં રાગ સાથે સંબંધ કરે. આ એના અધિકારની વાત. બરાબર છે?

'**रागादियोगं उपयान्ति**' એટલે રાગાદિનો સંબંધ કરે છે. '**રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામરૂપે થાય છે,...**' એમ શબ્દ લીધો. આમ શુદ્ધસ્વરૂપ રૂપ થાય છે એમ ન થતાં

રાગાદિરૂપ થાય છે. આમ થયું. આમ ફેરવ્યું. ભગવાન આત્મા અંતર્મુખ દૃષ્ટિએ શુદ્ધ સ્વભાવ સાથે સંબંધ કર્યો એને રાગ સાથે સંબંધ રહ્યો નહિ તો એને બંધન નથી. એ શુદ્ધ સ્વભાવનું સ્વરૂપ તેનો સંબંધ તોડ્યો અને રાગનો સંબંધ કર્યો. પછી રાગ-દ્વેષ, વિકલ્પ, દયા, દાન, કોઈપણ વિકલ્પ. શુભ-અશુભ પરિણામ કે મોહ. કહો, સમજાણું કાંઈ? એની સાથે સંબંધ યોગ કર્યો, યોગ કર્યો. એટલે કે રાગ-દ્વેષ-મોહ મલિન પરિણામરૂપ થાય છે એમ સીધો અર્થ કર્યો. વિકારરૂપ પરિણમે છે. નિર્વિકારી સ્વભાવરૂપ દૃષ્ટિથી છૂટ્યો એથી વિકારરૂપ પરિણમે છે અથવા વિકારના સંબંધને પામે છે. તે વિકારરૂપે પરિણમે છે.

**શ્રોતા :–** એ તો દયા પાળવાની વાત ક્યાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ દયા પાળવાની વાત આવી ને. આત્માના શુદ્ધ સ્વરૂપનો સંબંધ કર્યો એણે આત્માની દયા પાળી. અને એ આત્માનો શુદ્ધ સ્વભાવનો સંબંધ તોડ્યો અને રાગરૂપ પરિણમન થયું અથવા રાગની સાથે સંબંધ જોડ્યો એણે આત્માની હિંસા કરી. કહો, ધર્મચંદજી! સમજવું મુશ્કેલ પડે. પાછું યાદ રહે નહિ એમ કહે છે. આમાં યાદ ક્યાં (રાખવું છે)? આ તો વસ્તુસ્થિતિ જ આવી છે.

એક સમયનો પરમાત્મા પોતાનો સ્વભાવ એના અંતરમાં સંબંધ કર્યો એણે રાગને તોડ્યો એટલે રાગનો સંબંધ તોડ્યો. અહીં જોડ્યો અને અહીં તોડ્યો. અને જેણે આત્માના સ્વભાવની દૃષ્ટિને છોડી એણે રાગનો સંબંધ જોડ્યો. જોડે તે તોડે અને તોડે તે જોડે. અહીં પરની તો વાત જ નથી. કર્મ-બર્મ એને ઘરે રહ્યા એના અસ્તિત્વમાં.

**શ્રોતા :–** ઘરે એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઘરે એટલે એના અસ્તિત્વમાં. એમ. ભાષા છે. ઘરે એટલે એના અસ્તિત્વમાં. કર્મના રજકણો એના દ્રવ્ય-ગુણ-પર્યાયના અસ્તિત્વમાં રહ્યા. આના અસ્તિત્વમાં તો કાંઈ આવતા નથી. એનું ઘર એટલે ઈ.

અહીં કહે છે, આણે આ ઘર છોડ્યું. પોતાનો નિજ શુદ્ધસ્વભાવ એની જે રુચિની દૃષ્ટિ જે અનુભવની હતી એ ઘર છોડ્યું અને રાગની સાથે, દ્વેષની સાથે, મોહ સાથે સંબંધ કર્યો એ બહિર્બુદ્ધિ કરી એને કર્મ બંધાય છે. એટલી વાત છે. કહો, સમજાણું આમાં?

**'એવા છે જે જીવ તે કર્મબંધ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્ગલપિંડ નવા ઉપાર્જિત કરે છે.'** એટલે કે નવા કર્મને તેના પરિણામ નિમિત્ત થાય છે. માટે ઉપાર્જન કરે એમ કહેવામાં આવે છે. શું કહ્યું? એય.. રાજમલજી! ઉપાર્જિત કરે છે એ શું કહ્યું? કે આત્મા પોતાના સ્વભાવની દૃષ્ટિ છોડી એણે વિકારનો સંબંધ કર્યો એ સંબંધપણું એ નવા કર્મને નિમિત્ત થાય, માટે જીવે તે કર્મ ઉપાર્જ્યા એમ કહેવામાં આવે છે. કર્મ કાંઈ કર્મ જડની પર્યાય આત્મા કરતો નથી.

**શ્રોતા** :-ઉપાર્જિત કરે..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉપાર્જિત ધૂળ શું કરે? કો'કની પર્યાય ઉત્પન્ન કરે? અહીં તો કહ્યું.

એવા જે રાગ ને વિકલ્પ ને દયા-દાનના પરિણામ, શુભાશુભ પરિણામ એની સાથે જેણે સંબંધ કર્યો આ એણે નવા કર્મ બાંધ્યા. એટલે નવા કર્મબંધનમાં એ પરિણામ નિમિત્ત (થયા). મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ નિમિત્ત થયા એથી એણે ઉપાર્જ્યા એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

**શ્રોતા** :-અર્થ ફરી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અર્થ જેમ છે તેમ થાય છે. ઓલા કહે છે, કેટલા અર્થ ફેરવશો? એક જણો એમ કહેતો હતો વળી. ભાઈ! સાંભળ બાપા! કઈ અપેક્ષાએ..

અહીં કહે છે, રાગને જે જોડે, રાગરૂપ થાય છે. જ્ઞાની રાગરૂપ થતો નથી, જ્ઞાની શુદ્ધરૂપે થાય છે. શુદ્ધ સ્વભાવ વસ્તુ છે, અંતર્મુખની રુચિ થઈ છે. પ્રેમ કહો, રુચિ કહો, દૃષ્ટિ કહો, એકાકાર કહો, એને લઈને એ શુદ્ધરૂપે જ પરિણમે છે. સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર-શાંતિ એથી તેને નવા બંધનનું નિમિત્ત થતું નથી એટલે નવા બંધન એને હોતા નથી. અજ્ઞાની પોતાના સ્વભાવને ભૂલી, પછી નવમી ગ્રૈવેયકે જનાર દિગંબર સંત હજારો રાણીને છોડીને બેઠો હોય અને ધ્યાનમાં આમ બેઠો હોય, લ્યો. પણ આ આત્માનો પૂર્ણ શુદ્ધ આત્મસ્વભાવ એની અંતર્મુખની દૃષ્ટિનું વલણ છોડીને વિકલ્પ જે ઉઠ્યો તેની સાથે વલણ—સંબંધ કર્યો બસ! એ મિથ્યાત્વમાં આવ્યો, એણે રાગ-દ્વેષને કર્યા, એ નવા કર્મને ઉપાર્જે છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં?

'**ભાવાર્થ આમ છે કે—સમ્યગ્દૃષ્ટિ જીવ...**' એટલે કે જ્યાં સત્ય પ્રભુ, સત્ય સ્વભાવ એનો ત્રિકાળ શુદ્ધ એ સત્ય સ્વરૂપ છે એનું. વિકાર એ કાંઈ એનું સત્ય સ્વરૂપ નથી. ભગવાન આત્મા જેનું સત્ય સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની દૃષ્ટિવંત જીવ '**જ્યાં સુધી સમ્યક્ત્વના પરિણામોથી સાબૂત રહે છે...**' દેખો ભાષા ચોખ્ખી કરી. ઓલા કોઈ કહે, સમકિત ઝીણું છે. વળી વાતું મોટી કરતા ને. '**સમ્યક્ત્વના પરિણામોથી સાબૂત રહે છે...**' સમકિત એ પર્યાય છે. સમકિત કોઈ દ્રવ્ય-ગુણ નથી. દ્રવ્ય-ગુણ તો શુદ્ધ વસ્તુ સત્ય સ્વરૂપ છે. એના અંતર્મુખની દૃષ્ટિ થઈ એ તો પરિણામ છે—પર્યાય છે—અવસ્થા છે—હાલત છે.

'**સમ્યગ્દૃષ્ટિ જીવ...**' એટલે કે સાચા સત્ય સ્વરૂપની દૃષ્ટિવંત જીવ, સાચું સ્વરૂપ એટલે શુદ્ધ ચૈતન્યવસ્તુ. એ '**જ્યાં સુધી સમ્યક્ત્વના પરિણામોથી...**' જ્યાં સુધી શુદ્ધ સ્વભાવની પ્રતિતરૂપ, જ્ઞાનરૂપ, વેદનરૂપ, શાંતિરૂપ '**સમ્યક્ત્વના પરિણામોથી સાબૂત રહે છે...**' લ્યો, સાબૂત તમારી ભાષામાં આવે છે હિન્દી. નથી આવતી? આ કેમ સાબૂત રહે છે? ઠીક.

એણે સાબુત નાખ્યું. આ ચાલતી હિન્દીમાં કર્યું છે ને. ચાલતી હશે. '**સમ્યક્ત્વના પરિણામોથી સાબૂત રહે છે...**' એટલે વિદ્યમાન રહે છે. એટલે કે અસ્તિરૂપે પરિણામ રહે છે.

'**ત્યાં સુધી (તેમને) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામો નહિ હોવાથી...**' સમ્યક્ પરિણામ જ્યાં સુધી હયાતી ધરાવે છે. હયાતીવંત જે શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની દૃષ્ટિની હયાતી જ્યાં સુધી રહે છે '**ત્યાં સુધી રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામો નહિ હોવાથી...**' ત્યાં સુધી મિથ્યાત્વ. મોહ એટલે મિથ્યાત્વ. અને ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ એવા ભાવ નહિ હોવાથી '**જ્ઞાનાવરણાદિ કર્મબંધ થતો નથી.**' સમજાણું કાંઈ?

'(પરંતુ) **જે સમ્યગ્દૃષ્ટિ જીવ હતા.**' હતા, '**પછી સમ્યક્ત્વના પરિણામથી ભ્રષ્ટ થયા,...**'

**શ્રોતા** :- સમ્યગ્દૃષ્ટિ ભ્રષ્ટ થતાં હશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, નથી થતા? શું કહે છે સાંભળ્યું નથી ૭૫ વર્ષમાં? એ ક્યાં ગયા બ્રહ્મચારીજી? દૃષ્ટિ ફેરવી નાખે તો ભ્રષ્ટ થઈ જાય. સાંભળ્યું નથી? સમ્યક્ત્વ ક્ષાયિક સમકિત નથી પલટતું. આવ્યા ને માથે નામ આવ્યા ને? ઉપશમ સમ્યગ્દૃષ્ટિ અને વેદક સમ્યગ્દૃષ્ટિ. વેદક એટલે ક્ષયોપશમ. બે. પૂર્ણ ક્ષાયિક થયું નથી અને આ બાજુની દૃષ્ટિ ફેરવી નાખી. ફેરવવાનું કારણ એ પોતાની આમ રુચિ શુદ્ધની હતી અશુદ્ધની કરી. બસ આટલી વાત છે.

**શ્રોતા** :-કર્મનો ઉદય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કર્મ-ફર્મના ઉદયની વાત નથી. કર્મનું અસ્તિત્વ કર્મને ઘરે રહ્યું. આના પરિણામનું અસ્તિત્વ એનામાં આવ્યું.

આમ જે ભગવાન શુદ્ધ ચૈતન્યનું અસ્તિત્વ જે ત્રિકાળ વસ્તુ ભગવાન, એના પરિણામ શ્રદ્ધા-જ્ઞાનના થયા એ એના અસ્તિત્વમાં થયા, એના પોતાના અસ્તિત્વમાં થયા. ઓલો તો એનો અભાવ-બભાવ પરને લઈને પરમાં થાય. એ જ અસ્તિત્વની દૃષ્ટિ છોડી, પોતાની મહાન સત્તા શુદ્ધ સ્વરૂપના અંતર્મુખના પરિણામ છોડી, બહિર્મુખના પરિણામમાં જે જોડાઈ ગયો, પુણ્ય અને પાપના વિકલ્પમાં જોડાણ જે એકત્વ કર્યું હતું એ પૃથક્ કર્યું હતું. સ્વભાવથી એકત્વ હતું એ રાગથી પૃથક્ હતું. એ સ્વભાવથી પૃથક્ થઈને રાગથી એકત્વ થયો. વાત તો એમ છે અંદર. સમજાણું? એથી યોગ શબ્દ વાપર્યો છે. સંબંધ અથવા એ રૂપ થયો. એમ શબ્દ વાપર્યો છે ને. રાગરૂપ થયો, દ્વેષરૂપ થયો, ભ્રમણારૂપ થયો. વિકારના પરિણામમાં એકાકાર એ તો ભ્રમણારૂપ છે, મિથ્યાત્વરૂપ છે. સમજાય છે કાંઈ?

વાત એવી એના ઘરની મોટી વાતું અને મોટો પછાડ ખાય તો પાછી મોટી ચાર ગતિમાં રખડે. નિગોદમાં જાય. ઉપશમ, ક્ષયોપશમ સમકિતી પડ્યો અને એમાં આ પાછો આશ્રય ન લે, હળવે-હળવે નિગોદમાં અનંતા પડ્યા છે. ક્ષયોપશમ સમકિતથી પડ્યા એવા નિગોદમાં

અનંતા પડ્યા છે અત્યારે. અગિયારમે ગુણસ્થાને વીતરાગ પર્યાય ઉપશમપણે પરિણમેલી એ પહેલે નીચે જઈ આવ્યા પોતાના પુરુષાર્થની કમજોરીને લઈને, એમાંથી હેઠે આવીને પોતાના સ્વરૂપની અંતર્મુખની દૃષ્ટિથી ભ્રષ્ટ થઈ રાગ અને વિકારના અશુદ્ધ પરિણામમાં એકત્વ થયા, મિથ્યાત્વ પરિણામ થયા એ ક્રમે ક્રમે નિગોદમાં પણ અનંતા પડ્યા છે અત્યારે. સમજાણું કાંઈ?

**શ્રોતા :**-એ બધું કોણે જાણ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :**- કેવળીએ જાણ્યું. કોણે જાણ્યું? કેવળી પ્રત્યક્ષ જાણતા નથી? આત્માના જ્ઞાનમાં નથી જણાતું? ઓલા કહે, કેવળી પર નથી જાણતા. એમ. કેવળી સ્વને જ જાણે. અરે માળા સાંભળને. કરણાનુયોગની અંદરમાં વાત કેવળીએ પ્રત્યક્ષ બધું ભાળ્યું એની વાત કથન છે. કરણાનુયોગમાં નથી આવતું? સમય સમયની પર્યાય જીવની અને જડની એ ભગવાને જાણી છે. એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં નાખ્યું છે. એ કરણાનુયોગમાં જ મૂક્યું છે. કરણાનુયોગમાં કેવળજ્ઞાનીએ દેખેલાની વાત છે. સમજાણું? આઠમો અધિકાર છે કે નહિ? એમાં હેતુથી લખ્યું છે. આઠમું છે ને આઠમું.

વ્યાખ્યાનું વિધાન. '**જેમ કેવળજ્ઞાન વડે જાણ્યું તેમ...**' ભાષા શું છે મથાળું? કરણાનુયોગના વ્યાખ્યાનનું વિધાન. બહુ સરસ વાત (કરી છે). આખું મોક્ષમાર્ગ પ્રકાશક. એમાં સાતમો, આઠમો, નવમો અધિકાર તો બહુ સરસ છે. '**જેવ કેવળજ્ઞાન વડે જાણ્યું તેમ કરણાનુયોગમાં વ્યાખ્યાન છે, તથા કેવળજ્ઞાન વડે તો ઘણું જાણ્યું...**' એ આવે છે ગોમ્મટસારમાં. શું કહેવાય? અણઅભિલાપ, અણઅભિલાષ. બધું જાણ્યું એટલું કહી શકતા નથી. વાણીમાં એટલું  નથી આવતું. ઘણું જાણ્યું. '**પરંતુ આત્માને કાર્યકારી જીવ-કર્માદિકનું વા ત્રિલોકાદિકનું જ આમાં નિરૂપણ હોય છે,...**' કરણાનુયોગમાં. ભગવાને કેવળી પરમાત્મા ત્રિલોકનાથે જાણ્યું તે. ઓલા કહે, જુઓ! નિશ્ચયથી આત્મજ્ઞ છે. પરવ્યવહાર પરને જાણે એ વ્યવહાર અભૂતાર્થ છે. એ તો તન્મય થઈને જાણતા નથી એ અપેક્ષાએ વાત છે. પરને જાણતા નથી એમ હોય? એ તો તન્મય (નથી થતા). પોતાના જ્ઞાનમાં તન્મય થઈને જાણે છે એમ બીજા દ્રવ્યની સાથે તન્મય—એક થઈને જાણતા નથી માટે તેને અભૂતાર્થ વ્યવહાર કહ્યો છે. જાણવું કાંઈ અભૂતાર્થ છે? આહાહા..! અરે.. ભગવાન! એની જ્ઞાનની પર્યાય પૂર્ણ આમ,.. સ્વભાવ વસ્તુ તેને શું કહેવું? બેહદ જેનો સ્વભાવ, બેહદ જેનો સ્વભાવ. ઓહોહો..! જેનું ક્ષેત્ર બેહદ સ્વભાવ. અનાદિઅનંત કાળનો બેહદ સ્વભાવ. એ લોકોને તર્ક કોણ જાણે અનાદિ જાણ્યું એમ કે ગત સમય બધા જાણ્યા તો અનાદિ કેમ રહ્યું? પણ અનાદિ છે એમ રહ્યું. અનાદિ કેમ રહ્યું શું? બધું જાણ્યું માટે, જાણ્યું માટે ત્યાં આદિ થઈ ગઈ? છે તેમ જાણ્યું, છે તેમ જાણ્યું. સમજાણું?

ચીમની નથી હોતી ચીમની? ગોળો. ગોળો વચ્ચે. ગોળ ચીમની હોય છેને. શું કહે છે?

આમ ગોળ હોય. ગોળ સમજ્યા? આમ મારે ને, બરાબર ચક્કર પડે. પણ ક્યાંથી શરૂ થયું એ બતાવો. ગોળ ચક્કર નથી? ગોળ ચક્કર. પણ આ થાળી લ્યો ગોળ. થાળીનો દાખલો. મેં તો ચક્કર. દડો. પણ દડા કરતા આ ચક્ર છે ને. લાડુ ક્યાંથી શરૂ થાય? થાળી ક્યાંથી શરૂ થાય? હું તો સંસારમાં હતો ત્યારથી દૃષ્ટાંત આપતો હતો. સંસારમાં (સંવત) ૧૯૬૮ની સાલમાં ગઢડે. એક જણ કહે, કેવળજ્ઞાનીએ બધું જાણ્યું? બધું જાણ્યું. કેમ? કે કેવળી આમ આવે છે આ પોસ્ટમાં નહિ? પોસ્ટમાં આમ થાપ મારે આમ ચક્કર પડે. મેં કીધું, આ ચક્કર પડે એ ક્યાંથી શરૂ થયું કહો. એ ચક્કરની શરૂઆત ક્યાંથી? જણાણું નથી? પૂરું જ્ઞાન આમ જણાણું નથી આખું? આખું જણાયું માટે ક્યાંથી શરૂઆત થઈ એમ જાણે તો આખું જાણ્યું કહેવાય?

**શ્રોતા** :-... ક્યાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તે દિ' ગઢડે હતો ને ૬૮માં. તે દિ' પ્રશ્ન ચાલતાને અમારે ઘણાય ચાલતા બધા. એ જાણે કે આ દીક્ષા લે છે ને આવું છે આ બધું. એમ કે શું છે આ? કાંઈ સમજીને લે છે?

ભાઈ! કેવળજ્ઞાન એટલે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે. આમ ચક્કર આખું પડ્યું આમ. આમ નજર પડી ગઈ. અથવા થાળી આવે. પહેલી થાળી હતી ને ઓલી. અત્યારે તો થાળી પીત્તળની. નહિતર પહેલા કાંસાની થાળી આવતી. કાંસાની થાળી. ગોળ કાંસુ હોય. એમાં થાળીમાં થાળી ન સમાય. અને જ્યારે ધરતીકંપ થાય ને ધરતી. એટલે થાળી આમ ઉપર પડી હોય ને એ ખખડે ત્યારે ખબર પડે કે ધરતીકંપ થયો કારણ કે થાળીમાં થાળી ન સમજાય. આમ ગોળ કાંઠા હોય. ક્યાંથી શરૂ થયો એ ગોળ કાંઠો? ત્યારે ખ્યાલ ન આવ્યો આખો? ખ્યાલ આવી ગયો માટે એની શરૂઆત અને એનો અંત છે એમ કોણે કહ્યું?

અહીં એ કહ્યું, જોયું! **'કેવળજ્ઞાન વડે જાણ્યું તેમ કરણાનુયોગમાં વ્યાખ્યાન છે,...'** વ્યાખ્યાનનું વિધાન છે હોં. એમાં આ પહેલો જ બોલ મૂક્યો છે લ્યો. **'સર્વ સ્વરૂપ નિરૂપણ થઈ શકતું નથી...'** થોડુ ઘણું ભગવાન છદ્મસ્થના જ્ઞાનમાં કાંઈ ભાવ ભાસે એવું વાણીમાં આવે છે. બધું કહી શકે? જ્યાં પાર નથી. બાર અંગમાં પણ સ્થૂળ વાત છે. વાણી કેટલું (કહે)? આ તો વાણી દુશ્મન છે. આ ચૈતન્ય અરૂપી જ્ઞાનઘન એની સાથે વાણી દુશ્મન-જડ. હવે જડ દ્વારા એની વાત કરવી, કેટલી કરી શકે એ? કેટલી કરે? આવે ભલે. સ્વપર વાર્તા કહેવાની તાકાત પરમાણુમાં છે. સ્વપર વાર્તા કહેવાની તાકાત (જડની છે). એ તો દરેક ઠેકાણે લખ્યો ને કળશ એક. દરેક ઠેકાણે. આમાં પણ કળશ છે ને છેલ્લો. એનામાં શક્તિ છે. વાણીમાં રજકણોમાં એ સમયમાં એ પર્યાય થવાની, સ્વપર વાર્તા કહેવાની, પોતાનું અસ્તિત્વ અને બીજાનું અસ્તિત્વ પરિણમીને પરમાણુ થવાની એનામાં તાકાત છે. જાણીને

જાણવાનું શું કામ છે ત્યાં? ભગવાન આત્મામાં સ્વપર જાણવાની તાકાત છે. વાણીમાં સ્વપર કથન કરવાની તાકાત છે. બે ચીજી તદ્દ્ન જુદી છે. છેલ્લો શ્લોક છે ને. દરેકમાં છેલ્લો મૂક્યો છે.

કહે છે કે જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ જીવ છે, કેવળજ્ઞાની આમ જાણે. એવો જ્ઞાનસ્વરૂપ જ હું છું એમ જાણ્યું અને દૃષ્ટિની પ્રતીતનું પરિણમન થયું, '**પછી સમ્યક્ત્વના પરિણામથી ભ્રષ્ટ થયા,...**' વળી રુચિ પલટી ગઈ કોઈ. આવો હશે? આ શું છે? અજ્ઞાનીને.. જુઓ પોતે પોતાના '**પછી સમ્યક્ત્વના પરિણામથી ભ્રષ્ટ થયા, તેમને રાગ–દ્વેષ–મોહરૂપ અશુદ્ધ પરિણામ હોવાથી જ્ઞાનાવરણાદિ કર્મબંધ થાય છે, કેમકે મિથ્યાત્વના પરિણામ અશુદ્ધરૂપ છે.**' એક સિદ્ધાંત લઈ લીધો. એ મિથ્યા રાગમાં એકત્વબુદ્ધિ એ જ મિથ્યાત્વ, એ જ અશુદ્ધ પરિણામ છે. સમજાણું કાંઈ?

ભગવાન આખો આત્મા શુદ્ધ ચૈતન્ય એકલો જ્ઞાનનો સૂર્ય, જ્ઞાનસૂર્ય બસ. એ જ્ઞાનસૂર્ય જે ચૈતન્યબિંબ એની અંતર્મુખની પ્રતીતિમાં જે સમ્યક્ પરિણમ્યું એની પ્રતીતિ ખસી ગઈ. આ નહિ, આ નહિ. વળી આ રાગ ને વિકલ્પ ને આ કાંઈક.. કાંઈક.. કાંઈક.. કાંઈક મારામાં છે, કાંઈક હું એનો કર્તા છું, એ કાંઈક મને લાભદાયક છે એવી દૃષ્ટિ રાગ સાથે જોડાઈ ગઈ (એટલે) ભ્રષ્ટ થયો.

મિથ્યાત્વરૂપ, '**મિથ્યાત્વના પરિણામ અશુદ્ધરૂપ છે.**' દેખો! ઓલા એકલા મિથ્યાત્વ ગયા વિનાના જે રાગ–દ્વેષ એના પરિણામને અહીં ગણ્યા નથી. '**કેવા છે તે જીવ?**' ''**विमुक्तबोधा**'' '**છૂટ્યો છે શુદ્ધસ્વરૂપનો અનુભવ જેમને,...**' બોધ એટલે એકલું જ્ઞાન. એકલા જ્ઞાનનું જ્ઞાન જે બોધ હતું. જ્ઞાનનું જ્ઞાન હતું (એ) છૂટી ગયું. એકલા રાગની સાથે જોડાણ થઈ ગયું. અંધકાર. રાગ તો અંધકાર છે. ચૈતન્યના પ્રકાશથી વિરુદ્ધ ભાવ છે. દયા, દાન હો કે વ્રત હો, કોઈપણ વિકલ્પ હો, એ અંધકારરૂપ છે. ચૈતન્યનો પ્રકાશ બોધસ્વરૂપની સાથે બોધ હતો એણે અબોધ સ્વરૂપની સાથે જોડાણ કર્યું.

'**છૂટ્યો છે...**' (**बोधाः**) '**શુદ્ધસ્વરૂપનો અનુભવ જેમને, એવા છે.**' આ તો ભાઈ વાત જણાવે તો ખરા ને. બાકી પહેલેથી એમ શંકા કરે કે પડી જઈશ, પડી જઈશ, પણ શું પડેની ક્યાં વાત છે અહીં. અહીં તો વસ્તુ આવી છે એની જે દૃષ્ટિ છોડી દે છે એ રાગમાં જોડાણ કરીને મિથ્યાત્વભાવને ઉત્પન્ન કરે છે. આ વાત એક જગતમાં બને છે એવી વાત જ્ઞાનીએ બતાવી. એ બતાવી છે નહિ પડવા માટે. વીતરાગની વાણી વીતરાગભાવ બતાવવા માટે છે કોઈપણ વાક્યમાં કે રાગમાં જોડાણ થઈ ગયું એ બતાવીને એને મિથ્યાત્વમાં પાડવા માટે વાત છે? બધા શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. હવે આ બતાવે છે એમાં તાત્પર્ય તો એ કે પરમાં જોડાવું નહિ અને સ્વમાં જોડાવું એ એનું તાત્પર્ય છે. સમજાણું કાંઈ? વાક્યો ગમે તેવા હોય. એ તો અગિયારમે ગુણસ્થાનેથી પડે છે એમ વાક્ય આવે.

એટલે શું પણ? આ વાક્યમાં તાત્પર્ય શું? કે તારું સ્વરૂપ અખંડાનંદ પ્રભુ છે એની દૃષ્ટિ છોડીશ નહિ, આ બાજુ દૃષ્ટિ કરીશ નહિ એમ બતાવવા માટે છે. સમજાણું કાંઈ?

કોઈ એમ સમજે કે આ વાક્યો તો ભગવાને પડવા માટે (કહ્યા છે). તો તું એની વાક્યમાં ભાવના પણ સમજતો નથી. કેમકે જ્યારે તીર્થંકરપણું બાંધ્યું હતું એ સ્વરૂપની દૃષ્ટિના ભાનમાં, ત્યારે વિકલ્પ એવો હતો કે હું પૂર્ણ થઈ જાઉં, હું પૂર્ણ થાઉં, જે અધૂરું છે એ પૂર્ણ થાઉં એવો વિકલ્પ હતો. એ વિકલ્પના નિમિત્તે પરમાણુ બંધાઈ ગયા તીર્થંકરગોત્ર આદિના, તો એની વાણીમાં એવું જ આવે. અધિક થઈને પૂર્ણ થાય એવી જ એની વાણીનો આશય છે. એની વાણીનો આશય રાગમાં આવી જશે અને આવી જશે એવો આશય એનામાં હોય નહિ. સમજાણું કાંઈ?

અરે..! ત્રિલોકનાથની વાણી આમ આવે એ વાણીમાં તે એમ બતાવે છે વીતરાગભાવ એવો સ્વભાવ, એનું જોડાણ કર દૃષ્ટિનું અને સ્થિર થા. આ ભ્રષ્ટ થયા એમ બતાવવામાં પણ સ્થિર થા, દૃષ્ટિમાં રહે એમ બતાવવું છે. સમજાણું કાંઈ? નહિતર એ વાક્યના આશયોને સમજતો નથી. બંધકાળના વખતે જે વિકલ્પ હતો ભગવાનને સમ્યગ્દર્શન (સહિત), બંધકાળ વખતમાં વિકલ્પ એ હતો (કે) હું પૂર્ણ થાઉં. આમ બહારથી એમ કહીએ કે જગતના જીવો ધર્મ પામે. એમ કહે. પણ એ ધર્મ પામે એમ વિકલ્પ હતો. ધર્મથી ભ્રષ્ટ થાય એવો વિકલ્પ હોય નહિ. સમજાય છે કાંઈ?

આ વાક્ય નહિ. અમારે આ બધા વાંધા ઉઠ્યા હતા ને એ. વીતરાગની વાણી એવી ન હોય કીધું. વીતરાગની વાણી તો આત્માના સ્વરૂપને વીતરાગપણું બતાવી ઠરવાની વાત હોય એનું નામ વીતરાગ વાક્ય કહેવાય. આવા વાક્ય ભગવાનને (હોય કે) દીઠું હશે એ થાશે અને પછી પુરુષાર્થ કરી શકાશે, આ વાક્ય વીતરાગના છે? કીધું. શું કહો છો આ તમે? વીતરાગની વાણી એવી ન હોય. આગમની એવી વાણી ન હોય. સમજાણું કાંઈ?

આગમ એને કહીએ કે જેને સર્વજ્ઞના મુખમાંથી પૂર્વે ઓલો વિકલ્પ હતો, વિકલ્પ ન્યાં શું બીજું હોય? પૂર્ણ થાઉં. સર્વ જીવ કરું શાસન રસિક એમ આવે છે ભાઈ શ્વેતાંબરમાં. બધા જીવને ધર્મમાં રસીક હું કરું. એવો વિકલ્પ સહેજે આવી જાય. ત્યાં કરવું છે ક્યાં? એવો વિકલ્પ (આવી જાય છે). એમાં જીવોને શ્રવણમાં ધર્મની શુદ્ધિની વૃદ્ધિ થાય, પ્રગટ થાય અને વૃદ્ધિ થાય એવા જ એના વાક્યોમાં ભાવ હોય છે. ધર્મના શાસનના રસિક થાય, રાગના રસિક થાય એમ બતાવવું છે એમને? નેમિચંદભાઈ! આહાહા..! એટલે આ વાક્યો આમ કેમ? એ કહે છે કે ધ્યાન રાખજે. સ્વરૂપની દૃષ્ટિમાં ધ્યાન રાખજે બરાબર હવે. ફરીશ નહિ એમ કહેવાનો આશય આમાં છે. પડી જાય છે માટે તું પડી જઈશ એમ કહેવાનો આશય નથી. કહો, સમજાણું આમાં?

(**विमुक्तबोधाः**) 'છૂટ્યો છે...' (**बोधाः**) '**શુદ્ધસ્વરૂપનો અનુભવ જેમને, એવા છે.**' એટલે એ જીવો અજ્ઞાનપણે પરિણમી જાય છે, એને નવા કર્મ બંધાય છે. કહો, બરાબર છે ધર્મચંદજી! '**કેવો છે કર્મબંધ?**' એક એક વાક્યમાં કેટલું ભર્યું છે! એમાં આખો સિદ્ધાંત હોય છે. વીતરાગ... વીતરાગ.. વીતરાગ... વીતરાગ થયા, વીતરાગી વિજ્ઞાન થઈ ગયા. એના મુખમાંથી વીતરાગી વિજ્ઞાન થવાની જ વાત હોય એની. એનો આશયનો સાર તો એ જ હોય. વીતરાગ વિજ્ઞાન થા ભાઈ! વીતરાગ તારું સ્વરૂપ, વિજ્ઞાન તે તારું રૂપ એમાં દૃષ્ટિ કરીને ઠર. સારા શાસ્ત્રનું તાત્પર્ય સાર તો આ છે. સમજાય છે? એને હીણો પાડવો અને મોળા પાડવા એ ભગવાનના વાક્યમાં હોય નહિ. આહાહા..!

જુઓને કહ્યું ને. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**' જેણે અમારા દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણ્યા એ મોહનો નાશ કરશે, ક્ષાયિક સમકિત થશે. ઓહોહો..! એને એમ કહ્યું કે કેવળજ્ઞાનની પર્યાયમાં અમે પડેલા જોયા છે અને આ જોયેલા માટે તું પણ પડીશ. એમ ભગવાન કહે છે ત્યાં? સમજાણું કાંઈ? જેણે અમને જાણ્યા એ આત્માને જાણશે અને આત્માને જાણશે... એણે એમ ન કહ્યું કે અમે તો ભગવાન, અમે કેવળજ્ઞાનમાં બધું જોયું છે ત્યારે તારું થાશે. એટલે તું કાંઈ હમણાં કરી શકીશ નહિ. કહો, સમજાણું કાંઈ? એ વાણી એની અંદરથી એક એવી આવી, જે અમારા કેવળજ્ઞાનની પર્યાયને, કેવળદર્શનને જાણશે એ જાણનારો મહત્તા સ્વભાવની દૃષ્ટિ કરીને મોહને ખપાવશે. '**मोहो खलु जादि तस्स लय**' લય થઈ જશે, મોહ લય થઈ જશે. પછી બીજી ગાથામાં, પહેલી દર્શનની. આ ૮૦ પહેલી દર્શનની લીધી., ૮૧માં (એમ કહ્યું) એના પછી રહેલા રાગ-દ્વેષ એને છોડશે એ વીતરાગ થશે. એ બીજી ગાથા. એવો જ ઉપદેશ ત્રીજીમાં મૂક્યો ૮૨માં.

આમ ભગવાને કર્યું '**किच्चा तधोवदेसं**' તેવો જ ઉપદેશ વાણીમાં આવ્યો. આ વાક્ય છે ભગવાનનું. ૮૦, ૮૧, ૮૨. અલૌકિક કથન. અલૌકિક વાત. ૮૦, ૮૧, ૮૨ ત્રણેય એ તો અલૌકિક વાત સર્વજ્ઞના મુખની આવી છે એ સંતોએ જીલી છે એ સંતો કહે છે. સમજાણું કાંઈ? ભગવાન એ ઉપદેશ કરીને નિર્વાણને પામ્યા. આવો ઉપદેશ કરીને નિર્વાણ પામ્યા. વાણીનો યોગ હતો તે આવો યોગ હતો. નિર્વાણ પામ્યા. વાણી બંધ થઈ ગઈ. મુક્ત થઈ ગયા. એમાં આવે છેને? એવા નિર્વાણ પામ્યા (તેમને નમસ્કાર હો). ૮૨ ગાથામાં આવે છે. આવે છેને ઈ? નમો. એનો અર્થ પ્રમોદમાં છે. પ્રમોદ આવ્યો પ્રમોદ. હે નાથ! આપની વાણી આવી નીકળી અને આપનો નિર્વાણ થયો, નમો તેને નમસ્કાર છે!

'**सव्वे वि य अरहंता**' પાછું એમ લીધું. ત્રણ કાળના અરિહંતો. '**सव्वे वि य अरहंता**' વજન તો જુઓ! '**तेण विधाणेण खविदकम्मंसा**' ભગવાનનું જ્ઞાન કેવળજ્ઞાન જાણ્યું, પર્યાયને જાણી, દ્રવ્ય-ગુણ ભેગા જાણ્યા. પણ પ્રગટ પર્યાય આવી છે એમ જાણી અને આત્મા સાથે

મેળવે છે એ, એ પોતે સર્વ કર્મનો મોહનો નાશ કરે છે. પછી ૮૧માં એમ કહ્યું **'जीवो ववगदमोहो'** એમ થઈને **'उवलब्धो तच्चमप्पणो सम्मं। जहदि जदिरागदोसे'** અનુભવ થયો પછી રાગ-દ્વેષ છોડે **'सो अप्पाणं लहदि सुद्धं।।'** એ પૂર્ણ શુદ્ધ આત્માને પામે છે. પછી કહ્યું, **'सव्वे वि य अरहंता'** જુઓ! આ પ્રવચનનો સાર. સર્વજ્ઞની વાણીનો આ સાર છે. **'तेण विधाणेण खविदकम्मंसा किच्चा तधोवदेसं'** વાણી એવી નીકળી, કર્યો એમ કહેવાણું. **'किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं।।'** પ્રભુ નિર્વાણ પામ્યા. ... થઈ ગયા. વાણી આવી નીકળી એમને નમસ્કાર છે. સમજાણું કાંઈ? આ તો પ્રવચનસાર. તો પ્રવચનસાર. પ્ર—વિશેષે, વચનો એટલે દિવ્યધ્વનિ એનો સાર.

ભગવાન! તું તારા સ્વરૂપની દૃષ્ટિ કર અને દૃષ્ટિ કરીને પછી દૃષ્ટિપૂર્વક રાગ-દ્વેષને છોડ અને એ રાગ-દ્વેષને છોડીને પૂર્ણ પરમાત્મપદને પામ. કારણ કે અનંતા સર્વ અરિહંતો, **'सव्वे वि य अरहंता'**એ આમ કર્યું છે. એમ તારે એ જ કરવાનું છે. લ્યો!

**શ્રોતા** :- આ અનેકાંત ન થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ આ અનેકાંત ન થયું? એ કહે છે એ લોકો કે આગમમાં એણે જોયું એમ નહિ, આગમમાં કહ્યું છે એમ માનો. આગમમાં અનેકાંત કહ્યું છે અને એણે ભાળ્યું. એણે ભલે પર્યાય જ્યાં થઈ હોય એમ ભાળી હોય. પણ વાણી એવી નથી. વાણી અનેકાંત છે. નિયત અને અનિયત. એટલે કાંઈક આડુઅવળું થાય. ભાઈ! એમ નથી, તને ખબર નથી. એ તો પર્યાય તો સર્વજ્ઞની જોઈ તે જ પ્રમાણે ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્યની પર્યાય થાય છે. એ પર્યાયનું જે નિયતપણું છે એની સામે અનિયત એટલે બીજાની અપેક્ષાએ તે અનિયત છે. સમજાણું કાંઈ? એની એ પર્યાય બીજાને,... જેમ આત્મા છે એ સ્વદ્રવ્યની અપેક્ષાએ દ્રવ્ય છે, પરદ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય છે.

**શ્રોતા** :- પરદ્રવ્ય પણ એવું માનવું પડશેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ કઈ રીતે થયું? પરદ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય છે. પરક્ષેત્રની અપેક્ષાએ અક્ષેત્ર છે, પરકાળની અપેક્ષાએ અકાળ છે, પર અપેક્ષાએ અભાવ છે. એમ જે છે પોતાનું નિયતપણું એને પરની અપેક્ષાએ અનિયત કહીએ છીએ. અનિયતનો અર્થ આડીઅવળી એમ વાત નથી. વાતને સમજે નહિ શું થાય? વસ્તુની સ્થિતિ એવી છે. પણ કાંઈ વિચાર કરવા નથી. સત્યને શોધવું ઢંઢોળવું નથી કે સત્ય કેવું હોય? પછી શું થાય? આ કાંઈ વાદવિવાદે પાર પડે એવું છે? આમ ભગવાન આત્મા... હવે એમાંને એમાં લેવું હોય તો ગુણ-દ્રવ્ય તે અનિયત છે. એકસાથે રહેલા છે. ઓલા નિયત છે, ત્યારે આ અનિયત છે. એટલે એ રીતે વસ્તુ નથી. એક સમયની પર્યાય છે એટલું આ છે નહિ. શુદ્ધ સ્વરૂપ...

અહીં તો કહે છે કે જે આવા ભગવાન સ્વરૂપને ભૂલ્યો એ ભૂલ્યો એ ભગવાને નવા

કર્મ બાંધ્યા. એ ભગવાનને ભૂલ્યો. કેવળીને ભૂલ્યો અને પોતાને ભૂલ્યો. આ કેવળીની આજ્ઞાને ભૂલ્યો. સમજાણું કાંઈ? અહીં તો કહ્યું કે '**છૂટ્યો છે શુદ્ધસ્વરૂપનો અનુભવ જેમને,...**' એટલે જ્ઞાનમૂર્તિ પ્રભુ, એની જે રુચિ અને દૃષ્ટિનું પરિણમન સ્વસન્મુખનું છોડ્યું એણે ભગવાનની આજ્ઞા છોડી, સ્વરૂપનો અનુભવ છોડ્યો એટલે નવા મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ઉત્પન્ન કર્યા અને નવા કર્મ બાંધ્યા. વ્યવહારથી એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? જુઓ!

'કેવો છે **કર્મબંધ?**' ''**पूर्वबद्धद्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्**'' (**पूर्व**) '**સમ્યક્ત્વ વિના ઉત્પન્ન થયેલાં,...**' પહેલાં. '**મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણામ** વડે...' જુઓ ભાષા. પૂર્વે એણે મિથ્યાત્વ અને રાગ-દ્વેષની પર્યાય દ્વારા બાંધ્યા હતા '**જે...**' (**द्रव्यास्रवैः**) જડ પરમાણુ રજકણ આઠ કર્મની ધૂળ. પણ કઈ રીતે? આવા પરિણામ દ્વારા. નિમિત્ત થયું ને? પૂર્વે આત્માના ભાન વિના એ રાગની એકતાબુદ્ધિ એવો જે મિથ્યાત્વભાવ અને ઇષ્ટ-અનિષ્ટના રાગ-દ્વેષના પરિણામ, પૂર્વે એ અજ્ઞાનીએ કર્યા હતા એનાથી થયા આઠ કર્મ. (**द्रव्यास्रवैः**) એટલે '**પુદ્ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મ...**' મોહનીયદર્શન '**તથા ચારિત્રમોહકર્મ...**' લ્યો! બે વાત લીધી. '**તેમના દ્વારા કર્યો છે નાના પ્રકારના...**' દેખો! અહીં તો મૂળ વાત લીધી. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પરિણામ દ્વારા બાંધ્યા હતા કર્મ એમાં આ બે વાત લીધી ભાઈ! મિથ્યાત્વ અને ચારિત્રમોહ. એમ. કારણ કે એ બંધનું કારણ છેને ખરું. અબંધનું કારણ અભાવ. મિથ્યાત્વનો, રાગ-દ્વેષનો અભાવ એવું સમ્યગ્દર્શન અબંધનું કારણ, આ બંધનું કારણ. એને મૂળ વાત લીધી છે. શું કહ્યું સમજાણું?

આત્માનું સ્વરૂપનું ભાન શુદ્ધ દૃષ્ટિ થઈ એને, કહે છે કે પૂર્વે અજ્ઞાનભાવે બંધાયેલા હતા, મિથ્યાત્વથી બંધાયેલા રાગ-દ્વેષ આદિ '**પુદ્ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મ...**' એ જડ અને ચારિત્રમોહ એ જડ '**તેમના દ્વારા કર્યો છે નાના પ્રકારના રાગ-દ્વેષ-મોહ પરિણામનો...**' એટલે? એ નિમિત્તના સંબંધમાં જોડાણો, સ્વભાવનો સંબંધ છોડ્યો, નિર્મળ પરિણામ છૂટ્યા. નિમિત્તના સંબંધમાં જોડાણો, મલિન પરિણામ થયા.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોણે? એની ક્યાં વાત છે અહીં? અહીં તો ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધની જે દૃષ્ટિ હતી, સ્વભાવ સાથેનો સંબંધ (હતો તેને છોડીને) એણે નિમિત્ત સાથે સંબંધ કર્યો. અહીં છૂટ્યો એટલે ત્યાં જોડાણો, અહીં તોડ્યું એટલે ત્યાં જોડ્યું. સમજાણું કાંઈ? આહાહા..!

'**તેમના દ્વારા...**' (**कृत**) '**કર્યો છે નાના પ્રકારના...**' જુઓ! નિમિત્ત દ્વારા છે ને? નિમિત્ત થયુંને એને? સ્વભાવ તરફ હતો ત્યારે નિમિત્ત હતું એ ખરી જતું. ઉદય આવતો એ ખરી જતો. આ તો ઉદય દ્વારા થયું. એ નિમિત્ત દ્વારા કર્યું ને એની દૃષ્ટિ ગઈ ત્યાં.

અહીં સ્વભાવ શુદ્ધ તરફનો આશ્રય છૂટ્યો એટલે એણે આશ્રય કો'કનો લીધો એનો અર્થ કે નિમિત્તનો લીધો. ભલે એને ખ્યાલમાં ન હોય. અનેક પ્રકારના '**રાગ–દ્વેષ–મોહ...**' એટલે મિથ્યાત્વપરિણામ તેનો સમૂહ એવા વિકલ્પની જાળ. એ નિર્વિકલ્પ ભગવાન આત્મા એની દૃષ્ટિનો અભાવ, ત્યાં નિર્વિકલ્પ પરિણતિ જે ઉત્પન્ન થતી સમ્યગ્દૃષ્ટિના કાળમાં, એને આ પરમાં જોડાણ (થયું) એટલે વિકલ્પની જાળ ઊભી થઈ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા વીતરાગ વિજ્ઞાનઘન એની દૃષ્ટિ થતાં તો વીતરાગી પરિણામ વિકલ્પ વિનાના નિર્મળ પરિણામ થતાં. એ વીતરાગ સ્વભાવનો આશ્રય છૂટ્યો, નિમિત્તનો આશ્રય થયો એટલે વિકલ્પની જાળ ઊભી થઈ. જે સ્વરૂપમાં નથી. એ પર્યાય રાગની બુદ્ધિમાં જોડાણ થતાં રાગ ઠીક છે, આ છે... આ છે.. આ છે... આમ જે ઠીક હતું સ્વભાવમાં એ તરફથી છૂટ્યો, આમ બહિર્મુખમાં વિકલ્પ એ ઠીક છે, લાભદાયક છે, મારું જોડાણ એમાં કરું તો મને ઠીક. એમ જે બુદ્ધિ મિથ્યાત્વની થઈ એ રાગ-દ્વેષ-મોહના સંકલ્પ-વિકલ્પ ઊભા કર્યા. કહો, સમજાણું આમાં? ભાઈ! અહીં તો મૂળ રકમની વાત છે.

**શ્રોતા :–** એકલું વ્યાજ આપ્યા કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એકલું વ્યાજ આપ્યા કરે. દસ લાખ આપ્યા હોય અને ચાર આના તરીકે આપ્યા કરે વ્યાજ. ઓલો કહે, પણ મૂળ રકમ શું? હવે ૨૦ વર્ષ થઈ ગયા. પછી વાત વ્યાજની. મુદ્દા રકમ છે કે નહિ? ૨૦ લાખ આપ્યા એમાં કાંઈ મૂડી રહી છે કે વ્યાજ જ એકલું આપ્યા કરે છે? પુણ્ય પરિણામની એ વાત પછી કહે છે.

આ આત્મા ભગવાન શુદ્ધ ચૈતન્યનું અવલંબન એ મૂળ મૂળગી પુંજી, એણે જેને છોડી એ મૂળની પુંજી વિનાના રાગની સાથે જોડાણ કર્યું અને વિકલ્પની જાળ ઊભી કરી, જે પુંજીમાં નથી—ધર્મ મૂડીમાં નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ક્યાં શરણ ગોતવા જાય? હવે બહારના તો ક્યાંય રહી ગયા. અંદર વિકલ્પના રાગમાં શરણ ગોતવા જાય તો તો મિથ્યાત્વ થઈ ગયું છે. આહાહા..! 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' એમ કીધું છે ને? તો કેવળી પણ્ણંતો ધર્મ શું? વીતરાગભાવ. શરણ ક્યું હશે? સમજાણું કાંઈ? ભગવાન આપવા આવતા હશે.

**શ્રોતા :–**કરુણાસાગર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કરુણાસાગર એ તો અકષાયભાવ છે. ત્યાં ક્યાં દેતા હતા, લેતા હતા? કહો, સમજાણું કાંઈ?

આ એક જણ કહેતા હતા જુઓ. ઓલાએ કહ્યું હતું કે ભગવાનને સમકિતના આઠ આચાર છે તો એને વાત્સલ્ય જીવ ઉપર આવે છે. આઠ ગુણ છે કે નહિ સમકિતના? ત્યારે સમકિત.. એક જણે એમ કહ્યું. પંડિતજી! માણેકચંદજી એણે લખ્યું હતું. ભગવાનને પણ સમકિતના આઠ આચાર (હોય છે). સમકિત છે કે નહિ એને? તો એને આઠ આચાર છે

કે નહિ? એને વાત્સલ્ય છે કે નહિ? જીવો ઉપર એને પ્રેમ છે. અરે.. ભગવાન! કોણ જાણે પણ એવા લાકડા લડાવે છેને. આઠ આચાર છે કે નહિ? પણ એ આઠ આચાર તો નિશ્ચય છે. વ્યવહાર કે દિ' ત્યાં વિકલ્પના હતા? જીવો પ્રત્યે પ્રેમ આવે છે એને એમ કહે છે. એમ લખ્યું હતું. લખ્યું હતું ને આવ્યું હતું, વાંચ્યું હતું. ભગવાનને પણ વાત્સલ્ય છે. નહિતર સમકિત ન હોય એને. ઓહોહો..!

**શ્રોતા** :–વ્યવહાર કે નિશ્ચય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ વાત્સલ્ય થાય, પ્રેમ થાય.

અહીં તો કહે છે કે વાત્સલ્યનો વિકલ્પ નીચે ઉતરે સમકિતીને એ વ્યવહાર પુણ્યબંધનું કારણ છે. વાત્સલ્ય તો સ્વરૂપની એકાગ્રતા એ એનું વાત્સલ્ય છે. સમજાય છે? ગાયનો દાખલો આપે છે ને ઓલા ગાયના બચ્ચાનો. વાછરડાનો. વાછરડા ઉપર પ્રેમ બહુ હોય છે. એ તો દાખલો આપ્યો છે. એમ ભગવાન આત્મા પ્રત્યે પ્રેમ છે. ભગવાન આત્મા પ્રત્યે અંતર પ્રેમ છે કે જે રાગ એનો પ્રેમ લઈ ન જાય. એ નિશ્ચય આચાર છે. છદ્મસ્થ છે ત્યાં સુધી વ્યવહાર વિકલ્પ પણ હોય છે. કેવળીને કેવો એ? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે—જેટલો કાળ જીવ સમ્યક્ત્વના ભાવરૂપ પરિણમ્યો હતો...**' જુઓ આટલી ભાષા નાખી પાછી. '**સમ્યક્ત્વના ભાવરૂપ પરિણમ્યો હતો...**' પર્યાયને પણ ભાવ કીધો છે. ભાવ દ્રવ્યને પણ કહેવાય, ગુણને પણ કહેવાય, પર્યાયને પણ કહેવાય. ભાવ છે ને ભવન, થવું થવું. '**જેટલો કાળ જીવ સમ્યક્ત્વના ભાવરૂપ પરિણમ્યો હતો તેટલો કાળ ચારિત્રમોહકર્મ કીલિત સાપની માફક...**' એ બાંધ્યા સર્પની સમાન છે. સર્પને બાંધી રાખ્યો. સમજાણું? કીલિત. મોકળો મૂક્યો નથી. બાંધી રાખ્યો એક ઠેકાણે. કીલિત બંધાયેલો સાપ. સર્પને બાંધ્યો. અથવા બહુ એવું હોય છે ને જ્યારે પાણી ઠંડુ છાંટે છે ભાઈ. ઓલો સર્પ એવી રીતે ગરી ગયો હોય ને પટારામાં. સાણસો પહોંચે નહિ, પટારો ફેરવાય નહિ. કારણ કે પટારાની જોડે ગરી ગયો અંદર પાછળ મોટો. પછી કરવું શું? પછી ટાઢા પાણી છાંટે એને. જરી ઠરી જાય. હલી શકે નહિ. ઠંડુ (લાગે એટલે) ચાલી ન શકે. અમારે ત્યાં થયું હતું એક ફેરી. વખારમાં સર્પ ગરી ગયેલો અંદર. હવે એ નીકળવો.. જોડે નજીક એ ફેરવવું શી રીતે? ઉપાડવા કોણ જાય એને ઊંચું પટારા? જવાય નહિ, નીકળે નહિ. ઠંડું પાણી છાંટે એટલે ઘડી બે ઘડી બિલકુલ હલે નહિ, બિલકુલ હલે નહિ. હાલી શકે જ નહિ. પછી પટારો આમ લઈ લ્યે અને પછી પકડે.

એમ આ દર્શનમોહનો નાશ થતાં ચારિત્રમોહ તો બાંધેલો કીલા સર્પ જેવો છે. એ સર્પ–બર્પ ફુંફાડા મારે નહિ હવે, ઠરી ગયો છે એ. ફુંફાડો કહે છે ને? ફું... ન કરે. એ ઠંડુ પાણી નાખે પછી શાંત થઈ જાય. ઠરેલું છે હોં! અમે જોયું છે ત્યાં વખારમાં હતું ને પાછળ.

વખાર હતી ને. આ તો પકડાય નહિ, હવે ... જાય કોણ? સાણસો પણ કોણ નાખે? હેઠે જાય શી રીતે? આટલું પકડાય ત્યાં આમ આમ ફર્યા કરે. પાણી નાખે એટલે ઠરે થોડી વાર ઘડી બે ઘડી.

એમ '**જેટલો કાળ જીવ સમ્યક્ત્વના ભાવરૂપ પરિણમ્યો હતો તેટલો કાળ ચારિત્રમોહકર્મ કીલિત સાપની માફક...**' છે. ઠંડો થઈ ગયો સર્પ, એનાથી કાંઈ થાય એવું હવે નથી. '**પોતાનું કાર્ય કરવાને સમર્થ ન હતું;...**' દેખો એવી ભાષા લીધી. ચારિત્રમોહથી અહીં રાગ થાય એવું કાર્ય કરી શકે (એવી) તાકાત નથી. '**તેટલો કાળ ચારિત્રમોહ...**' હિન્દીમાં એ લીધું છે ભાઈએ બનારસીદાસે. આમાંથી કાઢ્યું છે ને. એમાં એ લીધી છે ભાષા. '**કીલિત સાપની માફક...**' છે. '**જે તે જીવ પંડિત ખયોપસમી ઉપસમી,...**' આમ પાઠમાં લીધું ખરું ને. પંડિત એટલે સમકિતી. '**તિન્હકી અવસ્થા જ્યૌં લુહારકી સંડાસી હૈ.**' જરી એ રીતે ભાષા લીધી.

**ખીન આગમાંહિ ખિન પાનીમાંહિ તૈસૈં એઊ,**
**ખીનમૈં મિથ્યાત ખિન ગ્યાનકલા ભાસી હૈ.**

એવી શૈલી લીધી જરી. જ્ઞાન ખસી જાય છે. એ કાંઈ ક્ષયોપશમ સમકિત એકદમ.. એમ જ કાંઈ નિયમ નથી. એ તો ૬૬ સાગર સુધી એકરૂપ રહે. પણ એવી શૈલી એક જરી લઈ લીધી છે.

**જૌલોં ગ્યાન રહૈં તૌલૌં સિથિલ ચરન મોહ,**
**જૈસૈં કીલે નાગકી સકતિ ગતિ નાસી હૈ.**

બાંધ્યો ખીલે આમ મંત્ર કરીને. આઘો ચાલી શકે નહિ. મંત્ર માર્યો છે એને. ચાલી શકે નહિ, ચાલી શકે નહિ. એમ દર્શનમોહનો નાશ કર્યો. ચારિત્રમોહ કામ કરી શકે નહિ રાગ-દ્વેષનું. કહો, સમજાણું કાંઈ?

**આવત મિથ્યાત તબ નાનારૂપ બંધ કરૈ,**
**જ્યૌં ઉકીલૈ નાગકી સકતિ પરગાસી હૈ.**

નાગ પાછો ફાટ્યો. બરાબર આમાંથી લીધું છે. કહે છે, એ જીવને પોતાનું કાર્ય ચારિત્રમોહનો ઉદય, બંધાયેલા બાંધેલા, ઠરેલા, મંત્ર નાખેલા સર્પની સમાન છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની સમ્યગ્દષ્ટિ થઈ, માર્યો મંત્ર કે ચારિત્રમોહનો ઉદય કાર્ય રાગ-દ્વેષ કરી શકે નહિ. મિથ્યાત્વના રાગ-દ્વેષ એની જ વાત છે ને. કહો, સમજાણું?

'**જ્યારે તે જ જીવ સમ્યક્ત્વના ભાવથી ભ્રષ્ટ થયો થકો...**' ભગવાન આત્મા શુદ્ધ દષ્ટિની અનુભવદષ્ટિ ભલે લબ્ધરૂપ હો, ઉપયોગરૂપ ભલે ન હો, પણ લબ્ધરૂપ પણ અંતર સમ્યગ્દર્શન છે, લબ્ધ એટલે ઉપયોગની વ્યાખ્યા છે. એ જ્યાં સુધી એને સમ્યગ્દર્શનની

દશા છે તો **'ત્યારે ઉત્કીલિત સાપની માફક...'** એને બાંધ્યા સર્પની સમાન. જે મિથ્યાત્વભાવ પરિણમ્યો, રાગની સાથે એકત્વ થયો, દ્વેષ સાથે એકત્વ થયો, **'ત્યારે ઉત્કીલિત સાપની માફક...'** ફુંફાડા મારતો સર્પ નીકળ્યો. **'પોતાનું કાર્ય કરવાને સમર્થ થયું.'** તો રાગ-દ્વેષ થાય અનંતાનુબંધીના. નહિતર થાય નહિ.

**'ચારિત્રમોહકર્મનું કાર્ય જીવના અશુદ્ધ પરિણમનનું નિમિત્ત થવું તે.'** લ્યો ઠીક! કેટલું સ્પષ્ટ કર્યું છે! ચારિત્રમોહના કર્મ છે ને માટી જડ અજીવ? એનું કાર્ય એવું (કે) જે જીવને અશુદ્ધ પરિણમનમાં નિમિત્ત થવું. અશુદ્ધ પરિણમન એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું અજ્ઞાન એ અશુદ્ધ પરિણામ. **'ભાવાર્થ આમ છે કે—જીવ મિથ્યાદૃષ્ટિ થતાં ચારિત્રમોહનો બંધ પણ થાય છે.'** જીવની દૃષ્ટિ શુદ્ધ ભગવાન આત્મા, પરમાનંદની મૂર્તિના પ્રેમની દૃષ્ટિ છૂટી એટલે ચારિત્રમોહ(નો) બંધ પણ થાય છે.

**'જ્યારે જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારે ચારિત્રમોહના ઉદયે બંધ થાય છે,...'** થોડો. **'પરંતુ બંધ શક્તિ હીન હોય છે...'** ઘણી હીન, અનંતમા ભાગે હીન. અનંત સંસારનું કારણ અનંતાનુબંધી અને મિથ્યાત્વ ગયું. મહા સંસાર તો એ છે. **'જ્યારે જીવ સમ્યક્ત્વ પામે છે...'** પોતાના પરમાત્માને દૃષ્ટિમાં પ્રાપ્ત કરે છે **'ત્યારે ચારિત્રમોહના ઉદયે બંધ થાય છે,...'** થોડો જરી અસ્થિરતાનો રાગ-દ્વેષ છે. અસ્થિરતાનો હોં. **'પરંતુ બંધશક્તિ હીન હોય છે...'** ઘણી બંધશક્તિ હીન છે. એકત્વબુદ્ધિ નથી એટલે બંધશક્તિ ઘણી હીન અને ઓછી છે. **'તેથી બંધ કહેવાતો નથી.'** એ માટે તેને બંધ કહેવામાં આવ્યો નથી. કહો, સમજાણું કાંઈ? પહેલા પણ કહ્યું હતું કે થોડો હોય છે. થોડો છે પણ ગણવામાં આવ્યો નથી. પહેલા આવ્યું હતું ને ૧૦૨ પાને. થોડું કહ્યું હતું.

સૂક્ષ્મ.. છે ને? **'સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષપરિણામથી બંધ થાય છે...'** ૧૦૨ પાને અને ૧૧૮ કળશ. **'તો ઘણો જ અલ્પ બંધ થાય છે; તો પછી સમ્યગ્દૃષ્ટિ જીવને બંધ થાય છે એવું કોઈ ત્રણે કાળમાં કહી શકે નહિ.'** જોયું! અને અહીં કહે છે એવા જીવને **'બંધ થાય છે, પરંતુ બંધ શક્તિહીન હોય છે...'** એટલો શબ્દ રાખ્યો. ઘણી હીન. અનંતાનુબંધી ગયો, સ્વરૂપનું આચરણ થયું, દૃષ્ટિનું ભાન થયું, ભગવાનનો ભેટો થયો હવે એ ગરીબ રાંકડા ચારિત્રમોહના ઉદય રાંક ભિખારી, કહે છે કે એનાથી જરી રાગ થયો તો બંધશક્તિ ઘણી થોડી છે. આ વસ્તુના સ્વરૂપનું માહાત્મ્ય અને રાગના માહાત્મ્યની આખી બે વાતું છે. આહાહા..! બાકી બધું સમજવા જેવું છે. બહારની ક્રિયા એ તો એને કારણે જડનું થાય એ થાય. રાગ વિકારનું માહાત્મ્ય અને સ્વભાવના માહાત્મ્ય વચ્ચેની આ આખી વાત છે. સમજાણું કાંઈ?

**'આ કારણથી સમ્યક્ત્વ હોતાં ચારિત્રમોહને કીલિત સાપના જેવો ઉપર કહ્યો**

છે,...' બાંધી નાખ્યો બાંધી. ચારિત્રમોહને બાંધી લીધો. સમજાણું કાંઈ? '**જ્યારે સમ્યક્ત્વ છૂટી જાય છે ત્યારે ઉત્કીલિત સાપના જેવો...**' ઉકલ્યો, છૂટ્યો, સર્પ છૂટ્યો. બાંધ્યો હતો એ છૂટ્યો. '**ચારિત્રમોહને કહ્યો;...**' એ '**ઉત્કીલિત સાપના જેવો ચારિત્રમોહને કહ્યો; તે ઉપરના ભાવાર્થનો અભિપ્રાય જાણવો.**' લ્યો! સમજાણું કાંઈ? એ કહ્યું હતું ને છેલ્લે. '**द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।।**' બસ. ત્યારે કહ્યું. ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપનું પરિણમન જ્યાં દૃષ્ટિમય થયું અને અશુદ્ધ પરિણમન થતું નથી. અને અશુદ્ધ પરિણમન જ્યાં મિથ્યાત્વનું થયું ત્યાં ચારિત્રમોહનો ઉદય તેને બંધરૂપે કાર્ય કરવામાં સમર્થ છે. આમાં બંધરૂપી કાર્ય કરવામાં સમર્થ છે નહિ. કહો, સમજાણું?

(અનુષ્ટુપ)

इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्बन्ध एव हि।।१०-१२२।।

**ખંડાન્વય સહિત અર્થ :-** ''**अत्र इदम् एव तात्पर्यं**'' (अत्र) આ સમસ્ત અધિકારમાં (इदम् एव तात्पर्यं) **નિશ્ચયથી આટલું જ કાર્ય છે. તે કાર્ય શું?** ''**शुद्धनयः हेयः न हि**'' (शुद्धनयः) **આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ** (हेयः न हि) **સૂક્ષ્મકાળમાત્ર પણ વિસારવાયોગ્ય નથી. શા કારણે?** ''**हि तत् अत्यागात् बन्धः नास्ति**'' (हि) **કારણ કે** (तत्) **શુદ્ધસ્વરૂપનો અનુભવ તેના** (अत्यागात्) **નહિ છૂટવાથી** (बन्धः नास्ति) **જ્ઞાનાવરણાદિકર્મનો બંધ થતો નથી. વળી શા કારણે?** ''**तत् त्यागात् बन्धः एव**'' (तत्) **શુદ્ધ સ્વરૂપનો અનુભવ તેના** (त्यागात्) **છૂટવાથી** (बन्धः एव) **જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ છે. ભાવાર્થ પ્રગટ છે. ૧૦-૧૨૨.**

## કલશ-૬૯ ઉપર પ્રવચન

હવે આ આખા શાસ્ત્રનો સાર આ શ્લોક છે. બધા શાસ્ત્રનો.

**યહ નિચૌર યા ગ્રંથકૌ, યહૈ પરમ રસપોખ,**
**તજૈ સુદ્ધનય બંધ હૈ, ગહૈ સુદ્ધનય મોખ.**

એ શ્લોકનો અર્થ છે. એનો હિન્દીમાં બનારસીદાસે એ કર્યો છે. લ્યો આખો સાર. '**યહ નિચૌર યા ગ્રંથકૌ,**' નિચોડ નિચોડ આ ગ્રંથનો-સમયસારનો. '**યહૈ પરમ રસપોખ, તજૈ સુદ્ધનય બંધ હૈ, ગહૈ સુદ્ધનય મોખ.**' એક મહાસિદ્ધાંત. એ જ કહે છે જુઓ.

इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्बन्ध एव हि।।१०-१२२।।

**'તાત્પર્યં'** નામ રહસ્ય. લ્યો આ સાર આખો. હવે આ ભાઈ આમાં તકરાર (કરે). આમાં વ્યવહાર મોક્ષનું કારણ અને ફલાણું કારણ એ આમાં ક્યાં રહ્યું? શુભભાવ...

**શ્રોતા :–** આ વ્યવહાર રત્નત્રય પ્રગટે એનું...


**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહાર રત્નત્રય પ્રગટે ક્યાં રહ્યું પણ આમાં? અહીં તો શુદ્ધ સ્વભાવનો આશ્રય તે મુક્તિનું કારણ, એનો આશ્રય છોડવો તે બંધનું કારણ. એક જ મહાસિદ્ધાંત. ત્રણ કાળ ત્રણ લોકમાં. વીતરાગી વાણીમાં આ તાત્પર્ય નામ નિચોડ—રહસ્ય આવ્યું. તાત્પર્ય એટલે રહસ્ય. અનંત તીર્થંકરો થયા, છે અને થશે, બધા સવ્વે હી અરહંતા એની વાણીમાં આ આવ્યું.

**શ્રોતા :–** પણ એ તો એકાંત થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ અનેકાંત છે. વળી એકાંત શું? સ્વપણે છે અને પરપણે નથી દરેક વસ્તુ, એ અનેકાંત છે. પોતાનો પર્યાય પોતાપણે છે, પરપણે નથી. અનેકાંત શું વળ્યું? અનેકાંતનો અસ્તિ-નાસ્તિ વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું, વસ્તુનું પ્રકાશવું થયું. અસ્તિ-નાસ્તિ આદિ આવ્યું નહિ આ? એક વસ્તુમાં વસ્તુપણાની ઉપજાવનારી અસ્તિ-નાસ્તિ આદિ વિરુદ્ધ શક્તિનું... છે ને? આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિનું પ્રકાશવું તે અનેકાંત છે. ઓલા એમ કહે પ્રતિપન્ન એ પ્રતિપન્નનો અર્થ એવો નથી, ભાઈ! તને ખબર નથી. એ તો જ્યાં વસ્તુ દ્રવ્ય છે ત્યાં એ પોતે પર અપેક્ષાએ તે અદ્રવ્ય કહેવાય.

આ નિચોડ શાસ્ત્રનો શું છે એમાં વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)



## વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૧૨, શનિવાર, તા. ૧૦-૭-૧૯૬૫, કલશ-૧૨૨-૧૨૩ પ્રવચન નં. ૯૪

આ સમયસાર કળશ એની ટીકા છે. આસ્રવ અધિકાર. આ સારમાં સાર ગાથા આવી છે આ.

**इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।**
**नास्ति बन्धस्तदत्यागात्तत्त्यागाद्बन्ध एव हि।।१०-१२२।।**

**'ખંડાન્વય સહિત અર્થ :—'** ''**अत्र इदम् एव तात्पर्यं**'' **'આ સમસ્ત અધિકારમાં નિશ્ચયથી આટલું જ કાર્ય છે.'** જોયું! તાત્પર્યનો અર્થ કાર્ય છે. એટલું જ કાર્ય, એટલું રહસ્ય, એટલું તાત્પર્ય. ભગવાનની વાણીમાં ચારેય અનુયોગ આવ્યા. વાણીમાં તો બધું આવ્યું ને. ક્યાં નથી? અને એમાં અધ્યાત્મ જે વાત આવી એમાં પણ સારમાં સાર, તાત્પર્ય એ છે અને કાર્ય એટલું છે.

**'તે કાર્ય શું?'** ''**शुद्धनयः हेयः न हि**'' આ આત્મા વીતરાગ શુદ્ધ સ્વરૂપ પરમાનંદ છે એ વસ્તુએ. એનો સ્વભાવ પરમાત્મા છે, શક્તિએ સત્ત્વ. પર્યાયમાં પ્રગટ થાય એ તો અરિહંત અને સિદ્ધ થાય પણ એનું સ્વરૂપ જ એવું પરમાત્મા છે શુદ્ધ ચિદાનંદ. કહે છે કે એવા આત્માને શુદ્ધ સ્વરૂપનો અનુભવ. એ શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા. એવા સ્વભાવનો અનુભવ એ બધા શાસ્ત્રનો સાર છે. એ કાર્ય છે. કરવાનું કાર્ય આ છે. વસ્તુ ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ પરમાનંદ એને કારણ પરમાત્મા કહીએ અને એનો આશ્રય લઈને એનો અનુભવ કરવો એને કાર્ય કહીએ. આ કાર્ય આખા શાસ્ત્રનું તાત્પર્ય કહેવાનું છે. બીજાનું કાર્ય કરી શકતો નથી. રાગાદિનું કાર્ય પણ એ પુણ્યની કર્તૃત્વબુદ્ધિ (થાય છે) ત્યાં ભ્રમણા થાય છે અને રાગાદિ હોય એ પણ બંધનું કારણ આસ્રવ છે.

ભગવાન આત્મા એ રાગરહિત આખું ચૈતન્યદળ, શુદ્ધ ચૈતન્ય પુર વસ્તુ—પદાર્થ એનો અંતર્મુખ થઈને અનુભવ કરવો એ જ કાર્ય આખા શાસ્ત્રનું છે. કહો. બીજી નય ક્યાં ગઈ? છે, જાણવા માટે છે. નથી એમ નહિ. પર્યાયમાં રાગ-દ્વેષ છે, રાગ-દ્વેષમાં કર્મના સંયોગનું નિમિત્ત છે એ અંશ જે ત્રિકાળી વસ્તુનો એક અંશ વર્તમાનથી ભેદ પણ છે. છે. એ જાણવા માટે છે. પણ આદરવા માટે તો એક જ ત્રિકાળી ચૈતન્ય સ્વરૂપ, સિદ્ધ સ્વરૂપ જ આત્માનું છે અંદર શક્તિએ. એવા આત્માનો અંતર્મુખ થઈને અનુભવ કરવો એટલે કે શુદ્ધ સ્વભાવને

અનુસરીને નિર્મળ દશારૂપે થવું એ જ જીવનું યથાર્થ વીતરાગમાર્ગમાં કાર્ય છે. આહાહા..! કહો, મોતીરામજી! શું કરવું એ આવ્યું. ભારે માર્ગ ભાઈ!

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ જેણે ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં જોયા અને પોતે કાર્યપરમાત્મા થઈ ગયા. કારણ તો પોતે ત્રિકાળ વસ્તુ છે, કાર્યરૂપે પરિણમી ગયા. એ ભગવાનના મુખમાં એમ આવ્યું કે આ આત્મા જ વસ્તુમાં જે નિર્દોષતા, નિર્દોષતા પ્રગટ કરવા માગે છે અર્થાત્ એ અવિકારી પર્યાય નિર્દોષ પ્રગટ કરવા માગે છે, એટલે કે વીતરાગી સર્વજ્ઞદશા આત્મા પ્રગટ કરવા માગે છે એ વીતરાગી સર્વજ્ઞપર્યાય પ્રગટ કરવાનું કારણ એ વસ્તુ છે. એ ચિદાનંદ આત્મા તેના અંદર લક્ષ કરી, તેનો આશ્રય કરીને અનુભવ કરવો એ જ કેવળજ્ઞાન અને વીતરાગદશા પ્રગટ કરવાનો હેતુ અને કારણ છે. કહો, સમજાણું કાંઈ?

''**शुद्धनयः हेयः न हि**'' '**આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ સૂક્ષ્મકાળમાત્ર પણ વિસારવાયોગ્ય નથી.**' ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત એને દૃષ્ટિમાં લઈને એક સમયમાત્ર પણ તે દૃષ્ટિમાં આત્માની ધ્રુવતા વિસારવા લાયક નથી. આવી વાત. કહો, સમજાણું કાંઈ? જો સૂક્ષ્મકાળમાત્ર એટલે એક સમયમાત્ર પણ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્ય આત્મા, જેનામાં પૂર્ણ નિર્દોષ આનંદ આદિ ગુણો, એવા સ્વરૂપનો આશ્રય એક સમયમાત્ર પણ ભૂલવા જેવો નથી. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઈ અર્થ ક્યાંથી કાઢ્યો? એ શેમાંથી આવ્યું આ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમાંથી આ. શું આવ્યું આ? ''**शुद्धनयः हेयः न हि**'' પાઠ શું આવ્યો? ''**शुद्धनयः हेयः न हि**'' એમાંથી આવ્યું. એમ કે અદ્ધરથી નથીને. કહો, સમજાણું કાંઈ?

બે નય. નય એટલે જ્ઞાનનો અંશ, એના વિષયો બે. એક શુદ્ધ પૂર્ણ સ્વરૂપ એ શુદ્ધનયનો વિષય, પણ અહીં વિષયી અને વિષય બેને એક જ અધ્યાત્મમાં ગણવામાં આવે છે. અને વર્તમાનમાં જેટલો પુણ્ય-પાપ રાગાદિ ભેદ આદિ, નિમિત્તનો સંબંધ ભલે હો, એને જાણવાલાયક વ્યવહારનય તેને જાણે. જાણીને આદરવાલાયક તો ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર ઢળવું એ અનુભવ કરવાલાયક વસ્તુ છે. કહો, સમજાય છે કાંઈ? ત્યારે કહે (છે), આ બધું ક્યાં ગયું? ભક્તિ, પૂજા એ વચ્ચે વિકલ્પ આવે, હોય, પણ દ્રવ્યનો આશ્રયનો અનુભવ લબ્ધ જે આત્માની દૃષ્ટિ થઈ એનો આશ્રય એક સમય પણ છોડવા લાયક નથી. સમજાણું કાંઈ?

'**યહ નિચોડ યહ ગ્રંથ કો યહી પરમ રસપોખ, શુદ્ધનય ત્યાગે બંધ હૈ, શુદ્ધનય ગહૈ મોખ.**' આહાહા..! શું થાય, જગતને સત્ય મળતું નથી અને સત્ય શું કહેવા માગે સાંભળે ત્યારે એને આમ ઉપડે અરર..ર..! ગમતું નથી. પહેલા કહે કે વળી ત્યાગ કરો. પણ શેનો ત્યાગ? પહેલો મિથ્યાત્વનો ત્યાગ એ પહેલો ત્યાગ? મિથ્યાત્વના ત્યાગ વિના અવ્રતનો

ત્યાગ થાય શી રીતે? અને અવ્રતના ત્યાગ વિના બહારના નિમિત્તનો સંયોગનો ત્યાગ કર્યો એવું અસદ્‌ભુત વ્યવહારનયે પણ કહેવાય ક્યાંથી? શું કીધું સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એની પર્યાયમાં પાંચ પ્રકાર બંધના છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. હવે પહેલામાં પહેલી વાત અહીંયાં શાસ્ત્રમાં સાર કહે છે કે તારે કરવું હોય કાર્ય તો પહેલો મિથ્યાત્વનો ત્યાગ (કર). એ ત્યાગ એમ નથી કહેવું, કારણ કે ત્યાગમાં નાસ્તિ આવે છે. પણ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કર એમ કહેવામાં આવે છે. આહાહા..!

**શ્રોતા :–** પણ પહેલો ત્યાગ સમજે છે અવ્રતનો ત્યાગ ક્યારે થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ ત્યાગ ક્યારે થાય? મિથ્યાત્વનો ત્યાગ. પહેલા પાંચ બંધના કારણ છે કે નહિ? તો મિથ્યાત્વનો ત્યાગ થયા વિના અવ્રતનો ત્યાગ શી રીતે થશે? અને અવ્રતનો ત્યાગ અંદર થયા વિના પ્રમાદનો ત્યાગ શી રીતે થશે? ત્યારે મિથ્યાત્વનો ત્યાગ પાંચ બંધનમાં પહેલો છે. ત્યારે એ ત્યાગનો અર્થ શું? એનો અર્થ શું? મિથ્યાત્વ ટળ્યા પછી સ્વરૂપમાં ઠરતાં, પહેલો તો સ્વરૂપનો અનુભવ કરતાં મિથ્યાત્વની ઉત્પત્તિ ન થાય તે મિથ્યાત્વનો ત્યાગ કર્યો એમ કહેવાય. પછી સ્વરૂપમાં વિશેષ ઠરતાં અવ્રતનો ઉદય પ્રગટ ન થાય અને સ્થિરતા થાય એણે અવ્રતનો ત્યાગ કર્યો કહેવાય. અને એ વખતે અવ્રતના સંયોગમાં જે નિમિત્તો સ્ત્રી આદિ, કુટુંબ આદિ હતા આ ભાવને, એ આ અવ્રતનો ત્યાગ થઈ સ્થિરતા થઈ ત્યારે અવ્રતનો ત્યાગ થયો. ત્યારે આ વસ્તુ એણે છોડી, એને છૂટી અને ત્યાગ કર્યો એમ અસદ્‌ભુત વ્યવહારનયે કહેવામાં આવે છે. અરેરે..! સમજાણું કાંઈ? પણ વસ્તુની ખબર ન મળે અને ઊંધે રસ્તે જાય અને માર્ગ મળશે. અનંત કાળ થયો, અનંત કાળ. એક સેકન્ડમાત્ર પણ મિથ્યાત્વનો ત્યાગ કરવો જોઈએ પહેલો. પહેલામાં પહેલી સીઢી. સમજાણું? આવે છેને? એક, બે, ત્રણ, ચાર અને પાંચ એમ આંકડો આવે છેને ક્યાંક? કે ભાઈ, પહેલો એક મિથ્યાત્વ, બીજું બે, પણ ઓલો એકડો ગયા પછી રકમ જ નાની રહી ગઈ. શું કહે છે એ? શું નામ આવ્યું? કેટલો આકડો આવ્યો? એક, બે, ત્રણ, ચાર અને પાંચ.

**શ્રોતા :–**બાર હજારનો હતો, એને બે બદલે બે હજાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પછી બે હજાર રહી ગયા.

**શ્રોતા :–**૨૩૪૫ રહ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એટલા રહ્યા. અને એ એકડો, આ એકડો ન ટાળે અને અહીં ટાળવા જાય બગડો, ત્રગડો પણ ટળે શી રીતે? આહાહા..! આખી લાઈન ફેર છે. રસ્તો જુદો. આ અમદાવાદ ને એમાં થઈ જાય છેને કેટલી વાર. જે ડબો જવાનો ક્યાંક હોય ત્યાં ન બેસે અને બીજા ડબામાં બેસી જાય. રેલમાં ઉતરે ને ફેરફાર થાય ને? વિરમગામ અને અમદાવાદ. એ ડબો હોય ક્યાંકનો દિલ્હીનો ત્યાં બેસી જાય, જાવું હોય મુંબઈ. એલા

શું થયું આ? ડબો બદલાઈ જાય.

**શ્રોતા** :-ડબો ભૂલ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ભૂલ્યો.

એક જણો કહેતો હતો નહિ? આપણે રાજકોટમાં ભાઈ એણે કીધું. વાત સાંભળી એણે. સાંભળતા એમ થયું કે અરે..! બીજે ડબે બેસી ગયા. બીજો પક્ષ કરીને બેઠા હતા. રાજકોટ પક્ષ થયો હતો ને એક? ચંદુભાઈ બોલ્યા હતા. વાત બીજી સાચી. બીજે ડબે બેઠા શું કરવું? મેં કીધું શું કરવું એ હું કહું? તમારે કેમ કરવું એ તમારી મરજી. રોયા હો પછી બિચારા. રોવા માંડ્યા. કૂણો માણસ એટલે. ભાઈ! બીજે ડબે બેસી ગયા. પક્ષ કર્યો જેનો એમાં નીકળ્યું ઊંધું. આ વાત બીજી થઈ. ભાઈ! માર્ગ તો આ છે, બાપુ! કોઈપણ માણસ હો, ગણધર હો, સંત હો, સમકિતી હો, બધી માર્ગની એક જ રીત દ્રવ્યનો આશ્રય કરવો અને અનુભવ કરવો એ એક જ પ્રકારથી વાત કરે છે. ત્યારે તેનો મિથ્યાત્વનો નાશ થશે, નહિતર થશે નહિ. એ મિથ્યાત્વના ત્યાગમાં શુદ્ધનો અનુભવ એનું નામ મિથ્યાત્વનો ત્યાગ. સમજાણું? પછી એના સંબંધે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એ બધા ટળ્યા લક્ષ. એ તો આ ટળ્યું એટલે તે ટળશે. એમાં એકલો એકડો એ મિથ્યાત્વ. બગડો તે અવ્રત, ત્રગડો તે પ્રમાદ, ચોગડો તે કષાય, પાંચડો તે યોગ.

**શ્રોતા** :- પહેલો બગડો જાય પછી ૩૪૫ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સહેલું આ.

**શ્રોતા** :-બગડો જાય એટલે ૩૪૫ રહ્યાં અને પછી ૪૫૨ રહ્યાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- થઈ રહ્યું. માણસને ખબર નથી. આ તો એક દાખલો. નહિતર આ તો અનંતમે ભાગે રહે છે. મિથ્યાત્વ ટળતાં કષાયનો ભાગ અનંતમા ભાગમાં રહે છે. આખી વસ્તુ અનંત ગુણનો પિંડ ચૈતન્ય સહજસ્વરૂપ, એ સહજાત્મસ્વરૂપનો અંતર સ્વામી થયો, ઘણો જ કષાય ત્રણ બાકી રહ્યો પણ એ તો અલ્પ રહ્યો. કાઢી નાખે છે નહિ? એને બંધ જ નથી. સાંભળને! અલ્પ છે એ ઘણો અલ્પ (છે). મહા ભગવાન આત્માના અંતરમાં દૃષ્ટિમાં ભેટા થયા એને વળી ભગવાનને સંસાર કેવા? ભગવાનને સંસાર કેવો? સમજાણું કાંઈ? એમ પ્રભુ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે. પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... સમજાણું? એ ક્યાંક શક્તિ આવશે વિસ્તારથી. પછી આવશે. ઓલામાં આવે છે. અનંત શક્તિ અનંતા અનંતગુણી ને. પછીમાં આવશે, લ્યો રાગાદિમાં. કળશ છેને છેલ્લો? એમાં આવશે.

ઓહોહો..! એ આત્મા એટલે શું? એક સમય પૂરતો પર્યાય તે આત્મા? એક ગુણ પૂરતો આત્મા છે? અનંતા ગુણનું એકરૂપ દ્રવ્ય, એકરૂપ. એવો ભગવાન આત્મા જેના ધ્યેયમાં,

અંતરમાં ધ્યેયમાં લીધો અને જે આત્મા આવો છે એવો આનંદનો અંશ વેદનમાં આવ્યો એટલે એના ખ્યાલમાં આવ્યું કે આ આત્મા આખો આનંદથી જ ભરેલો છે. જ્ઞાનનો એક અંશ પણ પ્રગટ જ્યાં સ્વસંવેદનથી જાણવામાં આવ્યું તો આ આખો આત્મા જ્ઞાનની મૂર્તિ જ છે. સમજાણું કાંઈ? વીર્યની રચનાએ વીર્યે રચના કરી શાંતિની, શ્રદ્ધાની અંતર સ્વભાવના અનુભવમાં. તો એ વીર્યની રચનાએ રચ્યું તો એ આખું તત્ત્વ વીર્યસ્વરૂપ જ છે. એમ એક એક ગુણની પરિણતિ પ્રગટ થતાં, પરિણતિ એટલે પર્યાય અનુભવમાં (પ્રગટ થતાં) એ પર્યાય આ આખા પર્યાયવાનનો છે અને આખું પર્યાયવાન પૂર્ણ છે. સમજાણું કાંઈ? આહાહા..! પણ શું થાય? એ વાતની રીત જ જ્યાં એને પકડવામાં ન આવે. પહેલી રુચિમાં જ આવે નહિ. અનંત કાળ ગયા નવમી ગ્રૈવયકે અનંત વાર જૈન દિગંબર સાધુ થઈને ગયો.

આવે છેને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો. પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વરે જે પરમેશ્વર સ્વરૂપ પરમાત્માનું પોતાનું નિજ જે જોયું એવા બધા છે ભગવાન. એનો અનુભવ કર. અનુ એટલે એને અનુસરીને પર્યાયમાં થા. આમ નિમિત્તને અનુસરીને વિકારરૂપે થા એ સંસાર છે. સમજાણું કાંઈ? પણ હવે લાકડા ઓલા ઘણા ગરી ગયા હોય ને બધા અનંત કાળના એટલે એને (એમ થાય છે કે) આ શું છે? આ શું કહે છે? કાંઈક પહેલું, કાંઈક પહેલું હોય ને? પહેલું આ. શું કહે છે આ? રાજમલજી! પહેલાં પહેલાં. બધે આવે છેને. ૧૭-૧૮ ગાથામાં આવે છે. પ્રથમ આ ભગવાન પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાન ઈંદ એવો જે અનુભવ કરવો એ જ પ્રથમ છે. સમજાણું કાંઈ?

''**शुद्धनयः हेयः न हि**'' અહો..! ભગવાન આત્મા જેટલી પવિત્રતા... માણસ એમ તો કહે ને કે ભાઈ! અમારે કાંઈક ઠીક કરવું છે, હિત કરવું છે, શ્રેય કરવું છે, કલ્યાણ કરવું છે, સારું કરવું છે અથવા સુખી થવું છે લ્યો. હવે એને સુખી થવું છે એ સુખ ક્યાંથી આવશે? ક્યાં રાગમાંથી આવશે? વિકલ્પ ઉઠે છે પુણ્ય-પાપ એમાંથી આવશે? અને વર્તમાન પર્યાયમાં... આ તો દુઃખ છે, રાગ-દ્વેષ છે, પુણ્ય-પાપનો વિકલ્પ છે, એમાંથી સુખ આવશે? એટલે સુખને પ્રગટ કરવાનું નિધાન તો ચિદાનંદ સ્વરૂપ દ્રવ્ય છે. એવા આત્માના દ્રવ્યને, વસ્તુને ભગવાન આત્મા કારણને વસ્તુ જે ત્રિકાળ વસ્તુ છે એને પકડતાં, એને જ્ઞેય બનાવતા, એની શ્રદ્ધા કરતા પર્યાયમાં તે વસ્તુનો અનુભવ થાય એ જ કાર્ય કરવા જેવું છે. વચ્ચે વ્યવહાર આવે એ કાર્ય કરવા જેવું છે એમ નથી કહ્યું. આવે ખરું, હોય ખરું પૂર્ણ ન થાય ત્યાં.

**શ્રોતા :-** કરવું જોઈએ એમ તો કીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નથી. એ તો વ્યવહારનયથી બોલે ષટ્ કર્મ આદિ. સમજાણું?

કાર્ય કરવાનું હોય તો આ જ છે. તાત્પર્ય કહો, રહસ્ય કહો, કાર્ય કહો તો આ એક જ છે. સમજાણું? નિયમ પણ આવ્યું ને? **'णियमेण य जं कज्जं'** સમજાણું? છેને? એ ત્રીજી ગાથામાં પહેલી વસ્તુ જ એ મૂકી છે. જુઓ! શું કહે છે? **'णियमेण य जं कज्जं'** આ બધો અર્થો કર્યા છે એણે શાસ્ત્રમાંથી લઈને ગોઠવીને કર્યું છે, ઘરનું નથી. ત્રીજી ગાથા છે. જ્યારે શરૂ કરે છે (ત્યાં એમ કહે છે)...

**मग्गो मग्गफलं ति य दुविहं जाणसासणे समक्खादं।**
**मग्गो मोक्खउवाओ तस्स फलं होइ णिव्वाणं।।२।।**

આ બીજી ગાથા. શરૂ કર્યું હવે. **'णियमेण य जं कज्जं तं णियमं णाणदंसणचरित्तं।'** **'णियमेण य जं कज्जं'** નિયમથી જે કાર્ય કરવા જેવું છે તે **'तं णियमं णाणदंसणचरित्तं।'** કુંદકુંદાચાર્યનો આ ધ્વનિ છે. પંડિતજી! આ ત્રીજી ગાથા. જુઓને ઓહોહો..! **'विवरीयपरिहरत्थं भणिदं खलु सारमिदि वयणं।।'** કેટલી એક શબ્દમાં.. ભગવાન આત્મા **'णियमेण य'** **'णियमेण य जं कज्जं'** છેને? સંસ્કૃત પણ એ જ છે. **'नियमेन च यत्कार्यं'** કહો, સમજાણું કાંઈ? નિયમથી જો કાર્ય કરવા જેવું હોય.. એ અહીં કાર્ય કીધું એ શબ્દની અહીં શૈલી વાપરી છે. અહીં કાર્ય શબ્દ વાપર્યો. **'णियमेण य जं कज्जं'**—ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું કે કાર્ય ક્યું કરવું એ ભગવાન કુંદકુંદાચાર્ય. આ મોક્ષમાર્ગ, આ મોક્ષ અધિકાર (છે), નિયમસાર છેને? મોક્ષમાર્ગનો અધિકાર. એટલે **'णियमेण य जं कज्जं'** નિશ્ચયથી, નિયમથી બરાબર રીતે કરવા જેવું હોય તો તે **'णाणदंसणचरित्तं'** એટલે દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એટલે આત્મા શુદ્ધ સ્વરૂપનો અનુભવ એ અનુભવમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેય આવી જાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- એમાં સુખ ક્યાં આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-- એ સુખ ઈ આવ્યું. સુખ આવી ગયું કે નહિ? એમ (પૂછે છે). આ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર (ત્રણ આવ્યા એમાં) સુખ ક્યાં આવ્યું? ધૂળમાંય નથી એમાં. રાગમાં સુખ નથી ને હવે પુણ્યના પરિણામ આવ્યા એમાં સુખ નથી. ભગવાન આત્મા પૂર્ણ.. અરે..! એનો અનાદર તું કરે છો. એની કિંમત નહિ અને રાગની કિંમત? બાદશાહનો અનાદર થાય છે. સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞદેવે ત્રિલોકનાથે આત્મા કહ્યો છે પૂર્ણાનંદ પ્રભુ, એનો આદર, એનું બહુમાન નહિ ને રાગ અને નિમિત્તનું બહુમાન, અનાદર થાય છે આમાં.

**શ્રોતા** :- બહુ આકરી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :-- આકરી નથી, છે એવી છે. આવું સ્વરૂપ! આવા સ્વરૂપનો અનાદર? નિગોદ ગચ્છઈ. એમ છે ખરેખર તો. એટલે કે તારી હીણી થઈ જશે જો આદર પરનો કર્યો તો. આને છોડીને. આ હોય અને હોય તો જાણવા જેવી ચીજ છે. રાગાદિ હોય

ખરા, પૂજા, ભક્તિનો વિકલ્પ આદિ. આદરણીય માટે તો અનુભવ કરવા લાયક આ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સજા કરી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :--** શું કીધું? સજા આકરી છે. સજા આકરી નથી. દાખલો આપ્યો હતો એકવાર. નહોતો આપ્યો? ભાવનગર દરબારનો. ભાવનગર દરબાર તખ્તસિંહજી હતા. આ કૃષ્ણકુમાર, એના પિતા ભાવસિંહ એના પિતા તખ્તસિંહ. પછી એક મોટા રાજા ને, ૨૫-૩૦ લાખનો તાલુકો એ વખતે હતો. હવે કરોડનો છે. ઓરડામાં સૂતેલા—બંગલામાં એના. મોટા આરબ બેઠેલા હોં! અને ઓલા બુંદ કહેવાય ને બુંદ. બુંદનો કાફી પીવે એટલે આખી રાત જાગે હોં! બંગલામાં કોઈ આવે નહિ. હવે એમાં એક માણસ એવો નીકળ્યો કે ગઢમાં મોટી નિસરણી લાવ્યો. નિસરણી સમજો છો? સીઢી. મોટો ગઢ હતો. દરવાજામાં આરબ બેઠા. આરબ સમજ્યાને? આરબ બેઠા હતા. આરબને શું કહે છે? ચોકીદાર મોટા આરબ ત્યાં હોય છે. અરબસ્તાનના મુસલમાન આકરા અરબી લોકો. પઠાણ આરબ. અરબ થાય છે. બધે હતા. અમારે અહીં મોટા કડક હોય આકરા. આખી રાત જાગવું હોય તો બુંદદાણા પીવે અને આખી રાત જાગે. બુંદદાણા થાય ને કોફી. એ પીવે. બેઠા હતા.

હવે એક મોટો ગઢ હતો. એ ગઢમાં નિસરણી લાવ્યો—સીઢી. ઓલી કોરથી નિસરણી મૂકી ઊંચી. ત્યાં ચડ્યો, પછી નિસરણી ખેંચીને આની કોર મૂકી, આ બાજુ. હેઠે ઉતર્યો. ઓલા પડ્યા રહ્યા. દરવાજા પડ્યા રહ્યા આરબ ને બારબ. અને પેઠો ઓલામાં. સોનાની ઘડિયાળ હતી સોનાની. રાજા છેને. સોનાની ઘડિયાળ. એક ઘડિયાળ સોનાની લીધી. બે સૂતા હતા અને એક બીજી બાઈ હતી મુસલમાન. મુસલમાન રાખેલી. બેય સૂતેલા. એમાં આ લઈને વયો ગયો. લઈને વયો ગયો ઘરે. વળી વિચાર આવ્યો, લાવને લઈ જાવ. બીજી વાર જાઉં. લોભ લાગ્યો. વળી બીજી વાર આવ્યો. અંદર ગર્યો ત્યાં તલવાર ઉઘાડી હતી. એ લોકો તલવાર ઉઘાડી રાખે. આમ દરબારને આમ જ્યાં કર્યું.. અરે.. કોણ છે? તલવાર ખેંચી. બાઈ પછી કહે, દરબાર! અરે..! હું જ્યાં છું ત્યાં ઘરમાં આવ્યો! આટલો બધો નીડર અને ભય વિનાનો માણસ! અમે અહીં સૂતા છીએ એના ઘરમાં ચોરી? અહીં હું સૂતો ત્યાં, દરબાર સૂતો ત્યાં ચોરી! મારી નાખું કહે. તલવાર આમ નાખી હોં. ઉપાડી. બાઈએ હાથ જાલ્યો. ગરીબ માણસ છે રહેવા દો, રહેવા દો. છોડી દીધો.

એમ અહીં કહે છે કે આત્મ-દરબાર અંતર પડ્યા છે મહા અનંત શીલા જ્ઞાનાદિના એનો અનાદર? ત્યાં ચોરી કરવા આવ્યો? અને રાગને લાભ માની રહ્યો છો? મોટો ગુનેગાર છો. સમજાણું કાંઈ? જતો કર્યો પછી. ઓલી ઘડિયાળ-બડિયાળ સોનાની લઈ ગયો હતો ઈ લઈ આવ્યો પાછી. જા. જા. નહિતર મારી નાખે. દરબાર એટલે રાજા ઉઘાડી તલવાર ત્યાં રાખતા

હતા. સૂવે ત્યાં. કેમકે દુશ્મન કોઈ હોય તો. ઉઘાડી પડી હતી આમ. ફટ જાલી આમ. રાણીએ પછી કહે, ખમ્મા-ખમ્મા રાજા દરબાર! એને ન હોય. એ તખ્તસિંહ.

એમ ભગવાન આત્મા અનંત જ્ઞાનાદિનો દરિયો પ્રભુ એનો અનાદર કરીને વિકલ્પનો આદર કરવા જાય, દરબાર મહા ભગવાન એનો અનાદર છે. એનો ગુનો નિગોદમાં જાય એવો ગુનો છે એ. સમજાય છે કાંઈ? વાત એ નથી બેસતી.

એ ચૈતન્યના ગુણોનું મહાન અને વસ્તુનું બહુમાન શું એની ખબર નથી. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા આ કહેવા માગે છે કે, ભાઈ! અમારા બધા શાસ્ત્રનો સાર શુદ્ધ ચૈતન્યનો અનુભવ. એ '**સૂક્ષ્મકાળમાત્ર પણ વિસારવાયોગ્ય નથી.**' ઓહોહો..! જુઓને! એક વિકલ્પનો શુભરાગ, એની પણ એકત્વબુદ્ધિ થતાં આખો સ્વભાવ હણાય છે. હવે એ વાત દૃષ્ટિના વિષયની એને ખબર ન પડે અને મિથ્યાત્વનો વિષય એ રાગ આદિ એકલો, એકલો ધ્યેય કરીને પડ્યો. ભગવાન આત્મા એની દૃષ્ટિ છોડી અને અહીં દૃષ્ટિ જ્ઞાયકમાં મૂકીને આત્માનો અનુભવ કરવો, એવું ભગવાને આ કાર્ય કરવાનું ત્રિલોકનાથે કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

જેની ઉપસ્થિતિમાં ઈન્દ્રો હોય છે, સમવસરણમાં મોટા ચક્રવર્તી બેઠા હોય મોટા ચક્રવર્તી. ભગવાનના સમવસરણમાં સિંહ અને વાઘ આમ સેંકડો બહાર જંગલમાંથી આવતા હોય. શાંત.. શાંત.. વાણીમાં એ આવ્યું હતું. લોક સ્વભાવ સમંતાણં અનંતાનંત લોકના સ્વભાવને સાંભળનારામાં ભગવાને આમ કહ્યું છે. પંચાસ્તિકાયમાં આવે છેને એ. લોક સહાવ સમંતાણં આકાશ અને ધર્માસ્તિકાયનો જ્યાં ભેદ પાડ્યો છે કે આકાશ ગમનમાં નિમિત્ત ન થાય. લોકના સ્વભાવમાં વસ્તુનો સ્વભાવ લોકાદિમાં બધા સ્વભાવ છેને. એવા સ્વભાવને સાંભળનારા સમવસરણમાં ભગવાન જ્યારે બેઠા હતા અને સાંભળનારા સમવસરણમાં હતા ત્યારે ભગવાને આ કહ્યું હતું. સમજાણું કાંઈ? જીવસ્વભાવ. ત્યાં એ ઓલું વર્ણવ્યું છે આખું. ધર્માસ્તિ, અધર્માસ્તિ બે લોકના ભાગ પાડનારા છે. માટે આકાશ આગળ જાય ત્યાં ધર્માસ્તિ હોઈ શકે નહિ. માટે આકાશ ગમનમાં નિમિત્ત નથી. એવો જ વસ્તુનો સ્વભાવ છે.

એમ અહીં કહે છે કે આત્માનો જેવો જ્ઞાયકસ્વભાવ છે (એ) એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને દેખે. એ સિવાય એનું કોઈ કાર્ય છે નહિ. એવા આત્માને એક સમયમાત્રપણ અંતર્મુખની દૃષ્ટિને આશ્રય કરવા લાયક તે છોડવા જેવી નથી. સમજાણું કાંઈ? હવે આ વાત ન બેસે ત્યાં શું થાય? પછી વાદ ને વિવાદ તકરાર કર્યા કરે, વાત તો અનંત કાળથી કરી છે હવે મૂકને.

અહીં કહે છે, '**શા કારણે?**' શા કારણે કહે છે કે ભૂલવા યોગ્ય નથી? ''**हि तत् अत्यागात् बन्धः नास्ति**'' '**કારણ કે શુદ્ધસ્વરૂપનો અનુભવ...**' ભગવાન આત્મા એની દૃષ્ટિ જ અંદર અનુભવ એનો, જ્ઞાન એનું અને સ્થિરતા એમાં એવો જે આત્માનો અનુભવ

'કારણ કે **શુદ્ધસ્વરૂપનો અનુભવ તેના...**' (अत्यागात्) '**નહિ છૂટવાથી...**' ભગવાન આત્મા પોતાની દૃષ્ટિમાં જે લીધો એ દૃષ્ટિમાં, ધ્યેયમાં ન છૂટવાથી એ અનુભવ થયો એનો. '**નહિ છૂટવાથી જ્ઞાનાવરણાદિકર્મનો બંધ થતો નથી.**' એને આવરણ ન થાય. વિકાસ થતો જાય ત્યાં આવરણ શેના? સમજાણું કાંઈ? એકદમ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય, સ્વચ્છતા આદિ અનંતચતુષ્ટયથી ભરેલો ભગવાન, એની અંતરમાં દૃષ્ટિ કરીને અનુભવે એનો વિકાસ વધતો જાય, એને આવરણ-ફાવરણ હોતા નથી. એમ કહે છે. ચોથેથી કહે છે લ્યો. સમજાણું કાંઈ?

આ તો મિથ્યાત્વનો ત્યાગ નહિ અને પહેલો કરવો અવ્રતનો ત્યાગ. અવ્રતનો ત્યાગ નહિ પણ બાહ્ય પદાર્થ છોડ્યા એટલે ત્યાગી થયો ને વ્રતિ થયો. દૃષ્ટિ આખી વાતમાં જ ઊંધાઈ છે. માર્ગની જ ઊંધાઈ, આખા વીતરાગમાર્ગથી તદ્દન ઊલટો, ઊલટો, ઊલટો. વીતરાગનો વેરી છે. નેમીચંદજી! શાસ્ત્રમાં કહ્યું છે. એ કથા ચાલે છે ને જ્યાં. દંસણ ભેદની કથા. ઓલામાં ધર્મ જો ૨૫ પ્રકારની કથા લીધી પણ અમથી આ શું કહેવાય? ત્રણની ઓલી નહિ? આ ટોડરમલની સામે નથી કીધું? ટેકચંદજી, સુદૃષ્ટિતરંગીણી. એમાં ૨૫ પ્રકારની વિકથા વર્ણવી છે. આમાં તો આવે છે શ્વેતાંબરમાં તો. પણ હું તો ઘણા વર્ષથી કહેતો હતો. કે સ્ત્રી કથા, ભટકથા, દેશકથા, રાજકથા એમ દંસણ ભેદની કથા. જે પ્રરૂપણામાં રાગ અને વિકલ્પના આદરથી લાભ થાય એવી પ્રરૂપણા તે સમ્યગ્દર્શનને ભેદ કરનારી કથા છે. દંસણ ભેદની કથા એ ધર્મકથા નહિ. લ્યો, હવે ઈ માને કે ધર્મકથા સાંભળી આવ્યા. ધર્મકથા સાંભળવા ગયા હતા. શું ધર્મકથા એટલે શું?

ધર્મકથા એટલે આત્મા પૂર્ણાનંદ વીતરાગ જ્ઞાયકભાવ છે એનો આશ્રય કરવો, એની દૃષ્ટિ કરવી, એનું અવલંબન કરવું, એનો અનુભવ કરવો અને રાગાદિનું અવલંબન ન કરવું, આશ્રય ન કરવો એવી કથાને ધર્મકથા કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શનની કથા છે. એનાથી વિરુદ્ધ દંસણ ભેદની વિકથા છે. વિકથા છે એ. ભાવમાં ઊંધાઈ છે ને. વાણીમાં ક્યાં કથા હતી? વાણી તો જડ છે. સમજાણું કાંઈ? આહાહા..! કહે છે, ઈ એ એમાં પણ છે હોં ભાઈ! શ્વેતાંબરમાં છે ઠાણાંગમાં. શ્રીમદ્ એ વખતે કહેતા ત્યાં કે જુઓ ભાઈ! આ જુઓ! શું કહે છે આ. ભગવાન આત્મા... સમજાણું? એક દશાસૂત્રમાં ચિત્સમાધિ હુએ.. દસ બોલ એવા બોલ છે. એ પહેલા શરૂ કર્યું હતું (સંવત) ૧૯૭૮માં. જુઓ! આ શું કહે છે કીધું, 'ચિત્ત સમાધિ હુએ દસ બોલ, ઓયં ચિત્તં સમાદા' એવો શબ્દ આવે છે એમાં. કો'ક ઠેકાણે તો હોય ને. પછી 'ઓયં ચિત્તં સમાદા' એક ભગવાનને ગ્રહણ કરતાં, આત્માને ગ્રહણ કરતાં જે સમાધિ—શાંતિ થાય એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? ૭૮માં શરૂ કર્યું હતું, બોટાદ.

કહે છે, અહીંયાં કહે છે, 'કારણ કે **શુદ્ધસ્વરૂપનો અનુભવ તેના નહિ છૂટવાથી...**'

ભગવાન આત્મા પોતાના સ્વરૂપને શરણે જાય છે. વિકલ્પ ને નિમિત્તના શરણા છૂટી જાય છે એને પોતાના અરિહંતપદનું (શરણ છે), જે વિકારને હણનાર છે એવો ભગવાન આત્મા એના એ શરણે જાય છે. એ શરણે જતાં એને બંધ હોતો નથી. '**જ્ઞાનાવરણાદિકર્મનો બંધ થતો નથી.**' પણ આ વાત અંદરમાં (કે દિ' બેસે?). એ... વાદ ને વિવાદ, ઝઘડા ને તોફાન. એ તો અનંત કાળથી કર્યા છે, સાંભળને!

ભગવાન ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં શુદ્ધનય ત્યાગવા યોગ્ય નથી એમ પરમાત્માની વાણીમાં આવ્યું હતું એ સંતો કહે છે. સમજાણું કાંઈ? પણ તો એ વીતરાગ થયા કેમ? સર્વજ્ઞ અને વીતરાગ થયા એનો અર્થ કે અલ્પજ્ઞ અને રાગનો વ્યય થઈ ગયો. સર્વજ્ઞ અને વીતરાગ થયા, અલ્પજ્ઞ અને રાગ(નો) વ્યય થયો. એનો અર્થ કે અલ્પજ્ઞ અને વ્યવહાર, રાગ એ વ્યવહારનયનો વિષય છે એ હેય થઈ ગયો અને ત્રિકાળ જ્ઞાયકભાવ તે ઉપાદેય થયો ત્યારે સર્વજ્ઞ અને વીતરાગ થયા. સમજાણું કાંઈ? માટે એની વાણીમાં એવું જ આવે. કર્તા ક્યાં હતા એ? સમજાણું કાંઈ?

**શ્રોતા** :- પણ ભાષામાં તો કાંઈક કીધું ને? કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ કીધું ને, આત્મા પરમાત્મા શુદ્ધ સ્વરૂપ છે એની દૃષ્ટિ કરવી અને અનુભવ કરવો એ. એનું નામ શુદ્ધનય. એ તો કીધું ને શુદ્ધનય કહો કે સ્વરૂપની દૃષ્ટિનો અનુભવ કહો એ બેય એક જ વાત છે. કહો, સમજાણું આમાં?

અરે..! અનંત કાળ ગયા. આહાહા..! જુઓને! કેટલાકને બિચારાને મરતા આમ થઈ જાય હોં! અરેરે..! અમે કાંઈ ન કર્યું, કાંઈ ન કર્યું. હાય.. હાય..! આ બધા છતા સાધન ચાલ્યા જાય છે. આહાહા..! જે કરવા જેવું શરણ કાયમ રહેનારી ચીજ છે એના ઉપર તો નજર કરી નહિ. આમ ને આમ રખડ્યો અસ્થિરતાથી. પુણ્ય ને પાપ અસ્થિર, આ અસ્થિર સંયોગ, અધ્રુવ (એના ઉપર) નજરું નાખીને એમને એમ રખડ્યો પણ ક્યાંય શરણ મળ્યા નહિ. સમજાણું કાંઈ? પછી આમ મરતા હાય... હાય...! આમ તણાય ને આ થાય. બાપા! શરણ અંદર છે, તેં કોઈ દિ' નજરું કરી નથી. ભગવાન સંભળાવો, ભગવાન ભગવાન... શું ભગવાન સંભળાવે? ન્યાં ભગવાન ક્યાં હતો. વિકલ્પ ઉઠે કે ૐ.. ૐ. એ તો રાગ છે. સમજાણું કાંઈ?

'નિર્વિકલ્પો અહં, સદા ઉદાસીનો અહં.' આવે છે ને છેલ્લે ભાઈ! સમયસારમાં અને છેલ્લે, બે ઠેકાણે આવે છે. નિર્વિકલ્પો અહં, ઉદાસીનો અહં. ત્રણે કાળે મન-વચન-કાયાના કરવું, કરાવવું, અનુમોદનાના રાગથી ભિન્ન મારું સ્વરૂપ છે. સર્વ જીવ એવા છે એમ કહેવું છે. એવો પાઠ છે. છેને સંસ્કૃત? કુંવરજીભાઈને મોકલ્યું હતું. કુંવરજીભાઈ ભાગીદાર હતા ને? એને સાત, આઠ, દસ વર્ષ પહેલાં ધનતેરસ ને એવામાં મરવાની તૈયારી હતી. પછી

અહીં લખ્યું. લખ્યું અહીં. કોઈ રીતે મહારાજ, મને કાંઈક છેલ્લી ચિઠ્ઠી લખો. છેલ્લો સાર-સાર. બિચારા ભણેલા નહિ, ઓલું નહિ એટલે કહે લખો. સમજ્યા? પછી એને આ લખીને આપ્યું. એક ચિઠ્ઠી લખી. ચિઠ્ઠીમાં આ આપ્યું હતું બધું હોં! પછી તે દિ' ન મર્યા અને હમણા મરી ગયા.

જુઓ! અહીં છે હોં! શરૂઆત થાય છે. જુઓ અહીં ભાઈ ઈ આવ્યું. ... જુઓ ભાષા પણ એવી આવી. જયસેનાચાર્યની ટીકામાં. '**सहजशुद्धज्ञानानन्दैकस्वभावोऽहं, निर्विकल्पोऽहं, उदासीनोऽहं, निरंजननिजशुद्धात्मसम्यक् श्रद्धानज्ञानानुष्ठानरूपनिश्चयरत्नत्रयात्मक-निर्विज्ञकल्पसमाधिसंजातवीतरागसहजानंदरूप सुखानुभूतिमात्रलक्षणेन स्वसंवेदनज्ञानेन संवेद्यो गम्यः प्राप्यो भरितोवस्थोऽहं, रागद्वेषमोहक्रोधमामनमायालोभपंचेन्द्रियविषयव्यापार मनोवचनकायव्यापार भावकर्मद्रव्यकर्मनोकर्म-ख्यातिपूजालाभदृष्टश्रुतानुभूतभोगाकांक्षारूप निदानमायामिथ्याशल्यत्रयादि सर्वविभावपरिणामरहितः**' '**सर्वविभावपरिणामरहितः**' અહં. જુઓ એ આવ્યું ને? '**शून्योऽहं,...**' એનાથી બધાથી શૂન્ય છું. '**जगत्त्रये कालत्रयेऽपि मनोवचनकायैः कृतकारितानुमतैश्च शुद्धनिश्चयेन, तथा सर्वे जीवाः इति निरन्तरं भावना कर्तव्या।।**' લ્યો આ કર્તવ્ય આવ્યું કાર્ય કાર્યમાં. ચારે કોરની પદ્ધતિ તો એક જ હોય કે કાંઈ બીજી હોય? આ કર્તવ્ય. કિંત કર્તવ્યં? આ કર્તવ્ય. સમજાણું કાંઈ?

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને લખ્યું હતું ચિઠ્ઠીમાં, આ બધા બોલ હોં! અને આપણે તો આત્મધર્મમાં આપ્યું હતું ત્યાં. આ તો મહાવસ્તુ છે. આખો સાર કાઢ્યો છે એમાંથી. કિં કર્તવ્યં? શું કાર્ય કરવું? તો કહે છે, આ કર્તવ્ય. આખો ભગવાન આત્મા નિર્વિકલ્પો (અહં), પરથી શૂન્યોહં મન, વચન, કાયા, કરવું, કરાવવું, અનુમોદન બધું શૂન્ય. જગત્રયે, કાળત્રયે સર્વ જીવ એવા છે. સર્વ જીવ એવા છે કહે છે લ્યો. ધર્મચંદજી! આહાહા..! બંધ અધિકારમાં છે. પરમાત્મપ્રકાશમાં છેલ્લું છે. છેલ્લો. પરમાત્મપ્રકાશ છે ને એમાં છેલ્લું આ છે. અને આમાં બે છે. બંધ અધિકારને છેલ્લે અને સર્વવિશુદ્ધને છેલ્લે એમ બે ઠેકાણે છે અને પરમાત્મપ્રકાશમાં છેલ્લે છે. મૂળ વસ્તુ છે ને એ.

અહીં કહે છે કે કાર્ય શું કરવું? ભગવાન આત્મા પૂર્ણાનંદ એનો અનુભવ કરવો એ કાર્ય કરવું. આહાહા..! એ '**નહિ છૂટવાથી...**' એ અનુભવ અને એ દૃષ્ટિ નહિ છૂટવાથી '**જ્ઞાનાવરણાદિકર્મનો બંધ થતો નથી.**' બાકી તારી વાત લાખ બીજી ગમે તે કર તો બંધન થયા વિના રહેશે નહિ. પર્યાયબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ, રાગબુદ્ધિ. '**વળી શા કારણે?**' ''**तत् त्यागात् बन्धः एव**'' '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ તેના છૂટવાથી...**' પોતાનું સ્વરૂપ ત્રિકાળ મન, વચન, કાયા, કરણ, અનુમોદન વિકારથી રહિત એકાકાર એના અનુભવથી રહિત

જે જીવ '**તેના છૂટવાથી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ છે. ભાવાર્થ પ્રગટ છે.**' લ્યો! જુઓ આ કહ્યું. એ કીધું, આ કીધું. ક્યાંનું ક્યા આવી ગયું લ્યો. મગજમાં આ આવી ગયું. કિં કર્વત્યં ઓલા કાર્યમાં ઓલું એક આવ્યું. '**णियमेण य जं कज्जं**' '**णियमेण य जं कज्जं**' કે આ નિયમથી કાર્ય કરવા જેવું છે. એમ ભગવાન સંતોની, કેવળીઓની આ વાણી છે. એની પહેલી શ્રદ્ધા તો કરે કે કરવા જેવું આ છે, બીજું કરવા જેવું નથી, આવે ભલે, હોય ભલે. સમજાય છે કાંઈ? વ્યવહાર વિકલ્પ હોય, પૂજા, દાન, દયા ભાવ હોય, પણ કાર્ય તરીકે કરવાલાયક અને યથાર્થપણે જો સિદ્ધપણું પ્રગટ કરવું હોય તો ભગવાન આત્માનો આશ્રય અને અનુભવ કરવાલાયક છે. કહો, સમજાણું કાંઈ? એને છોડતા જ્ઞાનાવરણીય આદિ આઠેયનું બંધન થાય છે. એને ન છોડતા બિલકુલ બંધન થતું નથી. હવે આટલી તો (સ્પષ્ટ) વાત (છે). '**तत् त्यागात् बन्धः एव**' લ્યો. ઓલાનો ત્યાગ ન કરવો. લ્યો, 'ત્યાગ' શબ્દ આવ્યો વળી ભાઈ આમાં. એ વસ્તુનો શુદ્ધ સ્વભાવ એનો ત્યાગ અનુભવનો ન કરવો. એનો અર્થ કે રાગ અને વિકલ્પનો ત્યાગ કરવો એટલે થઈ જાય છે ત્યાં. આહાહા..!

'**तत् त्यागात्**' એ વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ છૂટતાં, અનુભવ છૂટતા એનો અભાવ દૃષ્ટિમાં થતાં એ અનંત સંસારના કારણો કર્મના બંધન થાય છે. કારણ કે અનંત સમાજરૂપ આત્મા એનો અનાદર (થતાં) અનંત સંસારની વૃદ્ધિ (થાય છે). સમજાણું કાંઈ? કહો, પછી વ્રત પાળતો હોય, દયા, ભક્તિ કરતો હોય તોપણ એ અનંત સંસાર વધારે છે.

**શ્રોતા** :-એનાથી સમકિત પામે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એનાથી ધૂળ પામતા હશે. એ તો એકનું એક થયું. '**भूदत्थमस्सिदो खलु**' ભગવાન આત્મા એક સ્વરૂપે છે એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શનનું કાર્ય થાય, બાકી બીજું કોઈ છે નહિ. ઉપાય બીજી રીત જ નથી એની. શું કરે? કહ્યું છેને ટોડરમલે.

**શ્રોતા** :-અહીં તો શરણ સાચું ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શરણ થાય રખડવાનું ચાર ગતિમાં. આહાહા..!

મોક્ષમાર્ગ પ્રકાશકમાં નથી કહ્યું? કે અરે..! આવો માર્ગ નવો કાઢવાથી તો પરંપરા નવી કાઢી. ભાઈ! પરંપરા ખોટી થઈ ગઈ વચમાં અને આ સાચી કાઢી (તો) નવી પરંપરા છે જ ક્યાં? મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખ્યું છેને. વચમાં.. હું તો દાખલો પહેલા બીજો આપતો. કે ભાઈ પુરતિયા ઘર હતા. પુરતિયા સમજાય છે? આ દીકરીના પૈસા ન લે. કન્યાના પૈસા ન લે એને પુરતિયા ઘર કહેવાય. કન્યા વૈક્રય. કન્યા વૈક્રય ન કરે એનું નામ પુરતિયું ઘર અમારે કાઠિયાવાડમાં કહેવાય. પૈસા ન લે. ગમે તેવો માણસ હોય. એક દોરી બાંધીને આપી દે. પૈસો ન લે. કન્યા વૈક્રય ન કરે. તો માર્ગ તો એમ કે એના કુટુંબમાં હતો. કન્યા વૈક્રય

ન કરવી. એમાંથી કોઈ બે-પાંચ ઘરવાળા એવા નીકળ્યા અંદર ઓલું તૂટી જઈને (કે) કન્યા વૈક્રય કરવા માંડ્યા. અને એમાંથી પછી કોઈ એવો નીકળ્યો સાત-આઠ પેઢીએ કે ભાઈ કન્યા વૈક્રય આપણે હોય નહિ ખાનદાન માણસને. તો એણે નવો માર્ગ નથી કાઢ્યો. એ તો માર્ગ પહેલો હતો એનો એ છે. બાપ-દાદાનો હતો એ. કન્યા વૈક્રય કહે છે ને? અત્યારે તો પુરુષ વૈક્રય પણ થઈ ગયું છે. વર વૈક્રય થયો. વરને પૈસા દેવા પડે દસ-દસ હજાર, પાંચ હજાર એ બધું. વીસ હજાર, જે હોઈ ઈ લ્યોને. એ તે કાંઈ..

સારા ખાનદાન માણસો હતા. કોઈ તો ગરીબ હોય હોં ગરીબ, તો કન્યાની એક પાય ન લે, પાય ન લે. એમને એમ શું કહેવાય? નાડાછેડી લાલ બાંધી દે. જાવ બાપા. સવા રૂપિયાનો સાડલો અને શ્રીફળ, મારી પાસે બીજું કાંઈ નથી. મારી પાસે બીજું નથી બાપા. આ મુરતિયો. આપી દ્યો. એવું કરતા પહેલાં હોં. આ તો પાંચ પાંચ હજાર રૂપિયા લેવા, દસ-દસ હજાર લે. કન્યા (આપે). એમ પુરતિયા ઘર ચાલ્યા આવતા એમાંથી આવા નીકળ્યા બે-ચાર ઘર અને પછી એણે કોઈએ પાછળથી ફેરવી નાખ્યું. એણે નવો માર્ગ કાઢ્યો છે? એમ ભગવાનનો માર્ગ જે સત્ય હતો એ તોડીને વચમાં ઊંધો કર્યો હોય કોઈકે એમાંથી સત્ય કાઢે એ નવો માર્ગ છે નહિ.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- .. સમજાણું કાંઈ? એ લખ્યું છે હોં મોક્ષમાર્ગ પ્રકાશકમાં. પહેલા આવ્યું છે.

અનાદિ સનાતન માર્ગ ચાલ્યો આવે છે. કહે છે કે એક ભગવાન આત્મા તું એની ઓળખાણ તો કર. એ ઓળખાણ જે ખાણ છે મોટી. એ ભગવાન આત્મા એક સમયનો પૂર્ણાનંદ પ્રભુ, એની દૃષ્ટિનો અનુભવ કરવો એ જ માર્ગ છે કાર્યમાં કાર્ય. બાકી બધું સમજવા જેવું છે. કહો, શ્લોક તો બહુ સરસ આવી ગયો. ૧૦મો કળશ આસ્રવનો અને (સળંગ) ૧૨૨મો.

---

(શાર્દૂલવિક્રીડિત)

धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन्धृतिं
त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वङ्कषः कर्मणाम्।
तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः
पूर्णं ज्ञानघनौघमेकमचलं पश्यन्ति शान्तं महः।।११-१२३।।

**ખંડાન્વય સહિત અર્થ** :—"कृतिभिः जातु शुद्धनयः त्याज्यः न हि" (कृतिभिः) સમ્યગ્દૃષ્ટિ જીવો દ્વારા (जातु) સૂક્ષ્મકાળમાત્ર પણ (शुद्धनयः) શુદ્ધનય અર્થાત્ શુદ્ધ ચૈતન્યમાત્રવસ્તુનો અનુભવ (त्याज्यः न हि) વિસ્મરણ યોગ્ય નથી. કેવો છે શુદ્ધનય?

''बोधे धृतिं निबध्नन्'' (बोधे) બોધમાં અર્થાત્ આત્મસ્વરૂપમાં (धृतिं) અતીન્દ્રિય સુખસ્વરૂપ પરિણતિને (निबध्नन्) પરિણમાવે છે. કેવો છે બોધ? ''धीरोदारमहिम्नि'' (धीर) શાશ્વતી, (उदार) ધારાપ્રવાહરૂપ પરિણમનશીલ છે (महिमा) મોટપ જેની, એવો છે. વળી કેવો છે? ''अनादिनिधने'' (अनादि) નથી આદિ, (निधने) નથી અંત જેનો, એવો છે. વળી કેવો છે શુદ્ધનય? ''कर्मणाम् सर्वंकषः'' (कर्मणाम्) જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મપિંડનો અથવા રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામોનો (सर्वंकषः) મૂળથી ક્ષયકરણશીલ છે. ''तत्रस्थाः शान्तं महः पश्यन्ति'' (तत्रस्थाः) શુદ્ધસ્વરૂપ-અનુભવમાં મગ્ન છે જે જીવ, તેઓ (शान्तं) સર્વ ઉપાધિથી રહિત એવા (महः) ચૈતન્યદ્રવ્યને (पश्यन्ति) પ્રત્યક્ષપણે પામે છે. ભાવાર્થ આમ છે કે પરમાત્મપદને પ્રાપ્ત થાય છે. કેવું છે ચૈતન્યદ્રવ્ય? ''पूर्णं'' અસંખ્યાત પ્રદેશે જ્ઞાનરૂપે બિરાજમાન છે. વળી કેવું છે? ''ज्ञानधनौधम्'' ચેતનાગુણનો પુંજ છે. વળી કેવું છે? ''एकम्'' સમસ્ત વિકલ્પથી રહિત નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે. વળી કેવું છે? ''अचलं'' કર્મનો સંયોગ મટવાથી નિશ્ચલ છે. શું કરીને આવા સ્વરૂપની પ્રાપ્તિ થાય છે? ''स्वमरीचिचक्रम् अचिरात् संहृत्य'' (स्वमरीचिचक्रम्) સ્વમરીચિચક્રનો અર્થાત્ જૂઠ છે, ભ્રમ છે જે કર્મની સામગ્રી ઇન્દ્રિય, શરીર, રાગાદિમાં આત્મબુદ્ધિ, તેનો (अचिरात्) તત્કાળમાત્ર (संहृत्य) વિનાશ કરીને. કેવું છે મરીચિચક્ર? ''बहिः निर्यत्'' અનાત્મપદાર્થોમાં ભમે છે. ભાવાર્થ આમ છે કે—પરમાત્મપદની પ્રાપ્તિ થતાં સમસ્ત વિકલ્પ મટે છે. ૧૧-૧૨૩.

## કલશ-૧૨૩ ઉપર પ્રવચન

હવે ૧૨૩.

धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन्धृतिं<br>
त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वङ्कषः कर्मणाम्।<br>
तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः<br>
पूर्णं ज्ञानघनौधमेकमचलं पश्यन्ति शान्तं महः।।११-१२३।।

'कृतिभिः'નો અર્થ સમ્યગ્દૃષ્ટિ જીવ કર્યું છે. ઓલામાં અર્થ કાંઈક અધ્યાત્મ તરંગિણીમાં બીજો શું અર્થ થાય છે? પંડિતજી! 'कृतिभिः'નો કોઈ બીજો સંસ્કૃત શબ્દ છે? સંસારચક્રનો અંત કરે છે એવો અર્થ કર્યો છે એમાં. એવો કર્યો છે. છેને? એમાં છે. સંસારચક્રને પાર કરે. એવું 'कृतिभिः' લખ્યું છે. અધ્યાત્મ તરંગિણીમાં. એ જોયું હતું. 'कृतिभिः' સુકૃત પછી બીજો શબ્દ લીધો. આણે લીધો જુઓ. 'कृतिभिः' 'संसारदशाचक्रं परिपूर्णं कृतं

**विद्यते येषां तैः अथवा कृतं-सुकृतं विद्यते येषां तैः योगिभिः'** જુઓ!

'**कृतिभिः**' એટલે? જેણે કરવાયોગ્ય કર્યું અને સંસારનો અંત લાવનારો છે એનું નામ '**कृतिभिः**'. આખા સંસારનો અંત, સમસ્ત સંસારનો અંત. આહાહા..! ઉદયનો અંત. પરમપરિણામિક સ્વભાવનું પ્રગટપણું, પર્યાયમાં પ્રગટપણું. એવા જે સમ્યગ્દષ્ટિજીવ. છેને? ''**कृतिभिः जातु शुद्धनयः त्याज्यः न हि**'' '**સમ્યગ્દષ્ટિ જીવો દ્વારા...**' ધર્મદષ્ટિ જીવ દ્વારા. ધર્મદષ્ટિ એટલે ધર્મી એવો આત્મા સ્વભાવ એની દષ્ટિવંત સમ્યગ્દષ્ટિ દ્વારા '**સૂક્ષ્મકાળમાત્ર પણ...**' '**શુદ્ધનય અર્થાત્ શુદ્ધ ચૈતન્યમાત્રવસ્તુનો અનુભવ વિસ્મરણ યોગ્ય નથી.**' સમજાણું કાંઈ? વિસારવા યોગ્ય નથી કહ્યું છે ત્યાં. '**વિસ્મરણ યોગ્ય નથી.**' સ્મરણ ભૂલવું નહિ હોં! એને ન ભૂલવું. રાગને (ભૂલવો) સમજાણું? આહાહા..!

એક બાવો હતો ભાઈ. જુવાન બાવો હતો બાવો. બાવો સમજ્યા? જુવાન હતો. એક લંગોટી પહેરતો હતો લંગોટી. પછી ન્હાવા ગયો ન્હાવા. ન્હાતા-ન્હાતા ઓલી લંગોટી કાઢીને ધોઈ, ધોઈ. એ પછી પહેરવા ભૂલી ગયો. પહેરવી ભૂલીને ગામમાં આવ્યો. ગામમાં આવ્યો ચાની હોટલમાં. ઓલા ભગત નહોતા? કસ્તુર ભગત હતા ને? એ. એ કહેતા હતા કે ઈ હોટલમાં આવ્યો. ઓલી લંગોટી પડી રહી ત્યાં. બહાર કાઢીને ધોવે ને. જુવાન માણસ હતો, બાવો બ્રહ્મચારી. એ જાતની વસ્તુની ખબર નહિ. એટલે એ અરે..! મહારાજ! ઓલો ભગત કહે, લંગોટી ભૂલી ગયા. કહે, હેં! લંગોટી ભૂલી ગયો. લંગોટી ભૂલી જાઉં છું, હું કૃષ્ણને નથી ભૂલતો. મારી ધૂનમાં. એમ બોલ્યો હોં! એ કસ્તુર ભગત હતા નહિ? પોપટભાઈ આવે છે. લીંબડીથી. એના મોટા ભાઈ હતા પગ ઓલો. હોટલ હતી. હોટલમાં ચા પીવી આપે એવા બાવાને મફત. કો'ક વખત એટલે એમાં ઓલો લંગોટી ભૂલી ગયો. પહેરીને ન્હાયો ખરો લંગોટી કાઢીને. અને બીજું કાંઈ હતું નહિ. લંગોટી એક. ભૂલી ગયો એમાં. અરે.. મહારાજ! તમે આ ગામમાં આવ્યા હોટલમાં અને લંગોટી ભૂલી ગયા? બાબાજી! અમે લંગોટી ભૂલી ગયા પણ અમે કૃષ્ણને નથી ભૂલતા હોં!

અહીં કહે છે કે વિસ્મરણ બીજાનું કરજે પણ આનું કરીશ નહિ હોં. કૃષ્ણ—કર્મ કૃષે સો કહીએ. કૃષ્ણ કોણ? કર્મને કૃષિને નાશ કરે એવો કૃષ્ણ એવો એ ભગવાન આ આત્મા છે. સમજાણું કાંઈ? 'નિજપદ રમે સો રામ કહીએ, કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ.' આવશે હમણા કૃષ. સમજાણું કાંઈ? અજ્ઞાન અને રાગ-દ્વેષને કૃષિ નાખે, બાળી નાખે એવો ભગવાન આત્મા શ્રીકૃષ્ણ છે પોતે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આ જવાબ ખરેખર આપ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. જવાબ એવો આપ્યો લ્યો. હા. બરાબર આપ્યો. ભાઈ! હું લંગોટી ભૂલી ગયો છું, હું કૃષ્ણને નથી ભૂલતો હોં! મારા કૃષ્ણ તો પેટમાં અંદર ગરી

ગયા છે.

એમ કહે છે કે હે, ધર્મી! ભગવાન આત્માના સ્વભાવની દૃષ્ટિને ભૂલીશ નહિ હોં! એનું વિસ્મરણ ન કરીશ. બીજું સ્મરણ ભલે ન આવે યાદ, ભલે ભૂલી જા બધું. ભણેલો ભૂલ, બધું ભૂલી જા. પણ આ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને એનો અનુભવ વિસ્મરણ કરીશ નહિ એને. એને ભૂલીશ નહિ. કારણ કે એ કૃષ્ણ પોતે ભગવાન છે આત્મા. આહાહા..! સમજાણું કાંઈ?

વાત એ પણ પોતે આવડો આ શરીરમાં રહેલો આવડો આવો ભગવાન એને બેસતું નથી. આહાહા..! જેના પેટમાં—જેના ધ્રુવપદમાં અનંતા સિદ્ધ પડ્યા છે. એ તો એક પર્યાય છે દ્રવ્યની એક સમયની. એવા એવા સાદિઅનંત (પર્યાય છે). મોક્ષ જાય છે એટલે નવી પર્યાય પ્રગટ થયા જ કરે. ઉત્પાદ... ઉત્પાદ... ઉત્પાદ... ઉત્પાદ... ઉત્પાદ... ઉત્પાદ... સિદ્ધનો. એવા અનંતા સિદ્ધની પર્યાયો જે ભવિષ્યમાં થયા કરે એ અહીંયાં તારા ધ્રુવપદમાં પડી છે. આહાહા..! સમજાણું કાંઈ? એક પરમાત્મા નહિ, અનંતા પરમાત્મા તારા ધ્રુવપદમાં પડ્યા છે. આહાહા..! એને મહિમા આમ ભગવાન, આ ભગવાન.. આ ભગવાન.. પણ તું મોટો ભગવાન મહિમાવંત છો એની એને બેસતી વાત નથી. બીજાની મહિમા, આ કર્યું, આ મૂક્યું, આ લીધું, આ દીધું, આ છોડ્યું ને આને ત્યાગ કરાવ્યો. ધૂળમાંય નથી સાંભળને. સમજાણું કાંઈ?

કહે છે, '**વિસ્મરણ યોગ્ય નથી.**' એ ભગવાન આત્મા એ જ્ઞાયકસ્વરૂપ જે દૃષ્ટિમાં અને અનુભવમાં લીધું, એક સમયમાત્ર પણ ભૂલવા લાયક નથી. સમજાણું કાંઈ? 'કેવો છે શુદ્ધનય?' ''**बोधे धृतिं निबध्नन्**'' (**बोधे**) નામ '**આત્મસ્વરૂપમાં અતીન્દ્રિય સુખસ્વરૂપ પરિણતિને પરિણમાવે છે.**' એ શુદ્ધનય કેવી છે એમ કહે છે. જોયું! લ્યો સુખ આવ્યું સુખ. ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં (**बोधे**) '**આત્મસ્વરૂપમાં...**' (**धृतिं**) ધીરજ કરી. ધીરજ કરી એટલે સુખ પરિણતિ કરી. એવો અર્થ કર્યો. ધીરજ કરી, સ્વરૂપમાં ધીરજને બાંધી. સમજાણું? (**धृतिं**) '**અતીન્દ્રિય સુખસ્વરૂપ પરિણતિ...**' એનું નામ (**धृतिं**)

ભગવાન આત્મા પૂર્ણ આનંદથી ભરેલો ભગવાન, એની અંતરમાં દૃષ્ટિ જે પહેલી કરી, એનો અનુભવ એ '**અતીન્દ્રિય સુખસ્વરૂપ પરિણતિને પરિણમાવે છે.**' એ સ્વભાવની દૃષ્ટિ કરવાથી અતીન્દ્રિય સુખરૂપ પર્યાયમાં પરિણતિ થાય છે. એમ કહે છે. જે દુઃખરૂપ પરિણતિ અનાદિની મિથ્યાત્વ અને રાગ-દ્વેષની છે એ ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યની દૃષ્ટિ અને અનુભવથી (પરિણમાવે છે). સમજાણું કાંઈ? ''**बोधे धृतिं निबध्नन्**'' '**આત્મસ્વરૂપમાં અતીન્દ્રિય સુખસ્વરૂપ પરિણતિને...**' '**निबध्नन्**' '**निबध्नन्**' દેખો! '**પરિણમાવે છે.**' વિશેષ પરિણમે છે. ભગવાન આત્મા પૂર્ણ એમાં એકાકાર દૃષ્ટિ કરતાં અતીન્દ્રિય સુખનું નિબંધ થાય એટલે પરિણમન થઈ જાય છે, પરિણમન થઈ જાય છે. એ સુખ છે એ અંતરમાંથી

આવે છે. એ કોઈ વિકલ્પ અને નિમિત્તમાંથી સુખ આવતું નથી. કહો, સમજાણું આમાં?

'**કેવો છે બોધ?**' ''**धीरोदारमहिम्नि**'' એક તો ધીર ભગવાન છે. સમજાણું? '**શાશ્વતી,...**' ધીર—શાશ્વત એવો ને એવો ભગવાન શાશ્વત ધ્રુવ છે. (**उदार**) '**ધારાપ્રવાહરૂપ પરિણમનશીલ છે...**' એટલું નીકળે એવો છે. '**ધારાપ્રવાહરૂપ પરિણમનશીલ છે મોટપ જેની,...**' એ મોટપ એની એ છે. મોટપ એની એ છે કે ભગવાન પૂર્ણાનંદની દૃષ્ટિમાં એકાગ્ર થતાં અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય તે ધારાપ્રવાહરૂપ પરિણમનશીલ રહે એ ભગવાન આત્માની મોટપ છે, બડાઈ છે. આહાહા..! કહો, સમજાણું આમાં?

(**उदार**) એક સમય તુટવું ન પડે. ભગવાન ચૈતન્યપ્રભુ પૂર્ણ શક્તિનો ખજાનો, ભંડાર, એની અનુભવ દૃષ્ટિથી એટલે અંતર દૃષ્ટિ કરતા એની ધારાવાહી આનંદનો પ્રવાહ સદાય રહ્યા કરે છે. '**ધારાપ્રવાહરૂપ પરિણમનશીલ...**' એની પર્યાય અખંડ ધારાએ પરિણમે. અજ્ઞાનમાં જેમ અખંડ ધારાએ મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું અખંડ ધારાએ નિરંતર સમયે સમયે પરિણમન હતું, એ તો ખંડ ખંડ સમયે ભિન્ન ભિન્ન (હતું), આ તો ત્રિકાળી જ્ઞાયકને આશ્રયે જે પરિણમન થાય એ અખંડ અભેદ થતું નિરંતર ધારાપ્રવાહી પરિણમનશીલ પરિણમન જેનો સ્વભાવ થઈ ગયો છે એવી બડાઈ ભગવાન આત્માની છે. લ્યો, એ મોટપ છે એની. શુભરૂપે પરિણમવું કે આ ફલાણારૂપે થવું કે આ પૈસા-બૈસા મળ્યા કે મોટો રાજા થયો કે ધૂળ થયો, આચાર્યપદ મળ્યું, ફલાણું થયું એ બડાઈ એની નથી એમ કહે છે. સમજાણું કાંઈ? વાત પણ વાત તે પણ કેવી આ. અજાણ્યા માણસને નવાને તો એવું લાગે કે આ શું વાત કહે છે? કોઈ દિ' સાંભળવામાં મળે નહિ.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સાંભળનારામાં પણ પાછા બીજાના વિચારધારાથી બીજી વાત હોય એમ કહે છે પાછા. પણ બીજાની વિચારધારા ખોટી છે અને આ કાંઈક સાચી છે એમ એને ખબર નથી. એય.. નેમીચંદભાઈ! આહાહા..!

કહે છે, (**उदार**) (**धीर**) અને '**महिम्नि**'. શાશ્વત વસ્તુ એને આશ્રયે ધારાપ્રવાહ પરિણમનશીલ ઉદાર ઉદાર. ખૂટે નહિ ખજાનેથી. આ કેવળજ્ઞાનનો પ્રવાહ વહે તો ખૂટે નહિ કોઈ દિ'. સાદિઅનંત કેવળજ્ઞાન થયા જ કરે. નવી નવી પર્યાય તો આ સાધક સ્વભાવ નિરંતર થાય એવો એ ખજાનો ભગવાન પડ્યો છે. કહો, સમજાણું કાંઈ? એ મોટપ છે. '**એવો છે.**' '**મોટપ જેની, એવો છે.**' એવો છે એમ. એની તો શુદ્ધ સ્વભાવનો આત્મા-પરમાત્માની અંતર દૃષ્ટિ પોતે કરતાં એનું ધારાવાહી પરિણમન થાય એ જ એની બડાઈ અને મોટપ છે. વિકાર-ફિકાર થાવું એ ક્યાં છે અંદરમાં એ? '**વળી કેવો છે?**' લ્યો લેશે હવે. હવે કેવો છે વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૧૩, રવિવાર,
## તા. ૧૧-૭-૧૯૬૫, કલશ-૧૨૩-૧૨૪
## પ્રવચન નં. ૯૫

આ કળશટીકા છે. સમયસાર આસ્રવ અધિકાર. ૧૨૩ કળશ વચમાં આવ્યું છે. આસ્રવનો અધિકાર છેને. આસ્રવ એને કહીએ કે આત્મા શુદ્ધ જ્ઞાનઘન ચિદ્દ્ઘન વીતરાગી વિજ્ઞાનઘન સ્વરૂપ છે એની ઊલટી—વિપરીત માન્યતા આમ જે લાભ થાય, સ્વરૂપ મળે એવી અંતર જે દૃષ્ટિ—મિથ્યાત્વભાવ અને એની સાથેનો ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિરૂપ રાગ-દ્વેષ એને આસ્રવ કહેવામાં અહીંયાં આવ્યો છે. સમજાણું?

ભગવાન આત્મા એક સમયમાં તદ્દ્ન વીતરાગી વિજ્ઞાનઘન શુદ્ધ ચૈતન્ય છે. એની અંતર દૃષ્ટિ ન માનતા તે સ્વરૂપનો અનુભવ પ્રતીત-દૃષ્ટિ ન કરતાં શુભ-અશુભ વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના જે ઉઠે એ વિકારને પોતાના માની અને લાભદાયક માની અને એને મિથ્યા ભ્રમમાં પોતાના સ્વરૂપને જાણે એમાં એનું નામ મિથ્યાત્વ છે. અને એ મિથ્યાત્વની સાથે જે જ્ઞેયો જાણવામાં આવે છે એ જ્ઞેયોના ભાગ પાડી આ ઈષ્ટ અને અનિષ્ટ છે એવો જે અંદરમાં અનંતાનુબંધી (કષાય છે). (કેવો છે) શુદ્ધનય? છે ને?

**'કેવો છે શુદ્ધનય?'** એટલે શું? શુદ્ધનય એટલે? કે આત્મા ચિદ્દ્ઘન જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસૂર્ય. રાગના વિકલ્પરહિત વીતરાગ વિજ્ઞાનઘન એની દૃષ્ટિ કરવી અથવા એ વસ્તુ પોતે શુદ્ધનય છે.

**શ્રોતા :-** બે (અર્થ થયા)

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, હા, હા. એ પદાર્થ જે જ્ઞાન જ્ઞાયક ચૈતન્યવસ્તુ એ શુદ્ધનય અને એ જ શુદ્ધનયનો વિષય કરીને દૃષ્ટિ પ્રગટ થાય એને પણ શુદ્ધનય કહેવામાં આવે છે. શુદ્ધનય કહો, આત્માનુભવ કહો. આવે છેને? કે આત્મા કહો. ૧૪મી ગાથામાં. પંડિતજી! ૧૪મી ગાથા છેને સમયસાર? એમાં આવે છે. શુદ્ધનય કહો, આત્મા કહો કે આત્માની અનુભૂતિ કહો. એ ત્રણેય બોલ સંસ્કૃત ટીકામાં અમૃતચંદ્રાચાર્યે લીધા છે. ત્રણેય બોલ.

આ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ ચૈતન્યઘન વીતરાગ વિજ્ઞાનસ્વરૂપ, એને અહીંયાં શુદ્ધનય અને એની દૃષ્ટિ કરવી એને પણ અહીંયાં શુદ્ધનય કહે છે. તો એવો શુદ્ધનયનો વિષય ભગવાન એને અહીં ભેદ પાડવો નથી. અધ્યાત્મ છેને? નય અને નયનો વિષય બે જુદા નથી પાડવા. નય જ્ઞાનનો અંશ છે અને પૂર્ણ વસ્તુ તેનો વિષય છે. નય

છે વિષયી છે અને વસ્તુ છે એ વિષય છે. પણ એવા અહીંયાં અધ્યાત્મ દૃષ્ટિમાં બે ભેદ પણ પાડવા નથી. એથી એ કીધું કે '**भूदत्थो देसिदो दु सुद्धणओ।**' જે ત્રિકાળ જ્ઞાયકભાવ નિમિત્ત નહિ, પુણ્ય-પાપનો વિકલ્પ નહિ, અંશ વર્તમાન પ્રગટ વ્યક્ત જ્ઞાન, દર્શન, વીર્યનો અંશ જે છે એ પણ નહિ. એકરૂપ ચિદ્ઘન વીતરાગ પરમાત્માનું જ સ્વરૂપ એને શુદ્ધનય કહેવામાં આવે છે. એ શુદ્ધનય એટલે કે આત્માને એ રીતે જાણ્યો. તો એ શુદ્ધનય કેવી છે?

''**कर्मणाम् सर्वंकषः**'' જુઓ! કાલે આવ્યું હતુંને? 'કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ.' કાલે દાખલો આપ્યો હતો ને જરી? આનંદઘનજી કહે છે. આત્મામાં રમે સો, આત્મ રમે સો આત્મા કહીએ અને રામ કહીએ. 'નિજપદ રમે સો રામ કહીએ અને કૃષ્ણ કર્મને કૃષે તે કૃષ્ણ કહીએ.' કૃષે એટલે? મિથ્યાભ્રાંતિ અને દયા, દાન આદિ વિકલ્પો વિકાર એ મારી ચીજમાં નથી એવી દૃષ્ટિ કરીને તેનો નાશ કરે એને અહીંયાં શુદ્ધનય અને એને આ આત્માને કૃષ્ણ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

'**કેવો છે શુદ્ધનય?**' ''**कर्मणाम् सर्वंकषः**'' (**कर्मणाम्**) '**જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મપંડનો...**' એ જડ(ની) લીધી વાત નિમિત્તથી. '**અથવા રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામોનો...**' શુભ-અશુભ રાગ અને પર તરફનું એકત્વ રાગની બુદ્ધિ એ મોહ—મિથ્યાત્વ. મિથ્યા ભ્રાંતિ અને રાગ અને દ્વેષ એ અશુદ્ધ પરિણામ મલિન અને નિમિત્ત પામીને બધા એવાં આઠ કર્મો પૂર્વના એ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ. એ ભગવાન આત્મા પવિત્ર શુદ્ધ એને અંતરમાં દૃષ્ટિમાં લેતા એ આત્મા અશુદ્ધ પરિણામ અને કર્મને ખપાવે તેવી એનામાં તાકાત છે. બીજી રીતે ખપતા નથી. કર્મનો ક્ષય બીજી કોઈ રીતે ત્રણ કાળમાં થતો નથી કે આટલા અપવાસ કરે તો ક્ષય થાય, આટલા વ્રત પાળે તો થાય. એ વાતમાં કાંઈ એકેય દોકડો સાચો નથી. સમજાણું કાંઈ? શું કહ્યું? '**કેવો છે શુદ્ધનય?**' ''**कर्मणाम् सर्वंकषः**'' ભગવાન આત્મા એની બડાઈ આવી ગઈ હતી ને માથે? મહિમા મોટાઈ જેની છે. એ શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને શુદ્ધ સ્વરૂપની મોટપ જ એવી છે. પ્રભુ પોતાની શક્તિમાં પરમેશ્વરપદ પોતે પડ્યું છે. પરમેશ્વર જ પોતે છે. ઓલી શક્તિ કીધી પરમેશ્વરસ્વરૂપ, પરમેશ્વર, ચૈતન્ય ઈશ્વર, જ્ઞાન ઈશ્વર, જ્ઞાનેશ્વર, દર્શનેશ્વર, આનંદેશ્વર, સ્વચ્છઈશ્વર, પ્રભુ ઈશ્વર એમ અનંત ગુણનો એકરૂપ પદાર્થ એને અહીંયાં શુદ્ધનય કહ્યો અને એનો અનુભવ કરતાં, એ વસ્તુને સ્પર્શતા, અડતા, વેદતા દર્શનમોહ ભ્રાંતિ અને રાગ-દ્વેષ અનંતાનુબંધીના એને જ આસ્રવ કહ્યો છે અહીંયાં. અને આઠ કર્મો એનો એ સર્વનો નાશ કરી નાખે છે. સમજાણું કાંઈ? કહો, રતિભાઈ! છેને. ''**कर्मणाम् सर्वंकषः**'' સર્વ શબ્દ વાપર્યો છે ને?

'**મૂળથી ક્ષયકરણશીલ છે.**' ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપનું તત્ત્વ એની દૃષ્ટિ કરતાં,

એનો અનુભવ કરતાં એટલે કે સમ્યગ્દર્શન થતાં એને આઠેય કર્મના નાશનો સ્વભાવ એનો છે. છે ને? **'મૂળથી ક્ષયકરણશીલ છે.'** એ આઠેય કર્મને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એનો નાશ કરવાનો જ એનો સ્વભાવ છે. ભગવાન સ્વભાવનો વિકારની ઉત્પત્તિ કરવાનો એનામાં સ્વભાવ નથી. કર્મબંધનને નિમિત્ત થવું એવો એનામાં સ્વભાવ નથી. અને પુણ્ય અને પાપના વિકલ્પો ઉઠે એવો કોઈ એનામાં ગુણ અને સ્વભાવ નથી કે જે વિકાર ઉત્પન્ન કરે એવો દ્રવ્ય અને ગુણ કોઈ સ્વભાવ છે (એવું) એનામાં નથી. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યઘન પ્રથમ દરજ્જે—પહેલે દરજ્જે જેવો શુદ્ધ સ્વરૂપ છે એવી અંતર દૃષ્ટિ પડતાં એવા શુદ્ધને જ્ઞાનમાં જ્ઞેય બનાવતા અને એવા શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞેય બનાવીને ઠરતાં એ અશુદ્ધ મલિન પરિણામ અને આઠે કર્મના નાશનો કરણ સ્વભાવ, નાશકરણ સ્વભાવ છે એનો. સમજાણું કાંઈ? બીજી રીતે દર્શનમોહનો નાશ થાય કે રાગ-દ્વેષનો નાશ થાય એવી કોઈ બીજી રીત છે જ નહિ.

**શ્રોતા** :-અનેકાંત તો કરવું જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનેકાંત કહ્યું ને. આનાથી ક્ષય થાય અને બીજાથી ન થાય એનું નામ અનેકાંત. અજ્ઞાનીએ જે અનેકાંત કલ્પ્યું છે કે આનાથી થાય અને આનાથી થાય એ અનેકાંત નથી. એ તો ફુદડીવાદ, મિથ્યાવાદ છે. વ્યવહારના વિકલ્પથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય. મૂઢ છે એ તો. મહામિથ્યાત્વના એકાંતમાં પડેલી દૃષ્ટિ છે એની. એને અનેકાંત ભગવાન કહેતા નથી. અનેકાંત તો આ આવ્યું જુઓને. એક વસ્તુમાં વસ્તુપણાંની નિપજાવનારી અસ્તિ-નાસ્તિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિનું પ્રકાશવું તે અનેકાંત છે. એટલે? કે ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનઘન એની દૃષ્ટિ અને અનુભવ કરતાં કર્મના નાશ કરવાનો સ્વભાવ છે અને બીજી રીતે સ્વભાવ નથી એમ એને અનેકાંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વિરુદ્ધ બે શક્તિઓ છેને. અસ્તિ.. અસ્તિ... અસ્તિ... મહાચૈતન્ય પ્રભુ, મહાચેતન ઈશ્વર પ્રભુ એને અંતર દૃષ્ટિમાં લેતા એ ભગવાન પોતે મિથ્યાત્વ રાગ-દ્વેષના પરિણામ અને આઠ કર્મ, એના નાશ, ક્ષયકરણશીલ--નાશ કરવાનો જ એનો સ્વભાવ છે. બીજી રીતે નાશ થાય એવી એનામાં કોઈ રીત છે નહિ. કહો, સમજાણું આમાં? વાંધા એ ઉઠાવે છે. ભાઈ! વ્યવહારથી કાંઈ કહો અને નિશ્ચયથી કહો તો અનેકાંત થાય. આ અજ્ઞાનીનું અનેકાંત અજ્ઞાનીઓએ માન્યું છે. વ્યવહારથી ન થાય અને નિશ્ચયથી થાય એનું નામ ભગવાન અનેકાંત કહે છે. નેમચંદભાઈ! ભગવાન. અહીં શું કહ્યું?

''**कर्मणाम् सर्वंकषः**'' અસ્તિથી વાત (કરી) કે ભગવાન આત્મા વીતરાગ વિજ્ઞાનઘન સ્વરૂપ એનો આશ્રય કરતાં, દૃષ્ટિ કરતાં, પ્રતીત કરતાં, અનુભવ કરતાં સ્વ વસ્તુને જ્ઞાનમાં જ્ઞેય બનાવતાં એ વસ્તુનો સ્વભાવ એવો છે કે દર્શનમોહ, રાગ-દ્વેષ અને કર્મના નાશ કરવાનો

જ એનો સ્વભાવ છે. એથી વિરુદ્ધ રીતે વિકલ્પથી આઠ કર્મનો નાશ થાય, વિકલ્પથી વિકલ્પનો નાશ થાય એવો સ્વભાવ વસ્તુમાં નથી, એવો સ્વભાવ વિકલ્પમાં પણ નથી. સમજાણું કાંઈ?

શુભરાગ એ ખરેખર તો અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે? કે ચૈતન્યપ્રકાશના નૂર—તેજ જેનો એક અંશ પણ રાગમાં આવતો નથી. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ રાગ પણ જ્ઞાનના ચૈતન્યના પ્રકાશના નૂરનો એમાં અભાવ છે. માટે તે રાગને અચેતન કહેવામાં આવે છે. એ અચેતનનું ઉત્પન્ન થવું એના સ્વભાવમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયની એક સમયની કમજોરીને લઈને ભલે ઉત્પન્ન થાય, પણ દ્રવ્ય અને ગુણમાં એવો કોઈ શક્તિ અને ગુણ નથી કે વિકારને ઉત્પન્ન કરે અને કર્મબંધનમાં નિમિત્ત દ્રવ્ય થાય એવું વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ આમાં?

**શ્રોતા :-** આજે તો સમજાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાઈ ઝીણું માણસને પડે, આમાં અનેકાંત આવતું નથી. આનાથી થાય, આનાથી થાય બે વાત જોઈએ.

**શ્રોતા :-** બે વાત આવે જ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અનાદિની માન્યતા અનાદિની છે, એ નવી નથી. અનાદિ જે રખડ્યો નવમી ગ્રૈવેયક સુધી ગયો એ એ શલ્યમાં ગયો છે અંદરથી. સ્વસન્મુખની દૃષ્ટિને આશ્રયે જ કર્મનો નાશ થાય અને પર આશ્રયે ત્રણ કાળમાં ન થાય એ વાત એણે અંતર દૃષ્ટિમાં કોઈ દિ' અનુભવી નથી. સમજાણું કાંઈ?

એ તો ૧૧મી ગાથામાં કહ્યું, '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' બસ! વસ્તુ ત્રિકાળ જ્ઞાયકપ્રભુ એનો આશ્રય કરતાં જ મિથ્યાત્વનો નાશ થાય છે અને વિકલ્પનો પણ એને નિર્વિકલ્પ ચીજના અંતર દૃષ્ટિના અવલંબે નાશ થાય, એ સિવાય કોઈ બીજી રીત છે જ નહિ. અને અજ્ઞાની એમ કહે કે રાગને કારણે આત્માને કાંઈક લાભ થાય અને આત્માનો આશ્રય કરવાથી લાભ થાય એ બે થઈને અનેકાંત થાય તો એ વસ્તુનું સ્વરૂપ એવું છે જ નહિ. સમજાણું કાંઈ? આ તો કળશો એવા ઊંચા છે કે આખો સમયસારનો સાર અને એમાં રાજમલ ટીકા કરનાર એવા મળ્યા કે એમાં માખણ જે હતું એ જ મૂક્યું છે એમાં. 'પાંડે રાજમલ જૈન ધર્મી સમયસાર નાટક કે મર્મી' એમ બનારસીદાસે એમાં કહ્યું. આવે છેને? આ એની ટીકા છે આ કળશની. 'પાંડે રાજમલ જૈન ધર્મી અને સમયસાર' એટલે આત્માના નાટકનો મર્મી એ જીવ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ, નિર્વિકલ્પ આનંદઘન એની અંતર દૃષ્ટિ અને અનુભવ કરતાં એ વસ્તુ એટલે શુદ્ધનય, એ વસ્તુ એટલે શુદ્ધનય, એનો સ્વભાવ જ એવો છે કે આઠ કર્મને બાળીને રાખ કરે એવો એનો સ્વભાવ છે. સમજાણું

કાંઈ? અને વિકારના પરિણામને. બેય ન કહ્યું? ભાવકર્મ અને દ્રવ્યકર્મ, લ્યો બેય લીધા.

**'મૂળથી...'** પાછો (**सर्वंकषः**) શબ્દ છેને? **'મૂળથી ક્ષયકરણશીલ છે.'** ''**तत्रस्थाः शान्तं महः पश्यन्ति**'' આહાહા..! શું કહે છે? ''**तत्रस्थाः शान्तं महः पश्यन्ति**'' (**तत्रस्थाः**) **'શુદ્ધસ્વરૂપ-અનુભવમાં મગ્ન છે...'** સ્થિર થતાં **'तत्र'** જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એમાં **'स्थाः'** રહેતાં, દૃષ્ટિ આપતાં, જ્ઞેય બનાવતા, એમાં ઠરતાં (**तत्रस्थाः**) **'શુદ્ધસ્વરૂપ-અનુભવમાં મગ્ન છે જે જીવ, તેઓ સર્વ ઉપાધિથી રહિત એવા...'** (**महः**) **'ચૈતન્યદ્રવ્યને પ્રત્યક્ષપણે પામે છે.'** (**पश्यन्ति**)નો અર્થ કર્યો.

ભગવાન આત્મા એ મન અને રાગના વિકલ્પ વિના એ આત્માને સમ્યગ્દર્શનના લક્ષે લક્ષ જ્યાં દ્રવ્યનું થયું અને એના તરફનું શરણ અને આશ્રય લીધો એટલે સમ્યગ્દર્શનમાં એ પ્રત્યક્ષ આત્માને વિકલ્પ વિના ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માને પ્રત્યક્ષ સમ્યગ્દર્શનમાં કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવશે, પછી ગાથામાં આવશે. ભાવશ્રુતજ્ઞાન આવે છેને? ભાવશ્રુત આવે છે. **'अन्तः सम्पश्यतः'** પછી આવશે, ચોથી લીટીમાં આવશે. પછીની ગાથામાં. એ **'पश्यतः'**નો અર્થ જ કરશે. વળી કોઈ કેવળી લઈ જાય આગા... એ તો કેવળી ભાળે એવા આત્માને. અરે..! સાંભળ તો ખરો.

ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યના અંતર વલણમાં શુદ્ધાત્માભિમુખ પરિણામ એનું નામ ભાવશ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન. એમાં વિકલ્પ નહિ, રાગ નહિ, પુણ્ય નહિ, કાંઈ વ્યવહાર નહિ. એ જ્ઞાન દ્વારા અંતરમાં અનુભવ થતાં. એ પ્રત્યક્ષપણે આત્મા આ છે તેમ વેદનમાં ભાવશ્રુતમાં આવે છે. એ સિવાય કર્મના નાશની રીત કોઈ ત્રણ કાળમાં બીજી છે નહિ. આહાહા..! આકરું પડે પણ માણસને એમ લાગે.

જુઓ! શું કીધું? **'ચૈતન્યદ્રવ્યને...'** (**पश्यन्ति**) **'पश्यन्ति'** એટલે **'પ્રત્યક્ષપણે પામે છે.'** એટલે? કે અનાદિથી બહિર્મુખની જે પુણ્ય-પાપની લાગણીની વૃત્તિ એને પ્રાપ્ત કરતો અજ્ઞાનભાવમાં. પરને તો પ્રાપ્ત કરતો નહોતો. એ તો પર તો નિરાળા પદાર્થ છે. સ્વરૂપના અજ્ઞાનભાવમાં, મિથ્યાત્વભાવમાં, સ્વરૂપના વિપરીત અભિપ્રાયમાં એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષને પ્રાપ્ત કરતો. વિકારી કૃત્રિમ પર્યાયને પ્રાપ્ત કરતો. બસ આ. આ એની મર્યાદા અજ્ઞાનમાં પણ બીજું કાંઈ પ્રાપ્ત કર્યું નથી. એ દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર જતાં એ શુદ્ધ વસ્તુની પ્રાપ્તિ પ્રત્યક્ષ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ માર્ગ છે એવી અંતરમાં પહેલી રુચિને અવકાશ તો આપે. રુચિમાં અવકાશ આમ ન આપે અને અહીંથી થાશે, આનાથી થાશે. અહીં તો શલ્યમાં રોકા તો કોઈ દિ' કલ્યાણ નહિ એનું થાય ત્રણ કાળમાં. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન આત્મા પૂર્ણ નાથ ચૈતન્યસ્વામી. સહજાત્મ સ્વરૂપ પૂર્ણ પ્રભુ પરમેશ્વર નિજ પોતાનો પ્રભુ પોતે એમાં સ્થિર થતાં **'ચૈતન્યદ્રવ્યને...'** **'पश्यन्ति'** એ પોતે

જે વસ્તુ છે તેને '**પ્રત્યક્ષપણે પામે છે.**' એ આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે આ. આહાહા..! સમજાણું કાંઈ? કેવળી-બેવળીની વાત નથી આ.

**શ્રોતા** :-કેવળી થવાની તો છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એની ક્યાં વાત છે? એ તો કેવળ થઈ ગયું. સમ્યક્ થયું ત્યાં આખો મોક્ષસ્વભાવ પ્રગટ થઈ ગયો. દ્રવ્ય મોક્ષસ્વરૂપ છે, એની દૃષ્ટિથી મુક્ત તો થઈ ગયો દૃષ્ટિએ. પર્યાયમાં જરી અસ્થિરતાની મુક્તિ (બાકી છે) એની કાંઈ ગણતરી નથી, અલ્પ કાળમાં નાશ થઈ જવાનો. સમજાણું કાંઈ?

કહે છે કે, પ્રભુ! તારી મહિમાનો પાર નથી, પણ એ મહિમા તને અનંત કાળથી સૂઝી નથી. એને બહારની મહિમા કાં તો કો'ક દેવ આપી દેશે, કાં તો ગુરુ આપી દેશે, કાં શાસ્ત્ર આપી દેશે કાં અંદરમાં શુભરાગ થાય એમાંથી કાંઈક મળી જશે. રાગની ખાણ ખોદવા ગયો ત્યાં, અચેતન જેના જ્ઞાનના અંશનો એમાં અભાવ છે. પણ ભગવાન આત્મા એ વિકલ્પની પાછળ અખંડાનંદ પ્રભુ શુદ્ધ છે, એને દૃષ્ટિમાં પ્રાપ્ત કરતાં, કહે છે કે આત્મા '**પ્રત્યક્ષપણે પામે છે.**' કોને? એ '**સર્વ ઉપાધિથી રહિત એવા ચૈતન્યદ્રવ્યને...**' છે શબ્દ? એક એક શબ્દમાં અંતર આખામાં રહસ્ય ભર્યું છે.

ભગવાન આત્મા પોતાના પૂર્ણ સ્વભાવના મહિમાના માહાત્મ્યમાં વળતો અને પુણ્ય ને વિકલ્પાદિ શુભરાગના માહાત્મ્યને દૃષ્ટિમાં છોડતો, સ્વરૂપના પૂર્ણાનંદ પ્રભુના માહાત્મ્યમાં પેઠો એવી (**महः**) '**ચૈતન્યદ્રવ્યને...**' (**महः**)નો અર્થ તેજ છે—ચૈતન્યનૂર છે, ચૈતન્યસૂર્ય છે, ચૈતન્યસૂર્ય એ, પ્રકાશ ચૈતન્યનો એ પુંજ પ્રભુ છે એને અંતર્મુખ દૃષ્ટિ કરતાં પ્રત્યક્ષપણાની પ્રાપ્તિ ચૈતન્યતત્ત્વની થાય છે. આ એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એને સ્વરૂપ આચરણ કહેવામાં આવે છે.

'**ભાવાર્થ આમ છે કે પરમાત્મપદને પ્રાપ્ત થાય છે.**' કીધું ને? ચૈતન્યદ્રવ્યને પ્રાપ્ત. એનો અર્થ કર્યો કે ચૈતન્યદ્રવ્ય એટલે શું? પોતે પરમાત્મા, પોતે પરમાત્મા. '**પરમાત્મપદને પ્રાપ્ત થાય છે.**' આહાહા..! સમજાણું કાંઈ? '**કેવું છે ચૈતન્યદ્રવ્ય?**' ''**पूर्णं**'' '**અસંખ્યાત પ્રદેશે જ્ઞાનરૂપે બિરાજમાન છે.**' અસંખ્યાત પ્રદેશમાં ચૈતન્યજ્ઞાન બિરાજમાન પ્રભુ આખો છે. એનો દેશ અસંખ્ય પ્રદેશ છે. ભગવાન આત્માનો દેશ અસંખ્ય પ્રદેશ છે. એમાં અનંતા ગુણોનું ધામ જેમાં દેશમાં વસ્યા છે. સમજાણું કાંઈ? અસંખ્યાત પ્રદેશ એવો ભગવાનનો સ્વદેશ, સ્વક્ષેત્ર કહો, સ્વદેશ કહો એમાં અનંતા ગુણો વસ્યા છે એવો (**महः**) નામ ચૈતન્યતેજ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વળી કેવું છે?**' ''**ज्ञानघनौघम्**'' '**ચેતનાગુણનો પુંજ છે.**' જ્ઞાનઘન ઔઘમ્ જ્ઞાનઘન ઔઘમ્ ભગવાન આત્મા '**ચેતનાગુણનો પુંજ છે.**' એ ચેતનાગુણનું એકલું ધોકડું છે. ધોકડું

સમજો છો? ધોકડું સમજો છો? રૂની ગાંઠડી. મોટી ગાંઠડી નથી હોતી? સમજાણું કાંઈ? ભગવાન અસંખ્ય પ્રદેશી અનંત ગુણની ગાંઠડી છે.

**શ્રોતા** :–રતનની ગાંઠડી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– રતન. ચૈતન્યરત્નાકર કહ્યું છેને. ચૈતન્યરત્નાકર છે. અહીં તો ગાંઠડી આવે છે શાસ્ત્રમાં. ગાંઠડી છે એ આવે છે આમાં અનુભવપ્રકાશમાં. દરેક શબ્દ શાસ્ત્રમાં તો બધાય પડ્યા છે. એ ચૈતન્યની ગાંઠડી છે. ખોલ એટલી વાર. ખજાનો ખોલ અંદરમાંથી. દૃષ્ટિ મૂક, છોડ બધા વિકલ્પ-ફિકલ્પથી લાભ થશે એ વાત છોડી દે. ભગવાન ચૈતન્યની ગાંઠડી છે, ગાંઠડો છે એ તો મોટો. સુરણની ગાંઠ હોય ને. સુરણકંદ. સુરણકંદ આવડું અધમણનું. જ્યાં જુઓ ત્યાં રસ ભર્યો છે. ભગવાન અસંખ્ય પ્રદેશે જ્યાં જુઓ ત્યાં અનંત ગુણથી રસથી ભરેલો છે. પૂર્ણાનંદ જેની એક પર્યાયની તાકાત, અનંતા કેવળીઓને જાણવાની શ્રુતજ્ઞાનની એક પર્યાયની તાકાત છે.

અનંતા કેવળીઓને એક સમયમાં જાણવાની શ્રુતજ્ઞાનની પર્યાયમાં તાકાત છે. એવી અનંતી પર્યાયનો પિંડ તે ગુણ છે. એવી એવી અનંતી એક શ્રદ્ધાની એક પર્યાયમાં અનંતા પરમાત્માને સ્વીકારે, વ્યવહારથી, પરના વિકલ્પથી એવી શ્રદ્ધાની પર્યાયમાં તાકાત છે અને સમ્યક્ શ્રદ્ધાની તાકાતમાં ત્રિકાળ અનંત ગુણનો પિંડ સ્વીકારે એવી સમ્યક્શ્રદ્ધામાં તાકાત છે. સમજાણું કાંઈ? વ્યવહારશ્રદ્ધામાં એની પર્યાયની એટલી તાકાત છે કે ષટ્ દ્રવ્ય જાણવાની પ્રતીત. ષટ્ દ્રવ્ય છ દ્રવ્યમાં અનંતા સિદ્ધ આવી ગયા. ષટ્દ્રવ્ય પંચાસ્તિકાય આવે છે ને બધું? એની પ્રતીતિ એક સમયની શ્રદ્ધા વ્યવહારશ્રદ્ધા હોં! વિકલ્પવાળી વ્યવહારશ્રદ્ધા.

**શ્રોતા** :–મિથ્યાદૃષ્ટિની હોય તોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– મિથ્યાદૃષ્ટિને ભલે હો. તાકાત એટલી છે. પણ એ તાકાતને સ્વીકારતો નથી. એક સમયની પર્યાય અનંતા સિદ્ધો અને અનંતા દ્રવ્યોને જાણવાની તાકાત છે. એ છે એવી પરલક્ષે પ્રતીત કરવાની એની તાકાત વ્યવહારથી છે. સમજાય છે કાંઈ? એવા અનંતી પર્યાયોનો સમુદાય તે ગુણ છે. એવા અનંતા ગુણનું એકરૂપ તે દ્રવ્ય છે. એવો ભગવાન આત્મા કેવો છે? કે ''**પૂર્ણ**'' '**અસંખ્યાત પ્રદેશે જ્ઞાનરૂપે બિરાજમાન છે. ચેતનાગુણનો પુંજ છે.**' આહાહા..!

એને આચાર્યને શબ્દો પણ અધુરા પડે છે. એને કહેવા માટે શબ્દો અધુરા પડે છે. પૂર્ણ વસ્તુ શું છે? કેમ કહેવી? સમજાણું? માહાત્મ્યવંત હોય, સર્વોત્કૃષ્ટ શ્રેષ્ઠ તો એ પ્રભુ આત્મા છે. એ ન હોય તો આ જગત છે અને આ છે એમ જાણે કોણ પણ? સમજાણું કાંઈ? એવો ભગવાન ચૈતન્ય. કીધું ને? '**ચેતનાગુણનો પુંજ છે.**' એકલો ચૈતન્ય વ્યાપક રસકંદ. 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.'

**'વળી કેવું છે?'** ''**एकम्**'' **'સમસ્ત વિકલ્પથી રહિત નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે.'** ''**एकम्**'' એ એકની વ્યાખ્યા કરી. ભગવાન આત્મા એકરૂપ છે. ગુણ-ગુણીના ભેદ પણ એવા અનેકરૂપ એનું વાસ્તવિક સ્વરૂપ નથી. આહાહા..! આ ભગવાન ગુણી અને આ જ્ઞાન-દર્શન ગુણ એવો ભેદ પણ વિકલ્પ છે રાગ. એનાથી પણ ભગવાનની પ્રાપ્તિ થતી નથી. આહાહા..! ગુણી આ, આધાર આ અને આધેય ગુણ અનંત આદિ ગુણો એનો આધેય, અને આ આધાર એવા વિકલ્પને આશ્રયે પણ એકપણું પ્રાપ્ત થતું નથી. સમજાણું કાંઈ?

''**एकम्**'' **'સમસ્ત વિકલ્પથી રહિત...'** એકલો ભગવાન શાંતરસથી ભરેલો વીતરાગ એટલે કે ઉપશમભાવ એટલે કે અકષાયભાવ એટલે કે વીતરાગ વિજ્ઞાન, ઉપશમ સ્વભાવરૂપ વિજ્ઞાન એવો પ્રભુ એ એકરૂપે છે. સમજાણું કાંઈ? એ દૃષ્ટિમાં એકરૂપે આવતા દ્રવ્યનું એકપણું પ્રતીત થતાં એને સમ્યગ્દર્શન થતાં મોહ અને રાગ-દ્વેષ ને કર્મનો નાશ કરવાનો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એને એ આત્મા શું ચીજ એની વાત ગુણ સાંભળ્યા નથી. એકલો ભગવાન આત્મા.. આહાહા..! સમજાણું? દ્રવ્ય એક અને એના પ્રદેશ અસંખ્ય છતાં એ અસંખ્ય પ્રદેશમાં અલોકના આકાશ કરતાં અનંતગુણા ગુણો. અસંખ્ય પ્રદેશમાં અલોકના આકાશ પ્રદેશનું માપ નથી જ્યાં અચિંત્ય કાંઈ હદ નથી એવા જે આકાશના પ્રદેશની સંખ્યા એ કરતાં અસંખ્ય પ્રદેશમાં એથી અનંતગુણા ગુણો છે.

**શ્રોતા** :-.. વસ્તી બહુ મોટી....

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બહુ વસ્તુ મોટી છે. પરમાત્મપુરાણમાં મોટો લેખ ભર્યો છે. પરમાત્મપુરાણ કર્યું છે આ ભાઈએ દીપચંદજીએ. અધ્યાત્મ પંચસંગ્રહ એમાં એક પરમાત્મપુરાણ આખું વર્ણવ્યું છે. એ પરમાત્મા છે એને અસંખ્ય પ્રદેશી દેશ છે, એમાં અનંતા પુરુષો વસે છે, ગુણરૂપી પુરુષો, સમ્યગ્દર્શન-જ્ઞાન એના મંત્રી છે એવા બધા, પરિણામ એના ફોજદાર છે, સમ્યગ્દર્શન એવું કાંઈ કીધું છે. ફોજદાર છે, પરિણામ એનો કોતવાળ છે. એમ આખું પરમાત્મપુરાણ વર્ણવ્યું છે. પરમાત્મપુરાણ દીપચંદજી સાધર્મી. જે આ સવારમાં કહ્યું હતું ને અનુભવપ્રકાશ કે આત્માના ભાન વિના ભગવાનની ભક્તિ મોહભજન છે.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વસ્તુ એવી છે. સમજાણું કાંઈ?

એ વસ્તુ ભગવાન આત્મા જેની તાકાતની શું વાત? જેની પર્યાયની તાકાતની શું વાત? જેનો એક પર્યાય, એક ગુણનો એક અંશ, એ અનંતા ગુણને સિદ્ધ—સાબિત કરે છે. શું કીધું સમજાણું? એક ગુણનો એક અંશ અનંતા ગુણને અને એક દ્રવ્યને સિદ્ધ કરે છે. માટે એક અંશ કાઢી નાખો તો અનંત ગુણનું દ્રવ્ય એકરૂપે સિદ્ધ થતું નથી. એવી એના એક એક ગુણની એક પર્યાયમાં એવી તાકાત છે. એવો ભગવાન અહીં કીધું ને?

**'ચેતનાગુણનો પુંજ છે.' 'સમસ્ત વિકલ્પથી રહિત નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે.'** એ ભગવાન અને ભગવાનનો દેશ અને દેશમાં રહેલા ગુણો એનું એકરૂપ તે એણે દૃષ્ટિમાં કોઈ દિ' લીધું નથી. સમજાણું કાંઈ? વાત કેટલી.. આ તે શું? ધર્મ કરવો, વીતરાગનો ધર્મ કરવો આવી વાત હશે? કાંઈ ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા, એકટાણા ખાવા, આઠમ-ચૌદશના અપવાસ કરવા એવી વાત તો કાંઈ આવતી નથી આમાં. સાંભળને હવે.

આ ભગવાન આત્મા આવોની જ્યાં દૃષ્ટિ થઈ એને બધા પદાર્થનો ત્યાગ દૃષ્ટિમાં થઈ ગયો. મિથ્યાત્વનો ત્યાગ પહેલા થતાં આખા સંસારનો ત્યાગ થઈ ગયો દૃષ્ટિમાંથી. ઉદયભાવનો ત્યાગ થઈ ગયો દૃષ્ટિમાં પછી હવે રહ્યું શું એને? પછી આ છોડવું ને આ મૂકવું એમાં રહ્યું ક્યાં? છોડે-મૂકે કોણ? ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ ક્યાં? એય.. નવરંગભાઈ! એ તો પૂર્વનું યાદ આવે પાછું બધું. યાદ તો આવે ને. કહો, સમજાણું આમાં? આહાહા..!

કહે છે, ભગવાન! એક મિથ્યાત્વના ત્યાગે આખો ઉદયરૂપ સંસાર અસિદ્ધ ભાવ એનો જેમાં અભાવ એટલે કે એનો ત્યાગ થઈ ગયો. સમજાણું કાંઈ?

**શ્રોતા** :-માહાત્મ્ય તો આવ્યું પણ બીજી જાતનું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બીજી જાતનું આવ્યું? આહા..! એ તો કાલે કહ્યું નહોતું? ઓલો પ્રશ્ન કરતા ને? ત્યાગ જોઈએ, પહેલો ત્યાગ જોઈએ. ભગવાન! સાંભળને. પહેલો મિથ્યાત્વનો ત્યાગ એ ત્યાગ હશે કે એ ત્યાગ કોનો? અને મિથ્યાત્વના ત્યાગ વિના અવ્રતનો ત્યાગ કોને હોઈ શકે? અને અવ્રતના ત્યાગ વિના કષાયનો ત્યાગ કોને હોઈ શકે? અને પ્રમાદના ત્યાગ વિના કષાયનો ત્યાગ ન હોય અને કષાયના ત્યાગ વિના યોગની ક્રિયાનો ત્યાગ હોઈ શકે નહિ. હજી મૂળની ખબર ન મળે ને ત્યાગ કરો. શેના ત્યાગ પણ? ધર્મના? ધર્મનો ત્યાગ છે અનાદિથી. છેને, નિયમસારમાં આવે છે એ. મોહ એ ધર્મનો ત્યાગ છે. સ્વધર્મત્યાગ આવે છે કળશમાં હોં!

અહીં કહે છે, પ્રભુ! એકવાર તારો મહિમા તો સાંભળ ભાઈ! તારી ચીજમાં આવું છે એવી તને દૃષ્ટિ થતી નથી અને એનો તને પ્રેમ લાગતો નથી. અને જ્યાં ત્યાં પ્રેમ આ ચોંટ્યો આ. સમજાણું? વિકલ્પ ને વ્યવહાર ને નિમિત્ત ને સંયોગ ને... હવે એ તો અનાદિ કાળની વાત છે. એમાં માંડી શું તેં? નવી શું કરી? સમજાણું કાંઈ? ગાંડા કહે ગાંડા કહે આ તો.

મીરાંબાઈમાં આવે છે ને મીરાંબાઈ? 'પરણી મારા પિયુજીની સાથ, બીજાના મીંઢોળ નહિ રે બાંધું.' મીંઢોળ સમજો છો? 'પરણી મારા પીયુજીની સાથે રે, બીજાના મીંઢોળ નહિ રે બાંધું. નહિ રે બાંધુ રે રાણા.' રાણો એને પરણ્યા હતા અને રાણો હવે વિષય લેવા આવે છે. હવે મારો સ્વામી એક જ છે. એની દૃષ્ટિમાં કલ્પના થઈ એટલી. 'પરણી મારા

પીયુજીની સાથ રે બીજાના મીંઢોળ નહિ રે બાંધુ. નહિ રે બાંધુ રાણા નહિ રે બાંધુ. પરણી મારા ચૈતન્યના નાથની સાથ. બીજાના મીંઢોળ નહિ રે બાંધુ.' એ તો ઈશ્વરની વાત કરે છે. પણ આપણે તો આ. ન્યાલચંદભાઈ! પરણી સમજો છો ને? લગન કર્યા—શાદી કરી. એ રાણો આવે છે, પછી એને ભક્તિની અમુક શૈલી છે. પછી એને એટલું અંદર થઈ જાય છે કે એ આદર કરતી નથી. પછી ઝેરના પ્યાલા આપે છે અફીણ. 'ઝેરના પ્યાલા રાણાએ મોકલ્યા અને પીધા ગટ ગટ કરીને સાથ' ગટ ગટ કરીને પીધા. એ તો એનો અર્થ બીજો છે. એને પ્રેમ ઈશ્વર ઉપર હતો એટલે બીજી અનુકૂળતા કરવા ગયા, પણ આણે કહ્યું નહિ, બિલકુલ ન જોઈએ. મારા પરમાત્મા ઈશ્વર રણછોડ એ સિવાય હવે બીજો હોય નહિ. એમ સમ્યગ્દૃષ્ટિને પરમાત્મા અખંડાનંદ પ્રભુ, એની સાથે ગાંઠ બાંધી હવે બીજો હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? હવે ત્રણ લોકના નાથ હોય તો એની સાથે ગાંઠ નહિ કહે છે.

**શ્રોતા** :-એને અંદરનો ત્રણ લોકનો નાથ આવ્યો ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ અંદર ત્રણ લોકનો નાથ ચૈતન્ય બિરાજે, જે ત્રણ લોકનો જાણનાર. એવા અનંતા કેવળીને જેના જ્ઞાનના પર્યાયના પેટમાં રાખ્યા. આહાહા..! સિદ્ધ ભગવાન આત્મા થાય, એક સમયની પરમાત્મા દશા, અનંત ગુણની દશા, એક સમય રહે, બીજે સમયે બીજો પરમાત્મા થાય પોતે. ત્રીજે સમયે ત્રીજો થાય અને ચોથે સમયે ચોથો થાય. સાદિઅનંત પરમાત્મા થાય. એવા સાદિઅનંત જે અનાદિ કાળના સાંત કાળથી અનંતગુણો સમય છે, એટલા પરમાત્મા આત્માના પેટમાં પડ્યા, ધ્રુવમાં પડ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

મલબાર ગઢનું કહ્યું હતું ને ત્યાં ઓલો લોકો.. અરે.. કેવું કહેવાય? મલારગઢ ગયા હતા ને હમણાં. ૧૦-૧૨ હજાર માણસ. મોટો પંડાળ બાંધેલો. લાખોના ખર્ચ પાણીના. ભગવાનદાસ ..વાળાએ. એના ગુરુ ત્યાં ગુજરી ગયેલા એટલે ત્યાં બધું કર્યું હતું ને હમણાં? ત્યાં ગયા હતા ને બે દિ' હમાણાં. માહ મહિનો હતો. ૧૦-૧૨ હજાર (માણસ અને) મોટો પંડાળ ને ઓહોહો..! લાખોના પાણી કર્યા. અને એમાં ઓલા સાંભળે.. આ કર્યું ને. અરે..! આત્મા અનંતા પરમાત્માને પેટમાં રાખ્યા છે એવો આત્મા છે કીધું. આ શું? એક પરમાત્મા નહિ.

અરે.. ભાઈ! એક સમયની પર્યાય સિદ્ધ એ પરમાત્મા છે—કાર્ય પરમાત્મા. એક સમયનો પરમાત્મા બીજે સમયે રહેતો નથી. કારણ કે ઉત્પાદ થયો તેનો બીજે સમયે વ્યય થાય છે. એવો પરમાત્મા બીજે સમયે નવો થાય છે. એવા સાદિઅનંત પરમાત્મા જેના ધ્રુવપદમાં પડ્યા છે એને આત્મા કહેવામાં આવે છે. એક પરમાત્મા નહિ, એ અનંતા પરમાત્માનો નાથ છે ઈ. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

એક સમયની પર્યાય પરમાત્માની અનંતા કેવળીની પર્યાયને સમાડ્યા અને એવા એવા અનંતા પરમાત્મા ધ્રુવમાં સમાડ્યા. આહાહા..! સમજાણું કાંઈ? જેની એક પર્યાય સમયની

એમાં અનંતા કેવળીઓને સમાડી દીધા. જાણતા સમાઈ ગયા. એક પર્યાયમાં સમાઈ ગયા. એવી એક કેવળીની પર્યાય એવી અનંતી સાદિઅનંત પર્યાયો એ ધ્રુવમાં સમાઈ ગઈ છે. એવો ભગવાન ચૈતન્યનો પુંજ છે. સમજાણું કાંઈ? એને આ શું ચીજ? આ અંદર જ્યાં આ દેખાય, આ દેખાય. પણ દેખાય છે કઈ ભૂમિકામાં? આ દેખાય છે કે આ દેખાય છે? પોતાની સત્તાની પ્રસિદ્ધિ જ્યાં હોય ત્યાં થાય છે. પહેલો પોતે ન હોય તો આ છે એમ નક્કી કોણે કર્યું? શુદ્ધ સ્વભાવ આવે છેને? બનારસીદાસમાં આવે છે. 'સમતા રમતા ઊર્ધ્વતા જ્ઞાયકતા સુખભાસ ચેતનતા વેદકતા ચૈતન્યતા એ સબ જીવ વિલાસ.' એ ઊર્ધ્વતા શબ્દ વાપર્યો છે ને ઊર્ધ્વતા. એમ કે પહેલો પોતે ન હોય તો આ છે એમ નક્કી કોણે કર્યું? દરેકના જ્ઞાનમાં પોતાની હયાતી પહેલી પોતે, પહેલો પહેલો ને પોતે પહેલો છે. પરમાત્માને જાણવામાં પણ પહેલો, આ રાગને જાણવામાં પણ પોતે પહેલો, આ વ્યવહાર વિકલ્પ છે એને જાણવામાં પહેલો પોતે છે. એ વિના જાણ્યું કોણે કે આ રાગ છે? સમજાણું કાંઈ?

એથી કહ્યું, '**ચેતનાગુણનો પુંજ છે.**' અને સર્વ વિકલ્પથી રહિત છે. વિકલ્પ કેવા? કહે છે. ગુણ-ગુણીના ભેદનો પણ વિકલ્પનો જ્યાં અવકાશ સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? એમાં ભગવાનની ભક્તિ અને ગુરુની ભક્તિથી પ્રાપ્ત થાય એવું એના સ્વરૂપમાં ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. સમજાણું કાંઈ? એય..! શશીભાઈ! આસ્રવ કેવો? કહે છે કે ભાન થયું ને હવે આસ્રવ? અણાસ્રવી તત્ત્વ ચૈતન્યપુંજ દૃષ્ટિમાં આવ્યો હવે આસ્રવ કેવો? સમ્યગ્દૃષ્ટિ આસ્રવ વિનાનો છે. આહાહા..! બંધન નથી, આસ્રવ નથી. રાડ નાખી જાય અરે..! દસમા ગુણસ્થાન સુધી રાગ (હોય). હવે સાંભળને હવે. ચૈતન્યના પુંજની ધારામાં આસ્રવનો અભાવસ્વભાવ છે. સમજાણું કાંઈ? એથી કહે છે... આ આસ્રવ અધિકાર ચાલે છે. ભાઈ! તારું સ્વરૂપ તો આસ્રવરહિત છેને પ્રભુ! એવા પ્રભુને પકડ્યો અને હવે આસ્રવ થાય એમ બને નહિ, છે જ નહિ આસ્રવ. સમ્યગ્દૃષ્ટિને આસ્રવ નથી. રુચિપૂર્વક જે રાગ-દ્વેષાદિ હતા એ બધા છૂટી ગયા. એને છે નહિ.

'**વળી કેવું છે?**' ''**अचलं**'' '**કર્મનો સંયોગ મટવાથી નિશ્ચલ છે.**' નિમિત્તના લક્ષે જે ચળ થતો એ વસ્તુ રહી નહિ. ''**अचलं**'' '**શું કરીને આવા સ્વરૂપની પ્રાપ્તિ થાય છે?**' શું કરીને આવા સ્વરૂપની પ્રાપ્તિ થાય છે? પાઠ છેને જુઓ. '**स्वमरीचिचक्रम चिरात्संहृत्यं**' '**જૂઠ છે, ભ્રમ છે જે કર્મની સામગ્રી...**' ભગવાન આત્માના સત્તા ધામમાં કર્મ અને કર્મથી મળેલી સામગ્રી ને પુણ્ય-પાપ એ ચૈતન્યસત્તામાં બિલકુલ જૂઠ છે. ભગવાન ચૈતન્યધામ અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણનું ધામ એવો પ્રભુ, જે કર્મને કારણે મળેલી સામગ્રી '**જૂઠ છે, ભ્રમ છે જે કર્મની સામગ્રી ઈન્દ્રિય,...**' ભગવાન ચૈતન્યના ધામમાં ઈન્દ્રિયો જૂઠ છે. અરે.. '**શરીર,...**' જૂઠ છે. શરીર-ફરીર ભગવાનના ચૈતન્યના ધામમાં ક્યાં હતા?

એય.. **નેમચંદભાઈ!** આ ક્યારની વાત ચાલે છે આ? આ અત્યારની.

આ '**રાગાદિમાં આત્મબુદ્ધિ,...**' દેખો! એ રાગ-બાગ આત્મામાં ક્યાં છે? એવી આત્મબુદ્ધિ '**તેનો તત્કાળમાત્ર વિનાશ કરીને.**' મારા સ્વરૂપમાં રાગનો વિકલ્પ છે નહિ ત્રણ કાળમાં. ત્રણ કાળમાં હતો નહિ. એમ જ્યાં ચૈતન્યસ્વભાવનો આશ્રય કરે છે એટલે કરે છે કે રાગાદિમાં આત્મબુદ્ધિ એ જૂઠ છે, ભ્રમ છે. એ પુણ્યનો વિકલ્પ જેને વ્યવહારરત્નત્રય કહે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ આત્મામાં જૂઠ છે, એ મારા માનવા એ ભ્રમ છે. આહાહા..! સમજાણું કાંઈ? જેના સત્તા સ્વભાવના સામર્થ્યમાં જેની ગંધ નથી રાગની. એ માટે એ પરમાં આત્મબુદ્ધિ—આ મારામાં છે—એવી બુદ્ધિ તેને (**अचिरात्**) '**તત્કાળમાત્ર વિનાશ કરીને.**' નાશ કરી નાખે છે. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આખું બધુંય ભ્રામક થઈ ગયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કીધું હતું. એ શુભભાવ આવે છેને. એ શુભભાવ આવે એમાં જરીક વિસામો મળે. થાકી ગયો હોય તો. થાક લાગતો હશે અંદરમાં. ખેદ લાગતો હશે એને. વસ્તુના સ્વરૂપની દૃષ્ટિની ખબર નથી. એ શુભભાવમાં આવે ત્યારે જરી થાક ઉતરે. અરે.. અહીં કહે છે, શુભ પોતે થાકલો ને રાગ ને વિકાર છે. વિકારથી વિકારનો થાકલો ઉતારવો છે તારે?

ભગવાન આત્મા ચૈતન્ય-શિલા. એ ચૈતન્ય ઠંડી શિલા એમાં બેસવાથી એ થાક—વિકલ્પ ઉત્પન્ન થતાં નથી. એના થાક ત્યાં ઉતરે. ધૂળમાં શું થાક ઉતરતા હતા? આહાહા..! ગરમી હોય, ગરમી લાગી હોય ને ગરમી બહુ, પછી એમાં ચૈતન્ય આમ આવે છે ને આપણે નહિ શશીકાંત શું આવે છે નહિ? સમવસરણમાં. ઈન્દ્ર વિશ્રામ લે. આપણે સમવસરણમાં આવે છે. આદિપુરાણમાં લીધું છે હોં જિનસ્વામીએ. જિનસેનસ્વામી. સમવસરણ વિધિમાં. ઓલા આઠ ભૂમિકા છે ને? ત્યાં શશીકાંતની શિલાઓ છે. આપણે છે, અહીં શિલા મૂકી છે. અહીં શશીકાંત શિલા ક્યાંથી લાવવી? આમ શાંત શિલા એવી ઠંડી ઠંડી. ગરમી ગમે તેવી લાગી હોય તો આમ બેસે. શું શબ્દ છે ભાઈ એ?

**શ્રોતા :-** શીતળ શિલા શશિકાન્તની જ્યાં ઈંદ્ર વિશ્રાંતિ લહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિશ્રામ લહે. આપણે બનાવ્યું છે હોં! શશીકાંતની શિલા જ્યાં ઈન્દ્રો ભગવાનના દર્શન કરવા આવે ત્યાં પહેલા બેસે, ત્યાં થોડો વિશ્રામ લે. આપણે થોડો થોડા .. છે પત્થરની. આરસપહાણની બનાવી આરસપહાણની. શશીકાંત શિલા. આદિપુરાણમાં છે હોં એ. એનું બનાવ્યું છે ને ભાઈએ સમવસરણ સ્તુતિ. એની અંદર ઈન્દ્રો દર્શન કરવા જાય ઈન્દ્રો ભગવાનના. જરી થાક ઉતારે છે ત્યાં. હેઠે ઉતરેને વિમાનથી. વિમાનથી હેઠે ઉતરે પહેલી ઓલી શશીકાંત શીતળ... શીતળ... શીતળ શિલા હોય છે. થોડી વાર બેસે

પછી જાય છે. જય ભગવાન.

એમ આ શશીકાંતની શિલા, શીતળરસની શિલા ભગવાન આત્મા છે. એ થાક ઉતારવાનું સ્થાન તો એ છે. એને આ શુભભાવમાં આવે તો જરી થાક ઉતરે અને જરી વિસામો મળે. ધૂળમાંય નથી. કહો, સમજાણું આમાં? સમવસરણની સ્તુતિ સાંભળી છે કે નહિ? એય.. રતિભાઈ! સાંભળી જ નથી. આપણે અહીં સમવસરણ બોલાય છે ને મહિને-મહિને.

**શ્રોતા** :-એણે તો ઘરે બનાવ્યું હોય, હવે શું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઠીક.

(**स्वमरीचिचक्रम्**) જૂઠ છે કહે મરીચિ. સમજ્યાને? નાશ કરી નાખે છે. આહાહા..! '**કેવું છે મરીચિચક્ર?**' .. ચક્ર કેવું છે. ''**बहिः निर्यत्**'' ''**बहिः निर्यत्**'' '**અનાત્મપદાર્થોમાં ભમે છે.**' જોયું! '**बहिः**' એ વિકલ્પમાં રખડે એનું નામ મરીચિચક્ર છે. ભગવાન વિકલ્પ વિનાની ચીજ, શુભરાગ આદિ વિનાની. એ શુભરાગમાં રખડે એ મરીચિચક્ર છે. ''**बहिः निर्यत्**'' ભગવાનમાંથી બહાર નીકળીને રાગમાં આવ્યો એ રખડે છે એમાં. '**અનાત્મપદાર્થોમાં ભમે છે.**' સમજાણું કાંઈ? આહાહા..! અંદર ગોઠે અને શાંત થવાનું સ્થાન તો આત્મા છે. હવે એની માહાત્મ્ય દૃષ્ટિ, રુચિ કરતો નથી અને બહારના જેમાં વિશ્રામ નથી, જરીએ ગંધ પણ નથી. જેની રુચિ અને આશ્રય બેય છોડવા જેવા છે. કાંઈક હશે... કાંઈક હશે... કાંઈક હશે એવો જે ''**बहिः निर्यत्**'' સ્વભાવમાંથી નીકળેલો વિનાનો બહારથી નીકળેલો વિકલ્પ, '**અનાત્મપદાર્થોમાં ભમે છે.**'

એ હવે '**ભાવાર્થ આમ છે કે—પરમાત્મપદની પ્રાપ્તિ થતાં સમસ્ત વિકલ્પ મટે છે.**' એ બહાર ભમે છે વિકલ્પ એ સ્વરૂપની દૃષ્ટિ થતાં એ બહારમાં ભમવું એને અટકી જાય છે અને અંદરમાં ઠરવું ઉત્પન્ન થાય છે. કહો, સમજાણું કાંઈ? ''**बहिः निर्यत्**'' '**અનાત્મપદાર્થોમાં ભમે છે.**' એ અનાત્મ છે. કોણ? એ શુભરાગ. શુભરાગ અનાત્મપદાર્થ છે, આત્મપદાર્થ નથી. જે ભાવે તીર્થંકગોત્ર બંધાય એ ભાવ અનાત્મા છે, આત્મા નહિ. ઓહોહો..! સૂક્ષ્મ પડે ને ઝીલવું માણસને જરી (આકરું પડે). આમ તો મોટુ મોઢું ભરાઈ જાય. તીર્થંકર થાય છે ને તીર્થંકર થાય છે. સાંભળને હવે. એ તો રાગ છે. રાગને ટાળીને સ્વભાવમાં ઠરશે ત્યારે કેવળજ્ઞાન પામશે. એ રાગથી પામશે? તીર્થંકરગોત્ર બાંધ્યું માટે પામશે કેવળજ્ઞાન? બિલકુલ નહિ. સમજાણું કાંઈ? અનાત્મપદાર્થ છે એ. એમાં ભમે છે, અટકે છે એટલો દોષ છે. અહીં રુચિપૂર્વક નથી એટલે કાંઈ નથી એમ કીધું.

'**પરમાત્મપદની પ્રાપ્તિ થતાં સમસ્ત વિકલ્પ મટે છે.**' અહીં તો બધું નકાર થઈ ગયો જાઓ. અનંતાનુબંધી અને મિથ્યાત્વ ગયા તો બધા વિકલ્પ ગયા. એક અસ્થિરતાના થોડા રહ્યા એની કાંઈ ગણતરી છે નહિ. એવી અહીં વાત લીધી છે. છેલ્લો આસ્રવનો શ્લોક છે હવે.

(મન્દાક્રાન્તા)

रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्रवाणां
नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः।
स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-
नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत्।।१२-१२४।।

ખંડાન્વય સહિત અર્થ :—''एतत् ज्ञानम् उन्मग्नम्'' (एतत्) જેવો કહ્યો છે તેવો શુદ્ધ (ज्ञानम्) શુદ્ધચૈતન્યપ્રકાશ (उन्मग्नम्) પ્રગટ થયો. જેને જ્ઞાન અર્થાત્ શુદ્ધચૈતન્યપ્રકાશ પ્રગટ થયો તે જીવ કેવો છે? ''किमपि वस्तु अन्तः सम्पश्यतः'' (किम् अपि वस्तु) નિર્વિકલ્પસત્તામાત્ર કોઈ વસ્તુ, તેને (अन्तः सम्पश्यतः) ભાવશ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષપણે અવલંબે છે. ભાવાર્થ આમ છે કે—શુદ્ધસ્વરૂપના અનુભવના કાળે જીવ કાષ્ઠની માફક જડ છે એમ પણ નથી, સામાન્યપણે સવિકલ્પી જીવની માફક વિકલ્પી પણ નથી, ભાવશ્રુતજ્ઞાન વડે કોઈ નિર્વિકલ્પવસ્તુમાત્રને અવલંબે છે; અવશ્ય અવલંબે છે. ''परमं'' આવા અવલંબનને વચનદ્વારથી કહેવાને સમર્થપણું નથી, તેથી કહી શકાય નહિ. કેવો છે શુદ્ધ જ્ઞાનપ્રકાશ? ''नित्योद्योतं'' અવિનાશી છે પ્રકાશ જેનો. શા કારણથી? ''रागादीनां झगिति विगमात्'' (रागादीनां) રાગ-દ્વેષ-મોહની જાતિના છે જેટલા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધપરિણામ તેમનો (झगिति विगमात्) તત્કાળ વિનાશ થવાથી. કેવા છે અશુદ્ધપરિણામ? ''सर्वतः अपि आस्रवाणां'' (सर्वतः अपि) સર્વથા પ્રકારે (आस्रवाणां) આસ્રવ એવું નામ-સંજ્ઞા છે જેમની, એવા છે. ભાવાર્થ આમ છે કે—જીવના અશુદ્ધ રાગાદિ પરિણામોને સાચું આસ્રવપણું ઘટે છે. તેમનું નિમિત્ત પામીને કર્મરૂપ આસ્રવે છે જે પુદ્ગલની વર્ગણાઓ તે તો અશુદ્ધપરિણામના સહારાની છે, તેથી તેમની શી વાત? પરિણામો શુદ્ધ થતાં તે સહજ જ મટે છે. વળી કેવું છે શુદ્ધજ્ઞાન? ''सर्वभावान् प्लावयन्'' (सर्वभावान्) જેટલી જ્ઞેય વસ્તુ અતીત-અનાગત-વર્તમાનપર્યાય સહિત છે તેમને (प्लावयन्) પોતામાં પ્રતિબિંબિત કરતું થકું. કોના વડે? ''स्वरसविसरैः'' (स्वरस) ચિદ્રૂપ ગુણ, તેની (विसरैः) અનંત શક્તિ, તેના વડે. કેવી છે તે? ''स्फारस्फारैः'' (स्फार) અનંત શક્તિ, તેનાથી પણ (स्फारैः) અનંતાનંતગણી છે. ભાવાર્થ આમ છે કે—દ્રવ્યો અનંત છે, તેમનાથી પર્યાયભેદ અનંતગણા છે. તે સમસ્ત જ્ઞેયોથી જ્ઞાનની અનંતગણી શક્તિ છે. એવો દ્રવ્યનો સ્વભાવ છે. વળી કેવું છે શુદ્ધ જ્ઞાન? ''आलोकान्तात् अचलम्'' સકળ કર્મોનો ક્ષય થતાં જેવું નીપજ્યું તેવું જ અનંત કાળ પર્યંત રહેશે, ક્યારેય અન્યથા થશે નહિ. વળી કેવું છે શુદ્ધ જ્ઞાન? ''अतुलं'' ત્રણ લોકમાં જેના સુખરૂપ પરિણમનનું દ્રષ્ટાંત નથી.—આવો શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો. ૧૨-૧૨૪.

## કલશ-૧૨૪ ઉપર પ્રવચન

रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्रवाणां
नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतो ऽन्तः।
स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-
नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत्।।१२-१२४।।

ઊંચુ આવ્યું જ્ઞાન. ઉન્મગ્ના અને નિર્મગ્ન બે નદી છેને? ઓલા વૈતાક પર્વતની વચમાં છે. સાંભળી છે? વૈતાક પર્વત છેને? એના વચમાં બે નદી છે. ઉન્મગ્ના, નિમગ્ના. એ બેનો એવો સ્વભાવ છે કે ઉન્મગ્નમાં કોઈ પણ ચીજ પડે તો ઉપર જ લાવે. નિમગ્નમાં એવો સ્વભાવ જે કાંઈ પડે એ હેઠે જ નાખે. એ કુદરતના બધા સ્વભાવો ડુંગરા, નદીઓ એમાં અનેક પ્રકારના કોઈ અંદર ન્યાય બતાવે છે. વૈતાક. જ્યારે ચક્રવર્તી સાધવા જાય છે ને પછી બે નદીઓ વચમાં આવે છે મોટી. ત્યાં ઉતરાય નહિ પછી પુલ બાંધી દે છે. અને બે બાજુ ઓલા મણિરત્નથી માંગળા કરે પ્રકાશ માટે. નદી આવી જાય એક ઉન્મગ્ન. કોઈપણ તરણું પડે, કોઈ પણ અંદર પડે તો ઉન્મગ્ન નદી તો ઉપર જ લાવે. ખેંચીને કાંઠે કાઢી નાખે. નિમગ્ન નદી એવી કે ગમે તે કાંઠે મૂકો તો હેઠે ગરી જાય એ.

એમ ભગવાન આત્માનો સ્વભાવ ઉન્મગ્ન બહાર લાવવાનો સ્વભાવ, સ્વભાવની શક્તિ પડી એને ખેંચીને બહાર લાવવાનો છે. સમજાણું કાંઈ? ઉન્મગ શબ્દ આવ્યો ને આમાં? છેલ્લો છે ને જુઓને. '**ज्ञानमुन्मग्नमेतत्।**' છેલ્લો શબ્દ એ છે. ભગવાન આત્મા એક સમયનો મહા સમુદ્ર દરિયો ચૈતન્યરત્નાકર, એની અંતર દૃષ્ટિ થતાં શક્તિરૂપે જે ગુણ છે એને પર્યાયરૂપે પરિણમીને પ્રગટ કરે છે અંદરમાંથી લાવીને. એવો એનો સહજ સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ?

'**ખંડાન્વય સહિત અર્થ :—**' ''**एतत् ज्ञानम् उन्मग्नम्**'' લ્યો પહેલો જ શબ્દ આવ્યો લ્યો. પહેલો જ આવ્યો. ઓલામાં છે છેલ્લો શબ્દ. શબ્દાર્થ પહેલો આવ્યો. '**જેવો કહ્યો છે તેવો શુદ્ધ શુદ્ધચૈતન્યપ્રકાશ પ્રગટ થયો.**' પ્રગટ થયો. પ્રકાશમાં આવ્યો પરમાત્મા પર્યાયમાં. પૂર્ણ સ્વરૂપ છે એ પર્યાયમાં પ્રગટ આવ્યો. '**જેને જ્ઞાન અર્થાત્ શુદ્ધચૈતન્યપ્રકાશ પ્રગટ થયો તે જીવ કેવો છે?**' લ્યો! વિકલ્પોને અપ્રગટ કરી નાખ્યા અને ગુણની પર્યાયને પ્રગટ કરી નાખી. ભગવાન આત્મા પૂર્ણ ચૈતન્ય રત્નાકર એને આશ્રયે પડ્યો, એવી દૃષ્ટિ થઈ એટલે પર્યાયમાં પ્રકાશ જ પ્રગટ્યો. અંધકારના વિકલ્પો વિલય થઈ ગયા, વિલય થઈ ગયા. જ્ઞાતાદૃષ્ટાપણું પ્રગટ થયું. સર્વજ્ઞ જેમ ત્રણ કાળ ત્રણ લોકને જોવે છે એમ સમ્યગ્દૃષ્ટિ

પોતાના શ્રુતજ્ઞાનથી જાણે-દેખે છે. બસ. વિકલ્પને કરવું કે છોડવું એ વસ્તુમાં છે નહિ. ચૈતન્ય **'શુદ્ધચૈતન્યપ્રકાશ...'** લ્યો જ્ઞાનની વ્યાખ્યા જ આવી કરી.

''एतत् ज्ञानम् उन्मग्नम्'' એ શુદ્ધ ભગવાન ચૈતન્યનો પ્રકાશ અંતર દષ્ટિ થતાં પ્રગટ થયો. **'જેને જ્ઞાન અર્થાત્ શુદ્ધચૈતન્યપ્રકાશ પ્રગટ થયો તે જીવ કેવો છે?'** **''किमपि वस्तु अन्तः सम्पश्यतः''** જુઓ! શું કહે છે? કોઈપણ **'નિર્વિકલ્પસત્તામાત્ર કોઈ વસ્તુ, તેને ભાવશ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષપણે અવલંબે છે.'** અહીં શું કહે છે? કોઈને એમ થાય છે કે આપણે શૂન્ય થઈ જવું, વિકલ્પરહિત થઈ જવું. એ પણ વિકલ્પરહિત થવું પણ કોઈ વસ્તુ છે કે નહિ પ્રાપ્તમાં? સમજાણું કાંઈ? અવલંબન કાંઈક આવ્યું કે નહિ અંદર? અવલંબન વિનાની ચીજને ધ્યાન ધ્યાન કહેતા નથી. ધ્યાન અંદર શુદ્ધ સ્વરૂપનું અવલંબન પ્રત્યક્ષ છે, અસ્તિપણાનું અવલંબન છે. વિકલ્પ છોડી દ્યો. ઓલા કહે ને ઘણા. એ છે ને આમાં ભાઈ શું કહેવાય? યોગનું. પતંજલિ. ચિત્ નિરોધ. ચિતનો નિરોધ. પણ નિરોધ કરીને વસ્તુ શું? એ તો નાસ્તિ કરી. અસ્તિ શું? એ કહે છે. અસ્તિ શું? પદાર્થ શું? વસ્તુ શું? કે જેનું **'सम्पश्यतः'** અંતર અવલોકન થાય. શૂન્ય તો વિકલ્પથી થયો પણ **'सम्पश्यतः'** શું? સમજાણું કાંઈ? શાસ્ત્રોમાંથી કાઢે છે ને કે આસ્રવથી શૂન્ય થયો. વિકલ્પથી શૂન્ય થયો. દેખ્યું શું? કાંઈ છે વસ્તુ મહાન કોઈ અસ્તિ છે કે એમ ને એમ? તો કહે છે...

**'જેને જ્ઞાન અર્થાત્ શુદ્ધચૈતન્યપ્રકાશ પ્રગટ થયો તે જીવ કેવો છે?'** **''किमपि वस्तु अन्तः सम्पश्यतः''** **'નિર્વિકલ્પસત્તામાત્ર કોઈ વસ્તુ,...'** ચૈતન્ય ભગવાન પૂર્ણ છે એને (**अन्तः सम्पश्यतः**) અંતર જોવે છે, દેખે છે, વસ્તુ આખી છે. આખી વસ્તુ પૂર્ણાનંદ છે એને (**अन्तः सम्पश्यतः**) **'ભાવશ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષપણે અવલંબે છે.'** આમ લીધું જુઓ આખો. વિકલ્પ ન કરવા, આસ્રવ ટાળવા. પણ આસ્રવ ટાળીને રહે શું? સમજાણું કાંઈ? આસ્રવ ટાળવા હોં, રાગ ઘટાડવા. પણ ઘટાડીને રહે શું સામે? કહે છે કે રાગનો વિકલ્પ જ્યાં તૂટ્યો અને આ દૃષ્ટિ જ્યાં થઈ (**अन्तः सम्पश्यतः**) ભગવાન ભાવશ્રુતજ્ઞાન દ્વારા મહાન અસ્તિ પદાર્થ પ્રત્યક્ષ વેદનમાં આવે છે. એને આત્મા કહેવામાં આવે છે, આ એને સમ્યગ્દષ્ટિ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૧૪, સોમવાર,
## તા. ૧૨-૭-૧૯૬૫, કલશ-૧૨૪
## પ્રવચન નં. ૯૬

આ સમયસાર કળશ. આસ્રવ અધિકારનો છેલ્લો કળશ છે. જેને અનાદિ સંસારમાં પરિભ્રમણરૂપ ભાવ (થઈ રહ્યો છે), જે આત્મા જ્ઞાનાનંદ શુદ્ધવસ્તુ એની દૃષ્ટિ અનંત કાળમાં એણે કરી નથી. એથી એની દૃષ્ટિમાં અનાદિથી વિકાર, પુણ્ય અને પાપના ભાવ ક્ષણિક કૃત્રિમનું અસ્તિત્વપણે અનુભવમાં એને આવ્યું છે.

**શ્રોતા** :–સમજાયું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– સમજાય એવું નથી? રતિભાઈ!

અહીં તો અનુભવ લેવો છેને અંદર? તો આ આત્મા અધર્મપણે કેમ રહ્યો અને ધર્મ કેમ થાય? અધર્મપણે કેમ રહ્યો? કે આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ અનાકુળ વસ્તુ છે. જુઓ! અહીં વસ્તુ જ સિદ્ધ કરે છે હોં. વસ્તુ છે, પદાર્થ છે. વસ્તુ એને કહીએ કે જેમાં અનંત અનંત ગુણ ને પર્યાય જેમાં વસેલા છે, રહેલાં છે. એવી નિજ વસ્તુ એને ભૂલી અને વર્તમાનમાં પુણ્ય ને પાપ ને વિકારી દશા એને એકપણે માની અને એનો જે અનુભવ, એનું નામ દુઃખરૂપદશા, આસ્રવદશા અને એનું નામ પરિભ્રમણ. સમજાણું કાંઈ? બાહ્ય પદાર્થ બાહ્ય પદાર્થમાં રહ્યા.

**શ્રોતા** :–એને ભૂલીને કીધુંને આપે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આ સ્વભાવને ભૂલીને.

**શ્રોતા** :–કે દિ' યાદ કર્યો હતો?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ઈ ભૂલીને એટલે અનાદિથી ભૂલ્યો છે કે નહિ? ભાન થયું હોય તો જ ભૂલ્યો કહેવાય એવું કાંઈ છે નહિ. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' એ તો પહેલી વાત કરી ને. કર્તાકર્મમાં નહોતું કહ્યું? કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પદાર્થ એનું નિર્મળ અવસ્થારૂપી કાર્ય પ્રગટ થવું જોઈએ, એને ન પ્રગટ કરતાં. એમ આવ્યું હતું કે નહિ? કર્તાકર્મમાં.

**શ્રોતા** :–તે દિ' ૬૯-૭૦માં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા, ૬૯-૭૦. ઘણી વાર વાત થઈ ગઈ છે. સમજાણું?

ચૈતન્ય વસ્તુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વસ્તુ કહે છેને હવે અહીં તો? વસ્તુને '**अन्तः सम्पश्यतः**' એમ લેતા બાહ્ય પશ્યન્ત એમ અત્યારે પહેલું આવ્યું વળી મગજમાં.

કે વસ્તુ પોતે છે મહાન પદાર્થ અનંત અનંત ગુણ અને પર્યાયનું વસવુ એમાં છે. એમાં રહેલા પદાર્થ—ગુણો અને પર્યાય રહેલા છે. એવી વસ્તુની રુચિ, દૃષ્ટિ, અવલંબન કર્યા વિના અનાદિથી એણે બાહ્ય પુણ્ય અને પાપ, શુભ અને અશુભ વિકારનું અવલંબન કર્યું છે. સમજાણું? અને એનું એણે વેદન કર્યું. એણે કોઈ દિ' સંસારમાં પરચીજનું વેદન કોઈ દિ' કર્યું નથી એણે. પરચીજને કોઈ દિ' એણે અનુભવી નથી ત્રણ કાળમાં. કર્મને, શરીરને, સ્ત્રીને, પૈસાને ક્યાંય એણે વેદી નથી—અનુભવ્યું નથી. કારણ કે એની સત્તામાં એ ચીજ આવતી નથી. એની સત્તામાં નથી આવતી એનું એને વેદન હોઈ શકે નહિ.

**શ્રોતા** :-એનો પ્રભાવ આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધૂળમાંય પ્રભાવ આવે નહિ. પરનો શું પ્રભાવ આવે?

પોતે આત્મા એક સમયમાં મહાન પદાર્થ સત્તા અસ્તિત્વ, મોજૂદગી એમાં પરચીજની મોજૂદગી અસ્તિત્વ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પણ કોઈ દિ' આવી નથી. કર્મ, શરીર, વાણી કોઈ દિ' એક સમયમાત્ર પણ એના અસ્તિત્વમાં આવ્યા જ નથી. એનું અસ્તિત્વ બીજાનું પર રહ્યું છે. એનું લક્ષ કરીને, સ્વભાવના લક્ષને ભૂલીને વિકારભાવ કરે એ એના અસ્તિત્વમાં, એની દશામાં, એની હાલતમાં, એની મોજૂદગીમાં એ થાય છે. સમજાણું કાંઈ? એણે એ વિકારના ભાવને અંતર્મુખ ચીજને જોયા, જાણ્યા, અનુભવ્યા વિના ફક્ત એ વિકારને જાણી, જોઈને અનુભવ્યો. એનું નામ નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયકના અવતાર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ આમાં?

હવે, જ્યારે ધર્મ પામે ત્યારે કઈ રીતે પામે અને શું તેને ધર્મ પામતા થાય? એની અહીં વાત ચાલે છે. કહો, સમજાણું આમાં?

**'ખંડાન્વય સહિત અર્થ :—'** ''**एतत् ज्ञानम् उन्मग्नम्**'' **'જેવો કહ્યો છે તેવો શુદ્ધ શુદ્ધચૈતન્યપ્રકાશ...'** એ વિકાર પુણ્ય-પાપનો જે હતો એ અંધકાર છે. એ પ્રકાશ સામે અંધકાર છે. એ અંધકારનું એણે વેદન કર્યું. હવે જ્યારે ધર્મ પામવાની કળા અને ધર્મ પામે છે ત્યારે દૃષ્ટિ સ્વરૂપ ઉપર જાય છે. બીજો કોઈ એને સહાયક-ફહાયક કે કોઈ કારણે થાય એ ચીજ છે નહિ. જે લક્ષ અને રુચિ વિકાર ઉપર હતી તે લક્ષ અને રુચિ આમ સ્વભાવ સન્મુખ જાય છે. એટલે અહીંયાં શબ્દ વાપર્યો છે—(**अन्तः सम्पश्यतः**) (**अन्तः सम्पश्यतः**) અંતર મધ્યમાં વસ્તુ જે શુદ્ધ ચૈતન્ય છે એના ઉપર લક્ષ જતાં, એના ઉપર દૃષ્ટિ પડતાં, એને જ્ઞેય બનાવતા શુદ્ધ ચૈતન્યપ્રકાશ ઉદય થાય છે. (**उन्मग्नम**) નામ ઉદય થાય છે, પ્રગટ થાય છે.

જે ઉદય વિકારનો એકલો હતો... સમજાય છે કાંઈ? ભગવાન આત્માની દશામાં એકલો વિકારનો ઉદય કહો, પ્રગટ કહો, એનું વેદન જે એકલું હતું એ દૃષ્ટિ ફરે છે. શુદ્ધચૈતન્યપ્રકાશ

આ એનો ઉદય થાય છે. ઉદય થાય એટલે પ્રગટ થાય છે. ભગવાન પ્રભુ ચૈતન્યસ્વરૂપ એની અંતર્મુખ દૃષ્ટિ થતાં એ પર્યાયમાં એ શુદ્ધ ચૈતન્ય જે છે એ પર્યાયમાં પ્રગટ અંશે થાય છે.

**'જેને જ્ઞાન અર્થાત્ શુદ્ધચૈતન્યપ્રકાશ પ્રગટ થયો તે જીવ કેવો છે?'** ઓલો રાગ પ્રગટ હતો. અહીં આસ્રવ અધિકાર છેને. અનાદિથી પ્રગટ પુણ્ય-પાપના વિકારનો રાગ ઉદય હતો. અભવિને કે ભવિને. નિગોદમાં ગયો એને કે નવમી ગ્રૈવેયકે જૈન દિગંબર સાધુ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગ ધારણ કરીને અનંતવાર દીક્ષા અને પંચ મહાવ્રત પાળ્યા એ બધા જીવની એક જ રીત છે કે એને વિકારનો ઉદય હતો ને વિકારનું વેદન હતું ને વિકારને પોતાનું અસ્તિત્વ માનતો. એટલે બીજી ભાષાએ ચાલતા અધિકારથી કહીએ તો એ આસ્રવને પોતાનું સ્વરૂપ માનતો. સમજાણું કાંઈ?

એ જ્યારે આત્મા શુદ્ધ ચૈતન્ય છું, મારી ચીજ નિધાન મારામાં અનંત ગુણ શાંતિ આદિના છે એમ વસ્તુના સ્વભાવ સ્વરૂપનું માહાત્મ્ય આવતા એ દૃષ્ટિ ચૈતન્ય ઉપર જાય છે એટલે તેની દૃષ્ટિ વિકારના આસ્રવ ઉપરથી ખસી જાય છે એટલે જ્ઞાનાનંદ સ્વરૂપ એની દૃષ્ટિમાં જ્ઞાનની પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે. એ શુદ્ધતા પ્રગટ થાય છે તે આસ્રવ વિનાની નિર્મળ પર્યાય છે. કહો, સમજાણું આમાં?

(**उन्मग्नम**) ઉછળ્યો પર્યાય, ઉદય થઈ પર્યાય. ઉદય થાય આવે છેને? ભાષા બહુ આવે છે. ઉદય થાય ચારિત્રનો. શ્રીમદ્‌માં પણ આવે છે. ઉદય થાય ચારિત્રનો. ઉદય એટલે શું? પ્રગટે છે આમ. આમ ભગવાન આત્મા આમ શુદ્ધ ચૈતન્યમૂર્તિ વસ્તુ છે, એને ઉદય થાય છે વિકારનો એનું નામ આસ્રવ અને સંસાર. હવે આમ અંતર દૃષ્ટિ આપતા ઉદય થાય છે નિર્મળ પર્યાય. એટલે ચૈતન્યનો પ્રકાશ. કહો, સમજાણું આમાં? માર્ગ તો ભાઈ એવી ચીજ છે એ. આખો ચૈતન્યસૂર્ય છે. જેથી આચાર્યે એને વસ્તુ શબ્દ વાપરી. કોઈ ઓલા વેદાંતવાળા અને બીજા કહે વસ્તુ શું? વસ્તુ હોય? વસ્તુ તો નાશવાન હોય. વસ્તુ તો... એમ કહે છે કે ના, આ તો વસ્તુ છે.

**'किमपि'** **'જીવ કેવો છે?'** **'પ્રગટ થયો તે જીવ કેવો છે?'** **''किमपि वस्तु अन्तः सम्पश्यतः''** (**किम् अपि वस्तु**) **'निर्विकल्पसत्तामात्र...'** કાંઈ ચીજ વસ્તુ એટલે. પાછો ત્યાં શૂન્ય નથી થતો એમ. પદાર્થ સત્તા જ્ઞાયક સ્વભાવભાવ શુદ્ધ જ્ઞાનઘન શીતળ શિલા. જેમ બરફની શીતળ શિલા છે એમ ભગવાન અકષાય શાંતરસની શિલા છે એની અંતર દૃષ્ટિ આપતાં તે વસ્તુ પ્રગટે છે. એટલે? આ **'તેને...'** (**अन्तः सम्पश्यतः**) એવી વસ્તુને અંતરમાં **'सम्पश्यतः'** **'ભાવશ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષપણે અવલંબે છે.'** અહીં જરી જોર છે. એ પોતે અર્થમાં બે વાર જોર આપશે. વસ્તુમાત્રને અવલંબે છે, અવશ્ય અવલંબે

છે એમ કહેશે.

કેમકે એ કારણ છે. એ ચીજ જે છે વસ્તુ આ છે પદાર્થ ભલે અહીંયાં ક્ષેત્રમાં અસંખ્યપ્રદેશી હોય, દેહ પ્રમાણે એનું ક્ષેત્ર છે, અસંખ્ય પ્રદેશી છે પણ વસ્તુ પોતે છે અને એમાં અનંત અનંત ભાવરૂપ, શક્તિરૂપ ગુણ પડ્યા છે. એ પ્રગટ (થયા એમ) પાછળ કહેશે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા એમાં દૃષ્ટિ કરવી. એ દૃષ્ટિમાં '**ભાવશ્રુતજ્ઞાન વડે...**' દેખો! અહીં જ્ઞાનથી વાત લેવી છેને. દેખવું લેવું છેને. એટલે અંતરમાં સ્વભાવ.. ઓલો એકલો જ્ઞાનવિકાસ હતો, પણ ખરેખર એ દ્રવ્યશ્રુત જ હતું. વિકલ્પાત્મક દ્રવ્યશ્રુત જ હતું અનાદિનું, ભાવશ્રુત નહોતું. ઉઘાડ હતો એ ભાવશ્રુત નહોતું. એને કહેવાય એમ કે જ્ઞાનનો ઉઘાડ. પણ એ ખરેખર ભાવશ્રુત નહોતું.

**શ્રોતા** :- તો એ અંધારું હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, અંધારું હતું. સ્વનું જ્ઞાન નહિ તેને ભાવશ્રુત નથી. અને ભાવશ્રુત નથી એટલે દ્રવ્યશ્રુત જ એકલું અજ્ઞાનનું જ દ્રવ્યશ્રુત હતું. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આમ ચૈતન્યસૂર્ય એકલો ચૈતન્યનો પુંજ—ઓઘ એમાં અનંત ગુણ વસેલા (છે) એવી વસ્તુ, (**अन्तः सम्पश्यतः**) બસ! આ જ એની ક્રિયા. અંતર્મુખ જોતાં એટલે કે મધ્યમાં અંતરમાં (**सम्पश्यतः**) '**ભાવશ્રુતજ્ઞાન વડે...**' જોતાં. જોતાંનો અર્થ? કોઈ એટલું જ કરે જોતા એટલે કે એ જ્ઞાનને આમ જાણે. પણ એ જ્ઞાનને જાણે એવો અર્થ કરતા એને સાધારણને એના સ્વાદની ખબર ન પડે એટલે એને સ્વાદ ભેગો નાખ્યો છે. દેખવું એનો એવો અર્થ નથી કે આ જ્ઞાન વડે આ જાણ્યું, એ જ્ઞાન વડે એવું જાણ્યું ત્યારે કહેવાય કે જેને રાગનો, દયા, દાન કે વ્યવહારરત્નત્રય એવો વિકલ્પ એની અપેક્ષા છોડી દઈને એ જ્ઞાન પ્રત્યક્ષ આત્માને અવલંબે અને અવલંબતા તેને પ્રત્યક્ષપણે અવલંબે, પ્રત્યક્ષપણે અવલંબે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો કોઈ દિ' પણ ચોપડો જોયો ન હોય. છોટાભાઈ! પછી નામું અભણને મૂકે. એને (એમ થાય), આ શું છે આમાં?

અમારે એક હતા ત્યાં. પાંચસો કાંઈક રકમ આવી હતી તે ઉધાર કરવાને ઠેકાણે જમે કરી દીધી. પછી આ મકનભાઈએ ચોપડા જોયા. કાં? પણ એક બાજુ લખવું છેને. લખી નાખ્યું એક બાજુ. પણ એક બાજુ ક્યાં? આ ઉધારનું આમ નખાય અને જમાનું આમ નખાય એવું કાંઈક એને જ્ઞાન તો હોવું જોઈએ કે નહિ? રકમ આવી એટલે જ્યાં જમે લખવી જોઈએ એના બદલે ઉધારમાં નાખી દીધી. એટલે ડબલ (થયું). પંડિતજી! એવું અમારે થયું છે. પંડિત હતા હોં એક. અમારે અમૃતલાલ પંડિત હતા ને.

**શ્રોતા** :- સારું લાગે ત્યાં લખે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સારાની ક્યાં પ્રશ્ન? પણ એટલું ખબર નથી કે.. અમારે શાસ્ત્રી

હતા ને અમૃતલાલ જાટકીયા અમરેલીવાળા હતા. અહીં દસ વર્ષ રહ્યા પહેલા. અભ્યાસ કરે શાસ્ત્રનો. ચોપડામાં લખવા બેસાડ્યા તો ક્યાંક જમેને ઉધાર લખી નાખી. રકમ આવી. હવે ડબલ થઈ ગઈ સમુકી. એ તો વળી આ મકનભાઈ તપાસ કરતા (ખબર પડી). પણ રકમ અહીં લખવી જોઈએ એને ઠેકાણે અહીં લખી. અહીં લખવી કે અહીં લખવી ખબર કોને છે.

એમ આત્મા શું ચીજ છે? એને ક્યાં લક્ષમાં લેવી અને ક્યાં લક્ષમાં લેતા આત્મા લક્ષમાં લેવાતો નથી? અને ક્યાં લક્ષમાં લેવાથી આત્મા લક્ષમાં આવે છે? એવું જ્ઞાન એને ન હોય અને એ આત્મા સમજી જાય એમ કોઈ દિ' બની શકે નહિ. સમજાણું કાંઈ? કેમ ન્યાલભાઈ! ચોપડાના નામામાં એવું એને ખ્યાલ આવશે કે નહિ? અમારે બની ગયું છે એવું હોં અહીંયાં. આહા..હા..! એનો અર્થ શું પણ?

(**अन्तः सम्पश्यतः**) ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાન પર્યાય અંશ ઉપર જે દૃષ્ટિ હતી, તેથી તો એને આસ્રવ, મિથ્યા ભ્રમ અને રાગ-દ્વેષ જ ઉત્પન્ન હતા. એ દૃષ્ટિ ફક્ત ગુલાંટ ખાય છે, વસ્તુ તરફ જાય છે. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. એ વસ્તુ પર અંતઃ અંતરમાં જોવે છે ત્યારે તેને ભાવશ્રુતજ્ઞાન, અંતરના આત્માને પકડે એવું ભાવશ્રુતજ્ઞાન કે જે જ્ઞાન અનંત કાળમાં એક સેકન્ડ પણ જેણે પ્રગટ કર્યું નથી.

'**ભાવશ્રુતજ્ઞાન વડે...**' એમ કહેતા એમ કહ્યું કે ઓલો વિકલ્પ હતો કે આમ, એ વિકલ્પ દ્વારા નહિ. એ જ્ઞાન ચૈતન્યને પકડતા જ્ઞાન પ્રત્યક્ષ થઈ જાય છે કે જેને મન રાગ ને વિકલ્પનો અપેક્ષા રહેતી નથી. આહાહા..! એની રીતની ખબર ન મળે હવે એને આત્મા જાણવો અને એને ધર્મ કરવો એ શી રીતે થાય? સમજાણું કાંઈ?

સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ, એની વાણીમાં આવ્યું કે ભાઈ! ભગવાન તું અંદર પડ્યો છેને મોટો. તારા ગાણા અમારી વાણીએ પૂરા ન પડે એવો છો તું. આહાહા..! શ્રીમદ્ કહ્યું નહિ? ન્યાલભાઈ! અપૂર્વ અવસરમાં ન કહ્યું?

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો
તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.

પોતે ભાવના કરે છે કે પૂર્ણાનંદ કેવળ ક્યારે પામું? સમજાણું કાંઈ? આહાહા..! એવો જે ભગવાન આત્મા ભાવશ્રુતજ્ઞાન... જોયું! બાર અંગનું જ્ઞાન એ નહિ ભાવશ્રુત. બાર અંગનું જ્ઞાન એ દ્રવ્યશ્રુત. આહાહા..! એ વિકલ્પ છે બાર અંગનું જ્ઞાન એ ભેદરૂપ છે. એનું નામ

જ્ઞાન કહેવાતું નથી. આહાહા..!

'**ભાવશ્રુતજ્ઞાન વડે...**' જુઓ! એના દ્વારા. કરણ તો આવ્યું ને? '**ભાવશ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષપણે...**' આ ચૈતન્યવસ્તુ જે અનાદિથી પોતાના જ્ઞાનમાં આવી નહોતી અને પરોક્ષ રીતે આત્મા છે, આત્મા છે એમ માનતો હતો એ વસ્તુ નથી. એના જ્ઞાનમાં આમ આવ્યું (કે) આ વસ્તુ એ જ્ઞાનનો પુંજ છે, એકલી જ્ઞાન જ વસ્તુ છે એ. જ્ઞાનસ્વભાવ તે જ આત્મા. બીજી કોઈ ચીજ છે નહિ. એની સાથે એના અસ્તિત્વ અને વસ્તુત્વ અને અનંત ગુણો ભલે હો, પણ એ ચૈતન્યમૂર્તિ તે જ આત્મા. એમ એને રાગ વિના '**ભાવશ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષ અવલંબે છે...**' એટલે અહીં અવલંબન છૂટ્યું તો ત્યાં અવલંબન છે એમ કહે છે. કાંઈ વસ્તુ જ અંદર નથી ને એમ ને એમ બફમ થઈ ગયો, નિર્વિકલ્પ થયો ને શૂન્ય થઈ ગયો એમ નથી. સમજાણું કાંઈ? એ વિકલ્પનું શૂન્ય થયું તો અશૂન્ય એવી ચીજ જેને અવલંબન આવી દૃષ્ટિમાં. આહાહા..! સમજાણું? આ એની રીત છે ધર્મની. પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પામવાની આ જ રીત છે. બીજી કોઈ રીત છે નહિ. આહાહા..! કહે છે, એ '**પ્રત્યક્ષપણે અવલંબે છે.**' એક તો વસ્તુ કીધી અને એને પ્રત્યક્ષપણે અવલંબે છે. હવે એને જોર દેવું છે ત્યાં. અસ્તિ મહા અસ્તિ છે એને અવલંબે છે, અવલંબે છે. અંદર ધ્યેયમાં આવે છે, પ્રત્યક્ષ લક્ષમાં આવે છે વસ્તુ આખી એ માટે વધારે ખુલાસો કરે છે પોતે.

'**ભાવાર્થ આમ છે કે—શુદ્ધસ્વરૂપના અનુભવના કાળે...**' ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ પવિત્ર આનંદધામ એના તરફના જુકાવના કાળમાં '**અનુભવના કાળે જીવ કાષ્ઠની માફક જડ છે એમ પણ નથી,...**' લાકડાની જેમ જડ જેવો કાંઈ ભાન જ નહિ એમ નહિ. સમજાણું? '**સામાન્યપણે સવિકલ્પી જીવની માફક વિકલ્પી પણ નથી,...**' બે વાત લીધી. ભગવાન આત્મા પૂર્ણ પ્રભુ મહાન ચૈતન્યસ્વભાવસૂર્ય, મહાન પદાર્થ એનું એકાગ્રપણું એ જડની પેઠે શૂન્ય છે એવું પણ નથી, તેમ સવિકલ્પની પેઠે ત્યાં વિકલ્પ છે એવું પણ નથી. નથી કાંઈ જાણતો એમ પણ નથી, તેમ વિકલ્પ છે માટે તે જાણવું રહ્યું છે એવું પણ ત્યાં નથી. '**સવિકલ્પી જીવની માફક વિકલ્પી પણ નથી,...**' વિકલ્પ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવશ્રુતજ્ઞાન વડે...**' ભગવાન પરમાત્મા પોતે પોતાને '**ભાવશ્રુતજ્ઞાન વડે કોઈ નિર્વિકલ્પવસ્તુમાત્રને...**' વિકલ્પ વિનાની, રાગ વિનાની વસ્તુ મહાન પ્રભુ એને '**વસ્તુમાત્રને અવલંબે છે;...**' અહીં જોર દેવું છે. અવલંબે છે, દૃષ્ટિ ત્યાં ઠરે છે, દૃષ્ટિ ત્યાં થંભી જાય છે. ધ્રુવ ચીજ છે એટલે દૃષ્ટિ ત્યાં પડતા દૃષ્ટિને ધ્રુવનું અવલંબન આવે છે. ભાઈ! આમ જે અવલંબન આમ હતું પુણ્ય-પાપ રાગ, વિકલ્પનું એ અવલંબન છૂટી જતાં વસ્તુનું અવલંબન

આવે છે. અવલંબન છે અંદર. આહાહા..! ભારે. વેદાંતને વળી વસ્તુ અને એનો પર્યાય એને અવલંબે, આ શું? એમ નથી, વસ્તુસ્થિતિ એવી છે કે આમ અંતરમાં જતાં એ વસ્તુને **'વસ્તુમાત્રને...'** વસ્તુમાત્ર કેમ કીધી? બિલકુલ રાગ અને પુણ્યના પરિણામ કે વ્યવહારના રાગને એ શ્રુતજ્ઞાન અવલંબતું નથી. આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે હોં! આહાહા..! સમજાય છે કાંઈ? પણ ભાવશ્રુતજ્ઞાન દ્વારા કથન કરે છે.

**'ભાવશ્રુતજ્ઞાન વડે કોઈ નિર્વિકલ્પવસ્તુ...'** કોઈ એટલે ચૈતન્યવસ્તુ એમ. **'વસ્તુમાત્ર અવલંબે છે; અવશ્ય અવલંબે છે.'** એમ પાછું વધારે જોર આપ્યું. એકદમ શૂન્ય થઈ જાય માટે કાંઈ આધાર જ અંદર નથી (એમ નથી), એ જ્ઞાન અંતરમાં વળતા ધ્રુવનું એને અવલંબન—આધાર છે. આહાહા..! વાત કોઈ એવી છેને સાધારણ માણસને કાંઈ ધર્મની ખબર ન મળે અને આ માનીને બેઠા, પૂજા કરવી, દયા પાળવી, ભક્તિ કરવી, વ્રત કરવા, મંદિરો કરવા. કહો, જગજીવનભાઈ! એને ઝટ સમજાય અજ્ઞાન. આ ચીજ આવી છે એને સાંભળવા પણ મળે નહિ, એ વિચારે કે દિ' અને પ્રયોગમાં મૂકે કે દિ'? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એક સમયમાં વસ્તુમાત્ર છે. તો ભાવશ્રુત છે એ પર્યાય. શું કીધું? ભાવશ્રુત છે એ પર્યાય છે, પણ પર્યાય દ્વારા વસ્તુને અવલંબે છે એમ કહેવું છે. પર્યાય દ્રવ્યને અવલંબે છે. એમ બે સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? એ પર્યાય શું ને દ્રવ્ય શું? આહાહા..! એ ભગવાન આત્મા એ વસ્તુ દ્રવ્ય છે, પદાર્થ ત્રિકાળ સદૃશ્ય ગુણનો પિંડ. એની વર્તમાન દશા એ દશા એને અહીં ભાવશ્રુતજ્ઞાન દ્વારા એટલે પર્યાય દ્વારા, પણ ભાવશ્રુતજ્ઞાનની પર્યાય દ્વારા વસ્તુને અવલંબે છે. દ્રવ્યમાં એકાકાર થઈ જાય છે. એમ. સમજાણું કાંઈ? રીતિ આ શું કહે છે? માણસને (એમ થાય છે), આ તે વળી વીતરાગમાર્ગ આવો હશે? કેટલાક એમ કહે છે. જૈનમાં ભાઈ આવું અમે તો સાંભળ્યું નહોતું. અમે તો કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો, આમ ન કરવું, ફલાણું, અપવાસ કરવા. આવી ક્રિયા હોય કાંઈક રાગ મંદ કરીએ, આમ બેસવું, પોષા કરવા, સામાયિક કરવી. આવો ધર્મ જૈનનો હશે! જૈનનો ધર્મ તો અનંતા જીવ નિગોદમાં કોઈએ કીધું છે? એ અનંતા જીવની દયા પાળવી એ વીતરાગનો માર્ગ છે એ તો આવ્યું નહિ આમાં કાંઈ? સાંભળ તો ભાઈ!

એ અનંતા જીવો છે એનું અસ્તિત્વ તારી પર્યાયમાં કબુલાત આવે એટલી જ વાત છે અહીં. એને પાળી શકે, મારી શકે એ વાત વસ્તુમાં છે નહિ ત્રણ કાળમાં. ફક્ત તારી પર્યાયમાં અસ્તિ અનંત જીવો છે એવી કબુલાત જ્ઞાનની પર્યાયમાં પરલક્ષી આવે એટલું પહેલું. એને મારે કે ઉગારે એવી વાત આત્મામાં છે નહિ અને ભગવાનની વાણીમાં એ આવે જ નહિ. પરના અસ્તિત્વને કે દિ' ફેરવી શકે કે જેના અસ્તિત્વમાં પોતે નથી? સમજાણું કાંઈ? હવે ચોવિહાર (કરવો છે), આહાર-પાણી ન ખાવા. પણ આહાર-પાણી હતા કે દિ' તારા અસ્તિત્વમાં

કે ન ખાય ને ખાતો હતો? તારા અસ્તિત્વમાં તો આ ખાઉં છું એવો રાગ અને ભ્રમણા કે આમાં મને મજા (આવે છે), એ ભ્રમણા અને રાગ તારા અસ્તિત્વમાં હતું બસ. એ ક્રિયા તું કરતો. બીજી ક્રિયા તેં કરી નથી. હવે એ ક્રિયા કર તો સમજાવે છે કે એ ક્રિયા હતી એ અજ્ઞાનની ક્રિયા છે. સમજાણું કાંઈ? ભલે પરને મારવાનો ન ભાવ, ન મારવાનો ભાવ પણ એ રાગ છે. કારણ કે પરલક્ષી વાત છે. એ રાગ એ સ્વરૂપ ચૈતન્યનું નથી અને એ રાગ દ્વારા આત્મા જણાય એમ નથી. એ દયાના ભાવ દ્વારા આત્માની દયા પ્રગટ થાય એમ નથી. ન્યાલભાઈ! ભારે આકરી વાત! તેથી માણસને એમ લાગે (છે), અરે.. એકાંત છે રે એકાંત. અરે.. ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! માંડ આવ્યું છે ને એમાં આ નકાર કરે છો!

**શ્રોતા** :–એકાંત છે, રાગ અને જ્ઞાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા ઘણાને એમ (લાગે છે), એ એકાંત, સોનગઢનું એકાંત છે. અરે.. ભગવાન! આ એકાંત જ છે મોક્ષને લેવાવાળું. સમ્યક્ એકાંત છે. સમજાણું કાંઈ?

આ તો ત્રણ લોકના નાથ વીતરાગ પરમાત્મા ફરમાવે છે. ભાઈ! તું પૂર્ણાનંદની ચીજ છો ને પ્રભુ, તને પ્રાપ્ત કરવા માટે તારી શ્રુતજ્ઞાનની પર્યાય જ બસ છે. એને માટે કોઈ કાંઈ મૂકવું પડે, પૈસા છોડવા પડે, કાંઈ સહન શરીરમાં કરવું પડે, ઘસારો કરવો પડે એવું કાંઈ એના માટે સાધન છે જ નહિ. એવી સહેલી ને સરળ ને સુલભ વસ્તુ છે. પણ બનાવી છે એવી મોંઘી અને અસત્. આ કરું તો થાય, આ કરું તો થાય ને આ કરું તો થાય. અને ઘણા કહે કે દુઃખ સહન કરીએને, બહુ દુઃખ સહન થાયને તો એ મળે. એટલે દુઃખ સહન થાય, દુઃખ સહન થાય એ તો દ્વેષ છે, આર્તધ્યાન છે. આર્તધ્યાનથી એ વસ્તુ પ્રાપ્ત થાય? બહુ સહન થાય. ઘણા પરિષહ સહન થાય, ઘણું થાય એ પછી આત્મા હળવો થાય. હળવો થાય તો આત્મા સમજાય. અરે.. ભગવાન! એમ નથી. સમજાણું કાંઈ?

એ ભગવાન પોતે પોતાના અંતરના જ્ઞાનની કળા દ્વારા સત્ સહજ સરળ સ્વભાવ છે. એને અંતરના પ્રેમ દ્વારા એ જ્ઞાનને અંતરમાં વાળતા, કહે છે કે પર્યાયને અવલંબન દ્રવ્ય છે. એટલે પર્યાય દ્રવ્યમાં એકત્વ થાય તેનું અવલંબન દ્રવ્ય છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? બાણ ક્યાંક મારે તો કાંઈક લક્ષ તો હોય કે નહિ કોઈ ચીજનું? તો કહે છે, પર્યાયનું કોઈ અવલંબન છે કે નહિ અંદર? ભાવશ્રુતનું અવલંબન વસ્તુ ભગવાન આત્મા, પરમપદાર્થ જે એકરૂપ વસ્તુ એ એને અવલંબન છે.

**'અવશ્ય અવલંબે છે.'** પાછું એમ. એમ નહિ કે વસ્તુનું અવલંબન નથી. એમ થઈ રહ્યું કે કાંઈક લટકણ–ફટકણ થઈ ગયું અદ્ધરથી. શૂન્ય જેવું લાગે ને. અને નિંદ્રા જેવું, તંદ્રા જેવું થઈ જાય. એમ નહિ. એ તો બધો આંધળો છે અજ્ઞાન. આમ શૂન્ય જેવું થઈ જાય.

એમ નહિ. વસ્તુ અંદરમાં દૃષ્ટિમાં દેખાવી જોઈએ. જ્ઞાનમાં જ્ઞેયપણે થવું જોઈએ એમ કહે છે. સમજાણું કાંઈ? આ ઘણા એવા હોય છે, બસ આમ. શું પણ કાઢ્યું તેં આમ બે-ચાર કલાક આમ રહીને? વાંચે તો બે-ચાર કલાક તો કાંઈક નવી નવી ભલે પરલક્ષી ઉઘાડ કાંઈક દેખાય. અને આમ કરીને કાંઈ તને ન દેખાય અને કાંઈ અંદર નવું પ્રગટ ન થાય (તો) શું કર્યું કામ તેં? એમ કહે છે.

અહીં કહે છે કે વસ્તુનું અવલંબન થાય છે ત્યાં. પર્યાય વસ્તુને અવલંબે છે એટલે ત્યાં એકત્વ થાય છે ત્યારે શ્રદ્ધા, જ્ઞાનની શાંતિ પ્રગટે છે. આહાહા..! આ ધર્મ છે. બાકી આ વિનાનો વીતરાગમાર્ગમાં કોઈ ધર્મ છે નહિ. અને વીતરાગ સિવાય તો ક્યાંય છે જ નહિ ત્રણ કાળ ત્રણ લોકમાં આ ચીજ ને ક્યાંય ધર્મ-બર્મની વાતું. કલ્પિત ગોળા માર્યા છે બધાએ અનુમાનના. સમજાણું કાંઈ?

‘‘**परमं**’’ હવે એક શબ્દ આવ્યો. કેવો છે ભગવાન? કહે છે, ‘**આવા અવલંબનને...**’ એ વસ્તુ જે છે એને ‘**વચનદ્વારથી કહેવાને સમર્થપણું નથી,...**’ શું કહીએ? એ પર્યાય અંદરમાં વળે, ભાવશ્રુતજ્ઞાન એ વળે એ વસ્તુનું અવલંબન (આવે) એ તે શું ચીજ? કે બાપુ! એ વસ્તુ જ નિર્વિકલ્પ છે, એ કહેવાની તાકાત ભાષામાં નથી. સમજાણું કાંઈ? ‘‘**परमं**’’ ‘**આવા અવલંબનને...**’ એટલે વસ્તુનું જે અવલંબન કરે છે એને ‘**વચનદ્વારથી કહેવાને સમર્થપણું નથી,...**’ એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા અવલંબન ભલે થાવ, પણ વચન દ્વારા એને કહી શકે એવી તાકાત નથી. વિકલ્પમાં તાકાત નથી તો વાણીમાં ક્યાંથી આવે?

એક સ્વસંવેદ્ય વસ્તુ છે. સ્વ સ્વને વેદે, સ્વ સ્વને જાણે એમાં કોઈનો આશ્રય અને પરનું અવલંબન છે નહિ. સમજાણું કાંઈ? આ તો પાધરી એલ.એલ.બી.ની વાતું. ઓલા કેટલાક એમ કહે છે. અરે.. ભગવાન! આ તો હજી એકડાની વાત છે. એલ.એલ.બી.ની તો પછી. એલ.એલ.બી.ની તો અંતર ધ્યાનમાં સ્થિર થઈ ચારિત્રમાં, આનંદમાં શુક્લધ્યાન સ્થિર થઈ જાય એનું નામ એલ.એલ.બી. છે, એમ.એ. છે. આ તો હજી એકડાની વસ્તુની પ્રાપ્તિ, દર્શનશુદ્ધિની વાત છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- સમ્યક્દર્શન પહેલી શરૂઆત.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ શરૂઆત, બીજી કઈ શરૂઆત હતી ત્યારે? આહાહા..!

‘**કહેવાને સમર્થપણું નથી,...**’ એ ‘**વચનદ્વારથી કહેવાને સમર્થપણું નથી,...**’ એટલે વચનમાં તાકાત નથી એમ કહે છે. સમજાણું? ‘**તેથી કહી શકાય નહિ.**’ એમ. એ માટે કહેવું શક્ય નથી. ‘**કેવો છે શુદ્ધ જ્ઞાનપ્રકાશ?**’ ‘‘**नित्योद्योतं**’’ નિત્ય ‘**અવિનાશી છે પ્રકાશ જેનો.**’ એકલો ચૈતન્યસૂર્ય નિત્ય પ્રકાશ જ છે. આ સૂર્ય તો સવારમાં ઊગે અને સાંજે આથમે. જડનો પ્રકાશ છે. એનો પણ પ્રકાશક ભગવાન આત્મા ‘‘**नित्योद्योतं**’’ નિત્ય કાયમી

અનાદિ અનંત ઉદ્યોત જેનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

માણસ આ રીતને ન જાણેને એટલે બિચારા કેટલાક અત્યારે તો આ જૈનના નામે નિશ્ચયાભાસી એટલા થઈ ગયા છે ને. બસ જુઓ એ નિશ્ચય-નિશ્ચય કરે છે ને તો બસ આપણે અદ્વૈત, બીજું કાંઈ નહિ, ફલાણું, ઢીંકણું. અરે.. સાંભળ રે સાંભળ! અદ્વૈત-ફદ્વૈત નથી. આ તો પોતે અદ્વૈત છે. એવા અનંત આત્માઓ છે, અનંત પરમાણુઓ છે, અનંત દ્રવ્યો છે એની કબુલાત ન થાય ત્યાં સુધી તારી પર્યાયની, પર્યાયની માન્યતા તને નથી. સમજાણું કાંઈ? તારી પર્યાયની માન્યતા નથી. એક સમયની પર્યાયમાં છ દ્રવ્યને જાણે એવી તાકાતવાળી પર્યાય. એટલી પર્યાયને ન કબુલે ત્યાં સુધી એ છ દ્રવ્યને માનતો નથી એટલે કે એક સમયની પર્યાયની તાકાતને માનતો નથી. આ તો દ્રવ્યની વાત છે અત્યારે તો. એ પર્યાયને માને તો એ વસ્તુ નથી. એવી પર્યાય પરલક્ષી છૂટી જઈને એવી પર્યાય સ્વને અવલંબે નિર્મળ, અને એ પર્યાય આખા દ્રવ્યને અવલંબે. આહાહા..! પર્યાયને પર્યાયનું અવલંબન છૂટ્યું, પર્યાયને રાગનું અવલંબન છૂટ્યું, પર્યાયને નિમિત્તનું લક્ષ છૂટ્યું, પર્યાયને દ્રવ્યનું લક્ષ રહી ગયું. સમજાણું કાંઈ?

''**नित्योद्योतं**'' '**અવિનાશી છે પ્રકાશ જેનો. શા કારણથી?**' શા કારણે એ નિત્ય ઉદ્યોત છે? ''**रागादीनां झगिति विगमात्**'' '**રાગ-દ્વેષ-મોહની જાતિના છે જેટલા...**' રાગ-દ્વેષ, દયા-દાન, વ્રત-ભક્તિ વિકલ્પ જેટલા પ્રકારના શુભ-અશુભ હોય એ '**જેટલા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધપરિણામ...**' અસંખ્યાત લોકપ્રમાણે શુભાશુભ પરિણામની જાત છે. એક લોકના અસંખ્ય પ્રદેશ એટલા છે કે એક લોકના, એક અંગુળના અમુક ભાગમાં અસંખ્યાતી ચોવીસી ચાલી જાય એટલા તો આકાશપ્રદેશ છે. એવો એક લોક અને એવા અસંખ્યાત લોક એવી વિવિધ પ્રકારના શુભાશુભ પરિણામની જાત, મંદ, તીવ્ર, મંદતમ આદિ શુભની પણ ઘણી જાત, ઘણી જાત. અંદરમાં આવે વિચારમાં તો ગુણ-ગુણીનો ભેદ વર્તે એવો પણ એક વિકલ્પ, એ પણ એક કષાયની જાત છે. સમજાણું કાંઈ?

કહે છે કે '**જેટલા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધપરિણામ તેમનો...**' (**झगिति विगमात्**) એ '**झगिति**' એટલે તત્કાળ '**विगमात्**' એટલે વિનાશ. '**તત્કાળ વિનાશ થવાથી.**' શું કહે છે? ઉત્પાદવ્યય અને ધ્રુવ વર્ણવવું છે પાછું એમાં ભેગું. ભગવાન આત્મા વસ્તુના અંતર ધ્રુવ સ્વભાવને ભાવશ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ કરતાં ધ્રુવ(નું) અવલંબન રહ્યું, પર્યાય નિર્મળ ઉત્પન્ન થઈ અને અશુદ્ધ પરિણામ અસંખ્ય પ્રકારના જે કીધા એનો એ વ્યય થઈ જાય છે. એક સમયમાં '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' આ રીતે આત્મા છે. સમજાણું કાંઈ? પાછું કહે, એ તો કર્મ નાશ થાય છે. એ અહીં વાત નથી. કર્મ તો એને કારણે નાશ થાય. કર્મનો આત્મા કર્તા હર્તા નાશ કરનાર નથી. એની પર્યાયમાં જે અશુદ્ધતા હતી એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા વસ્તુને

અંતરમાં જોતા એ ઉત્પત્તિ સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિની થઈ અને અશુદ્ધ પરિણામની જાત જેટલી હતી એનો વ્યય થઈ ગયો. સમય એક. સમજાણું કાંઈ? એ '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' અને '**सत् द्रव्य लक्षणं**'.

એટલે કહે છે, '**અશુદ્ધપરિણામ તેમનો...**' '**झगिति**' 'તત્કાળ...' ભાવશ્રુતજ્ઞાનથી અંતરમાં જોતા, વસ્તુને અવલંબતા તત્કાળ એટલે તે જ કાળ એમ. કાળ કોઈ બીજો નહિ, સમય તો એ જ છે કે જ્યાં સ્વભાવની રુચિ દૃષ્ટિની પર્યાય થઈ ત્યારે જ મિથ્યાત્વ આદિ અસંખ્ય પ્રકારના પરિણામ હતા એ વ્યય થઈ ગયા. સમજાણું કાંઈ? ભારે ઝીણું! સમંતભદ્રાચાર્ય ભગવાનને કહે છે, પ્રભુ! મુનિસુવ્રત ભગવાન. આપે એક સમયના ત્રણ ભાગ જોયા, એક સમયમાં, પ્રભુ! એ સર્વજ્ઞનું લક્ષણ છે. એક સમય તો નાનામાં નાનો. હવે એના બે ભાગ નહિ. અને વસ્તુ એક સમયમાં ત્રણ અંશવાળી—ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. આ તે કાંઈ કાળનો નાનામાં નાનો ભાગ જેના ભાગ ત્રણ કાળમાં કેવળી ન કરી શકે. એમાં એકમાં ત્રણ જોયા એ સર્વજ્ઞ છો આપ. સમજાણું કાંઈ? સર્વને આપનું જ્ઞાન પહોંચી વળ્યું છે. ત્રણ કાળ ત્રણ લોક. એ નીચે કહેશે વિશેષ. સમજાણું કાંઈ? આહાહા..! એ આત્માની તાકાત આટલી છે. સર્વજ્ઞ થઈને ઊભો રહે એટલી તાકાત છે કહે છે. અલ્પજ્ઞ જે સાધક છે એ કાંઈ એની પૂર્ણ દશા નથી. સમજાણું?

અહીં તો કહે છે, '**झगिति विगमात्**' એક સમયમાત્રમાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનો આનંદરસ, જ્ઞાનરસ, એનું અવલંબન ભાવશ્રુત દ્વારા ધ્રુવનું થતાં ઊપજ્યું સમ્યગ્જ્ઞાન આદિ પર્યાય, નાશ થયો અશુદ્ધ પરિણામ ભ્રાંતિ આદિનો પર્યાય. 'કેવા છે **અશુદ્ધપરિણામ?**' "**सर्वतः अपि आस्रवाणां**" દેખો! એ '**સર્વથા પ્રકારે આસ્રવ એવું નામ-સંજ્ઞા છે જેમની,...**' શું કહે છે જરી? એમ કહે છે કે આસ્રવ ખરું નામ એનું જ છે. કોનું? ઓલા અશુદ્ધ પરિણામનું. કર્મનું નહિ. કર્મનું આવવું-ફાવવું એ આસ્રવ ખરું છે જ નહિ. સમજાણું કાંઈ? ઓલા કહે, એ કર્મ આવે એને અટકાવવા. આસ્રવનો નિરોધ કરવો ને? તો આવે એને અટકાવવા શી રીતે? આવતાની જે પર્યાય આવે એટલે? કે કર્મરૂપ પર્યાય થઈને આવે અને એ સમયે અટકાવવાનો અર્થ શું? શી રીતે અટકે? શું અટકવું? આસ્રવનો રોધ કરવો, નિરોધ કરવો એ સંવર. કોનો આસ્રવનો નિરોધ? ક્યો આસ્રવનો નિરોધ? આસ્રવનો વિરોધી એ નાસ્તિથી અર્થ છે. ભાવઆસ્રવનો નિરોધ એ પણ નાસ્તિથી અર્થ છે. એ તો શું કરે? આસ્રવ રોકવા બાપુ! કર્મ આવે એને રોકવા.

**શ્રોતા** :-બંધ કરી દેવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તળાવ બંધ કરવા. બસ થઈ રહ્યું. પાણી આવતું હોય તળાવમાં એના ગરનાળા બંધ કરવા. ગરનાળા શું? પાણી શું? ઇન્દ્રિયના ગરનાળા. ઇન્દ્રિયો છેને?

એને રોકે. ઇન્દ્રિય ક્યાં તારામાં હતી? આ તો જડ છે. તારા અસ્તિત્વમાં આ ક્યાં હતા? એમાં જે ખંડ ખંડ જ્ઞાન દ્વારા રાગ અને દ્વેષ અને પુણ્ય-પાપની ભ્રાંતિથી જે ઉત્પન્ન થતો વિકાર એ આસ્રવ છે.

એ આસ્રવ કહે છે કે **'સર્વથા પ્રકારે આસ્રવ એવું નામ-સંજ્ઞા છે...'** જુઓ! ભાષા શું કરી? (**सर्वतः अपि**) **'સર્વથા પ્રકારે...'** એમ કીધું. **'આસ્રવ એવું નામ-સંજ્ઞા છે જેમની, એવા છે.'** કોણ? કે **'જીવના અશુદ્ધ રાગાદિ પરિણામોને સાચું આસ્રવપણું ઘટે છે.'** ''**सर्वतः अपि आस्रवाणां**'' (**झगिति विगमात्**) એમ કહ્યું હતું ને? (**रागादीनां**) એમ કરીને મેળવ્યું પછી. આહાહા..! અર્થ પણ એવા ભર્યા છે ને. કળશટીકા ગુપ્ત રહી ગઈ આ વાત એમને એમ. ઘણા વર્ષથી આ પુસ્તક (ગુપ્ત રહી ગયું હતું), અત્યારે આવ્યું હવે બહાર. એક આવ્યું હતું પહેલાં અહીં ઘણા વર્ષ પહેલાં. ૩૫ વર્ષ પહેલાં. ઢુંઢારી ભાષામાં કો'ક પાસે હશે. કહે છે, ભાઈ! વસ્તુનો અહીં મર્મ ખોલ્યો છે. શ્રીમદ્ તો કહે છેને કે ભાઈ! શાસ્ત્રમાં ધર્મ છે પણ મર્મ નથી. અહીં તો મર્મ ખોલી નાખ્યો.

**શ્રોતા** :–...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હા, કહ્યું પછી. પછી કીધું છે ને પાછું કે મર્મ કહીએ છીએ. પત્રમાં આવે છે. શાસ્ત્રમાં ધર્મ છે.. પાછું કીધું આ મર્મ ખોલીએ છીએ. અહીં તો શબ્દે શબ્દે મર્મ ખોલ્યો છે. ગુપ્ત-બુપ્ત કોઈ વાત હવે નથી.

કહે છે, ઓહો..! **'જીવના અશુદ્ધ રાગાદિ...'** પુણ્ય-પાપ, દયા, દાન, વિકલ્પ આદિ કે ભ્રમણા એવો જે **'જીવના અશુદ્ધ રાગાદિ પરિણામોને સાચું આસ્રવપણું ઘટે છે.'** સાચું આસ્રવપણું તો એ છે. એનો નાશ થાય છે. એ આસ્રવનો સ્વભાવની દૃષ્ટિ થતાં એ આસ્રવ વિલય થાય છે. વિલય થાય છે એનો અર્થ કે એ આસ્રવ ઉત્પન્ન થતાં નથી. એણે આસ્રવને રુંધ્યા એમ કહેવામાં આવે છે. આ રાગ થયો, હવે રોકું. એમ ક્યાં હતું? રોકે શું? જે સમયે રાગની ઉત્પત્તિ થઈ એ સમયે તો ઉત્પન્ન છે. રોકવું ક્યાંથી? વ્યય ક્યાંથી થાશે?

અહીં કીધું કે ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંતર્મુખ અવલંબતા એ પર્યાયનો જે ઉત્પાદ પહેલા હતો એ સમયે ન થયો એટલે એ સમયે વ્યય થઈ ગયો. સમજાણું કાંઈ? એ સમયે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું. એટલે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એક સમયમાં ત્રણ આવી ગયા. કહો, સમજાણું કાંઈ? કહો, એવી વાત સર્વજ્ઞ સિવાય છે ક્યાંય? સમજાણું કાંઈ? સર્વજ્ઞે પ્રત્યક્ષ જોયેલું એટલું તો એ કહી શકતા નથી. પણ આવ્યું એ તો બરાબર જેવું છે એવું આવ્યું છે. એ વાત આવી ક્યાં છે? ક્યાંય છે? કોની સાથે મેળવવા જાય? બીજા સાથે મેળવો, આની સાથે મેળવો, આની સાથે મેળવો. કહો, સમજાણું? ફલાણાએ આમ કર્યું, ઢીંકણાએ

આમ કર્યું હતું.

'**તેમનું નિમિત્ત પામીને...**' કોનું? રાગાદિ. રાગાદિ શબ્દે પરનો એકત્વનો પ્રેમ એવો રાગ એને મિથ્યાત્વનો રાગ કહે છે. એવા રાગાદિ '**જીવના અશુદ્ધ રાગાદિ પરિણામોને...**' '**તેમનું નિમિત્ત પામીને કર્મરૂપ આસ્રવે છે જે પુદ્‌ગલની વર્ગણાઓ તે તો અશુદ્ધપરિણામના સહારાની છે,...**' એ કાંઈ મૂળ ચીજ નથી. એ તો અશુદ્ધ પરિણામ કરે ત્યારે એને વર્ગણા કર્મની નિમિત્તરૂપે આવે. એનું નિમિત્ત આ છે. એ આવે એટલે મૂળ એ ચીજ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા** :-સહારો આવ્યો ખરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સહારાની એટલે? કે એને નિમિત્ત આ છે. આ નિમિત્ત ન હોય તો એ વખતે આવવાની પણ (ન હોય), પરમાણુની પર્યાય થવાની જ ન હોય ત્યાં. અહીં ભાવ છે તો એ નિમિત્ત છે અને ત્યાં એને ઉપાદાન પરમાણુમાં આસ્રવ એટલે દ્રવ્યઆસ્રવ રજકણોની આવવાની યોગ્યતા એનામાં છે એ આવે છે. પણ આના સહારાની, આ નિમત્ત હોય તો ત્યાં છે. આ ન હોય તો ત્યાં ઉત્પન્ન થવાનું હોતું નથી. એને કારણે ઉત્પન્ન થવાનું હોતું નથી, પાછું આને કારણે નહિ. એ પરમાણુમાં જ એ વખતે તેમાં કર્મરૂપે થઈને આવવું એવી યોગ્યતા જ નહોતી.

**શ્રોતા** :- વિકાર થયો માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- માટે-બાટે નહિ. કર્તાકર્મ કે દિ' હતો? વિકાર ન કર્યો એ કર્તા અને પરમાણુની પર્યાય અટકી ગઈ એ એનું કાર્ય એમ છે નહિ. સમજાણું કાંઈ? જુઓને! કેટલા શબ્દોમાં એણે ચોખવટ કરી છે!

'**નિમિત્ત પામીને કર્મરૂપ આસ્રવે છે...**' પામીને એનો અર્થ નૈમિત્તિક એ વખતે કર્મની પરમાણુની પર્યાયમાં વર્ગણા એવી અનંત પડી છે કે એમાં જે જાતના વિકાર અહીંયાં હોય એ જાતની યોગ્યતાપણે કર્મ પરિણમે એવી પરમાણુની વર્ગણા પડેલી છે. આને લઈને નહિ. એનો સમયકાળ એવો પરમાણુનો છે. આહાહા..! સમજાણું કાંઈ? '**તેમનું...**' એટલે મિથ્યાત્વ અને વિકારનું '**નિમિત્ત પામીને કર્મરૂપ આસ્રવે છે...**' કોણ? કે '**જે પુદ્‌ગલની વર્ગણાઓ...**' પુદ્‌ગલની વર્ગણા. વર્ગણા એટલે સમૂહ મોટો. '**તે તો અશુદ્ધપરિણામના સહારાની છે, તેથી તેમની શી વાત?**' એની શું કરવા વાત કરીએ? અહીંયાં અશુદ્ધ પરિણામ ટળ્યા એટલે ઓલા એની મેળાએ આવે નહિ. ટાળવાનું તો એના અધિકારમાં આ છે. એના અસ્તિત્વમાં છે એ અપેક્ષાએ. સમજાણું કાંઈ?

'**તેથી તેમની શી વાત? પરિણામો શુદ્ધ થતાં તે સહજ જ મટે છે.**' ભગવાન આત્મા પોતાના સ્વરૂપના ઘરમાં આવ્યો દૃષ્ટિએ એટલે કર્મની વર્ગણા થવાને યોગ્ય પરમાણુ

જ ન હોય એને. સહજ મટી જાય છે. સહજ શબ્દ વાપર્યો છેને? **'સહજ જ મટે છે.'** એ પરમાણુ એની મેળાએ આવે નહિ એવો જ એનો પરમાણુનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એક એક વાત ઝીણી ભારે. નવા તદ્દન માણસ હોય એને એવું લાગે છોટાભાઈ! માંડ સાંભળવા કો'ક દી હોય એમાં આ ભારે લાગે. હવે તો સાદી ભાષામાં તો આવે છે. ન સમજાય એવું કાંઈ છે નહિ.

**શ્રોતા** :–સમજે છે કે આવું સમજવાનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ તો બાલુભાઈ પણ કહેતા હતા. બાલુભાઈ બહુ ખુશી થતા હોં સાંભળીને. અહીં બેસતા અહીં. બહુ ખુશી થતાં. આહાહા..! હસતા. આ વાત... આહાહા..! ક્યાં સાંભળવા મળે છે? છે ક્યાં? એમ કહે. સ્થિતિ પૂરી ત્યાં શું થાય? એમાં કાંઈ કોઈ રોકે છે? ઈન્દ્રો આવે તો રોકાય છે કાંઈ? દેહની સ્થિતિ હોય ત્યાં સુધી રહે. છૂટા જ છે બે ભેગા કે દિ' હતા? આહાહા..!

**શ્રોતા** :–ક્ષણિક તો ભેગા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ક્ષણિક પણ ભેગા નથી. ભેગા કોને કહીએ? એકના પર્યાયના અસ્તિત્વમાં બીજાની પર્યાયનું અસ્તિત્વ આવી જાય તો ભેગા કહેવાય. આ તો નિમિત્તનૈમિત્તિક સંબંધ, એનો અર્થ જ કે વ્યવહાર બે પૃથક્ છે સંયોગી સંબંધ પૃથક્. આહાહા..!

**શ્રોતા** :–...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આ સાંભળ્યું, કાલે સાંભળ્યું.

વળી કેવું છે? **'સહજ જ મટે છે.'** ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપની અંતર દૃષ્ટિ કરતાં એને મિથ્યાત્વ અને અશુદ્ધ પરિણામ સહજ નાશ થઈ જાય છે, એમ પરમાણુનું આવવું સહજ મટી જાય છે. **'વળી કેવું છે શુદ્ધજ્ઞાન?'** **''सर्वभावान् प्लावयन्''** હવે આવ્યું. હવે કેવળજ્ઞાનની વાત લે છે. એકદમ જ્યાં આસ્રવ રોકાણો ત્યાં આત્મામાં અંદર પૂર્ણ થઈ ગયો એકાકાર થઈને. **'જેટલી જ્ઞેય વસ્તુ...'** જેટલી જગતમાં જાણવાયોગ્ય વસ્તુ, સ્વ અને પર બધી. જેટલી જગતમાં જ્ઞેય નામ પડે જેનું. **'અતીત–અનાગત–વર્તમાનપર્યાય સહિત છે...'** જેટલી જગતમાં જાણવાયોગ્ય વસ્તુ. આમ ભગવાન જ્યાં આત્મામાં એકાકાર થઈ સમ્યગ્દર્શન, જ્ઞાન પામ્યો અને જ્યાં પૂર્ણ સર્વજ્ઞ થાય. અહીં સર્વજ્ઞની અપેક્ષા લેવા માગે છે. અર્થમાં જયચંદ્ર પંડિતે સમ્યગ્દર્શન લીધું. કહો, સમજાણું કાંઈ? ભાવશ્રુતજ્ઞાનમાં પણ બધું જણાય છે.

**'જેટલી જ્ઞેય વસ્તુ...'** ભૂતકાળમાં એ વસ્તુનો પર્યાય હતો એ વસ્તુનો અનાગત પર્યાય થવાનો છે ભવિષ્યનો અને એનો વર્તમાન પર્યાય અવસ્થા છે એ સહિત જ્ઞેયવસ્તુ છે. એ વસ્તુ ત્રણેય કાળના પર્યાય સહિત વસ્તુ છે. સદાય. સમજાણું કાંઈ? એ વસ્તુમાં પ્રગટ પર્યાય

અમુક હોય એક સમયની અને અપ્રગટ ભૂત-ભવિષ્યની બધી એમાં પડેલી છે. શક્તિરૂપે બધી પડેલી છે. એ સર્વજ્ઞ પ્રગટરૂપે બધું જાણે છે, પ્રત્યક્ષ. શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ નહિ પણ પરોક્ષરૂપે બધી જ ચીજ આમ જ છે તેમ શ્રુતજ્ઞાનમાં પ્રતીત કરે છે. સમજાણું કાંઈ?

**'જેટલી જ્ઞેય...'** જાણવાયોગ્ય વસ્તુ. ત્રણ કાળ ત્રણ લોકની પર્યાય સહિત ઓહોહો..! **'તેમને...'** (**प्लावयन्**) **'પોતામાં પ્રતિબિંબિત કરતું થકું.'** પોતામાં પ્રતિબિંબિત કરતું થકું. જોયું! એટલે પોતાના જ્ઞાનમાં એ બધું જ્ઞેયનું ભૂત, વર્તમાન, ભવિષ્યની પર્યાયનું જ્ઞાન થઈ જાય છે. શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ પ્રતીત થઈ જાય છે. જેવું સર્વજ્ઞે ભાળ્યું, જોયું દેખ્યું એવું શ્રુતજ્ઞાન જાણે, દેખે, માને છે. ફક્ત પ્રત્યક્ષ-પરોક્ષનો ફેર છે. સમજાણું કાંઈ? (**प्लावयन्**) **'પોતામાં પ્રતિબિંબિત કરતું થકું.'** ભાષા જોઈ! પ્રતિબિંબિત થાય છે એમ નહિ. એ જ્ઞાનનો વિકાસ જ્યાં થયો શુદ્ધ ચૈતન્યને અવલંબીને લોકાલોકની જે પર્યાયો પોતામાં પ્રતિબિંબિત એટલે? કાંઈ એનું પ્રતિબિંબ નથી પડતું પણ એ સંબંધીની જે વિશેષતા છે એ સંબંધીનું જ્ઞાન અહીંયાં પરિણમી જાય છે.

**શ્રોતા :-** એવું દેખાય છે એ પ્રતિબિંબ છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રતિબિંબ ક્યાં હતું? આ તો ભાષા સમજાવે છે. સામી ચીજ છે તેવું ત્યાં જ્ઞાન થાય છે એ અપેક્ષાએ પ્રતિબિંબ કહ્યું. પ્રતિબિંબ એટલે આ લીંબડો આવો છે અને એવો આકાર ત્યાં ઝળકે આકાર અને કડવું ત્યાં ઝળકે છે? ત્યાં તો જ્ઞાનનો પર્યાય છે. સમજાણું? એની જેટલી દ્રવ્ય-ગુણની પર્યાયની વિશેષતાઓ છે એ બધી વિશેષતાઓ જ્ઞાનના ખ્યાલમાં આવી જાય છે. કેવળીને પ્રત્યક્ષ અને શ્રુતજ્ઞાનને પરોક્ષ. સમજાણું કાંઈ? એગં જાણહી સવ્વં જાણહી. જેણે આત્માને જાણ્યો, એણે બધું જાણ્યું. આવે છેને પ્રવચનસારમાં? ઓલું ૯૭, ૯૮, ૪૮ એ ગાથા હતી ને. ૪૮, ૪૯.

**શ્રોતા :-** ૪૮, ૪૯

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. ૪૮-૪૯. પહેલા જ્ઞાન અધિકારની. સમજાણું કાંઈ? આહાહા..!

આહા..હા..! એના જ્ઞાનના પ્રકાશનું સામર્થ્ય તો જુઓ! એ પરને અવલંબતો નથી છતાં તેની જ્ઞાનની દશામાં અતીત, વર્તમાન અને ભવિષ્ય એ બધી પર્યાયો સહિત જ્ઞેય જ્ઞાનમાં જણાઈ જાય છે. એવું જ્ઞાનની એક સમયની અવસ્થાનું સામર્થ્ય છે. એણે દ્રવ્ય કેવું હોય? વસ્તુ કેવી? કોણ કેવડો એની એને (ખબર નથી). પામર.. પામર જાણે આમ. સમજાણું?

હવે **'કોના વડે?'** જણાય છે એ કહે છે. સમજાણું? એની વ્યાખ્યા વિશેષ કહેશે... લાંબી છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત-૨૪૯૧, અષાઢ સુદ ૧૫, મંગળવાર,**
**તા. ૧૩-૭-૧૯૬૫, કલશ-૧૨૪**
**પ્રવચન નં. ૯૭**

૧૦૮. સમયસાર કળશ. આસ્રવ અધિકાર છે. છેને ૧૦૮ પાનું? શું કહે છે જુઓ નીચે. આ આત્માનો જ્ઞાનસ્વભાવ એટલો છે એનું માહાત્મ્ય વર્ણવે છે, એની શક્તિનું સત્ત્વ વર્ણવે છે કે એ આત્મા આ પુણ્ય-પાપના પરિણામ જે આસ્રવરૂપ છે એ મલિનભાવ છે. એની રુચિ છોડી અને આત્મા મહાન જ્ઞાન અનંત અનંત જ્ઞાનસ્વભાવ છે, એની રુચિ કરતાં અંતરમાં એને સમ્યગ્દર્શન જ્ઞાન અને શાંતિનું ચારિત્ર થાય છે. સમજાય છે કાંઈ? શાંતિ કીધું આમાં, શાંતિભાઈ! બીજે શાંતિ ક્યાંય નથી.

**શ્રોતા** :-અહીં ઝાઝી છે, ઓલી થોડી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યાંય ધૂળમાંય શાંતિ નથી. ધૂળ થોડી થોડી શું હોય?

**શ્રોતા** :-ધૂળમાં ક્યાં છે? ઘડિયાલમાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઘડિયાલ ધૂળ નથી? એ આટલું વર્ણવાય છે. છેલ્લો આસ્રવ પૂરો કરે છેને.

જ્યાં આત્મામાં... આત્મા વસ્તુ છે એ જ્ઞાનમૂર્તિની પ્રધાનતાએ વર્ણન છે. આમ તો એમાં અનંત ગુણો છે. આ દર્શન, આનંદ, શાંતિ એટલે ચારિત્ર વગેરે. પણ એ જ્ઞાનગુણ એક જ એવડો છે ગુણ, કે જેમાં એની પ્રગટ થતાં પર્યાય પુણ્ય-પાપના મેલ પરિણામની રુચિ છોડીને એ ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનનો પિંડ છે એવી અધિકપણે આસ્રવથી ભિન્ન પડીને ભગવાન આત્મા મહાન જ્ઞાનનો દરિયો છે. એ જ્ઞાનના દરિયામાં એટલી તાકાત છે કે આ લોક અને અલોક જે આકાશ આખો છે એ આકાશ જેના જ્ઞાનની એક સમયની પર્યાયમાં બિંદુવત્ જણાય એટલી એની તાકાત છે.

ભગવાન આત્મા આ ચૈતન્ય વસ્તુ જેનો સ્વભાવ (છે). આ શરીર, વાણી, મન તો જડ છે, કર્મ માટી જડ છે. એમ આ પુણ્ય અને પાપના વિકારી શુભ-અશુભભાવ થાય એ મેલ છે. એ મેલની દૃષ્ટિ છોડી અને આત્માની દૃષ્ટિ કરવી. કેમ? કે એ મહાન જ્ઞાનનો એ સાગર છે. એમાં આસ્રવ ઉત્પન્ન થાય એવો કોઈ સ્વભાવ નથી, પણ એમાં જ્ઞાનનો એટલો સ્વભાવ અંદર પડ્યો છે કે જેની એક સમયની પ્રગટ પર્યાય થતાં આખા આકાશને નભને આખા આકાશને બિંદુવત્ જાણે. આખા જ્ઞાનમાં જાણે લોકાકાશ બિંદુ સમાન, એટલી

એની જ્ઞાનની તાકાત છે.

**શ્રોતા** :- બિંદુવત્.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બિંદુ. આ અલોકાકાશની વાત કરી. શેની ચાલે છે આ? આકાશ કીધું ને. આખો આકાશ, આખો આકાશ અને બિંદુવત્ જણાય. એ તો છે એવડો છે. પણ અહીં જ્ઞાનના માહાત્મ્યમાં એ જ્ઞાનનો સ્વભાવ એવો (છે). એને ચીજ આ આત્મા શું છે એની એને ખબર નથી. બેખબરો અનાદિનો. બરાબર છેને? બેખબરો એટલે? બે ખબર હશે? ખબર વિનાનો. બેખબરની વ્યાખ્યા શું? ખબર એટલે જ્ઞાન વિનાનો. ભાન ન મળે કે હું કોણ છું. એ પુણ્ય અને પાપના ભાવ રાગ કર્યા અને એમાં માન્યું કે આપણે ઓહોહો..! હવે એ તો તુચ્છ વિકારભાવ, એ તો મેલભાવ, આત્માના વાસ્તવિક સ્વભાવથી વિરુદ્ધ ઝેરભાવ છે. એનાથી આત્મા મનાય અને આત્માને શાંતિ મળે ત્રણ કાળ ત્રણ લોકમાં નથી.

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આકાશ જે આ લોકાકાશ નહિ અલોકાકાશ, એ પણ જેના જ્ઞાનાર્ણવે એવો આમાં પાઠ છે ભાઈ આમાં. એમાં તો જરી '**विसरैः**' પૂછ્યું હતું. ઓલું વિસ્ર આવશે ને. વિસરે અને વિસ્ફારે, ફારસફારે. ફારસફારે. એ આત્માના જ્ઞાનની પર્યાયની તાકાત લ્યો કે ધ્રુવની તાકાત. એક સમયની પર્યાય જે અવસ્થા છે, એ અવસ્થામાં આકાશ અનંત, બિંદુવત્ જણાય એટલી તો એની તાકાત છે. આવા આત્માનું માહાત્મ્ય ન આવતા જેને એ અહીં આસ્રવ અધિકાર છે, પુણ્ય અને પાપના વિકલ્પ અને રાગ એનું માહાત્મ્ય આવે છે એ દૃષ્ટિ અસત્ય નામ મિથ્યા છે. સમજાણું કાંઈ?

જે દૃષ્ટિમાં સમ્યક્તા થાય એ દૃષ્ટિમાં પુણ્ય-પાપના વિકલ્પોની મહત્તા, માહાત્મ્ય છૂટી જાય અને ભગવાન આત્મા એ ચૈતન્યમૂર્તિ છે એકલો જ્ઞાનનો સાગર છે. જ્ઞાનાર્ણવ—એ જ્ઞાનનો દરિયો છે. જેમાં આકાશ અને બીજું બધું ઘણું લખ્યું છે. પંડિતજી! ધર્મ, અધર્મ, આકાશ હમણાં વંચાવ્યું હતું ને. ધર્મ, અધર્મ, આકાશ, કષાય, અધ્યવસાન એ બધા એને જણાય આમ બિંદુ જેમ જણાય છે. એ તો હમણા બે શબ્દનું પૂછ્યું હતું. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, ભગવાન! તું કેવડો ક્યાં છો એની તને કિંમત ન થાય અને ત્યાં સુધી પરની કિંમત હૃદયમાંથી ખસે નહિ. પુણ્યના પરિણામ ને પાપના ભાવ ને અમે આમ કર્યું એ કિંમતું એની ટાંકી. કાંતિભાઈ!

**શ્રોતા** :-ઘણાના કામ સુધાર્યા હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોના સુધાર્યા? ધૂળના સુધારે? કોણે સુધાર્યા? કોણે સુધાર્યા છે?

**શ્રોતા** :-કોણ હા પાડે? અંતરમાં સહુ સમજતા હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક દ્રવ્ય બીજાને સુધારે કોણ? કોણ છે સુધારનાર? લાવો એક દાખલો. જગતના પદાર્થ પોતાથી જ્યાં સ્વતંત્રપણે પરિણમી રહ્યા છે એને બીજો સુધારે શું અને બીજો બગાડે શું? શાંતિભાઈ! આહાહા..! તેં તને બગાડ્યો. કેમકે આવો જ્ઞાનમૂર્તિ પ્રભુ, જેનામાં અલોક આકાશ પણ બિંદુવત્ જણાય એટલું એને દૃષ્ટિમાં માહાત્મ્ય ન આવતા આ પુણ્ય-પાપના વિકલ્પો જરી થયા એનું માહાત્મ્ય આવ્યું એ એણે આત્માને બગાડ્યો પોતાને પર્યાયમાં. આમ તો દ્રવ્ય-ગુણ ક્યાં બગડે છે? સમજાણું કાંઈ?

પોતામાં આત્મસ્વભાવ સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માને તો એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણા. એ પણ ત્રણ કાળ ત્રણ લોક બિંદુ જેટલા એને જ્ઞાનમાં લાગ્યા. અહીં હમણાં એમ કહેશે. એથી જે જગતના જ્ઞેયો છે... જુઓ કેટલા? કે '**सर्वभावान्**' છે? નીચે પાંચમી લીટી છે. '**જેટલી જ્ઞેય વસ્તુ...**' જાણવાયોગ્ય જેટલી ચીજો જગતમાં છે એની '**અતીત...**' ગયા કાળાની દશાઓ એટલે પર્યાયો '**અનાગત-**' આમ ભવિષ્ય અનંત કાળની પર્યાયો. આહાહા..! '**વર્તમાનપર્યાય સહિત...**' અને વર્તમાન અવસ્થા સહિત. '**તેમને પોતામાં પ્રતિબિંબિત કરતું થકું.**' એટલી તાકાત કે એમાં જ્ઞાનની પર્યાય નિર્મળ થઈ એમાં બધું જણાય જાય છે. એવો એનો પર્યાયધર્મ (છે). ગુણધર્મની તો વાત શી કરવી? સમજાણું કાંઈ?

'**કોના વડે?**' જુઓ હવે આવ્યું કે ''**स्वरसविसरैः**'' એ (**स्वरस**) નામ '**ચિદ્રૂપ ગુણ,...**' જે આત્માનો છે. જ્ઞાનગુણ... જ્ઞાનગુણ... જ્ઞાન જાણક... જાણક... સ્વભાવ. એ '**ગુણ, તેની...**' (**विसरैः**) '**અનંત શક્તિ, તેના વડે.**' એ જ્ઞાનગુણમાં અનંતી શક્તિ છે. એ દ્વારા એક સમયની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોક અલોક આદિ એક બિંદુની જેમ જણાઈ જાય છે. આ એક આત્માની એક પર્યાયની એટલી તાકાત. આહાહા..! સમજાણું કાંઈ? (**स्वरस**) દ્વારા એટલે '**ચિદ્રૂપ ગુણ,...**' જ્ઞાનગુણ, જ્ઞાનગુણ—સ્વભાવ. રાગ નહિ, પુણ્ય નહિ, પાપ નહિ, મન નહિ, શરીર, કર્મ નહિ, અંદરમાં જે જ્ઞાનગુણ ભગવાન આત્માનો છે એ દ્વારા જગતના ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થો થઈ, થાય ને થશે, જે સમયે જ્યાં જે થશે, થાય ને થઈ ગઈ, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયમાં જાણવાની એની તાકાત છે. સમજાણું કાંઈ? આ જ્ઞાનલક્ષ્મી એની એટલી છે. શાંતિભાઈ! જ્ઞાનલક્ષ્મી. એમાં આ પાંચ, પચાસ લાખ, ધૂળ બે-પાંચ કરોડ એ તો ધૂળ લક્ષ્મી છે. ત્યાં ક્યાં તારો હતો લક્ષ્મો? ધૂળમાં એના વિના અનંત વાર ચાલ્યું છે એને. એક દ્રવ્યે બીજા દ્રવ્ય વિના અનંત કાળથી ચલાવ્યું છે. કહો, વાત સાચી હશે આ? કેમ?

**શ્રોતા :-**અહીં કોણ ના પાડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ શી રીતે? એનો ન્યાય આપવો જોઈએને. એય.. વજુભાઈ!

ન્યાલભાઈ! ન્યાય આપો લ્યો ભાઈ આ ડોસા મોટા વૃદ્ધ છે જૂના. એક તત્ત્વે બીજા અનંત તત્ત્વ વિના અનંત કાળથી ચલાવ્યું છે, રોડવ્યું છે, નભાવ્યું છે. કઈ રીતે? કે એક તત્ત્વમાં પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતે છે અને પોતા સિવાયના અનંત તત્ત્વોથી નથી. એટલે એ નથીથી ચલાવ્યું છે. એમાં નથીથી ચલાવ્યું છે, એને લઈને ચલાવ્યું છે એમ છે નહિ. ન્યાલભાઈ! વાત સમજાય છે કે નહિ આમાં?

**શ્રોતા** :-અત્યાર સુધી માન્યતા કરી હતી કે એના વિના નહિ ચાલે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અરે..! મફતનો મૂઢ થઈને માને છે. મારા આના વિના ચાલે નહિ, આના વિના ચાલે નહિ. એણે પર વિના અનંત કાળે ચલાવ્યું છે. ફક્ત નથી ચલાવ્યું શી રીતે? ભ્રમણા વિના ચાલે નહિ એમ એણે ચલાવ્યું છે. એ ભ્રમણા વિના ચાલે નહિ, ભ્રમણા વિના. કારણ કે ભ્રમણા એની પર્યાયમાં થાય છે. એના વિના એણે ચલવ્યું નથી. શું કીધું સમજાણું આમાં કાંઈ? એય.. છોટાભાઈ! સમજાય છે આમાં કાંઈ? થોડું થોડું ધ્યાન દેવું પડશે. ન સમજાય, ન સમજાય એમ ન કરવું પડે. કેમ બાબુભાઈ!

જુઓ! આ આંગળી છે. આ આંગળીને જુઓ ૭૬ વર્ષ થયા. આ આંગળીએ આ આંગળી વિના ચલવ્યું છે. બરાબર છે? આ આંગળીએ આ આંગળી વિના ચલવ્યું છે. કારણ કે આ આંગળીમાં આની નાસ્તિ છે અને આ કદાચિત્ જાય તો પણ આ જાય એવું છે નહિ. એટલે આ ચીજે આ ચીજના અભાવથી ચલાવ્યું છે. પોતાના ભાવથી અને પરના અભાવથી. બરાબર છે? એમ ભગવાન આત્માએ પોતાના અસ્તિત્વમાંથી ચલાવ્યું છે અસ્તિત્વથી. પરના નાસ્તિત્વથી ચલાવ્યું છે. પર એમાં ત્રણ કાળમાં છે નહિ. નથી પરનું એમાં એને એ રીતે નભી રહ્યું છે. નહિતર એ ટકી શકે નહિ. સમજાણું કે નહિ ન્યાલભાઈ!

એક રજકણ કર્મનો, શરીરાદિ અનંતા પરમાણુઓ અને અનંત આત્માઓ, એક આત્માએ પોતાના દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર એટલે પહોળું, કાળ એટલે અવસ્થા અને ભાવ એટલે શક્તિ. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ચલાવ્યું છે અને બીજાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અનંતાથી એણે રહિતથી ચલાવ્યું છે. આહાહા..! બરાબર પાટણીજી?

**શ્રોતા** :-વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વસ્તુ પણ એવી છે જ એમ. ફક્ત એણે માન્યતા વિના ચલાવ્યું નથી. આના વિના ચાલે નહિ, આના વિના ચાલે નહિ, એમ એ માન્યતા વિના ચલવ્યું નથી. એ માન્યતા વિના ચાલે ત્યારે સમ્યગ્દૃષ્ટિ થાય. સમજાણું કાંઈ? આહાહા..! ભ્રમણા. ભગવાન! મારે ટકવું છે હોં! મારે ટકવું શી રીતે? કાંઈક બીજા સાધન આ હોય ને તો ટકું. એ હોય તો ટકે? એ હોય તો એ ટકે કે એ હોય તો તું ટક? એ હોય તો એ ટકે કે એ હોય તો તું ટક? આ ક્યાંથી લાવ્યો આવું? સમજાણું કાંઈ? વાત ભારે ઊંડી! ઊંડી

નથી આ તો બે ને બે ચાર જેવી વાત છે.

દરેક વસ્તુ સ્વસત્તાથી ટકી રહી છે, પર અનંત સત્તાઓનો એમાં અભાવ છે એથી પરના અભાવથી જ ટકી રહી છે. ફક્ત ભ્રમણા અંદર ગરી ગઈ છે. પર વિના ચાલે નહિ.. પર વિના ચાલે નહિ.. એટલે લક્ષ એનું પરમાં ચોંટ્યું છે. સ્વની દૃષ્ટિ થતાં મારે પર વિના તો છું, પણ રાગ વિનાનો હું છું એમ દૃષ્ટિ થતાં રાગ વિના પણ હું ચલવી શકું છું. સમજાણું કાંઈ? આ આસ્રવ અધિકાર છે ને? હું તો આસ્રવ વિના ચલાવી શકું એવો આત્મા છું. પર વિના તો ચલાવ્યું છે જ અનંત કાળથી. માન્યતામાં એમ ઘાલ્યું અંદર કે વિકાર વિના ચાલે નહિ, ભ્રમણા વિના ચાલે નહિ, આના વિના ટકું નહિ. એ એના વિના ટકે એવી જ્યારે તત્ત્વદૃષ્ટિ થાય એ આસ્રવ વિના ટકી રહે એવું તત્ત્વ છે ત્યારે એને સમ્યગ્દર્શન થાય. સમજાય છે કે નહિ આમાં કાંઈ? ન્યાલભાઈ! ઝીણું પડે છે? આ તો બહુ સાદી વાત છે, બહુ સાદી. આહાહા..!

આસ્રવ કહે છે અહીંયાં. આહાહા..! એણે પોતાની અનંત શક્તિ વિના કોઈ દિ' ચલાવ્યા વિના રહ્યું નથી. અનંત શક્તિથી ચલાવ્યું છે. અનંત અનંત શક્તિ મહાન. કેવી છે? કે ''**स्वरसविसरैः**'' ચૈતન્યગુણ જેનો છે એને (**विसरैः**) '**અનંત શક્તિ,...**' છે, અનંત શક્તિ છે. એક શબ્દ. '**તેના વડે. કેવી છે તે**' ''**स्फारस्फारैः**'' '**અનંત શક્તિ, તેનાથી પણ અનંતાનંતગણી છે.**' આહાહા..! અહીં તો આસ્રવની તુચ્છતા છે. એમાં રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, દયા ને દાનમાં અટકવું એ તો ઘણી તુચ્છતા છે. એમાં કોઈ મહિમા નથી. એ ચીજમાં કોઈ મહિમા અને માહાત્મ્ય કરવા જેવી ચીજ છે નહિ.

ભગવાન આત્મા એ પુણ્ય અને પાપના આસ્રવતત્ત્વથી આત્મતત્ત્વ કે જે અનંત અનંત શક્તિવાળું જ્ઞાન એ આસ્રવને તો જાણે, પોતાપણે માનીને નહિ, પૃથક્ રાખીને. પણ ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને સર્વજ્ઞ તો પૃથક્ જાણે અને શ્રુતજ્ઞાની પણ પોતાની પર્યાયમાં પરથી રહિત છું, આસ્રવથી રહિત છું, અનંત ગુણથી સહિત છું. સમજાણું કાંઈ? આ વાત. એને આત્મા એટલે શું અને આત્મજ્ઞાન એટલે શું એની એને કિંમત ન મળે. આ માહાત્મ્ય બહારના કે આહાહા..!

અહીં તો કહે છે કેવી છે તે શક્તિ? એ અનંત શક્તિ કીધી. કે '**અનંત શક્તિ, તેનાથી પણ અનંતાનંતગણી છે.**' લ્યો! અનંતાનંતગણી શક્તિ અહીં તારી પાસે પડી છે. લોકાલોકને તો બિંદુ સમાન જાણ એટલી તો તારી તાકાત ધ્રુવમાં છે. એની પ્રગટ એક સમયની પર્યાયમાં એટલી તાકાત, એવી એવી અનંતી પર્યાયની તાકાતનો ચિદ્‌ગુણ ગુણ છે. સમજાણું કાંઈ? તે વિના આવા માહાત્મ્ય દૃષ્ટિ થયા વિના વિકારથી ખસે નહિ અને સ્વભાવની માહાત્મ્યમાં એકાગ્રતા થાય નહિ. આહાહા..! ત્રણ કાળ ત્રણ લોકમાં પરમસત્ય આ છે. એ તો વસ્તુની

સ્થિતિ જ આવી છે, કાંઈ ભગવાને કરી છે? ભગવાને તો જાણી એવી કહી છે. સમજાણું કાંઈ? એ વાણી કહી છે.

અહીં કહે છે, '**અનંતાનંતગણી છે. ભાવાર્થ આમ છે કે—દ્રવ્યો અનંત છે,...**' જુઓ! દ્રવ્ય જગતમાં અનંત છે. દ્રવ્ય એટલે અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ ભલે વ્યાપક આખું પણ છે દ્રવ્ય એક આકાશ. એ અનંત દ્રવ્ય '**તેમનાથી પર્યાયભેદ અનંતગણા છે.**' જેટલા દ્રવ્ય છે એનાથી અનંતગુણી એની પર્યાયો એટલે અવસ્થાઓ છે, અવસ્થા—હાલત. '**તેમનાથી પર્યાયભેદ અનંતગણા છે. તે સમસ્ત જ્ઞેયોથી...**' જુઓ! એ જ્ઞાનની અનંતગુણી શક્તિ છે. આહાહા..! હજી તો જ્ઞેયોથી પણ જાણવા એનાથી અનંતગુણી બીજી શક્તિ બાકી રહી ગઈ છે અંદર. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો હજી એને સર્વજ્ઞ જ બેસતું નથી. સર્વજ્ઞ બધું જાણે! આમ બધું નિશ્ચિત જાણે? નિશ્ચિત જાણે! જે સમયે જ્યાં થવાનું, જે ત્યાં થયું એ પહેલેથી જાણે! તો પહેલેથી ન જાણે તો પછીથી જાણે?

સર્વજ્ઞની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોક સમયે સમયે જે પર્યાયસહિત છે ગુણ અને દ્રવ્ય એ બધું એક સમયમાં બધું જ્ઞાનમાં આવી ગયું. એ બધું જ્ઞાનમાં આવતા છતાં, જ્ઞાનની શક્તિ એથી અનંતગુણી બાકી રહી ગઈ છે. એટલી તાકાત છે. સમજાણું કાંઈ? ત્યારે માણસને એમ થઈ ગયું, લ્યો ભગવાને બધું જાણ્યું! બધું જાણ્યું! તો હવે જાણ્યું એ પ્રમાણે (થાય તો) અમે તો પરાધીન થઈ ગયા. પરાધીનની ક્યાં વાત છે?

**શ્રોતા** :-ભગવાનના જ્ઞાનને આધીન થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોને જ્ઞાનને આધીન છે? કોણે કહે છે? એણે તે જાણ્યું. જાણ્યું એટલે આ પરાધીન થઈ ગયો? સમજાણું કાંઈ? સ્વતંત્ર છે એ પોતે.

જાણવામાં આવ્યું આ. પ્રશ્ન નહોતો ઉઠ્યો? ભાઈએ કર્યો હતો ને? આ જાણ્યું કે આ નેમીચંદ પાટણી છે. જ્ઞાને જાણ્યું. હવે જ્ઞાને જાણ્યું માટે એ પરાધીન છે એમાં? એટલે જ્ઞાનને આધીન એને રહેવું પડે છે ત્યાં? એ તો સ્વતંત્ર છે. એના દ્રવ્ય-ગુણ-પર્યાય (સ્વતંત્ર છે). એમ લોકાલોક જ્ઞાનમાં જણાણા, ભગવાનના જ્ઞાનમાં એક સમયની પર્યાયમાં, એથી લોકાલોક કાંઈ જ્ઞાનને આધીન થઈ ગયા છે? પરાધીન છે? સમજાણું કાંઈ?

**શ્રોતા** :-જ્ઞાને જાણ્યું એમ એને પરિણમવું પડે ને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરિણમવું એને લઈને પરિણમવું પડે છે કે પોતાને લઈને પરિણમે? એ તો જાણે છે, બસ એટલું. બહુ કોયડો આકરો છે એ. સમજાણું કાંઈ?

સર્વજ્ઞની વાત જ જગતને હજી બેસવી કઠણ પડે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક તે બિંદુ સમાન (જણાય). છે ને આપણે ક્યાંક છે કે નહિ? આમ છે ક્યાંક નહિ? અહીં

છે જુઓ. 'જેમના જ્ઞાનસરોવરમાં સર્વ વિશ્વ માત્ર કમળતુલ્ય ભાસે છે.' ચાકળો છે. 'એવા ભગવાન શ્રી સીમંધર આદિ જિનેન્દ્રદેવોને પરમ ભક્તિથી વંદન હો, વારંવાર વંદન હો.' ચાકળો છે જુઓ. અહીં તો પહેલેથી બધા રિઝર્વ મૂકી દીધા છે ચાકળા. સમજાય છે કાંઈ?

સીમંધર ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકરપણે. એનો એક જ્ઞાનગુણનો એક પર્યાય હોં! એક જ પર્યાય, કહે છે કે એમાં લોકાલોક અને એના જેટલા લોકાલોકમાં બધા ભેદો, ધર્મ, અધર્મ, આકાશ, કાળ, અધ્યવસાય, એના અનુભાગ, કષાયના રસ, એના અવિભાગ પ્રતિચ્છેદ, એક એક પર્યાય અને એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ અંશો. એ બધા ભગવાનના એક સમયમાં જાણતા એક તુલ્ય બિંદુતુલ્ય લાગે છે. આહાહા..! અરે..! એને ચૈતન્યના ધનની અને ચૈતન્ય લક્ષ્મીનું એને માહાત્મ્ય નથી.

**શ્રોતા :-** થોડું લાગે છે ત્યાં માથુ દુઃખે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ માથુ હળવું થઈ જાય માથુ કે દુઃખે? એય.. રાજમલજી! એમ કહે છે, થોડું જાણે પણ અરે.. ભગવાન! આ માથું તો જડ માટી ધૂળ છે. આમાં ક્યાં જાવું હતું? અને વિકલ્પ ઉઠે એ આસ્રવ છે. એનામાં જ્ઞાન છે? આસ્રવમાં જ્ઞાન છે? જ્ઞાન તો આત્મામાં છે. એ જ્ઞાનની તાકાત, એની એક સમયની પર્યાય સારા જ્ઞેયને જાણવાની શક્તિથી પણ અનંતગુણી શક્તિ છે. આ તે કાંઈ વાત છે! ત્રણ કાળ ત્રણ લોક, અલોક એ પણ જાણે એથી પણ જ્ઞાનનો એક સમયનો પર્યાય એનાથી અનંતગુણી શક્તિને જાણવાની તાકાત છે. એવી પર્યાયની અનંતી શક્તિઓ, અનંતી પર્યાયો આત્માના એક જ્ઞાનગુણમાં પડી છે. એક જ્ઞાનગુણમાં. એવા ગુણનો ધરનાર ભગવાન, એને દૃષ્ટિમાં લેતા આસ્રવની રુચિ છૂટી જાય છે. એ વિના કોઈ રીતે આસ્રવની રુચિ છૂટે નહિ.

જ્ઞાનગુણની મહત્તા ભાસ્યા વિના આસ્રવની મહત્તા દૃષ્ટિમાંથી તૂટે નહિ. સમજાય છે કાંઈ? આવા પરિણામ કર્યા અમે, આવા પરિણામ કર્યા. જ્યાં ત્યાં ફૂંકે અભિમાન. ધૂળમાંય નથી સાંભળને હવે. શુભાશુભ પરિણામ તો એક તુચ્છ બંધનું કારણ સાધારણ છે. ભગવાન અબંધસ્વભાવી જેનો એક જ્ઞાનગુણ અબંધસ્વરૂપી, એનો એક જ્ઞાનગુણ અબંધસ્વરૂપી. એક ગુણની એક સમયની પર્યાયમાં સર્વ જ્ઞેયો થયા, થાય અને થશે. ભગવાનના જ્ઞાનમાં નોંધ આવી ગઈ છે બધી. એની સમજમાં કોઈ બાકી છે નહિ. બરાબર હશે?

**શ્રોતા :-**એમાં વાંધો આવ્યો છે. દોકડાં ભગવાને કેટલા રાખ્યા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દોકડા રાખ્યા છે અનંતા. તો પછી એમ કે સુચિ કરીને મૂકવી હતી ને બીજા પાસે. સાંભળને હવે. સુચિ. આવા જ્ઞાનનું જેને માહાત્મ્ય થાય એને અંતરમાં દૃષ્ટિ જતાં સમ્યક્ થાય, આ એણે ભગવાનને માન્યા અને અનંત સંસાર એને હોય નહિ. ભગવાનને માનતો નથી, કેવળીને માનતો નથી અને કહે કે અમને આમ થાય, અમારે આમ

થઈ ગયું, ભગવાને અમારે બધું દીઠું છે. અરે..! ત્રણ કાળ ત્રણ લોક દીઠા છે, સાંભળને. એક એક સમયે તારો પર્યાય ક્યાં શુદ્ધ કે અશુદ્ધ. જે સમયે જે રીતે થવાનો છે તે રીતે ભગવાને જ્ઞાનમાં એક સમય કેવળ થયું ત્યારથી દીઠું છે.

**શ્રોતા** :- એવા ભગવાન કે દિ'થી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનાદિથી છે. નવા હશે કેવળી? અનાદિથી કેવળી છે? વળી એવો તર્ક કર્યો એક જણાએ કે, ના સિદ્ધ અનાદિથી ન હોય, આપણે ઈશ્વર અનાદિ ન હોય. એ અન્યને ઈશ્વર હોય. અરે..! ઈશ્વર સિદ્ધ અનાદિના અનંત છે. સાંભળને હવે. અનાદિના અનંત સિદ્ધો કેવળી પરમાત્મા અનાદિના છે. પહેલો સંસાર અને પછી સિદ્ધ એવું હતું કે દિ'? એ તો એક વ્યક્તિ આદિ આગળ પૂછવું પડે તો વ્યક્તિની વાત થાય. સમજાણું કાંઈ?

એ સ્વભાવની વાતું, એ એને ન બેસે ત્યાં સુધી એને વિકારનો પ્રેમ અને રુચિ છૂટે નહિ. પરના પ્રમે છૂટે નહિ અને સ્વના પ્રેમ આવે નહિ. આમ કરી દેશે. કાં તો કોઈ તારી દેશે. દેવ તારી દેશે, ગુરુ તારી દેશે. ઓશિયાળો ભિખારી છેને અનાદિનો. એટલે કો'ક આ તારી દેશે, સમેદશિખર તારી દેશે.

**શ્રોતા** :-શાસ્ત્રમાં આવે છે, સાહેબ! ગુરુ વિના જ્ઞાન નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ ભાષા આવે વ્યવહારની. આવે નહિ? ગુરુ વિના જ્ઞાન નહિ અને ગુરુથી જ્ઞાન નહિ. સાંભળવા વખતે, સમજવા વખતે એવું એક હોય, પણ તેના લક્ષે આત્માનું જ્ઞાન ન થાય. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એ જ્ઞેયમાં જાય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર ને એ બધું. લોકાલોક ષટ્ દ્રવ્યમાંથી કેમ બાકી રહી ગયું? એ બધા જ્ઞેયોને જાણવાની તાકાત એક શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાયમાં છે. એથી અનંતગુણી પર્યાયની તાકાત સર્વજ્ઞમાં છે. એથી અનંતગુણી તાકાત પર્યાયમાં હજી બાકી રહી ગઈ છે જાણવાની. આહાહા..! હવે જ્ઞેય બાકી નથી છતાં? દાખલો આપ્યો છેને પરમાત્મપ્રકાશમાં? ભાઈ! મંડપ છે મંડપ. વેલડી નાખે છેને ઉપર વેલડી? મંડપ. આ વાંસડાનો મંડપ કરે છે ને. વેલડી નાખે. તો એ વેલડી જ્યાં સુધી વાંસડાના ઓલા ઠોંગા હોય વાંસ ત્યાં સુધી વેલડી જાય, પછી આમ પાછી ફરે, પણ એનામાં કાંઈ આઘે જવાની શક્તિ નથી એમ નથી. પછી આમ ફરે અને ઉપરાઉપર માંડવામાં પડે છેને આ વેલડીયું? એમ લોકાલોકનો માંડવો અને ત્રણ કાળનો માંડવો જ્ઞાને જાણ્યો. પણ છતાં એટલી તાકાત છે એનામાં એમ નહિ. શું વાંધા છે?

**શ્રોતા** :- અટકી ગયું ને...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અટકી કે દિ' ગયું હતું?

**શ્રોતા** :- જ્ઞેય અટકી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અટક્યા. જ્ઞાન બધાને જાણે. અનાદિને અનાદિ, આદિને આદિ, અનંતને અનંત, ક્ષેત્રના અનંતને અનંત, કાળને અનંતમાં અનંત. અનંતને જાણ્યું એટલે ત્યાં અંત આવી ગયો? ક્ષેત્ર અનંત છે (એનું) અહીં જ્ઞાન આવ્યું એટલે ત્યાં અંત આવી ગયો? જેમ અનંત છે, દ્રવ્ય અનંત છે, ક્ષેત્ર અનંત છે, કાળ અનંત છે, એનાથી અનંતગુણો ભાવ અનંત છે. સમજાણું? અનંતગુણા ગુણો ભાવ છે. પોતાના ગુણોની સંખ્યા અનંતગુણી છે.

અહીં વળી એમ આવ્યું કે એક આકાશ આદિ બધાં અને પછી આ જે દ્રવ્ય આદિ અને એક એક દ્રવ્યમાં પાછા અનંતગુણા ગુણો. એ અનંતગુણા ગુણો તે આકાશથી અનંતગુણા, એવા બધા ગુણોને જ્ઞેય કહેવાય છે. એને જ્ઞેય કહેવાય છે કે નહિ? ત્યારે એ જ્ઞેયને જ્ઞાનનો પર્યાય જાણે છતાં અનંતગુણી શક્તિ રહી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ઓલા શબ્દ બે આવ્યાને? (**विसरैः**) ''**स्फारस्फारैः**'' આહાહા..!

ભગવાન! તારો પાર શું બાપા! તને ક્ષેત્રથી તું ન જો. સમજાણું? ક્ષેત્રથી ન જો. એક ડુંગળી કે લસણ હોય. ડુંગળી કહે છેને? શું કહે છે? પ્યાજ. ડુંગળીમાં કેટલા જીવ છે? એટલા જીવ છે કે અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંતગુણા. પણ આમ ક્ષેત્રમાં આમ મુઠ્ઠીમાં આવી જાય. એક દાખલો. પ્યાજ. ડુંગળીની કટકી હોય, ડુંગળીની કટકી કે લસણની કટકી. કટકી સમજ્યા? ટૂકડો. પણ એ તો ક્ષેત્રમાં તને એમ લાગે છે, પણ એનું એક એક શરીર જે નિગોદનું છે એમાં એટલા અનંત જીવ છે કે સિદ્ધ કરતા અનંતગુણા. આમ ક્ષેત્રમાં તેં માપ લીધું માટે ભાવનું માપ એમાં આવી જાય છે એમ નથી. આહાહા..! વાત સમજાય છે કાંઈ? એટલે જાણેકે પણ કેટલા છે એ ખબર છે સંખ્યાએ? આમ તને આવી ગયું. એ તો ક્ષેત્ર નાનું થયું, પણ એનો ભાવ? કે જે આ ક્ષેત્રના જે અસંખ્ય પ્રદેશ છે અહીં આકાશના. અહીં અસંખ્ય પ્રદેશ છેને એટલામાં તો આ. આમાં. એ અસંખ્ય પ્રદેશમાં જે અનંતા જીવ રહ્યા છે એ અનંતા જીવ જે છે એમાં એક એક જીવના જે ગુણો છે એ આકાશ તો અસંખ્ય પ્રદેશી આમ રહ્યા, પણ અનંત આકાશના પ્રદેશથી એક એક એવા અનંતગુણા ગુણ છે. એ તારા હાથમાં ન આવે, એ જ્ઞાનમાં આવે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાન એને પકડે. હાથ એને શું પકડે, ધૂળ?

આત્માનો સ્વભાવ એ ચૈતન્યરત્ન કોણ છે અને કેટલી તાકાતવાળું છે એ બેઠા વિના એને આત્મજ્ઞાન અને આત્મદૃષ્ટિ થાય નહિ. જ્યાં ત્યાં રોકાય પડ્યો. આમ છે ને માહાત્મ્ય ને આ ધૂળ ને ધાણી. ભગવાન આત્મા.. કહો, સવારે ઓલું દ્રવ્યનું આવ્યું હતું. અત્યારે વળી આ આવ્યું. આહાહા..!

**શ્રોતા** :-બીજી જાતની નિશાળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિશાળ એ આત્માની જાતની નિશાળ છે. જુદી જાતની નહિ.

દુનિયાથી જુદી પણ આત્માની નિશાળ છે આ. ભગવાનના જ્ઞાનથી જુદી જાતની નહિ, દુનિયાના અજ્ઞાનથી જુદી જાતની છે. આહાહા..!

એક સમયનો અને એને એ હજી એને ખ્યાલ, આમ એક કેવળજ્ઞાન, એક ગુણ જે ધ્રુવ છે આત્મામાં, એક જ ગુણ હોં જ્ઞાન, એવા તો અનંતા અનંતા ગુણો, કે જે આકાશના પ્રદેશથી પણ, લોકાકાશના પ્રદેશથી પણ અનંતગુણા ગુણો, એનો એક ગુણ, એની એક પર્યાયમાં જ્ઞેયોની જાણવાની શક્તિથી અનંતગુણી શક્તિ છે. એવી પર્યાયનો સાગર—સમુદ્ર. એ છે ભાઈ! એમાં શબ્દો હોં જરી. આમાં. જરી જોયું હતું ને થોડું. શું કીધું આ? જ્ઞાન શબ્દ છે જુઓ. ભાઈ આજે આવ્યા નથી. જુઓ અહીં છે. (પરમઅધ્યાત્મ તરંગિણી).

(**विसरैः**) નો અર્થ .. કર્યો છે. ''**स्फारस्फारैः**'' '**स्फारैः - विस्तीर्णैः - आकाशात्**' આકાશથી પણ જેના જ્ઞાનગુણનો વિસ્તાર અનંતગુણો છે. '**स्फारैः - विस्तीर्णैः ज्ञानशक्त्यर्णवे**' જ્ઞાનની શક્તિરૂપી દરિયો આ ભગવાન છે. જ્ઞાનની શક્તિરૂપી અર્ણવ દરિયો છે. '**व्योमादीनां बिंदुवदल्पत्वात्**' એક શૂન્ય પડી હોય જેમ. આખા લોકમાં એક રાય પડી હોય એ હજી મોટી કહેવાય. આ તો આખો અલોક. અલોકમાં લોક એક રાય જેટલો. અલોકાકાશમાં ચૌદ બ્રહ્માંડ એક રાય જેટલો. રાય સમજ્યા? નાની નાની. આહાહા..! ખાલી ભાગમાં અનંતગુણામાં એક રાય જેટલો ચૌદ બ્રહ્માંડ. એ ચૌદ બ્રહ્માંડ અને આકાશ લોક જ્ઞાનમાં એક રાય જેટલો. શાંતિભાઈ! આહાહા..!

અરે.. ભગવાન! જેનો સ્વભાવ એને હદ શી? જેનું સ્વરૂપ જ્ઞાન એને મર્યાદા શી? એ '**अमर्यंपि**' મર્યાદા વિનાની ચીજને પણ રાગ વિના જાણે, '**अमर्यंपि**' અમર્યાદિત ચીજને પણ રાગ વિના જાણે એવી એની તાકાત છે. એ સમયની તાકાત એની અહીં વાત કરી છે. સમજાણું? '**एकस्मिन् पार्श्वे**' એક બાજુ '**एकस्मिन् पार्श्वे**' એટલે એક બાજુ '**धर्माधर्माकाशकालानुभागयोगकषायाध्यवसायादीनां शक्तिस्तथापि ज्ञानशक्तेरनंतैकभागः**' આ બધાના અવિભાગો પ્રતિચ્છેદો એક એક પર્યાય, એના ત્રણ કાળ ત્રણ લોકની એક એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ કષાયના, જ્ઞાનના. એ જ્ઞાનની પર્યાયના કેવળજ્ઞાનના, એ બધા પર્યાયો એક કેવળજ્ઞાનની પર્યાયમાં અનંતમે ભાગે આવી જાય છે. અરે.. ભાઈ! સમજાય છે કાંઈ?

એ વસ્તુ જ્યાં સ્વભાવ... સ્વભાવ.. સ્વભાવ... એને શું હદ કહેવી? આકાશનો એક પ્રદેશ એટલી તાકાત રાખે છે કે આ આખો લોક જો સૂક્ષ્મ પરિણમનમાં આવીને આવી જાય તો એક પ્રદેશમાં સમાઈ જાય. એક આકાશનો પ્રદેશ અવગાહનનો સ્વભાવ એવો રાખે છે. અજીવ અવગાહન સ્વભાવ. ચૌદ બ્રહ્માંડ જે છે એ સૂક્ષ્મ પરિણમન કરી જાય તો એક પ્રદેશમાં સમાઈ જાય એટલી તાકાત છે. આ મેરુ પર્વત જેવા અનંતા મેરુ હોય પણ જો

સૂક્ષ્મ પરિણમન કરી જાય તો આકાશના એક પ્રદેશમાં સમાડી દે એટલી તાકાત પ્રદેશમાં છે. એટલી તાકાત એક ધર્માસ્તિના એક પ્રદેશમાં છે કે જેટલા સૂક્ષ્મ અનંત એની પાસે હોય તો અનંતાને નિમિત્તરૂપે થાય એવી તાકાત એક પ્રદેશમાં છે. એવા એક અધર્માસ્તિના પ્રદેશમાં છે સ્થિર થવાના નિમિત્તમાં, આખા લોકાલોકના પ્રદેશ જેના સૂક્ષ્મ થઈને હોય તો. એમ એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. એક કાળમાં એટલી તાકાત એક દ્રવ્યમાં છે પરિણમનની, અનંતા દ્રવ્યો સૂક્ષ્મ થઈને એક આકાશના પ્રદેશમાં આવી જાય તો બધાને પરિણમનમાં નિમિત્ત થાય એટલી એનામાં તાકાત છે. આ સ્વભાવનું વર્ણન ચાલે છે. એક એક પ્રદેશનો આવો સ્વભાવ. એમ ભગવાન આત્માના જ્ઞાનના એક સમયના પર્યાયનો સ્વભાવ.

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વસ્તુ જ આવી છે. પરમાણુમાં એ તાકાત એક સમયમાં અનંતા ગુણો, બીજાની મદદ વિના એટલે પ્રેરક વિના એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય. સાતમી નરકે હોય એ પરમાણુ પોતાના એક સમયના ગતિના સ્વભાવપણે પહેલા સમયે ભલે સ્થિર હતો, બીજે સમયે ગતિ કરી, કારણ કોણ? કારણ શું? એ કાળકરણ એટલે નિમિત્ત કાળ. પણ પોતાનો સ્વભાવ એવો છે કે ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય. અસંખ્ય પ્રદેશો, અસંખ્ય ચોવીસીના જેટલા પ્રદેશો આકાશના, ઓળંગીને એક સમયમાં ચાલ્યો જાય. જડનો એવો સ્વભાવ. સમજાણું આમાં? વાત સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... શું સ્વભાવ છે એની ખબર નથી. અને એ સ્વભાવના માહાત્મ્ય આવ્યા વિના એ વિભાવના માહાત્મ્ય ટળતા નથી. આસ્રવ છેને માટે આ અધિકાર લીધો છે આચાર્યે છેલ્લી ગાથામાં. ઓહોહો..! ભગવાન! તારી પર્યાયનું કેટલું માહાત્મ્ય ભાઈ! એને તું અધિકપણે માન કે વિકારને અધિકપણે માન? સમજાણું કાંઈ? કહે છે... પુદ્‌ગલ લઈ લીધો. આમ લીધું વળી, સમજ્યાને? પુરાવું ગળાવું. લ્યો બીજી રીતે લ્યો. તો એક પરમાણુમાં જુઓ ભાઈ! એક પરમાણુમાં એક સમયમાં એક સ્પર્શ નામનો ગુણ, ચીકણો એક ગુણ હોય એ બીજે સમયે અનંતગુણો થઈ જાય.

**શ્રોતા** :-લૂખો પણ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ તો એકની વાત લીધી ને. ચીકણું હોય એનું અનંતગુણું થઈ જાય, કારણ શું? કારણ શું? એમ અનંતગુણ માયલા ગુણો છે એક ગુણ કાળો હોય એક આમ પરમાણુ, એક ગુણ કાળો હોં એક અંશ પર્યાયમાં એ બીજે સમયે અનંતગુણો થઈ જાય. કારણ શું? કારણ શું સ્વભાવ છે કારણ. સમજાણું કાંઈ? છતાં એમ કહો કે બધા પરમાણુઓ એકસાથે રહેલા છતાં એકને વર્તમાન ચીકાશનો એક ગુણ તે અનંતગુણો થયો, બીજા પરમાણુનો એક ગુણ લુખ્ખો અને અનંતગુણો થયો, સાથે રહેલા કાળ સુધી આવ્યા. દ્રવ્ય-ગુણ જો કારણ કહો, તો દ્રવ્યગુણ તો બધાના સરખા છે. દ્રવ્ય-ગુણ કારણ કહો તો

દ્રવ્ય-ગુણ તો બધાના સરખા છે. કાળ કહો તો નિમિત્ત તો બધાને કાળ છે. શું કહેશો આમાં? વાત સમજાય છે કાંઈ?

અનંતા રજકણો છે વર્તમાન વર્તમાન. બધું વર્તમાન વર્તમાન છે ને પરિણમન તો બધાનું? એમાં અનંત પરમાણુમાં એક પરમાણુ વર્તમાન અત્યારે લીલા રંગપણે પરિણમેલો એક ગુણપણે. અને બીજો પરમાણુ કાળાપણે પરિણમેલો છે અત્યારે. એનું કારણ શું? કે દ્રવ્ય. તો દ્રવ્ય તો બધાના સરખા છે. ગુણ, ગુણ તો બધાને સરખા છે, કાળ, તો કાળ નિમિત્ત સરખું છે. બાપુ! એ પર્યાયનો એવો ધર્મ છે કે એક ગુણનો કાળો અનંતગુણો બીજી સમયની પર્યાય થઈ જાય એવો એનો પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? આ પણ જાણ્યું કોણે આ બધું? એ ભગવાન જ્ઞાનમાં એ બધું પર્યાયમાં આત્માએ બધા જ્ઞેયોની આવી તાકાત, આવો સ્વભાવ, જેનું માપ જડને નથી આવડતું. એનું માપ એને નથી ખબર. છે ખબર એને? પરમાણુમાં આમ થાય ને આમ થાય અને એક ગુણનો અનંતગુણો થઈ જાય. વળી અનંતગુણો કાળો હોય એ બીજે સમયે અનંતગુણો ધોળો થઈ જાય. આ શું?

એક જણો અમારે ચર્ચા બહુ ચાલતી. એ તો પરમાણુ પલટી ગયો. એ તો દ્રવ્ય બીજું થઈ ગયું. કીધું ન હોય સાંભળો તો ખરા. એ તો એમ માનતા કે જે સમયે જે પરમાણુનો કાળો એક ગુણો તો એક ગુણ જ રહે. અનંતગુણો (હોય) તો અનંતગુણો રહે, નહિતર પરમાણુ પલટી જાય. અરે.. ભાઈ! પર્યાયધર્મની ખબર નથી તને. મોટી ચર્ચા ચાલતી મૂળચંદજી સાથે. આ તો ચાલીસ વર્ષ પહેલાની વાત છે હોં!

એમ કે આ પરમાણુઓ છે અનંત, એ પરમાણુ એ જે કાળા રંગવાળો છે એ લીલો જો થઈ જાય તો દ્રવ્ય પલટી જાય. અરે.. ભાઈ! એ પર્યાયનો ધર્મ છે. કાળો એક સમયમાં બીજે સમયે અનંતગુણો લીલો થઈ જાય. ગુણ છે, ગુણ છે રંગ. રંગની પર્યાય ગુલાંટ ખાય છે. ગુલાંટ એટલે પરિણમે છે એને. એક સમયમાં કાળો પલટીને લીલો. કારણ કોણ? અને એક છે બીજો પરમાણુ એક ગુણ લીલો અને બીજે સમયે બે ગુણ થાય. આ અનંતગુણો થાય. કારણ કોણ? પર્યાયધર્મ છે એનો. એ તો પરમાણુનો પર્યાય તાકાત એટલી છે. તો ભગવાન! એની તાકાતનું માપ કરનારું તો તારું જ્ઞાન છે. એને તો ખબર પણ નથી. સમજાણું કાંઈ? આ તો એક દાખલો આપ્યો. વર્ણનો, ગંધનો, રસનો, સ્પર્શનો બધામાં લઈ લેવો.

એ વસ્તુ જ એવી કોઈ દ્રવ્યસ્વભાવ, ગુણસ્વભાવ, પર્યાયસ્વભાવ. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... નિર્વિકલ્પપણે નિર્ણય થાય એવો એનો સ્વભાવ છે. પોતાને જ્ઞાન થાય કે બધા આ રીતે છે. એવું આ રાગના અવલંબન વિના જ્ઞાનની તાકાતથી નક્કી કરે એવો જ્ઞાનનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? એના ઘરની ખબરું. એ ઘરની ચૌદ દિશા બાંધી એની ખબર હોય. ઉગમણો આ રહે છે, આથમણો આ રહે છે. ચાર

દિશા બાંધે છે ને ન્યાલભાઈ! આ વેચે મકાન ત્યારે. ચતુર સીમા. એમ કે આ ઘર છે એક અસ્તિવાળું એમ કહેવાય છે. લખીતંગ મફતલાલ અને અદ્ધરનું મકાન એમ નહિ. આ મકાન અહીં છે, એની ચાર બાજુ દિશા છે, એ અસ્તિ છે અને દેનારો મફતલાલ નથી પણ એનો ધણી છે. એનો ધણી કે ભાઈ ફલાણાએ આને આપ્યું. એમ આ જગતના તત્ત્વો મફત નથી, અદ્ધરના નથી. બધા સત્ત્વરૂપે છે અને એનો જાણનાર ભગવાન સર્વજ્ઞ એક સમયની પર્યાયવાળો ધણી જાણનાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, છેલ્લું આ મૂક્યું છેને. આસ્રવરહિત થાય અથવા આસ્રવરહિત દૃષ્ટિ થાય તો એનું જ્ઞાન આટલું પ્રગટ થાય છે. આસ્રવના વિકલ્પમાં અટકેલું જ્ઞાન હીણું થઈ ગયું છે. અને જ્યાં પુણ્ય-પાપના પ્રેમ અને રુચિ છૂટી, ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એની ધ્રુવની શક્તિ થતાં, ધ્રુવની શક્તિની પ્રતીત થતાં એને પુણ્ય-પાપનો પ્રેમ અંદરથી ઊડી જાય છે. ભલે હો ભલે. પણ રુચિ ઊડી જાય છે અને જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્આચરણ અને અંશે આનંદની સાથે તે જ્ઞાન પ્રગટ થાય છે. એ જ્ઞાનની પર્યાયમાં આટલી તાકાત. એવી એક શ્રદ્ધાની પર્યાયમાં એટલી તાકાત, એવી શાંતિ એટલે ચારિત્રની પર્યાયની એટલી તાકાત, એટલા આનંદની પર્યાયની એટલી તાકાત, એટલી સ્વચ્છતા, વિભુતા, પ્રભુતા, એક એક પર્યાયમાં એટલી અનંતગુણી તાકાત છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :-...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વસ્તુ તો સામી આવે... ત્યારે સવારમાં દ્રવ્ય આવ્યું. દ્રવ્ય કોણ? પર્યાય પરદ્રવ્ય. એમ આવ્યું હતું.

અહીં કહે કે બાપા! તારા એક સમયનો પર્યાય પ્રભુ! શું કહીએ? શું કહીએ? કહે છે. કેટલી ભાષામાં આવે! પછી વધારે આમ '**विसरैः**' '**स्फारस्फारैः**' '**स्फारः**' '**स्फारैः**' અનંત અનંત અનંતને બતાવવા આ શબ્દો આટલા એક કહ્યા. કહે છે, ભગવાન અરે..! તારા તત્ત્વની તને રુચિ ન થઈ. એ ગોઠ્યું નહિ, એને આવું ગોઠતું નથી. એને હીણું થવું ગોઠે છે. પુણ્યવાળો, પાપવાળો, આસ્રવવાળો, આસ્રવવાળો તો સારો. એલા ગાળ છે આ. આસ્રવવાળો આત્મા એ તો ગાળ છે. અનંત ગુણવાળો આત્મા, આસ્રવવાળો નહિ. એ ગુણ છે એમાં. ઓલામાં ગાળ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા** :-પુણ્યશાળી કહે ત્યાં રાજી થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, રાજી થઈ જાય. પુણ્યશાળી કહે ત્યાં રાજી થાય. ગાળ આપી છે. અરર..ર..! એલા વિકારવાળો આત્મા, વિકારનો ધણી આત્મા. અરે.. પ્રભુ! શરમ નથી તને આવતી? આવા પવિત્ર ધર્મનો ધણી ભગવાન એને વિકારવાળો કહેવો,.. આહાહા..! કલંક છે દૃષ્ટિનું. સમજાણું કાંઈ? શું હશે આ તે કાંઈ ભગવાનનો માર્ગ કાંઈ બીજો અદ્ધરથી

આવતો હશે? આહાહા..! અન્યાય, અન્યાય ગોઠતું નથી, લ્યો. સમજાણું? આહાહા..!

એ આમાં એક કથા આવી છે કથા. જરી આમાં નહિ? શું કહેવાય? સંદેશમાં. કો'ક રાજાએ, રાજાના દીકરાએ ગુનો કર્યો. શાહુકાર લઈને આવેલો માલ. એમાં એ પોતે રાજના કુંવરે લૂટ્યું. રાજાની પાસે ફરિયાદ આવી. મોટું રાજ, મોટો યોગરાજ નામનો કોઈ રાજા હશે. ફરિયાદ આવી. અન્નદાતા! આપના કુંવરે આ કર્યું છે. ઓહો..! રાજા કહે છે, અહો..! રાજના કુંવર જ્યારે પ્રજાને લૂંટશે, રાજપણાને કલંક લાગશે. રાજને એ શોભશે નહિ. તો શું કરવું મંત્રીજી? મંત્રીજીને કહે છે, શું કરવું આમાં? મારો વિચાર તો એમ છે કે એ કુંવરને દંડ દેવો. સાહેબ! એ રાજનો ધણી છેને. રાજનો ધણી, ભાવીનો ધણી છે એને દંડ! એને દંડ. બીજો અન્યાય અમારા રાજમાં હોઈ શકે નહિ. દંડ જ દેવો પડશે. ક્યો દંડ? દંડ તો મૃત્યુનો જશે. આવું? અમે રાજા, અમે સૌના પિતા, અમારી પ્રજા પુત્ર. અમારા પુત્રનો આ પુત્ર આ લૂંટે એ તો પુત્રે પુત્ર બધા લુંટારા થયા. નહિ. અન્યાય નહિ સહન થાય. રાજા હુકમ કરે છે. મૃત્યુદંડ. પોકાર પ્રજાનો આવે છે. પોકાર પોકાર. અરે..! મહાજન લોકો. આ રાજની શોભા નહિ રહે હોં આવી. રાજની શોભા તો એક પુત્ર હોય કે પ્રજા હોય જે જેનો ગુનો એના પ્રમાણમાં દંડ હોય. મને તો એમ લાગે છે કે એ પુત્રનો દંડ એને મૃત્યુનો એ પણ હવે નહિ. હવે તો મારા દેહનું જ મૃત્યુ કરવું પડશે. બીજું કાંઈ ચાલશે નહિ. આહાહા..! અરે..! રાજની નીતીને આ હોય? અરે..! રાજના શોભામાં આ હોય? આ પ્રજાનો આ મારો પુત્ર એ પ્રજા પણ પુત્ર છે અને આ પણ પુત્ર છે. અન્યાય નહિ મારું હૃદય સહન કરી શકે. ત્યારે કહે એને ભાવિનો.. ભલે ભાઈ ભાવિનો એ હોય તો એને ખાતર હું બળું છું. એ ચંદનની ચિતા ભેગી કરી. શું કહેવાય? ચિતા. સવારમાં જ્યાં બેસે છે ને પોતાની મેળે. આમ પ્રજા દેખે છે. પ્રજા રોવે છે, કરોડો પ્રજા રોવે છે. અન્નદાતા! આ સહન થાતું નથી અમારાથી. અન્યાય રાજને મારાથી સહન થાતું નથી. રાજને અન્યાય? આ સ્થિતિ? આહાહા..!

એમ અહીં સર્વજ્ઞ ભગવાનને અન્યાય મળે..? એક સમયની પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને નિશ્ચિતપણે જાણે એવા સર્વજ્ઞની પર્યાયને એમ કહે કે ભવિષ્ય થાશે ત્યારે જાણે અથવા અનિશ્ચિત જાણે એ અન્યાય જ્ઞાનમાં સહન નહિ થાય. સમજાણું કાંઈ? આહાહા..! સર્વજ્ઞના રાજ જ્યાં પડ્યા છે. એક સમયનો ત્રણ કાળ ત્રણ લોકનો બાદશાહ કેવળી પ્રભુ, જેના જ્ઞાનની પર્યાયમાં આ અનંતુ ઓછું પડે છે. જેની જ્ઞાનની પર્યાયમાં અનંતુ ઓછું પડે છે. આહાહા..! એવા સામ્રાજ્ય કેવળજ્ઞાનના આ એને માટે એમ કહે કે આમ નહિ, થાશે ત્યારે જાણે, ભવિષ્યનું અનિશ્ચતને નિશ્ચિતને જાણે. ભગવાન! અનિશ્ચિત કહેવું કોને? આહાહા..! અરે..! જ્ઞાને ત્રણ કાળ ત્રણ લોક સમય સમયની સ્થિતિ જ્યાં જેમ છે તેમ તેને જ્ઞાને

જાણી છે. એથી અનંતગુણી તાકાત રહી ગઈ છે. એવા જ્ઞાનને આવો અન્યાય આપે એ દૃષ્ટિમાં સહન થાય નહિ. રાજ લુંટાશે જૈનધર્મમાં ધર્મ નહિ રહે આ રીતે તો. રાજમલજી! આહાહા..!

**શ્રોતા :-** પ્રભુનું હૃદય પોકારે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોકાર-પોકાર છે, આ આત્મા ઓવો છે એને તમે આટલો કરો છો? પ્રભુ! આ નહિ શોભે. વીતરાગ માર્ગની અંદર બીજું નહિ હોઈ શકે. સમજાણું કાંઈ? એક સમયનો ભગવાન આત્મા. કેવળની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોકની જ્યાં જે રીતે તેમ તેને તે રીતે જાણે છે. એમાં જાણ્યું માટે પરાધીન નથી અને જાણ્યું માટે ત્યાં થાય એમ (નથી), એને કારણે એ થાય છે. એવો અનાદિ વસ્તુનો ભગવાને સ્વભાવ જોયો એથી પણ અનંતગુણો બાકી રહ્યો, એવા પર્યાયની તાકાત રાખનારું ધ્રુવ, એવા અનંતા ધ્રુવની તાકાત રાખનારું દ્રવ્ય, એને અન્યાય ન હોઈ શકે. રાજ નહિ ચાલે. વીતરાગમાર્ગ બીજી રીતે નહિ ચાલે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, ભાઈ! પ્રભુ! તારી પર્યાયની પ્રભુતાને ઓછી ન કહે, ઓછી ન કર. ઓહો..! એ ઓછી ન કર, ઓછી ન કહે, ઓછી ન માન. આહાહા..! અને તારી ઓછી માને એ પૂર્ણ ભગવાનને તું નહિ માની શક. પૂર્ણ પરમાત્મા સર્વજ્ઞો અનંતા પડ્યા છે સિદ્ધરૂપે. લાખો કેવળીઓ, અનેક તીર્થંકરો સાક્ષાત્ મહાવિદેહમાં બિરાજમાન જેના સર્વજ્ઞના શાસન ચાલે છે. સમજાય છે કાંઈ? એવો એક સમયનો પર્યાય બધું જાણવાની તાકાત રાખતો છતાં એથી અનંતગુણી શક્તિ છે. આ એ ઉપર ચાલે છે અત્યારે તો. આહાહા..!

'**સમસ્ત જ્ઞેયોથી જ્ઞાનની અનંતગણી શક્તિ છે.**' સમજાણું કાંઈ? એય.. શાંતિભાઈ! આહાહા..! કહે છે, આવો આત્મા. '**એવો દ્રવ્યનો સ્વભાવ છે.**' જુઓ છેલ્લો ભાઈ લઈ લીધો. આહાહા..! '**એવો દ્રવ્યનો સ્વભાવ છે.**' એ સ્વભાવની વાત અહીં કરે છે. વસ્તુ એવો સ્વભાવ છે, ભાઈ! એમાં તારું જ્ઞાતાપણું, દૃષ્ટાપણું પ્રગટે છે. એ પંથે તને કેવળજ્ઞાન થશે, બીજી રીતે થશે નહિ. સમજાણું કાંઈ? જુઓ! ત્રણ બોલમાં છેલ્લો સરવાળો આ લીધો પાછો. આહાહા..!

એનું જ્ઞાનસ્વરૂપ જ છે પ્રભુ એકલો. જેનો જ્ઞ સ્વભાવ, એની પર્યાયની તાકાત કે ત્રણ કાળ ત્રણ લોકની પર્યાયની વ્યવસ્થા જે રીતે છે તેને જાણે એવી એની અવસ્થા છે. એથી અનંતગુણી તાકાત પર્યાયમાં રહી જાય છે તો એથી અનંતગુણી એક એક અનંતી પર્યાયો એ ગુણમાં પડી છે. એવા અનંતા ગુણનું રૂપ તે ભગવાન દ્રવ્ય છે, એવા દ્રવ્યના સ્વભાવને ભાન કરતા એને આસ્રવની રુચિ રહેતી નથી. સમજાણું કાંઈ? એ વ્યવહારરત્નત્રય પણ વિકલ્પ અને બંધનું કારણ છે. અબંધસ્વભાવી દ્રવ્ય-ગુણ એની દૃષ્ટિ થતાં અબંધ પરિણામ પ્રગટ્યા.

અબંધ પરિણામ. મોક્ષમાર્ગ કહો કે અબંધ પરિણામ કહો. સમ્યગ્દર્શન એ અબંધ પરિણામ છે. દ્રવ્ય ત્રિકાળ, એના અનંત ગુણો ત્રિકાળ એની પ્રતીત કરતાં પરિણામ અબંધપરિણામ પ્રગટ્યા. એ બંધના પરિણામનો નાશ કરવા પ્રગટ્યા છે. સમજાણું કાંઈ? આ એને આસ્રવરહિત સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે.

**'એવો દ્રવ્યનો સ્વભાવ છે.'** ઓહોહો..! **'એવો દ્રવ્યનો સ્વભાવ છે.'** પંડિતજી એનો અર્થ કરતા હતા સ્પર્શ–સ્પર્શ. એમ કે એમ ને એમ અનંતો અનંતો. વાત સાચી. અનંત... અનંત... અનંત... એનો વિસ્તારનો.

**શ્રોતા :**–અરીસામાં જેમ મહાવીર ભગવાન દેખાય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :**– હાય ભગવાન અરીસામાં દેખાય એનો પાર નથી. અરિસામાં દેખાય ને? એમાં પાર હશે છેલ્લે? એ તો આનું લક્ષ પહોંચી શકતું નથી. એ તો અપાર... અપાર... અપાર... અપાર... છે. છતાં જ્ઞાનમાં આવે છે કે આમાં અપાર છે. સમજાણું કાંઈ? એમ આકાશનો પાર નથી, જ્ઞાનમાં આવી શકે છે કે અપાર છે. એમ દ્રવ્ય એથી એક એક જીવના, એક એક પરમાણુના અનંતા ગુણો ખ્યાલમાં આવે એવો એ તાકાતવાળો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ?

**'આવો દ્રવ્યનો સ્વભાવ છે.'** આહાહા..! અરે..! એણે આત્મા કોઈ દિ' સાંભળ્યો નહિ હોં! આત્મા વાંચ્યો નહિ, આત્મા સાંભળ્યો નહિ. આવે છે ને ભાઈ ઘણા બોલ? યોગસારમાં આવે છે. ૧૧ કે ૧૩ બોલ આવે છે. આત્મા સાંભળવો, આત્માનો પરિચય કરવો, આત્માને પૂછવો, આત્માને આ કરવું એવા બોલ આવે છે યોગસારમાં. અમિતગતિ આચાર્ય છે ને. બહુ સરસ યોગસાર છે. આ સમયસારની શૈલી છે. દ્રવ્યનો સ્વભાવ. ભગવાન! આ ધર્મકથા ચાલે છે. સમજાણું કાંઈ? ધર્મ નામ સ્વભાવ. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... ભગવાન આત્મા આઠ વર્ષની બાળિકા–દીકરી હોય એ પણ આમ સ્વભાવની દૃષ્ટિ કરે છે. સમ્યગ્દર્શન અને આત્માનો સાક્ષાત્કાર કરે છે. આહાહા..! એની તાકાત છે કે નહિ? શરીર ભલે સ્ત્રીનું હોય, દેહ હોય એ તો જડમાં રહી ગયો એમાં આત્માને શું છે? સમજાણું કાંઈ?

આત્મા છેને. એને હીણો ન જો હોં! તું હીણો તને જોઈશ તો બધા તને હીણા ભાળશે. પણ બધા પૂરા છે ભગવાન. એ ભગવાન એના એ બધા પૂરા છે. તું પણ પૂરો અને એ પણ પૂરો. એવી દૃષ્ટિ કર્યા વિના આસ્રવની રુચિ છૂટશે નહિ.

**'વળી કેવું છે શુદ્ધ જ્ઞાન?'** ''**आलोकान्तात् अचलम्**'' ''**आलोकान्तात् अचलम्**'' **'સકળ કર્મોનો ક્ષય થતાં જેવું નીપજ્યું તેવું જ અનંત કાળ પર્યંત રહેશે,...'** એ પર્યાય એવીને એવી રહેશે. એવો ભગવાન, ચળકતું રતન જેમ હોય એવો ને એવો ચૈતન્ય રતન પર્યાય પૂર્ણ પ્રગટી એવી ને એવી સાદિઅનંત (રહેશે). સમજાણું કાંઈ? **'કેવું છે શુદ્ધ**

**જ્ઞાન?'** ''आलोकान्तात् अचलम्'' એટલે? **'સકળ કર્મોનો ક્ષય થતાં જેવું નીપજ્યું તેવું જ અનંત કાળ પર્યંત રહેશે, ક્યારેય અન્યતા થશે નહિ.'** ઓહો..! જ્યાં વસ્તુનો સ્વભાવ જ્યાં પુણ્ય-પાપના આસ્રવરહિત થઈને દૃષ્ટિ કરી અને એમાં ઠર્યો અને જે પર્યાય અંદરમાંથી પ્રગટી એ એમને એમ રહેવાની સાદિઅનંત. જ્યારથી મુક્તિ થઈ, ભલે પર્યાય એ ન રહે પણ એવી ને એવી પર્યાય અનંતકાળ રહેશે. એ ન રહે. કારણ કે પરિણમન સમય સમયનું છેને? પહેલે સમયે મુક્તદશા પ્રગટી એ દશા પર્યાય છે. એ પર્યાય બીજે સમયે ન રહે, પણ એવી ને એવી બીજે, એવી ને એવી ત્રીજે એમ અનંત કાળ રહ્યા કરશે. એમાં કાંઈ ઓછા વત્તા ફેરફાર થાય નહિ. કહો, સમજાણું કાંઈ?

**'અન્યથા થશે નહિ.'** આહાહા..! અનંત કાળ પહેલા કોઈ કેવળી થયા હશે એની જ્ઞાનની પર્યાય તો મોટી હશે ને? એને અનંત કાળ પછી કેવળી થાશે એની જ્ઞાનની પર્યાય કાંઈ હિણી નહિ હોય? ઘણો કાળ અશુદ્ધમાં રહ્યો, અનંતગુણા કાળમાં અશુદ્ધમાં રહ્યો તોપણ શુદ્ધતાની પર્યાય એવડીને એવડી? બાપા! એવડીને એવડી. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** લોઢાની હારે રહેલું સોનું એવું ને એવું જ હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સોનું તો એવું ને એવું છે. લોઢાને શું છે? લોઢું સડતું હશે?

ભગવાન આત્મા તો કહે છે કે જેવો પર્યાય જ્યારથી પ્રગટ્યો **'અનંત કાળ પર્યંત રહેશે, ક્યારેય અન્યથા થશે નહિ. વળી કેવું છે શુદ્ધ જ્ઞાન?'** ''अतुलं'' **'ત્રણ લોકમાં જેના સુખરૂપ પરિણમનનું દૃષ્ટાંત નથી.'** દેખો અહીં નાખ્યું. હવે આનંદ નાખ્યો ભેગો. જ્ઞાન અને આનંદ બેની વાત પ્રધાનથી કરી. **'ત્રણ લોકમાં જેના સુખરૂપ પરિણમનનું દૃષ્ટાંત નથી.'** એ જ્ઞાન સાથે જે અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો એના સુખની જગતમાં કોઈ ઉપમા છે નહિ. **'—આવો શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો.'** એમ આસ્રવને છેલ્લી ગાથાએ મહામંગળિક કર્યું છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

શ્રી કુંદકુંદ-કહાન શ્રુતપ્રભાવના પરિવાર

દુબઈ